ખોજા કોમની તવારીખ.

The History of the Khojas.

લખનાર.

ચેહલજી ધનજી કાબા.

અમરેલી—કાઠિયાવાડ.

હી. સ. ૧૩૩૦ ઈ. સ. ૧૯૧૨

કીમત રૂ. ૨-૮-૦

ખોજા કોમની તવારીખ.

The History of the Khojas.

લખનાર.

ચેહલજી ધનજી કાબા.

અમરેલી —કાઠીઆવાડ.

હી. સ. ૧૩૩૦ ઈ. સ. ૧૯૧૨

કીમત રૂ. ૨–૮–૦

ખોજા કોમની તવારીખ.

The History of the Khojas.

રચનાર.

જોહલજી ધનજી. કાબા.

અમરેલી —કાઠીઆવાડ.

હી. સ. ૧૩૩૦ ઈ. સ. ૧૯૧૨

કીમત રૂ. ૨—૮—૦

☞ ધી ગુજરાત એન્ડ કાઠીયાવાડ પ્રીન્ટીંગ વર્કસ એન્ડ ટાઇપ ફાઉંડરી કંપની લીમીટેડ સરકારવાડા રોડ અમરેલીમાં શેઠ પોપટલાલ હંસરાજે માલીક એદલજી ધનજી કાખાના માટે છાપ્યું તા. ૧-૧-૧૯૧૨

અર્પણ પત્રિકા.

મરહુમ મહાત્મા પીર નુરૂદ્દીન નુરસ-
તગોર, પીર સદરૂદ્દીન, પીર ઇમામુદ્દીન,
તથા બીજા પીરોના પવિત્ર આત્માઓ જોગ.

આપ
મહાત્માઓએ
પવિત્ર ઇસલામની
કાઝહેડેધરી, અમો ખોજા
કોમની નજાત માટે અસાધારણ
પ્રયાસ કરી, કુફરનો અંધકારમય માર્ગ
છોડાવી, પવિત્ર ઇસલામનો માર્ગ દેખાડયે;
તે તથા તેમ કરતાં તન મનના ભોગે જે હેરત
ભર્યા પ્રયાસો કીધા; તે સઘળા ઝળકીત
બનાવોની યાદમાં, આ ખોજા કો-
મની તવારીખનું મારૂં પુસ્તક
આપ માહાત્માઓના
પવિત્ર આત્માઓ-
નેજ સહુમાન
અર્પણ કરૂંછું.

હું છું.
આપનો અદના ગુલામ.
એદલજી ધનજી કાબા.

realpatidar.com

પ્રસ્તાવના.

ખોજા તવારીખને લગતું પહેલ વહેલું પુસ્તક કચ્છ સ્ટેટના માજી આસિસ્ટંટ રેવન્યુ કમીશનર મરહુમ શેઠ સચેદીના નાનજીઆણી ભુજ વાળા તરફથી **ખોજા વૃતાન્તને** નામે ઈ. સ. ૧૮૯૨માં બહાર પાડવા માં આવ્યું હતું કોઇપણ કોમની પહેલ વહેલી તવારીખ લખવી એ કાંઇ સાધારણ કામ નથી; કેમકે છુટા છવાયા વેરાએલા વિચારોને તે ણે એકઠા કરી તેને યોગ્ય સ્થળે મુકી કોમ સન્મુખ રજુ કરવાના હો યછે. આવા છુટા છવાયા વિચારો ખુણા ખોંચરામાં ભરાઇને પડયા હો યછે. જ્યાં સુધી તેના માટે તન, મન, ધન નો સારો વ્યય ન કરવામાં આવે ત્યાં સુધી તે હાથ લાગતા નથી પરંતુ ખુશી થવા જેવું છે કે ખોજાવૃતાન્તના કર્તાએ તેવી મુશકેલીઓનો મુકાબલો કરી ખોજા તવારીખ નું મહોર છાપ કરેલું પરબીડીયું ખુલ્લું કીધુંછે; છતાં પણ તેમનો તે પ્રયાસ માત્ર માર્ગદર્શકજ ગણી શકાય તેવે છે. જોકે તેવો માર્ગદર્શક પ્રયાસ કોઇપણ રીતે ઓછા ધન્યવાદને પાત્ર નથી. તેમનો પ્રયાસ મા ર્ગદર્શક હોઇ શકવાનું કારણ તેમનો પ્રથમ પ્રયાસ, આજથી બે ત્રણ દાય કા પૂર્વેનો અને તેમ હોતાં સાહિત્યો એકઠાં કરવામાં અસાધારણ અગ વડતા વાળો હતો તે છે; તોપણ તેમણે જે શોધખોળ કીધી છે તે એ ટલી બધી જાહેરાંનીનું પરીણામ છે કે જેની તુલના હું બરાબર કરી શકું છું. તેમનો પ્રયાસ માર્ગદર્શક હોતાં એક અજાએબીની વાત તો એ છે કે તેમનું પુસ્તક બહુજ થોડા લોકો પાસે જોવામાં આવેછે.

ખોજા તવારીખનું બીજું પુસ્તક મુંબઇવાળા શેઠ જાફરભાઇ રેમતુલા બારીસ્ટર એટ-લો તરફથી **ખોજા કોમનો ઇતિહાસ** એ નામથી ઇ. સ. ૧૯૦૫ માં બહાર પાડવામાં આવ્યું છે. મજકુર પુસ્તક ખોજા વૃતાન્તના કર્તાના જેવી ઉંડી શોધખોળનું પરિણામ નહિ પણ માત્ર ઉપલક તપાસનુંજ પરીણામ જોવામાં આવે છે અને તેના કર્તાએ

તેવો ઉલ્લેખ પ્રસ્તાવનામાં જાહેર પણ કીધો છે. તેઓ કાયદાનો અભ્યાસ કરવા અને તેમ કરી બારીસ્ટરની પદવી હાસલ કરવા વિલાયતમાં ગએલા. તેઓએ બહુજ ઝડપથી પોતાના કામમાં ફતેહ હાસલ કીધી. પણ બાકીનો ફરજીઆત ત્યાં રોકાવાનો વખત શામાં ગાળવો તેના નિર્ણયના પરીણામમાં તેમણે ખોજા કોમના વારસા હીસ્સાને લગતી ચોપડી લખવા માંડી સાથેજ તેમને વિચાર થઇ આવ્યો કે તેવી ચોપડીની શરૂઆતમાં ખોજા કોમની ટુંક તવારીખ લખવી આવા નિર્ણયને તેમણે જે રીતે અમલમાં મુકયો તે તેમનું ખોજા કોમનો ઇતીહાસનું પુસ્તક છે.

તેમને અનાયાસે વિચાર થઇ આવેલો તેથી ઘટતા સાધનોની ગેરહાજરી હોય એ સ્વભાવિક છે. વળી લંડન જેવા દુરદરાજ શહેરમાં તેવું સાહિત્ય પણ મળી શકે નહિ અને તેથી પરિણામે એમ થવા પામ્યું કે જેનું વિવેચન મેં ઉપર કીધું છે; તોપણ એટલું તો હું હિંમતથી કહીશ કે તેમણે પોતાના પુસ્તકમાં ખોજા તવારીખને અંગે ઇસલામને લગતું વર્ણન બહુજ સારા સ્વરૂપમાં રજુ કીધું છે અને તેમ થતાં ખોજા તવારીખ માટે નહિ તો ઇસલામનું સ્વરૂપ બતાવવા માટે તેમનો પ્રયાસ કાંઇ ઓછો સ્તુતિપાત્ર ગણી શકાય નહિ. તેમણે પોતાના પુસ્તકમાં ખોજા અકાયદનો વિષય હાથ ધર્યોજ નથી ખોજા કોમ અસલ કયા વર્ણની હતી તે વિષયની ચોખવટમાં તેઓ ખોજા કોમની તવારીખોથી પુરવાર થતી સબળ માન્યતાથી જુદા પડી ખોજા કોમને એવા વર્ણની જણાવી ગયા જે કોમને બ્યાજબી કે ગોઠતું લાગ્યું નહિ.

ઉપર મુજબ ખોજા કોમની તવારીખને લગતી સામટી સ્થિતિ જોઇ મારા મનમાં એમ વિચાર થઇ આવ્યો કે આ સઘળી બાબતોની ગુંચવણ દુર કરી ખોજા કોમની ખરી તવારીખને કાંઇક પ્રકાશમાં લાવવી. આવો વિચાર થઇ આવતાં મેં તેના સાધનો મેળવવા તથા તેનો અભ્યાસ કરવામાં વખત ગાળવા માંડયો. પાંચ વર્ષના વખતો વખતના તે માટેના પ્રસંગોને ઉત્સાહ ભર્યો આવકાર આપતાં હું આ કેટલાક પૃષ્ટો કોમ સન્મુખ રજુ કરી શકવાને ભાગ્યશાળી નીવડયો છું.

IX

Oh my God, I return to Thee, after being guilty of acts of ommission and commission against myself, (And I appear before Thee) apologetic and repentant, humble and debased,
Asking forgiveness, imploring (for mercy) confessing my sins,
Confiding (in Thee) and admitting (my faults);
I see no escape from that which has been done by me.
I see no sanctuary whether I may turn for this purpose of mine,
Save that Thou shouldst accept my plea
And let me enter within the expanse of Thy Mercy.

X

Therefore, O Allah, accept my plea,
Take pity on my intense suffering
And set me free from these heavy chains,
O Lord, have mercy on the frailness of my body, on my tender skin and lean bones.
Thou that created me and identified me with a name and began my upbringing and ensured my welfare and nurture from the very beginning,
Continue Thy favours and blessings as of old.

XI

My God, my Liege, my Lord, wilt Thou see me punished with fire, after I have believed in Thy Unity,
After my heart has passed through all (the stages) of Thy realisation,
After my tongue has ranked eloquent in Thy remembrance,
After my conscience has been bound to Thy love with strong ties,
And after my true confession and plaintive prayer
To Thee, my Sustainer?
Oh no!

XII

For Thou art too Generous to abandon one whom Thou hast sustained;
Or to send whom Thou hast kept near far away;
Or to expel one whom Thou hast given shelter;
Or to abandon one to misery, whom Thou hast assured sufficiency and blessed with Thy Mercy.
My Liege, my God, my Master, it is not in me to believe
That Thou wilt impose the Fire on the faces of those that have bowed in adoration of Thy Greatness;

અનુક્રમણિકા.

વિષય. પૃષ્ઠ.

પ્રકરણ ૧ લું.

પ્રકરણ ૨ જું.

પ્રકરણ ૩ જું.

પ્રકરણ ૪ થું.

પ્રકરણ ૫ મું.

પ્રકરણ ૬ ઠું.

પ્રકરણ ૭ મું.

પ્રકરણ ૮ મું.

પ્રકરણ ૯ મું.

પ્રકરણ ૧૦ મું.

પ્રકરણ ૧૧ મું.

પ્રકરણ ૧૨ મું.

પ્રકરણ ૧૩ મું.

પ્રકરણ ૧૪ મું.

પ્રકરણ ૧૫ મું.

પ્રકરણ ૧૬ મું

પ્રકરણ ૧૭ મું.

પ્રકરણ ૧૮ મું.

પ્રકરણ ૧૯ મું.

પ્રકરણ ૨૦ મું.

પ્રકરણ ૨૧ મું.

પ્રકરણ ૨૨ મું.

પ્રકરણ ૨૩ મું.

૭૮૬

ખોજા કોમની તવારીખ.

પ્રકરણ ૧ લું.

મુળ ઉતપત્તી અને દર્શન.

ખોજાઓ અસલ કોણ?—ખોજાઓ અસલ હીન્દુ હતા એમ માનવામાં હવે બે મત રહ્યા નથી. કાનજી, રામજી, દામજી, કેશવજી, હીરજી, ધનજી, ભીમજી, જાદવજી વિગેરે વિગેરે હીન્દુઓના નામો આજે તેમનામાં જોવામાં આવે છે ખોજા સ્ત્રીઓમાં પણ સંતોકબાઇ, માણેકબાઇ, મોતીબાઇ, મોંઘીબાઇ, જવલબાઇ, રાજબાઇ, સોનબાઇ, હીરબાઇ, વાલબાઇ વિગેરે નામો દ્રષ્ટિએ પડે છે. આજે પણ તેમના લગ્ન પ્રસંગના રીતરીવાજો લગભગ હીન્દુઓને મળતાજ છે. શહેર સિવાય ગામડામાં રહેતાં સ્ત્રી પુરૂષો હજુ હીન્દુઓને મળતોજ પહેરવેશ પહેરે છે ખોજાઓ ઠક્કરના નામથી ઓળખાય છે જે ઠાકોરનું અપભ્રંશ છે. અને ઠક્કર વા ઠાકોર હીન્દુ જ્ઞાતીનાજ નામો છે. વીગેરે અસંખ્ય બાબતો એવી છે કે જે ખુલ્લી રીતે જણાવી આપે છે કે ખોજાઓ અસલ હીન્દુ હતા.

ખોજા શબ્દનો અર્થ—મુંબઇની પોલીસ કોર્ટમાં ઇ. સ ૧૮૯૯ માં ચાલેલા એક મુકદ્દમા મધે "ખોજા" એ શબ્દનો ખરો અર્થ શું છે ને વીશે લંબાણ તકરાર ચાલી હતી ને મુકદ્દમા મધે એક ખોજા ડાકટર પોતાના સંબંધમાં "ખોજાપણુ" શબ્દ વાપરેલો હોવાથી તે સામે વાંધો લઇ તે શબ્દ વાપરનાર ગૃહસ્થ સામે પોલીસ કોર્ટમાં

બદનક્ષીની ફરીયાદી માંડી હતી તે ફરીયાદની સુનાવણી દરમ્યાન બન્ને પક્ષોના ધારાના હીમાયતીઓ વચ્ચે "ખોજા" એ શબ્દનો અસલ અર્થ શું હતો તે ઉપર લાંબી તકરાર થઈ હતી અને તે મુકદમામાં સાક્ષી આપનાર જુદા જુદા ગ્રહસ્થોએ પણ તે શબ્દનો જુદો જુદો અર્થ ઉપજાવ્યો હતો.

મી. ફ્રાનસીસ જોનસન્સની—ડીક્ષનરીમાં "ખોજા" શબ્દ વીશે નીચે પ્રમાણે જણાવવામાં આવ્યું છે:—

ખોજા—એ ફારસી બોલ "ખ્વાજહ" નો અપભ્રંશ છે જેનો અર્થ નીચે મુજબ થાય છે.

એક પ્રખ્યાત માણસ.

ડાકટર, પ્રોફેસર, શીક્ષક અથવા સલાહ આપનાર વડીલ;

વિદ્યાનું ડોળ ઘાલનાર યા પંડીતમાં ખપનાર (A pedant.)

શેઠ, માલેક.

એક માન પામેલો બુઝોર્ગ શખ્સ.

હીજડો (સ્ત્રી અથવા પુરૂષ બેમાંથી એકમાં પણ ન ગણાય એવો એક શખ્સ.)

પણ ઉપલા બોલ (હીજડા) માટે ફારસીમાં એક જુદોજ શબ્દ ખ્વાજહસરા છે.

"લુગાતે ફીરોઝી" નામની ફારસી ડીક્ષનરીમાં તેનો અર્થ નિચે મુજબ બતાવવામાં આવ્યો છે.

ખોજા—ખ્વાજાહનું અપભ્રંશ છે.

ખ્વાજાહ—ઘરધણી, ઘરનો માલેક, સરદાર, ઘરડો પુરૂષ, માલદાર, હાકીમ, માનવંતો પુરૂષ, દીલ, રૂહ, હીજડો.

નામદાર મુંબઇ સરકાર તરફથી મુંબઇની મરકી કમીટીના માજી પ્રમુખ સર જેમ્સ કેમ્પબેલના અધિપતિપણા હેઠળ પ્રગટ થયલા બોમ્બે ગેઝેટીયરના નવમાં વોલ્યમના બીજા ભાગમાં ગુજરાતના ખોજાઓનો ઇતીહાસ આપતાં "ખોજા" એ શબ્દનો અસલ અર્થ શું છે તે નીચે મુજબ સમજાવવામાં આવ્યું છે.

ખોજા—એક વેપારી, એક પૈસાદાર વેપારી, અસલ ફારસી બોલ "ખ્વાજહ" માંથી નીકળેલો છે.

મરહુમ પ્રોફેસર કાસીમ સુમાર થારીયાની એમ. એ. કે જેઓ મુંબઇની એલફીનસ્ટન કોલેજમાં ફારસી તથા અરેબીક ભાષાના સીનીયર પ્રોફેસર હતા તેવણે જણાવ્યું છે કે "ખોજા" શબ્દની અસલ ઉતપતિ વીશે બે મત છે. જેમાંનો એક મત એ છે કે એ શબ્દ અસલ ફારસી શબ્દ "ખ્વાજહ" માંથી નીકળ્યો છે અને જેનો અર્થ એક શેઠ, સરદાર અથવા વેપારી તરીકે થાય છે. બીજો મત એ છે કે "ખોજા" એ શબ્દ અસલ હીંદી બોલ "ખોજ" માંથી નીકળ્યો છે. જેની મતલબ શોધવું, શોધી કહાડવું વગેરે થાય છે.

ખ્વાજાહ શબ્દનો અર્થ જેમ ઘણો માનવંતો થાયછે તેમ તે માનવંતા પુરૂષોનેજ લાગુ પાડવામાં વપરાયો છે. હીન્દ તથા ઇરાનમાં સંખ્યાબંધ ઓલિયા તથા માનવંતા પુરૂષોના નામ સાથે તે વપરાયલો જોવામાં આવેછે. આજે ઘણા આબરૂદાર લોકો ખ્વાજાહના નામથી ઓળખાય છે. દાખલા તરીકે ખ્વાજાહ અલતાફ હુસેન હાલી પાણીપતિ.

ખ્વાજાહ અખ્તરાન–ગૃહોનો સરદાર બ્રહસ્પતિ. ખ્વાજહ ફલક–આકાશનો સરદાર સૂર્ય ખ્વાજાહ બાશા વ નશર–હજરત મોહંમદ પૈગંબર માટે વપરાય છે. ખ્વાજાહ ચર્ખે અંક–સુર્ય. એ રીતે ખ્વાજાહ શબ્દ અર્થ તથા વપરાશમાં ઘણો કીર્તિ બતાવનારો સિદ્ધ થાય છે.

મી. થારીઆણીના મતને ટેકો આપનારી એક વાત એક ઘરડા અને ખોજા ધર્મશાસ્ત્રથી જાણીતા ખોજાએ મને જણાવી હતી. તેણે કહ્યું કે સોહોદેવ તથા હરીશ્ચંદ્ર નામના બે બ્રાહ્મણો અને સદરદીન તથા કબીરદીન નામના બે ઇરાની મુસલમાનોએ મળી એક નવો પંથ ચલાવ્યો. આ નવાં ટોળાંને ખોજા એવું નામ આપી તેનો અર્થ એમ સમજાવ્યો કે આ લોકોએ ધર્મને ખરી ખોજ કરી મેળવ્યો છે અને તેથી તેઓ ખોજા બન્યા છે. ઘરડા ખોજાએ પોતે ઉપર જણાવેલી વાત જાણ્યાને પચાસ ઉપરાંત વર્ષ જણાવ્યા હતાં.

“ખોજા” શબ્દ ખ્વાજાહનું અપભ્રંશ થઇ ગયો કે “ખોજ” ઉપરથી થયો એ જોવું જોઈએ. ખોજાઓ અસલ હીંદુ હતા તેમાંથી વટલાવી મુસલમાન કરનારે આ નામ આપેલું હોય એ કાંઇ વધુ સંભવિત છે. ખોજાઓને હીન્દુમાંથી વટલાવી મુસલમાન કરનાર ઇરાનના ઇસલામી મીશનરીઓ હતા. ઘણા ખોજાઓ પોતાના ઇરાનમાં વસતા ધર્મગુરૂના દર્શન કરવાને ઇરાનમાં જતા હતા. અને જ્યારે તેઓ તેમની રૂબરૂમાં હાજર થતા હશે ત્યારે તેઓ તેમને ઇરાની ભાષાના માનવંતા શબ્દ “ખ્વાજાહ” કહી બોલાવતા હશે આ ઉપરથી ખોજાઓ “ખ્વાજાહ” ના નામથી ઓળખાવા લાગ્યા હશે માટે ખોજા એ અસલ ખ્વાજાહનો અપભ્રંશ હોવો જોઇએ. ખ્વાજાહનું અપભ્રંશ જલદી થઇ જાય તેવો તે શબ્દ છે મુળમાં ખોજાઓ હીન્દુ, અશુદ્ધ પંજાબી કે સિંધી ભાષા જાણનારા, તેમજ ખ્વાજાહનો શુદ્ધ ઉચ્ચાર જાણવાનું કશુંપણ ફારસી સાહિત્ય નહિ જાણનારા, તેથી તેનું અપભ્રંશ થતાં વાર લાગે તેમ નહતું. વળી ખ્વાજાહ શબ્દમાં જે વ આવેછે તે ફારસી વ્યાકરણના નિયમ મુજબ ઉચ્ચારમાં લાવવામાં આવતો નથી. તેમજ છેલ્લે હ પણ ઉચ્ચારમાં આવતો નથી. આવી રીતે વ તથા હ ઉડી જતાં ખાજા શબ્દ રહ્યો. ખાજા શબ્દ પણ તેવો રહી શકે તેવો ન હતો. તેનું અપભ્રંશ પણ બહુજ જલદીથી થઇ જાય તેવું હતું. ખ્વાજાહ યા ખાજામાં જે પહેલો ખ આવેછે તે મુળ

અરબી મુળાક્ષરનો અક્ષર છે અને તેનો ઉચ્ચાર ગળામાંથી થાયછે

ખાજા શબ્દમાં અરબી મુળાક્ષરનો ખે અક્ષર આવેલો છે તેથી તેનો ઉચ્ચાર ખ્વાજા થાયછે અને તે ખોજા જેવો જલદી બોલાતો થઇ ગયોછે. દુગાતે ફીરોઝી ખોજા શબ્દનો અર્થ ખ્વાજાહનું અપભ્રંશ જણાવે છે.

ખોજાઓ જે આજે પણ ઠક્કર કહેવાય છે તે કાંઇ મુસલમાન થયા પછી તેમના માટે કહેવામાં આવતો હોય તેમ નથી; પણ હીન્દુ હતા ત્યારે પણ ઠક્કરજ કહેવાતા હશે ઇરાનના ઇસમાઇલી મીશનરીઓ પર આ નવા મુસલમાનોને શા નામથી બોલાવવા તે નક્કી કરવાની ફરજ આવી પડી હશે. તેઓએ ઠક્કર=ઠાકોરને મળતો ફારસી શબ્દ ખ્વાજાહ વધુ પસંદ કરેલો હશે. ઇસમાઇલી મીશનરીઓએ રચેલા જ્ઞાનો ઉપરથી જાણી શકાય છે કે તેઓએ જ્યારે હીન્દુઓને વટાળી મુસલમાન કીધા ત્યારે તેમની તે સમયની ભાષા તથા ધર્મશાસ્ત્રનો તેઓએ સારો અભ્યાસ કરેલો હતો. આ ઉપરથી તેઓ ઠક્કર=ઠાકોરનો અર્થ હીન્દીમાં જાણતા હોવા જોઇએ અને ફારસીતો તેમની માદરી ભાષા હતી તેથી ખ્વાજાહ શબ્દ બહુજ બંધબેસ્તો તેમને જણાયો હશે છેવટે આપણે ઉપર જોયું તેમ ખ્વાજાહનો અપભ્રંશ થઇ ખોજા થયો હશે.

મુમન ચેતામણી નામના પુસ્તકના રચનાર પીરાણાવાળા મહાત્મા હજરત ઇમામશાહે ખોજાઓની ઉતપતી વિશે એમ જણાવ્યું છે કે હજરત મોહંમદ પેગંબર જ્યારે મેઅરાજ પર ગયા ત્યારે પોતાની બેટી ફાતમાના નીકાહ કોની સાથે કરવા તે સબંધે તેમણે ખુદાતાલા પાસે ખુલાસો મંગ્યો. ખુદાતાલાએ જે જવાબ આપ્યો તે મુમન ચેતામણીના પદો નીચે આપું છું:—

એજી બીબી ફાતમા વેરાવજો,
તે હજરત અલી ઘેર નાર,
તેને તમે ત્યાં આલજો.
હેજે હેજમાં ખોજા ચાર. ચેતો૦ ૧૧૧

الْاَرْضِ وَالسَّمٰوٰتِ يَا سَابِغَ النِّعَمِ يَا دَافِعَ النِّقَمِ يَا بَارِئَ النَّسَمِ يَا جَامِعَ الْاُمَمِ
يَا شَافِيَ السَّقَمِ يَا خَالِقَ النُّوْرِ وَالظُّلَمِ يَا ذَا الْجُوْدِ وَالْكَرَمِ يَا مَنْ لَا يَطَاُ
عَرْشَهٗ قَدَمٌ يَا اَجْوَدَ الْاَجْوَدِيْنَ يَا اَكْرَمَ الْاَكْرَمِيْنَ يَا اَسْمَعَ السَّامِعِيْنَ
يَآ اَبْصَرَ النَّاظِرِيْنَ يَا جَارَ الْمُسْتَجِيْرِيْنَ يَآ اَمَانَ الْخَآئِفِيْنَ يَا ظَهْرَ اللَّاجِيْنَ
يَا وَلِيَّ الْمُؤْمِنِيْنَ يَا غِيَاثَ الْمُسْتَغِيْثِيْنَ يَا غَايَةَ الطَّالِبِيْنَ يَا صَاحِبَ كُلِّ غَرِيْبٍ
يَا مُؤْنِسَ كُلِّ وَحِيْدٍ يَا مَلْجَاَ كُلِّ طَرِيْدٍ يَا مَاْوٰى كُلِّ شَرِيْدٍ يَا حَافِظَ كُلِّ
ضَآلَّةٍ يَا رَاحِمَ الشَّيْخِ الْكَبِيْرِ يَا رَازِقَ الطِّفْلِ الصَّغِيْرِ يَا جَابِرَ الْعَظْمِ الْكَسِيْرِ
يَا فَاكَّ كُلِّ اَسِيْرٍ يَا مُغْنِيَ الْبَآئِسِ الْفَقِيْرِ يَا عِصْمَةَ الْخَآئِفِ الْمُسْتَجِيْرِ يَا مَنْ
لَهُ التَّدْبِيْرُ وَالتَّقْدِيْرُ يَا مَنِ الْعَسِيْرُ عَلَيْهِ سَهْلٌ يَسِيْرٌ يَا مَنْ لَا يَحْتَاجُ اِلٰى
تَفْسِيْرٍ يَا مَنْ هُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ يَا مَنْ هُوَ بِكُلِّ شَيْءٍ خَبِيْرٌ يَا مَنْ هُوَ بِكُلِّ شَيْءٍ
بَصِيْرٌ يَا مُرْسِلَ الرِّيَاحِ يَا فَالِقَ الْاِصْبَاحِ يَا بَاعِثَ الْاَرْوَاحِ يَا ذَا الْجُوْدِ وَالسَّمَاحِ
يَا مَنْ بِيَدِهٖ كُلُّ مِفْتَاحٍ يَا سَامِعَ كُلِّ صَوْتٍ يَا سَابِقَ كُلِّ فَوْتٍ يَا مُحْيِيَ كُلِّ
نَفْسٍ بَعْدَ الْمَوْتِ يَا عُدَّتِيْ فِيْ شِدَّتِيْ يَا حَافِظِيْ فِيْ غُرْبَتِيْ يَا مُؤْنِسِيْ فِيْ وَحْدَتِيْ
يَا وَلِيِّيْ فِيْ نِعْمَتِيْ يَا كَهْفِيْ حِيْنَ تُعْيِيْنِي الْمَذَاهِبُ وَتُسَلِّمُنِي الْاَقَارِبُ وَيَخْذُلُنِيْ كُلُّ
صَاحِبٍ يَا عِمَادَ مَنْ لَا عِمَادَ لَهٗ يَا سَنَدَ مَنْ لَا سَنَدَ لَهٗ يَا ذُخْرَ مَنْ لَا ذُخْرَ لَهٗ يَا
حِرْزَ مَنْ لَا حِرْزَ لَهٗ يَا كَهْفَ مَنْ لَا كَهْفَ لَهٗ يَا كَنْزَ مَنْ لَا كَنْزَ لَهٗ يَا رُكْنَ مَنْ
لَا رُكْنَ لَهٗ يَا غِيَاثَ مَنْ لَا غِيَاثَ لَهٗ يَا جَارَ مَنْ لَا جَارَ لَهٗ يَا جَارِيَ اللَّصِيْقَ يَا
رُكْنِيَ الْوَثِيْقَ يَا اِلٰهِيْ بِالتَّحْقِيْقِ يَا رَبَّ الْبَيْتِ الْعَتِيْقِ يَا شَفِيْقُ يَا رَفِيْقُ فُكَّنِيْ مِنْ
حَلَقِ الْمَضِيْقِ وَاصْرِفْ عَنِّيْ كُلَّ هَمٍّ وَّغَمٍّ وَّضِيْقٍ وَّاكْفِنِيْ شَرَّ مَا لَآ اُطِيْقُ وَ
اَعِنِّيْ عَلٰى مَا اُطِيْقُ يَا رَآدَّ يُوْسُفَ عَلٰى يَعْقُوْبَ يَا كَاشِفَ ضُرِّ اَيُّوْبَ يَا غَافِرَ ذَنْبِ

તારે નબી મહંમદ મુસ્તફા
આલેયા હેજ માંએ ખોજા ચાર. ચેતો૦ ૧૨૨

એજી તે ખોજા ખીજમત માંહે આલેયા,
તેઉના નામના સાંભળો વિચાર,
અરબી ભાખ્યા માંએ તે હતા
તેતો ગુજરાતી માંહે કીધા નીરધાર. ચેતો૦ ૧૨૩

એજી ખાલક, ખુદાબક્ષ એ બે જણા,
ત્રીજો તે સાદક સાર
અબ્દરસુલ એ ચાર જણા,
બીબી ફાતમાને આલીયા સરદાર ચેતો૦ ૧૨૪

એજી તેઉએ ખીદમત કીધી ખાવંદ તણી,
તે ઉતરો સારી સાર,
તેની આખર વેળા જ્યારે આવી
ત્યારે બીબી ફાતમાએ ધરીઓ પેઆર. ચેતો૦ ૧૨૫

એજી બીબી ફાતમા તારે બોલીયા,
તમે સાંભળો હૈદર કરાર,
સારી ઉમર એઉવે સેવા કરી,
તેનું આપણાપર રેછે ભાર. ચેતો૦ ૧૨૬

એજી તારે હજરત અલી ફરમાવેયા,
તમે સાંભળો બીબી ફાતમા સાર,
જે કહો તે એઉને આલીયે,
એમ બોલ્યા તે હૈદર કરાર. ચેતો૦ ૧૨૭

એજી તારે બીબી ફાતમા બોલેયા,
તમે સાંભળો અલી ભરથાર,
એઉને તમે દુઆ કરજો,
જે એઉને થાય કુટુંબ પરિવાર. ચેતો૦ ૧૨૮

એજી તારે હજરત અલીએ ખોજા તેડાવીયા,
તેહને પુછીઉં તે સરવે વિચાર,
આજ જે જોઇએ તે તમે માગજો,
તમને ત્રુઠા તે અલીવર દાતાર ચેતો૦ ૧૨૯

એજી તારે ખોજે ખાલક એમ બોલીયો,
તમે સાંભળો પરવરદીગાર,
તમ ત્રુઠે અમને સરવે થાશે.
તમે કાયમ છો કુદરતના દાતાર ચેતો૦ ૧૩૦

એજી અમારો ઇમાન સાબત રાખજો,
જેથી ઉતરીએ પેલે પાર,
બીજો એટલો અમે માગીએ,
જે વારંવાર હોવે તમારો દીદાર, ચેતો૦ ૧૩૧

એજી સેવા તમારીથી નવ ચુકીએ,
એવી મહેર કરજો અલીવર કીરતાર,
આસ અમારી કાંઇ નથી
જેથી કેડે ચાલે અમારો પરીવાર. ચેતો૦ ૧૩૨

એજી અમે ચાર જણા ઇસ જુગ માંહે આવીયા,
તેની સાંખ ન રહેશે માંહે સસાર,
અમારો પીંડ પોતાતણો
સાહેબ તમે છો અમારા આધાર. ચેતો૦ ૧૩૩

એમ કહીને ખોજા રોઇયા,
તેને નેણે આવ્યાં નીર અપાર,
તારે માતાજી ફાતમા એમ બોલીયા,
તમે ચીન્તા મ કરો લગાર ચેનો૦ ૧૩૪

એજી તારે ફરી ફાતમા એમ બોલીયા,
તમે સાંભળો હજરત અલી ભરથાર,

તમે દુઆ કરો એઉને મેહેરસું
જેમ થાય એઉને પુત્રને પરીવાર. ચેતો૦ ૧૩૫

એજી ભાગ્યા તે નર સાજા થયા,
એમ દુઆ કીધી અલી દાતાર,
તેને લઈને પરણાવીયા.
ઉનામ નર્ણું માંહે સાર. ચેતો૦ ૧૩૬

એજી તે ચારેઈ ખોજાને પરણાવીયા,
તે માંહે એકનું નહિ પરીવાર.
તેણે તે કાંઈક ઓછું કરી જાણીયું,
અલી જનાબ પરવર દીગાર. ચેતો૦ ૧૩૭

એજી ચારે ખોજાને પરણાવી કરી,
આલીયા તેઉને ધરમ આચાર,
તે ચારેઈને આઝાદ કરીયા,
એમ હુકમ કીધો અલીવર દાતાર. ચેતો૦ ૧૩૮

એજી હવે અમે તમને આઝાદ કરેયા,
તમે જાઓ તે પાસે સરદાર,
તેને ફરમાને તમે ચાલજો,
તો પામશો મોક્ષ મુગત દીદાર. ચેતો૦ ૧૩૯

એજી તારે ચારે ખોજા નબીજી પાસે ગયા,
અમને મુઠા તે અલીવર દાતાર,
હવે અમને લઈ તમને સોંપીયા,
હવે તમથી ઉતરીએ પાર. ચેતો૦ ૧૪૦

એજી તારે નબી મહંમદ બોલી તેઓને મુરીદ કરીયા,
તેમને દેખાડીયા સતધરમના આચાર,
અલી તે માનજો અલ્લાહ કરી
તે મુખ ખરી દસોંદ દેજો સાર. ચેતો૦ ૧૪૧

એજી દસોંદ દસમી દેજ્યે સાર,
તે દેજ્યે નર અલીજીને આહાર,
ચાલીયો અમારો આલજ્યે
પીર મુરીદનું એ છે વેવાર. ચેતો૦ ૧૪૨

એજી અલી તે અલ્લાહ કરી માનજ્યે,
પીર તે નબી મહમંદ સરદાર,
અમારે ફરમાને તમે ચાલજ્યે,
તો તમારાં વધશે પુત્રને પરીવાર. ચેતો૦ ૧૪૩

એજી તેની એંધાણી તમને દઉં,
તેનું તમને કહું છું વિચાર,
આલ તમારી જે થાશે,
પુત્રી પુત્રને પરીવાર. ચેતો૦ ૧૪૪

એજી તેને તમે લગ્ન કરી ચાલજ્યે,
તે પરબત ઉપરે સાર,
તેને ત્યાંથી તમે મેલજ્યે,
અલી અલ્લાહ કહી તેને આધાર ચેતો૦ ૧૪૫

એજી તે અલી અલ્લાહ સહી હશે,
તો તમારાં ઉગરશે પુત્રને પરીવાર,
તો એ નરને સેવજ્યે સતસું
દસોંદ દેજ્યે એ નરજીને સાર. ચેતો૦ ૧૪૬

એજી નર અલીને દસોંદ જો તમે આલશો,
તો તમારા વધશે રળી રળી પુત્રને પરીવાર,
ઇમાન સલામત તેના રાખશે,
આપણો નર અલી છે સીરજણહાર ચેતો૦ ૧૪૭

એજી ત્યાંથી આલ તમારી જુગમાંહે ચાલશે,
તેને સંસો નહિરે લગાર,

જે જીવ સતપંથ ધરમ પિછાણશે,
જ્યાં સુધી આવશે કીયામત રોજની સંભાર. ચેતો૦ ૧૪૮

એજી તમારી આલ જે થાશે,
તેનું આ સતપંથ રહેશે વહેવાર,
નર અલીજીને તે સહી કરી માનશે,
પીર નબી મહમદ તે મુસલ્લે સાર. ચેતો૦ ૧૪૯

એજી કલજુગ અંતે બીજાને બોધશે,
જે થાશે તમારો પરીવાર,
તે માંહે થરથર કોઇ કોઇ રહેશે,
એવો કલજુગનું કઠણ થાશે વેપાર. ચેતો૦ ૧૫૦

એજી તારે કીરીયાના હીણાં જીવ કુડશે,
જે મેલશે સતપંથ ધરમનું આચાર,
આ સતપંથ મેલી બાહેર જાશે,
અને કરશે જુઠ નીંદાને કુડાં ચડાવશે આળ. ચેતો૦ ૧૫૧

એજી તે દરે દીવાને બાઇ વાતું કરશે,
આપણા ધરમ મારગનું વિસ્તાર,
તેતો દસોંદ દેતા ઓછું આણશે,
તેના જીવ તે થર નહિ રહેશે લગાર. ચેતો૦ ૧૫૨

એજી ત્યાં તમારી આલના જે હશે,
તેની નર અલીજી કરશે વાર.
ઇમાન સાબત તેના રાખશે.
જારે આવશે કલજુગ સંધની વાર. ચેતો૦ ૧૫૩

એજી કરી સલામ તારે ઉઠીયા,
નબી મહંમદ પાસેથી ખોજા ચાર,
તેણે જઇ પોતાનું ધરમ કરીયું,
દેતાં દસોંદ ખાટીયાંની સાર. ચેતો૦ ૧૫૪

એજી સતગુર નબીજી અલીજીને ફરમાને ધરમ આલીયું,
તેનું બંધીયું તે રબીરબીને પરીવાર,
તેના બાળક જારે ઉપજે તારે,
પરબતથી હેઠે મેલે સાર. ચેતો૦ ૧૫૫

એજી એરે આચાર આજદીન લગી,
તે ભુખ્યા તરસ્યા નહિરે લગાર,
તેની આલ આજદીન લગી,
તે નબી મહંમદ બોધ્યા ખોજા ચાર. ચેતો૦ ૧૫૬

એજી તે તો અસલ ધરમસું સાબત રહ્યા,
નહિ મેલીયો ધરમ આચાર,
તેઉયે આ સતપંથ ગુપત આરાધેયો,
તે પંથનો પડદો ફાસ ન કીધો લગાર. ચેતો૦ ૧૫૭

ઉપરના પાઠોની રચના ગુજરાતી સરળ ભાષામાં હોવાથી સમજાય તેવી છે. જો ઉપર જણાવ્યા મુજબ ખોજા કોમની ઉતપતી થઇ હોય તો તે ખોજા હીન્દમાં વસનારા ખોજા નહિ પણ નુસેરી નામના આરબો હોવા જોઇએ. તેઓ માટે એવી વાત સંભળાય છે કે તેઓ પોતાના અવતરેલા બાળકને પહાડ પરથી એવી માન્યતા ધરાવી નીચે ગબડાવે છે કે તે હજરત અલીનો બંદો હશે તો જીવતો રહેશે અને નહિતર મરી જશે. મારી આફ્રીકાની મુસાફરી દરમિયાન એક નુસેરી આરબની મને મુલાકાત થઇહતી. તેને પહાડ પરથી બચ્ચાં ગબડાવવા સબંધે પુછતા તેણે તેનો ઇનકાર કીધો હતો. તે પોતે હજરત અલીને ખુદા કહેતો હતો. ઉપલા પાઠોમાં જણાવ્યું છે કે તે ચારે ખોજા ખાલક, ખુદાબક્ષ, સાદક અને અબ્દરસુલ જાતે આરબ હતા. તે આરબ ખોજાઓ હીન્દમાં આવી વસ્યા હોય અને તેમની ઓલાદ ખોજા કહેવાઇ હોય તે કોઇપણ રીતે કલ્પનામાં વાત આવી શકતી નથી જો તેઓ આરબ

દેશથી આવ્યા હોય તો તેમનામાં માતાપંથીને લગતી હીન્દુ માન્યતા ક્યાંથી હોય ? ખોજાઓના ધર્મશાસ્ત્રમાં માતાપંથીને લગતી માન્યતા ઠામઠામ જોવામાં આવે છે. ખોજાઓમાં આરબને લગતી રાહરસમ કશીપણ જોવામાં આવતી નથી. તેમ તે માટે કશોપણ પુરાવો નથી. પણ ઇમામશાહ સાહેબે જે ઉપલા પાઠોમાં ખોજાઓ કેવા સારા ઇમાનદાર યાને અગારા મુરીદોએ રહેવું જોઇએ તે બતાવવા માટે દ્રષ્ટાન્ત રૂપ જણાવ્યું હશે. આવી રીતની શ્રદ્ધા ઉતપન્ન કરાવવાને લગતી બીજા મીશનરીઓએ રચેલા શાસ્ત્રમાં પણ અનેક વાતો જોવામાં આવે છે. હું માનું છું કે ખોજા હજરત અલીના વખતમાં થયાં નથી. તેમ કોઇ ખોજો આરબ નસલનો હોય તેમ માનવાને કારણ નથી જે ચાર આરબ ખોજાઓના નામો આપવામાં આવ્યાં છે તેમાં બીજુ નામ ખુદાબક્ષ છે. તેમાં ખુદા અને બક્ષ એ બન્ને શબ્દો ફારસી ભાષાના છે આવુ નામ કોઈ આરબે રાખેલુ કોઇપણ ઠેકાણે જોવામાં આવ્યું નથી. તેમ આવા નામનો કોઇપણ આરબ હજરત અલીના સમયમાં હતો તે માટે પણ કશો પુરાવો નથી આ ચાર ખોજાઓને લગતી કથા કોઇપણ ઇસલામી કીતાબમાં આવી નથી

શું ખોજા અસલ બ્રાહ્મણ હતા ?—હીન્દુ શાસ્ત્રના લખનાર પ્રખ્યાત વિદ્વાન મનુ મહારાજે હીન્દુઓને ચાર વર્ણમાં વ્હેંચી નાખ્યાં છે. વિદ્યા હુનર તરફ વળનારને બ્રાહ્મણ, દેશના રક્ષણ માટે સિપાઇ બનનારને ક્ષત્રી, વેપાર રોજગારમાં પડનારને વૈસ્ય અને ખેતી તથા મજુરી કરનારને શુદ્ર એમ ચાર વર્ણમાં વ્હેંચી નાખ્યા છે આ વર્ણાશ્રમ મનુ મહારાજે ઇ. સ. પૂર્વે કેટલાક સૈકામાં નકકી કીધાં છે. આ નકકી કીધેલા વર્ણાશ્રમો સઘળા હીન્દુઓએ માન્ય રાખ્યાં છે અને આજ સુધી તેઓ આ ચાર પૈકી એક વર્ણમાં જોવામાં આવે છે. ખોજાઓ હીન્દુમાંથી વટલાઇ મુસલમાન થયા ત્યારે આ ચાર વર્ણ પૈકી કોઇએક વર્ણના હોવા જોઇએ. હવે આપણે જોઇએ કે તે ચાર વર્ણ પૈકી કયા વર્ણના હતા. ખોજાઓ બ્રાહ્મણ હતા એવું આજસુધી કોઇના તરફથી માનવા

કે જણાવવામાં આવ્યું નથી. બ્રાહ્મણ કોમ વિદ્યા જાણનારી છે. તેઓ વંશપરંપરા વિદ્યા શીખતી આવે છે. પરંતુ થોડાજ દાહેકા પુર્વેની ખોજા કોમની વિદ્યા સબંધી સ્થિતિ તપાશીશું તો જણાશે કે તેઓ વિદ્યાભ્યાસી હતા નહિ કદાચ એમ માનીએ કે ખોજાઓ બ્રાહ્મણ હતા પણ તેમાંથી વિદ્યા શીખવાનું નીકળી જવા પામ્યું હતું; પણ આવી દલીલો ટકી શકે તેમ નથી. જો ખોજા બ્રાહ્મણ હોય અને વિદ્યા શીખવાનું તેણે છોડી દીધું હોયતો જે બ્રાહ્મણો ખોજા નથી થયા તેમાંના કેટલાકોએ પણ વિદ્યા સંપાદન કરવાનું છોડી દીધેલું હોવું જોઈએ પરંતું આજે સઘળા બ્રાહ્મણોમાં વિદ્યા સંપાદન કરવાનું ધોરણ જેવું ને તેવું છે. ક્ષત્રિય, વૈશ્ય, અને શુદ્ર એ ત્રણ કોમના બ્રાહ્મણ કુળ ગોર હોય છે. તેઓ પોતા માટે જજમાનો ધરાવે છે. જજમાનોના બાળકોના લગ્ન વગેરેની ધાર્મીક વીધિ તે કરે છે. દાનપુન લે છે તથા ભિક્ષા માગે છે. પરંતુ ખોજાઓના વડીલોમાં આમાંની કોઇ બાબત હતી એમ જણાઇ આવતું નથી. આ એવી બાબતો છે કે જો તેમનામાં હતે તો તે બીલકુલ વીસરાઈ જતે નહિ. ખોજાઓ ઠક્કર નામથી ઓળખાય છે કોઇપણ ગોત્રના બ્રાહ્મણો ઠક્કર કહેવાયા કે કહેવાતા નથી. આ સઘળી બાબતોથી એમ સિધ્ધ થાય છે કે ખોજાઓ અસલ બ્રાહ્મણ નહિ હતા.

શું ખોજા અસલ ક્ષત્રિય હતા? ખોજાઓ બ્રાહ્મણ નહિ હતા એ આપણે ઉપર જોઈ આવ્યા હવે તે ક્ષત્રિય હતા કે નહિ તે જોઇએ ઇ. સ ૧૮૯૨માં કચ્છ ભુજના રહીશ મરહુમ શેઠ સચેદીના નાનજીઆણીએ ખોજા વૃતાન્ત એ નામનો ગ્રંથ બહાર પાડયો હતો. તેમાં તેમણે ખોજાઓ અસલ ક્ષત્રિય હતા એમ જણાવ્યું છે. તેઓએ તે માટે નીચેની હકીકત આપી છે.

"લવના લોહાણા" એ કહેવત પ્રસિદ્ધ છે. એટલે લોહાણાની ઉતપત્તિ લવમાંથી થઇ હતી એમ કહેવાય છે. લવના વંશજોએ રાઠોડ

ગાદી સ્થાપી હતી. કનોજના રાઠોડ રાજા જયચંદે યવન સ્ત્રી ઘરમાં રાખી તેથી તેની ઉત્તર ક્રિયામાં બ્રાહ્મણો જમવા ન ગયા. તેથી જયચંદના દીકરા સાથે વિરોધ થતાં, તેમને દેશ છોડવો પડ્યો તે લોહરગઢમાં આવી વસ્યા. અને લોહાણા કહેવાયા. લોહરગઢ એટલે લોઢાંનો ગઢ (લાહોર હશે) આવી દંત કથા છે. લોહાણાના બારોના ચોપડામાં લોહાણાની ઉત્પતિ બ્રહ્મક્ષત્રીઓમાંથી થવાનું લખેલું છે. તે એવી રીતે કે જયચંદની સેનામાં બ્રહ્મક્ષત્રીઓ હતા. શાહબુદીન ઘોરી ઉપર પહેલાં ફતેહ મેળવી જયચંદ શાહબુદીનની ફુરમને લાવ્યો. તે પાછી આપવા ભીમસંધ વિગેરે સૈન્યાધિપતિયોએ સુચવ્યું પણ જયચંદે એ વાત માન્ય કરી નહિ. શાહબુદીને ફરી હલ્લો કર્યો. તેની સામે જયચંદ જતો હતો તેને ફુરમે તલવારના ઝટકાથી માર્યો. જયચંદનું મોત યવન સ્ત્રીને હાથથી થયું માટે તેના ઉદ્ધાર વિષે જયચંદના દીકરાએ બ્રાહ્મણોની સલાહ પુછી. તેઓએ બ્રહ્મક્ષત્રીઓને જમાડવાની સલાહ આપી. પણ બ્રહ્મક્ષત્રીઓએ જમવાની ના પાડી તેથી તેમને દેશ છોડવો પડ્યો અને લોહરગઢ વાસી થયા."

"કનોજના રાજ્યનો નાશ શાહબુદીન ઘોરીએ ઈ૦ સ૦ ૧૧૯૪માં કીધો હતો. શાહબુદીન ઘોરીની ફુરમનું હરણ જયચંદે કર્યું હતું અને ફુરમના હાથથી તેનું માથું કપાયું હતું એવી વાત ઇતિહાસમાં મેં જોઇ નથી "લવના લોહાણા" એ કહેવત સબળ છે."

"લવ એ મહાત્મા સાતમા અવતાર રામના પુત્ર. રામની સંક્ષેપ કથા આવી છે. સુર્યવંશી દશરથ રાજા અયોધ્યામાં હતા. તેના ચાર પુત્ર થયા. રામ. લક્ષમણ, ભરથ અને શત્રુઘન. એક સમય વિશ્વામિત્ર મુની યજ્ઞની સાચવતા માટે રામ લક્ષમણને પોતાને આશ્રમે લઇ ગયા હતા. ત્યાંથી જનક રાજાની દીકરી સિતાજીનો સ્વયંવર જોવા મિથિલા પુરી ગયા. શિવનું ધનુષ્ય ભાંગવાની સ્વયંવરમાં સરત હતી તે રાવણાદિ યોધ્ધાઓથી ન ભંગાયું અને રામે ભાગ્યું તેથી સિતાજી તેમને વર્યાં."

"રામ નાની વયમાં લોકપ્રિય થઇ પડયા હતા. એમની યોગ્યતા જોઇ એમને પોતાંને હાથે રાજ્યપદ આપી પોતે વિશ્રાંતિ લેવા રાજા દશરથે ઠરાવ કર્યો. વિધિનો ઉત્સવ મચી રહ્યો હતો તેમાં કૈકયી રાણીએ ભંગ પાડયો. રાજા પાસેથી પુર્વે મેળવેલ વચન આ ટાંણે માગ્યાં. તે એ કે પોતાના પુત્ર ભરથને રાજ્ય અને રામને ચોદ વર્ષ વનવાસ. રાજાને આ વચનો પાળવાથી બહુ દુખ ઉપજ્યું ને એ દુ:ખથી અંતે રાજાનું મૃત્યુ થયું."

"ભરત મોસાળમાં હતો તે પછીથી આવ્યો ને આ વાત જાણી તેને બહુ સંતાપ થયો. પિતાની ઉતરક્રિયા કરી રામને વાળી આવવા તે વનમાં ગયો. અમીરો અને મહાજન સાથે હતું. પાછળથી જનક રાજા પણ ગયા. રામચંદ્રજી પાછા વળ્યા નહિ. પિતાનું વચન પાળવાને તે વળગી રહ્યા."

"ભરતે પાછા વળતાં રામની બે પાદુકા લીધી હતી તેમાં એક અયોદ્ધાના તખ્ત પર સ્થાપી. શત્રુઘનને રાજ્યની લગામ આપી. પોતે બીજી પાદુકા માથા પર રાખી એક મઢુલીમાં તપ કરવા બેઠા. રામના નામનો તેઓ જપ કરતા હતા."

"લક્ષમણ રામની સાથે હતો. અને સિતાજી પણ સાથે હતા. પંચવટીના વનમાં તેઓ રહેતાં હતાં. એક સમય રામ મૃગની પાછળ ગયા. સિતાજીના આગ્રહથી લક્ષમણ પાછળ ગયા. તેમની ગેરહાજરીમાં લંકાનો રાવણ સિતાજીનું હરણ કરી ગયો. બંને ભાઇઓ સિતાજીની શોધમાં ભટકયા; પતો હાથ લાગ્યો નહિં.

"કિષ્કિંધાના એક પહાડ આગળ સુગ્રીવ અને હનુમાનનો મિલાપ થયો. સુગ્રીવની સાહ્યતા કરી તેના ભાઇ વાલિને મારી કિષ્કિંધાની ગાદી ઉપર સુગ્રીવને સ્થાપ્યો. હનુમાને લંકામાં સિતાજીનો પતો કાઢી ખબર આપી. સુગ્રીવનું વનચર સૈન્ય લઇ લંકા ઉપર રામે ચઢાઇ કરી.

હીન્દના દક્ષિણ છેડા અને લંકા ટાપુ વચ્ચેની ખાડી ઉપર પાજ નાખી સૈન્યા ઉતારી."

"વાલીના દીકરા અંગદને સિતાજી વાળી આપવાને વિષ્ટિ કરવા રાવણ પાસે મોકલ્યો; પણ તેણે વિષ્ટિ માની નહિ આ તેની હઠીલાઇથી તે દસ માથાનો કહેવાગો હશે અંતે લડાઇ થઇ. કુંભકર્ણ અને મેઘનાદ આદિ યોદ્ધા મરાયા અને છેવટ રાવણ પણ માર્યો ગયો. રાવણનો નાનો ભાઇ વિભિષણ જે રામની તરફેણમાં આવ્યો હતો, તેને રામે લંકાની ગાદી આપી. જય અને યશ પ્રાપ્ત કરી રામચંદ્રજી અયોદ્ધામાં આવ્યા. વસ્તીએ તેમને વધાવી લીધા તેઓ અયોદ્ધાની ગાદી ઉપર બેઠા; પણ સીતાજી થોડો વખત લંકામાં રહ્યાં હતાં તે વિષે લોકોએ નિંદા કરી તેથી સીતાજીને વનમાં મોકલ્યાં તેઓ વાલ્મિક રૂષીના આશ્રમમાં રહ્યાં ને ત્યાં લવનો જન્મ થયો"

"લવમાંથી લોહાણા થયા અને લોહાણામાંથી ખોજા થયા. લોહાણા રાઠોડ જાતિમાંથી થયાનો એક પ્રગટ પુરાવ છે. રાઠોડના માનનું પદ ઠાકોર છે. લોહાણા ઠક્કર કહેવાય છે તે ઠાકોરનો અપભ્રંશ થયેલ છે. ખોજા એ શબ્દ ખ્વાજાનો અપભ્રંશ છે. ખ્વાજાએ ફારસી ભાષાનો શબ્દ છે. તેનો અર્થ સરદાર એવો થાય છે એ શબ્દ પણ ઠાકોર જેવો છે."

"લોહાણા જેમ ઠક્કર કહેવાય છે તેમ હાલારમાં અદ્યાપિ ખોજા ઠક્કર કહેવાય છે લોહાણાની રીતે તેઓ ધોતીઆં પહેરે છે. અને કેટલાક દાઢી પણ મુંડાવે છે. ખોજા લોકોના કેટલાક જ્ઞાનો સિંધી ભાષામાં છે તેમાં પંજાબી ભાષાનું મિશ્રણ છે. અને જે લિપિ છે તે પંજાબી છે. જે સિંધના લોહાણા પંજાબથી લાવેલા છે અને અદ્યાપિ તે લિપિ તેમની વપરાશમાં છે."

ઇ સ. ૧૯૦૫ માં શેઠ જાફરભાઇ રેમતુલા બી. એ. તરફથી "ખોજા કોમનો ઇતિહાસ" એ નામનો ગ્રંથ મુંબાઇથી બહાર પાડ-

વામાં આવ્યો હતો. મજકુર ગ્રંથના કર્તા ખોજા વૃતાન્તમાં આપવામાં આવેલ ખોજાઓ અસલ ક્ષત્રી હતા તે વિચારથી જુદા પડયા હતા. ખોજાઓ અસલી ક્ષત્રી નહિ હતા એમ જણાવી તેઓ નિચે મુજબ પોતાનો જુદો મત આપે છે. તે જણાવે છે કેઃ—

"જો ઉપલી દલીલો (ખોજા વૃતાન્તની) આપણે એક ઘડીભર ખરી માનીએ તોપણ ઉપલા લખાણ ઉપરથી ખુલ્લું જણાશે કે શેઠ સચેદીના નાનજીઆણીએ લવમાંથી લોહાણા થયા એ બાબદનો એક બી પુરાવો અથવા દલીલ રજુ કીધી નથી. ઉપલી રજુ કરેલી દલીલો ખરી હોય તો માત્ર એટલુંજ સિદ્ધ થાય છે કે ખોજા અસલ લોહાણા હતા એ ઉપરથી એમ સિદ્ધ થતું નથી કે લોહાણા લવના વંશજો છે. ઇ. સ. ૧૮૯૯ ની સાલના ફેબ્રુઆરી માસમાં મને ધંધા અર્થે કચ્છ જવું પડયું હતું. ત્યારે એ બાબદ સર શેઠ સચેદીના નાનજીઆણીની ખાસ મુલાકાત મેં લીધી હતી અને તેમને પુછયું હતું કે તમારા ખોજા વૃતાન્તમાં તમો લખો છો કે લવમાંથી લોહાણા થયા તેના કાંઇ તમારી પાસે પુરાવા છે? કારણકે એ પુરાવા તમો તમારી ચોપડીમાં આપતા નથી. ત્યારે તેવણે જવાબ આપ્યો કે મારી પાસે પુરાવા નથી. "લવના લોહાણા" એવી સજ્જડ કહેવત છે. અને એ કહેવત ઉપરથી મેં અનુમાન કીધું છે કે લોહાણા લવના વંશમાંથી હશે"

"હવે લવ રામનો પુત્ર હતો અને રામ ક્ષત્રિ હતા. અને જો ખોજાઓ રામના વંશમાંથી હોય તો તેમની રગોમાં લડાયક લોહિ દોડતું હોવું જોઇએ. પણ એવી એકપણ નીશાની કે ચીન્હ ખોજાઓમાં નજરે પડે છે? બીલકુલ નહિ. કચ્છમાં ખોજાઓ સારી સંખ્યામાં હસ્તી ભોગવે છે. કાઠીઆવાડમાં ખોજાઓની વસ્તી જેવી તેવી નથી. કાઠીયાવાડના દેશી રાજ્યો અને કચ્છના રાવ અસલથી લશકર રાખતા આવ્યા છે. પરંતુ એક પણ ખોજાએ લશકરી અમલદાર તરીકે કીરતી મેળવી પોતાની કોમને શોભાવી પોતાના નામને અમર

કીધું છે ? શું કોઈ ખોજો લશકરી અમલદાર કદીપણુ થયો છે ? શું દેશી રાજ્યોને ખોજાઓ ઉપર વિશ્વાસ નથી ?......લશકરી ખાતામાં ખોજાઓ દેખાતા અથવા દીપી નીકળતા કેમ નથી ? મુંબઈમાં પણુ ખોજાઓએ લડાયક લોહિ દેખાડયું નથી. એ લોક પોલીસ અમલદારોને કાંઇ તસ્દી આપતા નથી મારામારી અથવા લડવાથી હમેશાં દૂર રહે છે ખોજાઓએ કદી હુલ્લડ કીધાં નથી. અથવા જ્યારે બીજી કોમના લોક હુલ્લડ કરે તો તેમાં ભાગ લેતા જણાતા નથી. કોઇ પણુ ખોજો અંગ્રેજી બટાલિયન અથવા રેજીમેન્ટમાં સીપાઇ તરીકે જોડાયો નથી એટલુંજ નહિ પણુ પોલીસ ફોજમાં પણુ કોઇ ખોજો દાખલ થયો હોય એ લખનારની જાણુમાં નથી. વારૂ, રજપુત લોહિ કદી છાનું રહે કે ? એ સઘળાનું કારણુ શું હશે વારૂ ? એટલુંજ કે ખોજા ક્ષત્રી નથી. ”

શેઠ જાફરભાઇ રેમતુલાએ પોતાના ગ્રંથમાં જે ઉપલા વિચારો આપ્યા છે તે ગ્રંથ રૂપે બહાર પડવા પૂર્વે મુંબઇ ખાતે પ્રગટ થતા ખોજા માસિકમાં તેમના તરફથી બહાર પડયા હતા. તેમના તેવા વિચારોની વિરૂદ્ધ અને શેઠ સચેદીના નાનજીઆણીને મળતા વિચારવાળો લેખ મહાશય જીવરામ અજરામર ગોર તરફથી પ્રગટ થયો હતો. મહાશયે તેમાં જણાવેલું હતું કેઃ—

“ મજકુર ગ્રંથમાં (ખોજા વૃતાંન્તમાં) ખોજા લોકોની અસલ ઉતપત્તી ક્ષત્રીઓમાંથી બતાવેલી છે. આર્ટીકલ લખનાર ખોજા કોમનો ઇતિહાસ લખનાર) પોતાનો મત તેથી વિરૂદ્ધ જણાવે છે. તે પણુ ભુલ છે. ખોજા લોકો અસલ ક્ષત્રીય ન હતા તે માટે તેમણે એવી દલીલ બતાવી છે કે તેઓ કંઇ લશકરી નોકરીમાં જોડાયા નથી. અને હુલ્લડાઇના કામો કરતા નથી. ”

“ આ અજાયબ જેવી દલીલ છે. પારસી લોકો લશકરી નોકરીમાં સિપાઇગીરી કરતા નથી અને હુલ્લડમાં શામેલ થતા નથી. એને માટે

શું એમ કહેવાશે કે તેઓ પુરાની વીરપુરૂષોની ઓલાદના નથી ? તેમ ભાટીયા લોકો વર્તમાનકાળમાં હથીયાર ઉપાડતા નથી કિંવા કુ-હલડ કરતા નથી. તેથી શું ઇતિહાસ વિરૂદ્ધ એમ કહી શકાશે કે તેઓ શુરવીર ભટ્ટી જાતના ક્ષત્રીય વંશના નથી ? ”

“ સ્થિતિના ફેરફારથી પ્રકૃતિનો ફેરફાર થાય છે તેથી કંઇ અસલ ઇતિહાસમાં ફેરફાર થતો નથી જેવા સંજોગો પ્રાપ્ત થાય તેવી સ્થિ-તિ પ્રાપ્ત થાય છે. અહીંના ખોજા લોકો ને એવા સંજોગો મળ્યા કે તેમને ખેતીનો ધંધો અખ્તેયાર કરવો પડયો હતો. પછી સંજોગોના ફેરફારથી વ્યાપારાદિ બીજા ધંધામાં પ્રવૃત થયા કાશમીરના ખોજાઓ સંજોગોના સબંધથી લશકરી નોકરીમાં દાખલ થયા હતા. અને હાલ પણ તેવીજ સ્થિતિ ભોગવે છે ”

“ રામના પુત્ર લવના વંશજોએ કનોજમાં રાઠોડ ગાદી સ્થાપિ એ ઇતિહાસિક સિદ્ધ વાત છે. કનોજના રાઠોડ રાજા જયચંદથી તેના કુટુંબીઓનો વિરોધ થતાં તેમને “ લોહરગઢ ” હાલના લા-હોરમાં જવું પડયું હતું. અને “ લોહરગઢ ” ના નામ ઉપરથી તેઓ “ લોહાણા ” કહેવાયા હશે. એમ ભાટોના ચોપડામાં લખેલ છે. તેમજ ‘ લોહાણામાંથી ખોજા થયા ’ એ વાત ખોજાપંથના ‘ જ્ઞાન ’ માં સ્પ-ષ્ટ રીતે વર્ણવેલી છે. ત્યારે ઉતપતી લવમાંથી થવા વિષે લેખક શા માટે ના પાડે છે ? અને ખોજાઓના પૂર્વજ ક્ષત્રીય નહોતા એમ શા આધાર ઉપરથી કહે છે ? ”

“ ખોજા લોકો માતાપંથી હતા એમ ખોજા વૃતાંન્તમાં પુષ્કળ પ્રમાણો વડે સિદ્ધ કરેલું છે માતા એટલે શકિત. શકિતને પુજનારા તે શાક્ત લોકો અને શાક્ત તેજ ક્ષત્રી. ખોજાના પુર્વજો શકિતને પુજનારા હતા એ સિદ્ધ કરવા માટે કેટલાક ખોજાઓમાં શકિત પૂજનની ક્રીયાઓ, તે અસલ ક્ષત્રી હતા એ બતાવવા માટે બાકીમાં રહી ગયેલી છે. ”

"વળી કાઠીયાવાડના ઘણાખરા ભાગમાં ખોજાઓને ઠક્કર કહે છે અને ઠક્કર એ ઠાકોરનું અપભ્રંશ છે. એજ ઠાકોરનું માનવંતું પદ છત્રીશે જાતનાં રજપુતોને લગાડવામાં આવે છે તેથી પણ પ્રત્યક્ષ સિદ્ધ થાયછે કે ખોજાઓ ક્ષત્રીય હતા. ખોજા એ શબ્દ ફારસી ખ્વાજામાંથી થયેલો છે અને તેનો અર્થ પણ 'સરદાર' અર્થાત 'ઠાકોર' ઠક્કરજ થાયછે. સિંધમાં હજી પણ ખોજાઓને ખ્વાજા લખાય છે."

"આટલા બધા પ્રબળ પુરાવા છતાં આપના (ખોજા માસિક) લેખકનું આકર્ષણ ખોજા કોમના પૂર્વજોને ક્ષત્રીય મટાડીને (પોતે પણ તેજ ખોજા કોમના છતાં) કોઇ હલકી કોમમાં દાખલ કરવાનું થાયછે તેઓ શા ઉદ્દેશથી પ્રયત્ન કરેછે તેની કંઇ સમજ પડતી નથી."

ખોજાઓ ક્ષત્રીય હતા કે નહિ તેના ખુલાસામાં માત્ર ઉપર જણાવેલી હકીકત બહાર આવી છે. શેઠ સચેદીના નાનજીઆણીના વિચારો વિરૂદ્ધ શેઠ જાફરભાઇ રેમતુલા તરફથી જે મતલબનું જણાવવામાં આવ્યું છે તે તદન આધાર વિનાનું અને ઉપલક દ્રષ્ટિનું પરિણામ મારી તપાસમાં માલુમ પડે છે. જો તેઓ કાંઇ ઉંડાણમાં ઉતર્યા હતે તો તેઓ ખોજાઓ અસલ ક્ષત્રીય નહિ હતા તેમ જણાવતે નહિ.

શેઠ જાફરભાઇ રેમતુલા જણાવે છે કે શેઠ સચેદીના નાનજીઆણીએ લવમાંથી લોહાણા થયા એ બાબતનો એક પણ પુરાવો યા દલીલ રજુ કીધી નથી. તેમનું આ કહેવું બીલકુલ બ્યાજબી છે. શેઠ સચેદીનાએ માત્ર "લવના લોહાણા" એવી કહેવત ઉપરજ ખોજા લોહાણામાંથી થયા છે એવી ઇમારત બાંધી છે. લવના લોહાણા એ કહેવત જણાવી લોહાણા ક્ષત્રીય છે, એમ જો પુરાવા આપ્યા હતે તો તેમની કહેવત સંગીન થઇ પડતે. શેઠ સચેદીના જો લોહાણા કોમની ઉતપત્તિ વિશે તપાસ કરતે તો તેમને મનમાનતી દલીલો જરૂર હાથ લાગતે.

આજે લોહાણા કોમ હસ્તી ધરાવે છે. તે સઘળી કોમ પોતે ક્ષત્રીય છે એવા અનેક લેખો તેમની જ્ઞાતીમાં ચર્ચાય છે. મેં તેવા

લેખો તથા પુસ્તકો વાંચ્યાં છે અને સંખ્યાબંધ લોહાણા ગૃહસ્થોને પુછી જોયું છે તેઓ એક અવાજે જણાવે છે કે અમો લોહાણા ક્ષત્રીય છીએ. ઠક્કર નારાણજી તુલસીદાસ જોગનપોત્રા કચ્છ-ભુજવાળા તરફ-થી ઇ. સ. ૧૯૦૯ માં "શ્રી રઘુવંશી લવાણા વિવાહ દર્પણ યાને પદ્ધતિ" એ નામનું પુસ્તક બહાર પડ્યું છે તે પુસ્તકના નામ ઉપ-રથીજ લોહાણા રઘુવંશી યાને ક્ષત્રી હોવાનું સિદ્ધ થાય છે. વિશેષ પુ-રાવા માટે તેનો એક પારેગ્રાફ નીચે ઉતારી લઉછું.

"શ્રી સૂર્યવંશી લવાણા ક્ષત્રિયની ઉત્પત્તિ વિષે:- સુર્યવંશી ઇક્ષ્વાકુના વંશમાં દશરથ કુળોત્પન્ન ભગવાન મહારાજા શ્રી રામચંદ્રજીના વડા સુપુત્ર લવથી માંડીને વંશ પરંપરા બસોને પાંચ પેઢીઓ સુધી ભારત વર્ષના જુદા જુદા પ્રદેશોમાં રાજ્યકર્તાઓ થતા આવ્યા; અને વિક્રમ સંવત ૧ સુધી તમામ રાજપૂતો સાથે ભોજન તથા કન્યા વ્યવહાર હતો અને ઇ૦ સ૦ ના દશમાં સૈકામાં આપણે કાશીના મહારાજાના પેટામાં ખંડિયા જમીનદાર હતા. તે વખતે આપણે ક્ષત્રિય ખરા, પણ સંધ્યા ગાયત્રી આદિ કર્મ બ્રાહ્મણો પ્રમાણે કરતા; કેમકે, જનોઇ પણ બ્રહ્મ ગાંઠની પહેરતા. કારણ એકે, ઋષિને આશ્રમે રહેલાં. તે અરસામાં ત્યાં લવ અને કુશનો જન્મ થએલ અને જ્યારે યોગ્ય ઉમ્મરે વિદ્યાભ્યાસનો સમય થયો, ત્યારે ધર્મનું શિક્ષણ પણ તે-મને એ પુજ્ય ઋષિએજ આપેલ અને કર્મ બધું બ્રાહ્મણનું કરતા હતા. વળી આપણે ક્ષત્રિય જેથી કોઇનું પણ દાન લેતા નહિ, અને પારકું દશા, બારમું, શ્રાધ, વિગેરે પ્રેત ભોજનનું અન્ન કોઇ ખાતા નહીં. કેમકે કોઇ પણ ક્ષત્રિય પ્રેત ભોજનનું જમવામાં તે વખતમાં પોતાને લાંચ્છન જેવું સમજતા હતા, એટલુંજ નહિં પણ બાળ લગ્ન, પુન-ર્લગ્ન પણ થતાં નહી."

લોહાણાના કુળગોર સારસ્વત બ્રાહ્મણો છે. તેઓ બ્રાહ્મણ છતાં લોહાણા સાથે ભોજન વ્યવહાર રાખેછે. આ સારસ્વત બ્રાહ્મણોનો લો-

હાણા સાથે કેવી રીતે સબંધ થયો અને લોહાણાનું ભોજન તેઓ કેવી રીતે લેતા થયા તેને લગતી હકીકત લોહાણા અસલ ક્ષત્રીજ છે એમ સાબીત કરે છે. આ બાબતમા અમદાવાદ ખાતે પ્રગટ થતા લોહાણા સમાચાર નામના અઠવાડીક પત્રનો તા. ૨૬ આકટોબર સને ૧૯૦૯ ના એક લેખનો કેટલોક ભાગ નીચે આપું છું.

" **શું સારસ્વતો આપણી પાછળ વટલાએલા છે ?** સારસ્વત એ બ્રાહ્મણ જ્ઞાતિ છે, અને લોહાણા એ ક્ષત્રી જ્ઞાતિ છે, એ મન્તવ્ય નિર્વિવાદ છે. પરંતુ આધુનિક સમયમાં ન્યારે બ્રાહ્મણો જેવી એક વર્ગીય વર્ણમાં પણ એક બીજાથી વટલાઇ જવાનો વહેમ પુરજોસમાં પ્રકાશી રહ્યો છે ત્યારે આ બ્રાહ્મણ અને ક્ષત્રીયોનો એકજ ભાણાં વ્યવહાર–તે બાબત ખરેખર વિચારણીય છે. "


"સદરહુ બાબતમાં હાલ એક એવી દંતકથા ચાલે છે કે–પુર્વે જયચંદ્ર રાજાના વખતમાં તેણે પોતાની માતુશ્રીની ઉત્તર ક્રિયાના પ્રસંગને લઇ સવાલક્ષ બ્રાહ્મણોને જમાડવાનો નિશ્ચય કર્યો હતો. તે અરસામાં આજુબાજુ દેશ દેશાવરોમાંથી બ્રાહ્મણોને આમંત્રણ આપી બોલાવ્યા, જ્યારે કુલે એક લાખ બ્રાહ્મણો એકઠા થયા. રાજાનો સંકલ્પ સવાલક્ષ બ્રાહ્મણો જમાડવાનો હતો જેથી પચીશ હજાર બ્રાહ્મણોનો તોટો હવે શી રીતે પુરો પાડવો તે વિચારમાં રાજાએ રાજ્યગુરૂને બોલાવી પુછ્યું. રાજ્યગુરૂએ એવું સમાધાન કર્યું કે બ્રાહ્મણ અને ક્ષત્રીયો બન્ને ઉતમ સંસ્કારી વર્ણ છે, તો આપ તેટલા ક્ષત્રીયોને જમાડશો તો તે સંકલ્પ પુરો થયોજ ગણાશે. રાજ્યગુરૂના મતને અનુસરી રાજાએ પચીશહજાર ક્ષત્રીયોને આમંત્રણ કર્યું, પરંતુ ક્ષત્રીયોએ તે સ્વીકાર્યું નહિ. અને રાજાને જણાવ્યું કે અમો પ્રેત ભોજન જમીશું નહિ કારણ કે મૃતક દેહના પછવાડે શોક સમય હોવા છતાં જેઓ મિષ્ટાન્ન જમે છે, તે શોકને છુપાવી આનંદની લહેજત ભોગવનારા નિષ્ઠુર હૃદયના મનુષ્યો અધમ ગતિને પામે છે, માટે અમો

પ્રેત ભોજન જમવા આવીશું નહિ. રાજાને પોતાનો સંકલ્પ પુરો કરવાને બીજો કાંઇ ઉપાય હતો નહિ. જેથી તેણે તે ક્ષત્રીયોને જમવાની ફરજ પાડી, અને ક્ષત્રીયો લાચારીએ જમવામાં સામેલ થયા પરંતુ પોતાનો ધર્મ સાચવવા અગર તો પ્રાયશ્ચિત નિમિતે તે ક્ષત્રીજનોએ દરેક પોતાની જમવાની પાતળ નીચે સદરહુ ભોજનની કિંમત બદલ અકેક સોના મહોર ગુપ્ત પણે મુકી દીધી દરેક જમી રહ્યા બાદ જ્યારે પાતળો ઉપાડવામાં આવી ત્યારે આ ક્ષત્રીજનોની પાતળો નીચેથી સોના મહોરો નીકળી. તે બીના જયચંદ્રને જાહેર થતાં ક્ષત્રીયોનું આવું કપટ યુક્ત જમવાનું જણાતાં, તે ગુસ્સે ભરાયો અને તેઓ દરેકને પકડી પાડવાનો હુકમ ફરમાવ્યો. સદરહુ ક્ષત્રીયોને જાણ થતાં તેઓ નાશી છુટયા. તેવા ખબર મળતાં જયચંદ્ર રાજાએ તેના પછવાડે સૈન્ય મોકલાવ્યું. ક્ષત્રીયોએ ઉતર દેશમાં બ્રાહ્મણોનો આશ્રય લીધો. બ્રાહ્મણોએ તેઓને પોતાના રક્ષણ નીચે લીધા. થોડા સમયમાં જયચંદનું સૈન્ય ત્યાં આવી પહોંચ્યું અને તે બ્રાહ્મણોને સદરહુ ક્ષત્રીયોને સોંપવાનું કહ્યું. બ્રાહ્મણોને પોતાના આશ્રય નીચે આવેલાઓને તેનાજ દુશ્મનના હાથમાં સોંપવા ઉચિત જણાયું નહિ. તેથી તેઓ જુઠું બોલ્યા કે, અમારે ત્યાં જેઓ આવેલા છે તેઓ ક્ષત્રીયો નહિ પરંતુ અમારા બ્રાહ્મણ મીજમાનો છે. જયચંદ્રના સૈનિકોને તે વાત પર સંશય પડયો, તેથી તે વાતના નિર્ણય કરવા અર્થે જણાવ્યું કે, જો તેઓ બ્રાહ્મણ છે તો તમો તેના સાથે બેસી ભોજન કરો. ભાવાર્થ એવો કે બ્રાહ્મણો ક્ષત્રીઓ સાથે ભોજન કરશે નહિ એટલે આપો આપ પોકળ ખુલ્લું થશે, અને વિના મહેનતે ક્ષત્રીઓ હાથ પડશે. આવા સૈનિકોના વચન સાંભળી બ્રાહ્મણો વિચારમાં પડ્યા. છેવટે પોતાની વાત સત્ય છે તેવું જણાવવા અને આવી પડેલી આફત દુર કરવાને તેઓએ તેમ કરવાનું કબુલ કર્યું. ભોજન સામગ્રી તૈયાર કરી કેળના પાત્રાં લાવી જમવા બેઠા. અકેક (ક્ષત્રી) મીજમાન અને અકેક બ્રાહ્મણ તેવી રીતે જમવું શરૂ કર્યું પરંતુ બ્રાહ્મણોને વટલાઇ જવાનો વહેમ હોવાથી કેળપત્ર ઉ-

પર લીધેલા ભોજનમાં આંગળી વતી લીટો કરી બે ભાગ પાડયા, જેમાંનો એક ભાગ ક્ષત્રી જન્મ્યા અને બીજે ભાગ બ્રાહ્મણો જન્મ્યા. એકજ પાત્રાં ઉપર આવી રીતે જમેલા જોઇ જય ચંદ્રના સૈન્યનો સંશય ટળ્યો, અને તેઓ પાછા ફર્યા ”

શ્રી હીંગુલા પુરાણના અધ્યાય ૮૬ પૃષ્ટ ૨૯૧ માં લોહાણા ક્ષત્રીય છે એમ સ્પષ્ટ જણાવેલું છે માટે તેનો જરૂર પુરતો ભાગ વૃક્ષ સાથે આપું છું.

“જ્યારે જયચંદ રાજા કનોજમાં રાજ્ય કરતો હતો. ત્યારે રાઠોડ વંશના એના ૮૪ સરદારો જેઓ રાજ્ય કારભારની વ્યવસ્થા કરતા હતા તેઓ રાજ્ય સબંધી કેટલાક પૈસા પચાવી પડયા. જયચંદ રાજા આથી ઘણોજ ગુસ્સે થયો અને તે સરદારોને મારી નાંખવાનો નિશ્ચય કીધો. દુર્ગાદત્ત નામના એક સારસ્વત બ્રાહ્મણના વચમાં પડવાથી રાજાએ તેઓને છ માસની મેહતલ આપી. આ વખતના દરમ્યાનમાં દુર્ગાદત્તે કેટલાક મોટા ઉમરાવો તથા બીજા ખંડીયા રાજાઓને પોતાની મદદ વાસ્તે બોલાવ્યા. પણ જયચંદ રાજાની સતા એટલી બધી



પ્રબળ હતી કે બીજા ખંડીયા રાજા તેમજ બીજા માણસો દુર્ગાદતની મદદે આવી શકયા નહિ. પછી દુર્ગાદતે સરદારોની અનુમતિથી સાગર દેવની ઉપાસના કીધી. આ બ્રાહ્મણે આ દેવને પ્રસન્ન કરવા મહાન તપ આદર્યું આખરે સાગર દેવ પ્રસન્ન થયા જ્યારે સાગર પ્રસન્ન થયા ત્યારે રાજાની મહેતલ જે છ માસની હતી તે પુરી થવાને માત્ર આઠજ દીવસ રહ્યા હતા. સાગર દેવે કહ્યું કે તમે જ્યાં હાલ છો ત્યાંથી બે ગાઉ ઉપર એક લોહનો કીલ્લો છે. જેનો તેઓએ એકવીશ દીવસ સુધી આશ્રય લેવો. એકવીશ દીવસ થયા પછી તેઓએ તે કીલ્લો છોડી દેવો. પછી જયચંદ રાજાના તે સરદારોને ભય રહેશે નહિ, કારણ તેટલા વખતમાં એ રાજાનું મૃત્યું થશે, તેઓએ તે રીતે કીધું તે સરદારોના વંસજો લોહાણાને નામે ઓળખાયા. કારણ તેઓએ લોહ કીલ્લાનો આશ્રય લીધો હતો. હાલ લોહાણાના નામને બદલે લવાણા કહેવામાં આવે છે."

અમદાવાદ પાસે આવેલા પીરાણા ગામમાં પીરાણા સંપ્રદાયના સ્થાપક હજરત ઇમામશાહ બાવાએ લુહાણા તથા બ્રાહ્મણોને વટલાવી મુસલમાન કીધા અને ખોજા નામ આપ્યાનું એ સંપ્રદાયના "શ્રી ઇમામશાહ બાવાના પ્રબંધ" નામના પુસ્તકમાં જણાવેલું છે. તે બીના વિસ્તારથી તેના યોગ્ય સ્થળે આપવામાં આવશે. અત્રે માત્ર તેના ચાર પાઠ આપું છું.

રહેવાશી લોટગર શહેરના, લવાણા બ્રાહ્મણનો સાથજી;
તેના ગોરે કામ કેવાં કર્યાં, સુણો મુમન તેની વાતજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૯૩

પ્રબોધ દીધો પ્રેમથી, જનોઇ ઉતારી છે ત્યાંએજી;
નામ રૂપી જનોઇ પેરીએ, એવું બોલ્યા સૌ તાંએજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો ૯૪

સર્વે જનોઇયું ઉતારીયું, ઉતારી મણ તે સવાએજી;
ત્યાંથી સૌએ ગોર થાપીયા, સેવક બન્યા સૌ ત્યાંએજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૯૫

ગોરે સૌ સેવકતણા, ખોજા ઠક્કર ધરાવ્યા નામજી;
જગત તારણ છેરે જાગતો, ધણી મારો કેવાં કરે કામજી.
પ્રગટ પ્રછોરે ગોર ઇમામનો. ૯૬

લોહગર શહેરનાં રહેવાશી લોહાણા બ્રાહ્મણોનો કાફલો દ્વારકાંની યાત્રાએ જતો હતો તેને પીર ઇમામશાહ બાવાએ ચમત્કાર બતાવી મુસલમાન કીધો અને ખોજા ઠક્કર એવું નામ આપ્યુ. આ ઉપરથી લોરગઢના (લોહગઢ–લાહોર) લોહાણા વટલી મુસલમાન ખોજા થયા જણાય છે અને લોહાણા મુળ ક્ષત્રિય હતા.

લોહાણા રઘુવંશી ક્ષત્રીય છે તેની વિશેષ દલીલ એવી છે કે લોહાણાઓ જનોઇ પહેરે છે. કાયમથી પહેરતા આવ્યા છે કોઇપણ લોહાણો જનોઇ રહિત રહી શકતો નથી. જનોઇ પહેરવાનુ તેમનામાં ફરજીઆત છે. જો તેઓ ક્ષત્રી ન હતે તો તેમનામાં વૈશ્યની પેઠે જનોઇ પહેરવાનો રીવાજ હતે નહિ. વૈશ્યમાં વધુ ભાગે વાણીઆ, ઓદિચ્ય, કપોળ વીગેરે જોવામાં આવે છે તેમનામાં જનોઇ પહેરવાનો ચાલ નથી માત્ર વૈષ્ણવ સંપ્રદાયમાં જે વૈસ્ય રહેલા છે તેમાંના થોડાક લોકો માત્ર જનોઇ પહેરે છે. તેમનામાં જનોઇ પહેરવાનો ફરજીઆત રીવાજ નથી જો લોહાણા ક્ષત્રિય ન હતે તો તેમનામાં પણ જનોઇ પહેરવાનો રીવાજ હતે નહિ.

"શ્રી ઇમામશાહ બાવાના પ્રછા" માં લોહાણા વટલી ખોજા થયા એમ લખ્યું આપણે ઉપર જોઇ આવ્યા જ્યારે લોહાણા વટલી ખોજા થયા ત્યારે ખોજા થનાર લોહાણાની જનોઇઓ પીરે ઉતરાવી હોવાનું પણ મજકુર ચોપડીમાં લખેલું છે. સાથે નીચે આપેલા પાઠથી તે જનોઇઓ આજે પણ પીરાણામાં મઉજુદ છે તેમ સિદ્ધ થાય છે જેનો પાઠ નીચે આપુ છું

પંનજો ગોરનો જાહેર છે, નાના રોજાની માંહેજી;
હાલ જનોઇ છે કાયમ તહીં, જુઓ સૌ વારંવારજી
પ્રગટ પ્રછોરે_ગોર ઇમામનો ૯૭

ઇ. સ ૧૯૧૦ ના એપ્રીલ માસમાં હું આ બાબતની તપાસ માટે ખાસ પીરાણા ગયો હતો અને ખોજા લોકોની લોહાણા આકૃતિમાં પહેરેલી જનોઇઓ મેં નજરો નજર જોઇ હતી. શ્રી ઇમામશાહ બાવાની ગાદીના મુજાવર લક્ષ્મણ કાકાએ જણાવ્યું કે હજારો ખોજાઓ ઇમામશાહ બાવાની દરગાહના દર્શન કરવા તથા ચોપડામાં બીસમિલ્લાહ લખાવવા પ્રથમ આવતા હતા આજે પણ બસો ઉપરાંત આવે છે અને ઇમામશાહ બાવાની દરગાહ પાસે ભેટ સોગાદ ધરે છે.

લોહાણાઓ વટલી ખોજા થયા ત્યારે તેમણે જનોઇઓ પહેરેલી હતી તે સિધ્ધ કરે છે કે ખોજાઓ મુળ ક્ષત્રીય હતા. જો તેઓ ક્ષત્રિય સિવાય હતે તો તેઓએ જનોઇઓ પહેરેલી હતે નહિ.

આજે ક્ષત્રિય હીન્દુઓની એવી પણ કેટલીક જ્ઞાતીઓ છે જે જનોઇ પહેરતી નથી. તેમ કદાચ લોહાણા જનોઇ ન પહેરતા હતે તો પણ જનોઇઓ નહિ પહેરનાર ક્ષત્રિયોની પેઠે તેમને ક્ષત્રીય ગણવામાં હરકત આવતે નહિ. પરંતુ આજે લોહાણા જનોઇ પહેરે છે પહેરતા આવ્યા છે અને હીન્દુ વટલી ખોજા થયા ત્યારે પહેરેલી હતી. માટે તેમના ક્ષત્રીય હોવામાં વાંધો લેવા કારણ નથી.

લોહાણા સાથે તદન મળતી ભાટીયા કોમ પણ યદુવંશી ક્ષત્રીય હોવાનો દાવો કરેછે. ભાટીયા કોમની ઉતપત્તીના ત્રણ ચાર પુસ્તકો મેં વાંચ્યાં છે તે દરેકમાં ભાટીઆ યદુવંશી ક્ષત્રીય છે એમ જણાવવામાં આવ્યું છે સઘળી ભાટીઆ કોમ ફરજીઆત જનોઇ પહેરે છે અને લોહાણા તથા ખોજાની જેમ ઠક્કર કહેવાય છે

લોહાણા તથા ભાટીઆ ઉપરાંત બ્રહ્મક્ષત્રિ, કાયસ્થ, ભાનુશાલી તથા પરજુ પટણી એવી પણ ક્ષત્રિય કોમો વસે છે તેઓ પણ ક્ષત્રિય હોઇ જનોઇ પહેરે છે. લોહાણા, ભાટીઆ, બ્રહ્મક્ષત્રી, ક્ષત્રીય, કાયસ્થ, ભાનુશાલી, પરજુપટણી, પરજ્યા સોની વગેરે કોમના કુળગોર એક-

લા સારસ્વત બ્રાહ્મણો છે. એ કેટલું બધું મળતાપણું છે અને તે મળતાપણું લોહાણા તથા ભાટીઆ મુળ ક્ષત્રીય હતા એમ સાબીત કરે છે.

શેઠ જાફરભાઇ રેમતુલાની એ દલીલ કે જો ખોજાઓ ક્ષત્રિય રામના વંશમાંથી હોય તો તેમની રગોમાં લડાયક લોહિ દોડતું હોવું જોઇએ ખોજાઓ લસ્કરી નોકરીમાં જોડાતા નથી. હુલ્લડ મચાવતા કે તેમાં ભાગ લેતા નથી. વિગેરેનો જવાબ મહાશય જીવરામ અજરામર ગોરના તરફથી સંતોષકારક અપાઇ ગયો છે તેમનો સવાલ ક્ષત્રિઓમાં લડાયક લોહી વ્હેતું હોવું જોઇએ વીગેરેનો છે. લોહાણા, ભાટીઆ, બ્રહ્મક્ષત્રી વીગેરે ક્ષત્રીય છે. સ્થિતિના ફેરફારથી પ્રકૃતિનો ફેરફાર થાય છે. તેમ જો ન માનવામાં આવે તો લોહાણા ભાટીઆ વીગેરે ક્ષત્રીત મનાતી કોમોને પણ ક્ષત્રીય નહિ કહી શકાય; જો કે તેમ થઇ શકશે નહિ. જ્યારે લોહાણા, ભાટીઆ, બ્રહ્મક્ષત્રીય વીગેરે ક્ષત્રીય હોવા છતાં લડાયક લોહિ દેખાડતા નથી તો પછી માત્ર ખોજા કોમ માટેજ તેમ કેમ કહી શકાય? જો ખોજાઓ માટે તેમ કહી શકાય તો લડાયક લોહિ નહિ દેખાડનારી સઘળી ક્ષત્રીય કોમોને પણ તેમજ કહેવું જોઇએ. માટે તેમની આવી દલીલ ટકી શકતીનથી.

જે સમયમાં ક્ષત્રીઓ પોતાનું લોહિ દેખાડતા હતા તે સમય આજે રહ્યો નથી આજે વિદ્યા-કલાનો સમય છે. બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શુદ્ર માટે મનુ મહારાજે મુકરર કરેલા ધંધા ધાપા ખાસ હદમાં રહ્યા નથી. ઘણા વૈશ્ય તથા શુદ્ર વર્ગના લોકોએ સારી વિદ્યા સંપાદન કરી આલા દરજાની સરકારી નોકરીઓ મેળવી છે ઘણા બ્રાહ્મણો શુદ્ર કરતાં પણ હલકી પંક્તીમાં આવી ગયા છે. આજે સર્વ વર્ણ માટે એકજ હરીફાઇનું મેદાન છે બ્રાહ્મણોને વેપાર કરતાં, લોહાણાને વિદ્યા સંપાદન કરતાં, અંત્યજ વર્ગને વેદ ભણતાં, કોઇ અટકાવી શકતું નથી જેની મરજીમાં આવે તે લાઇન અખ્તેયાર કરે છે. સઘળી લાઇનો સઘળા માટે ખુલ્લી પડી છે માટે અમુક વર્ણ પોતાનું અસલી તત્વ

દેખાડતું નથી માટે તે અસલી વર્ણમાંથી નથી એમ કહી શકાય નહિ એક બ્રહ્મક્ષત્રી ખેતીનો ધંધો કરે છે તેથી તે બ્રહ્મક્ષત્રી વર્ગથી મુક્ત થઇ શકતો નથી બીજી ઘણી કોમો એવી છે કે જે સંજોગોને લઇ બીજી લાઇનમાં ચડી ગઇ છે તેથી તેના મુળ વર્ણમાં ખલેલ નાંખી શકાય નહિ. તાત્પર્ય એકે લવના લોહાણા અને તે ક્ષત્રિય એ નિર્વિવાદ છે.

ખોજાઓ લુહાણામાંથી થયા હોતા જોઇએ. ખોજા તથા લુહાણા ઠક્કર કહેવાય છે. લોહાણાનો મોટો ભાગ માતા પંથી છે અને ખોજાઓ પણ પ્રથમ માતા પંથીજ હતા તે માટે દલીલની જરૂર નથી આજે પણ કેટલાક ખોજાઓ માતા પંથીને લગતી પાટ વીગેરેની કીયા કરે છે. ગામડામાં વસતા, ખોજા તથા લોહાણાનો પહેરવેશ તથા ધંધો એક સરખો છે. ઘણા ખોજાઓ હીંદુઓની જેમ દાઢી મુંડાવે છે વળી ખોજા કોમના ઉપદેશકોએ જે ગ્નાન બનાવેલા છે તેમાં પણ લોહાણા વટાળી ખોજા કીધા એવું જોવામાં આવે છે એમ જણાવી ખોજા વૃતાન્તના કરતા નીચેના ગ્નાનનો ભાગ આપે છે.

જિન્નતમાના પાઠ.

પીર સદરદીન પંથજ કીધા, જાહેર ખાનાં મકાન.
પેલો ખાનો આવી કર્યો, કોટડા ગામ નિધાન. ૧

પીર સદરદીન જાહેર થયા. હિન્દુ કર્યા મુસલમાન.
લોહાણા ફેરી ખોજા કર્યાં, તેને આપ્યો સાચો ઇમાન. ૨

ખોજે ગુલામશા અલીનો કહીએ. તે મુરીદ આલનો જાણુ.
ત્યાં પંથ સગારીને ખાના કર્યાં, તેને પીરે બોધ્યા પ્રમાણુ ૩

આગળ ખાનું સુરજા રાણીનું કહીએ, તેતો ગુપ્ત પિછાણુ,
સતગુર સદરદીન ગ્નાન સુણાવ્યા, તે કોટડા ગામમાં જાણુ ૪

એજી કોટડા ગામમાં કહીએ. ત્રીકમ રહે તેણે ઠામ,
તે જાહેર ફરમાન લાવીઓ, અને ખોજો ધરાવ્યો નામ. ૫
એવા દીન ચાલીયા, શ્રી ઇસલામશાહની વાર
આજ ઉચ્ચ મુલક જે કહીએ, ત્યાં અમારો ઠાર. ૬

વઢવાણ શહેરવાળા ગી૦ નારાયણજી અમરશી કે જેઓ લોહાણા કોમની ઉતપતી સબંધે અવાર નવાર લોહાણા સમાચાર પત્રમાં લખતા રહે છે તેમને કેટલોક ખુલાસો પુછતાં તેઓ નિચે મુજબ લખી જણાવે છેઃ-

"લવના લુહાણા એવી કહેવત ચાલે છે તેમજ લવના લેવા કણબી અને કુશના કડવા કણબી એમ પણ કહેવત ચાલે છે. આ કહેવતને ઇતિહાસિક રૂપ આપવા પહેલાં સબળ પુરાવા જોઇએ તે હજુ સુધી મળ્યા નથી "

" લુહાણા નામ મુલક અથવા દેશ ઉપરથી પડયું હોય એ સ્વભાવિક છે. અફગાન સરહદ ઉપર ' લુહવાર' ડીસ્ટ્રીકટ મારા સાંભળવામાં આવેલ છે. દીલ્હી પાસે 'લુહવાર'' સ્ટેટ પણ સંભળાયુ છે. અને ' લાહોરમાં , વસ વસાટ કરવાથી પણ ' લુહાણા થયા હોય, આવા અનુમાનો છે. "

" ખોજા ગ્નાતી " મારા ધારવા પ્રમાણે માત્ર એકલા 'લુહાણા' માંથી ઉતપન્ન નહીં થઇ હશે! જો કે ખોજા ગ્નાતીમાં ઘણા લુહાણા ભળ્યા હશે."

ખોજા લોહાણામાંથી વટલ્યા હતા અને લોહાણા ક્ષત્રીય હતા એમ કબુલ કરતાં પૂર્વે એક અગત્યની શંકાનું સમાધાન કરવાની જરૂર છે. મનુસ્મૃતિ મુજબ ક્ષત્રીય વર્ગથી પુનર્લગ્ન થઇ શકે નહિ પરંતુ લોહાણા તો પુનર્લગ્ન કરે છે. આવી શંકાનુ સમાધાન કાંઇ મુશકેલ નથી સ્થિતિ બદલાતાં પ્રકૃતિ બદલાય છે તેમ લોહાણા પણ કોઇ એવી સ્થિતિમાં આવી પડ્યા હશે કે જેથી તેમને પુનર્લગ્ન કરવાની જરૂર પડી હશે. અને થયું પણ તેમજ છે.

"શ્રી રઘુવંશી લવાણા જ્ઞાતી વિવાહ દર્પણ" ના કર્તા તે માટે નીચેનો ખુલાસો પોતાના પુસ્તકમાં આપે છે

"આ બધી અયોગ્ય રૂઢીઓ કઇ સાલમાં અને શા કારણથી આપણામાં દાખલ થઇ છે, તેની સંક્ષેપ હકીકત નીચે લખ્યા પ્રમાણે છેઃ—

"દશમાં સૈકામાં કાશી ઉપર કાબુલ કે ઇરાન તરફથી કોઇ મુસલમાન બાદશાહ હિંદુસ્તાન ઉપર ચડી આવવાનો હતો, તેણે કાશી રાજાને આગળથી તાબે થવા કેહેણ મુકેલ, જે ઉપરથી કાશીવાળા મહારાજાએ તાબે થવા ના પાડતાં તેની આવવાની સરહદ ઉપર કયાંક સામે લશ્કરથી ચડી જઇ, એ મુસલમાન બાદશાહ સાથે અધવચ્ચેજ લડાઇ થઇ; જેમાં એ બાદશાહ માર્યો ગએલ; અને તેની હુરમો જે તેની સાથે આવેલી હતી, તેમાંની મુખ્ય હુરમ બહુજ ખુબસુરત હતી. (જેનું વર્ણન તે વખતની કવિતામાં વિસ્તાર પૂર્વક છે.) તેના ઉપર મોહિત થઇ આપણા કાશીનાથે તેને પોતાની રાણી કરી કાશી સાથે લાવેલ, અને એકાદ વર્ષ ઘરવાસ તેની સાથે રાખેલ, ત્યાં એ મુસલમાન બાદશાહના વારસો રૂમસુમ કે બીજી કોઇ મ્હોટી મુસલમાની સલતનત પાસેથી એક લાખનું મ્હોટું લશ્કર મેળવી ફરી ઓચિંતી બીજીવાર કાશી ઉપર ચડાઇ કરેલ, જેના પરિણામમાં તે તેમની હુરમ પાછી લઇ ગયા, પણ તે વખતે આપણું રાજ્ય આપણા હાથમાંથી ગએલ નહીં."

"જે વખતે કાશી રાજાએ મુસલમાન હુરમને અમુક મુદત સુધી ઘરમાં રાખેલ, જેના માટે જ્ઞાતિ બહાર થએલ હશે, તે ફરી જ્ઞાતિમાં આવવા માટે દેહ શુદ્ધિ કરવા અથવા સંવત ૧૦૦૦ ના અરસામાં કાશીના રાજા રણસિંહનું મૃત્યુ થવા પછી તેના પુત્ર ગુણસિંહ રહોડને પોતાના પિતાનું યુદ્ધમાં થએલા મૃત્યુને લીધે તેની સદ્‌ગતી બાબત મ્હોટા પંડિતોની સલાહ લેતાં તેમણે અશ્વમેધ યજ્ઞ કરવો અથવા તે ન બની શકે તો તેને બદલે એક લાખ બ્રાહ્મણ જમાડવાની

રાજાને સલાહ આપી અને તેમને શ્રદ્ધા પૂર્વક જમાડીને દક્ષિણા આપવાથી પણ એ યજ્ઞનું ફળ પ્રાપ્ત થશે. આ સલાહથી રાજાએ બ્રાહ્મણો એકઠા કરવા માંડયા, તો બહુજ શ્રમથી ૮૫૦૦૦ હજાર એકઠા થયા."

"ત્યારે ફરીથી ઋષિયોની સલાહ લીધી તો તેમણે ફરમાવ્યું કે આ ક્ષત્રિઓ (લવાણા) બધુ કર્મ બ્રાહ્મણનુંજ કરે છે. કેમકે તેમના પૂર્વજોને વાલમિક ઋષિના આશ્રમમાં માતુશ્રીજી સીતાજીના પુત્રોને બ્રાહ્મણનો અધિકાર અપાએલ છે, તેથી તે વખતથી તેઓ તે પ્રમાણેજ કરે છે. ફક્ત ઋષીની આજ્ઞા પ્રમાણે તેઓ દાન કરે છે અને પારકું તેમજ દશા બરમું કે શ્રદ્ધાદિકનું અન્ન કદી પણ અદ્યાપી સુધી ખાતા નથી. એટલો બ્રાહ્મણોમાં અને તેઓમાં ફેર છે, પણ જો આપના આગ્રહથી જો દગાઇને તેઓ જમે તો એમને જમાડવામાં ઉલટું એકને જમાડતાં દસ બ્રાહ્મણોને જમાડવા જેટલું ફળ ગણાશે. તે ઉપરથી ખુટતા બ્રાહ્મણોને બદલે આપણને, બ્રહ્મક્ષત્રિયોને બ્રાહ્મણો સાથે જમવા આગ્રહ થતાં આપણામાંથી બધાઓએ ધર્મ તરીકે પોતાની ફરજ સમજીને ચોખ્ખી ના પાડેલ, અને છેવટે એ તકરાર વધતાં આપણા લોકોએ કહ્યું કે પ્રેતભોજન જેવું મ્હોટું પાપ છે, તેની માગણીના આગ્રહને અમે કદી સ્વીકારીશું નહીંજ. પણ રાઠોડ રાજા માટે વફાદાર રહીને અમો પ્રાણ આપી દેવા તૈયાર છીએ. આવા ધર્મયુક્ત જવાબથી રાજાનું મન માન્યું નહિ, પણ રાજાએ પોતાનો સંકલ્પ પૂરો કરવા હઠ પકડીને તેઓને કહ્યું કે, કાં તો જમો; અને કાં તો લડાઇ કરો, રાજાની આવી ધર્મ વિરૂદ્ધ હઠ જોઇને સૌએ એક મત થઇને નિશ્ચય કર્યો કે,—આવા નજીવા કારણસર યુદ્ધ કરવાથી મ્હોટી હાની થાય. એમ વિચારીને સંવત ૧૦૦૧ ના આસો વદિ ૧ ને દિવસે એક લાખ અને નવ બ્રહ્મક્ષત્રિયો અને બીજા સંખ્યા બંધ પંડીતો અને ભાટોએ આપણો પૂર્વ વખતનો પ્રાંત છોડી, લાહોર તરફ બધા સંપ કરીને ચાલ્યા ગયા, આથી કાશીરાજાને બહુજ ગુસ્સો

થયો, કેમકે તેણે તે વખતે ઠરેલ સંકલ્પ પ્રમાણે બ્રાહ્મણો પૂરા થએલ નહીં, અને યજ્ઞનું ફળ અધુરૂં રેહેવાના કારણથી કાશીરાજાએ પુંઠે મ્હોટી ફોજ પાછળ લડવા મોકલી; લસ્કરનો મેળાપ થતાં મ્હોટી લડાઇ થઇ, જેમાં કાશીરાજાનાં એક લાખ ત્રેસઠહજાર માણસો તથા આજુબાજુનાં મળીને ૮૨૯૬૦ બ્રહ્મક્ષત્રિયો માર્યા ગયા વળી તેઓએ વિચાર્યું કે, આપણા ઇષ્ટ દેવ શ્રી રામચંદ્રજીએ પણ જ્યારે લંકા કિનારે બેશીને વરૂણદેવ (દરિયાલાલ) ની સ્તુતિ કરી હતી અને એ ઇતિહાસ રામાયણમાં પ્રસિદ્ધ છે, એ વાત યાદ આવતાં દરિયા-કિનારે આવી સૌએ બે હાથ જોડી શ્રદ્ધાપૂર્વક નમસ્કાર કરીને ત્રણ દિવસ સુધી બહુ બહુ પ્રાર્થના કરી, ત્યારે આપણામાંથી એકને દરિયાલાલનો વાસો આવેલ, તેને આપણામાંથી એકજણ પૂછવા લાગ્યો કે, તમો કયા દેવ છો? તે કૃપા કરી ફરમાવો ત્યારે વાસાવાળાએ જવાબ આપ્યો કે–" હું દરિયાલાલ છું, કે જેની તમો લોકો ત્રણ દિવસ સુધી સ્તુતિ કરો છો માટે તમારે કંઇપણ ચિંતા ન કરતાં તમો નિશ્ચિત રહો, અને આ તમારે સામે લોઢાનો ગઢ દેખાય છે (એમ આં-ગળીના ઇસારાથી બતાવીને કહ્યું) તેમાં તમે પ્રવેશ કરો, અને ત્યાં તમારૂં રક્ષણ હું પોતે કરીશ. પણ તમો સૌએ એક સંપ કરીને ર-હેજો." એ ઉપરથી લોઢાનો ગઢ કે જેમાં દારૂગોળી કાંઇપણ અસર કરી શકે તેમ નહોતાં તેમ ઇષ્ટદેવની કૃપાથી ત્યાં બધી જોગવાઇ થઇ પણ માત્ર કુળદેવના પંચાક્ષરનું મંત્રરૂપી " સંપ રાખજો " આ વચ-નનો ત્રણ દિવસ સુધી અમલ બરાબર થયો; એટલામાં કાશી રાજાએ ત્રીજે દિવસે સલાહ માટે કહેણ મોકલેલ, જે ઉપરથી બધા ભેળા થ-એલ, પણ આ વખતે એક બીજાનો ઘણોજ મતભેદ પડયો. અને તે એટલે સુધી કે, માંહોમાંહે તકરાર થતાં પોતપોતામાંજ વઢી પડેલ, અને કોટથી બહાર આવી ગયા. આ બધો તાલ જોઇને કાશી રાજાએ જાણી લીધું કે એઓમાં મુખી કોઇ નથી. અને વળી દરેક પોતાને મુખી કહેવડાવા માગે છે, તો એવા મુખી વગરનાને તોડવા એતો બહુજ ઠીક પડશે. એમ ધારી સલાહ ન કરતાં

લશ્કરથી તુટી પડેલ, તેમાં આપણામાંથી હજારો મ્હોટા મ્હોટા મુખી કામ આવી ગએલ, પછી કેટલાકના મનમાં પડેલાં કુળદેવે ફરમાવેલ "સંપ રાખજો" વિગેરે વચનોનો ખરી રીતે અમલ કરવાથી જય થશેજ એમ વિચારી એકદમ સો સંપીને તેમના લશ્કરમાં તુટી પડયા. જેથી અંતે કાશીવાળાની હાર થએલ, અને આપણી જીત થઇ. પછી તેઓએ ૧૦૮ નુખો બાંધી અને એક પોતાની નુખ છોડીને કન્યા વ્યવહાર કરવા લાગ્યા. તે વખતે તેઓ બ્રહ્મક્ષત્રિય કહેવાતા."

"વળી, આપણી મૂળ ઉત્પતિ લવથી જેથી લવાણા અને કેટલાક લોહાણા-લુહાણા શબ્દ બોલવાનો ઉપયોગ કરેછે. તેમાં પણ લોહાણા એટલે લોહગઢમાં વસ્યા પછી એ શબ્દ ચાલુ થયો હશે પણ "લુહાણા" શબ્દ બોલવામાં શામાટે આવતો હશે? તેનું કરણ કાંઇ પણ મળી આવતું નથી, માટે મુખ્ય શબ્દ લવાણા યાને લોહાણા એજ વાપરવો એ સજ્જનોને યોગ્ય જણાશે."

"વળી, આપણામાં તે વખત સુધી પુનર્લગ્નનો ચાલ નહોતો, તેથી તે વખતે બધા ભેગા થઇને વિચારીને જોયું તો હજારો નવીપરણેલી વિધવા થએલ, તથા માણસો પણ ઘણુંખરાં લડાઇમાં કામ આવી ગયેલ, તેથી તે વખતે એકસો આઠ નુખ વાળાઓએ એકમત કરીને (વંશ કાયમ રાખવા) ઘરઘેણા- પુનર્લગ્નની છુટ આપી અને ત્યાર પછી દશા, બારમું પણ ખાવા લાગ્યા. તે વખતની સાલ વિગેરે બધું સવિસ્તર વર્ણન ફતેગઢ નિવાશી કનોજીયા ભાટ ગંગજી પાસેના ચોપડાઓમાં છે. એમ મારા ભાઇ રા. ભવાનજી કરમસિહ જોબનપોત્રા શ્રી રાપર હૉસ્પીટલના ડોકટર સાહેબે સં. ૧૯૬૩ ના લોહાણા મિત્રના અંક ૧૧- ૧૨ માં સ્પષ્ટ લખેલ છે. એટલે આશરે દસમાં સૈકાથીજ આપણે મુખ્યત્વે વેપારીનો ધંધો કરવા લાગ્યા, અને કેટલાક લોકો નોકરીમાં પણ રહ્યા કારણ કે, જમીનતો કાશી તરફ મુકી આવેલ; તેથી એ સૈકાથીજ લોહાણા કહેવાયા."

"ત્યાર પછી તરત સિંધમાં આપણા ઉપર મુસલમાન મીર લોકો એ પણ જુલમ કરવા માંડેલ; અને નવા નવા કર હિંદુઓ ઉપર બંધાયાં, ને જે જજીયા વેરો ન આપે તેમને સંવત ૧૦૦૩ માં જબરીથી વટલાવવા માંડયા તે વખતે પણ તેઓ દરિયાલાલને યાદ કરતા. ત્યારે તેઓ કહેતા કે– "તમારો દરિયાલાલ ખરો હોયતો તેનો અમને પરચો બતાવો, નહિંતો મુસલમાન થાઓ એવી એવી ગુંચવણ બહુ થએલ. ત્યારે ફરી દરિયાલાલે પરચો બતાવવા વિગેરે કારણો સર સંવત ૧૦૦૭ માં નશરતપુર નામે ગામમાં રતનરાય નામે લોહાણાને ઘેર તેની સ્ત્રી દેવકીને પેટે "ઉદેરા" (દરિઆલાલ) નામે મહા પ્રતાપી પુત્ર થઇ અવતાર લીધો. જેના વંશજો હાલપણ પુજારા કહેવાય છે."

"ઉદેરાએ જન્મતાંજ બાદશાહને કહી મુકેલ કે. તમારે પરચો જોવો હોયતો આવો જે ઉપરથી એ મુસલમાન બાદશાહ (મીર) ઉદેરાને ઘેર આવેલ. જેને ડેલીમાં પેસતાં બુઢા તરીકે, ઘરમા પેસતાં ભર જુવાનીમાં અને નજીક આવતાં એક દીવસના બાળક તરીકે, એ પ્રમાણે જરા વારમા ત્રણ રીતે દેખાવ દીધો. એથી બાદશાહ અજાયબ થઇને તેમને પગે લાગી, માફી માગી ચાલ્યો ગએલ, અને જજીઆ વેરો વિગેરે હીન્દુઓપર થતો જુલમ બંધ કરેલ."

"વળી દરીયાલાલે આગળ જતાં લોહાણા ક્ષત્રિઓને ઉપરોકત અન્યાયોથી મુકત કરી, એકજ પરમાત્મા જ્યોતિઃ સ્વરૂપને માનવા ઉદ્દેશ્યા. કે જે જ્યોતિની પુજા હજી સુધી લોહાણાની વસ્તીવાળા ગામોમાં ચાલુ છે. અને દરીયાનુ નામ અને સ્તુતિ કરવા માટે તે દરેક સ્થાનોને "દરીયા સ્થાન" ના નામથી ઓળખાતું પ્રત્યક્ષ છે અને જેથી આજ દીવસ સુધી આપણા લોકો સમુદ્ર કે તે સ્થળે જઇને પોતાના ઇષ્ટદેવ "દરીયાલાલ" ની પુજા કરે છે અને તેમનો જન્મ ચૈત્ર શુદ ૨ ને રોજ થએલ તેથી તે દિવસે એ સ્થળોએ મ્હોટો મેળો ભરવામાં આવે છે"

"ત્યાર પછી આપણે ધીમે ધીમે કચ્છ, કાઠીઆવાડ, હાલાર, ઘોઘાબંદર વિગેરે ઠેકાણે વેપાર અર્થે પસર્યા તે વખતથી કચ્છમાં વસ્યા તે કચ્છી, હાલારમાં વસ્યા એ હાલાઈ, ઘોઘામાં વસ્યા એ ઘોઘારી, દેપાડમાં વસ્યા એ દેપાળા અને સિંધમાં છે તે સિંધી લોહાણા કહેવાય છે પણ આપણા બધાના ઈષ્ટદેવ શ્રી રામચંદજી તથા ગૌત્ર સુર્ય, રાણુલ (રાંદલ દેવી) સુર્ય ગાયત્રી તથા કુળદેવ દરીયાલાલ અને ગોર સારસ્વત બ્રાહ્મણો છે. એ રૂઢી હજુ સુધી ચાલી આવે છે."

"ઉપરની હકીકતથી તથા બીજા કેટલાક ધર્મશાસ્ત્રને આધારે એ વાતતો નિઃસંશય છે—કે આપણે સુર્યવંશી મહારાજા શ્રી ભગવાન રામચંદ્રજીના સુપુત્ર—લવથી આપણી ઉત્પતિ સિદ્ધજ થએલી છે."

ઉપરનો ઉતારો લુહાણા ક્ષત્રીયોમાં પુનર્લગ્ન કેવીરીતે દાખલ થયાં તે સ્પષ્ટરીતે જણાવે છે. ઉપરાંત તેમને હથીયારો કેવા સંજોગો વચ્ચે છોડી આપવાં પડયાં તે પણ પુરવાર કહે છે. શ્રી હીંગુલા પુરાણ નામે લોહાણા, ભાટીયા તથા બ્રહ્મક્ષત્રીઓમાં એક માનીતો ગ્રંથ છે. તેમાં પણ તે જ્ઞાતીઓને કેવીરીતે હથીયારો તજી દઈ વેપાર રોજગાર તરફ વળવું પડયું હતું તે માટે સારૂં અજવાળું પાડવામાં આવ્યું છે. માટે તેનો ઉતારો પણ નીચે આપું છું.

"રામ (પરશુરામ) નામના મહા પ્રતાપી અને સર્વ વિદ્યામાં કુશળ એવા રાજાએ પૃથ્વીને ન ક્ષત્રિય કીધી. તેમની ધારતીથી સુર્ય વંશ વિશે ઉતપન્ન થયેલો રત્નસેન નામનો રાજા રામના ભયથી ગુપ્તવેશ ધારણ કરી નગરમાંથી બહાર પોતાની પાંચ સ્ત્રીઓ સહિત નાશી ગયો. તેની પાંચે સ્ત્રીઓ ગર્ભવાળીઓ હતી. રામના બાણથી આપણો બચાવ કેવી રીતે થાય તે માટેની સલાહ પોતાની સ્ત્રીઓને પુછી. સ્ત્રીઓએ રૂષીના આશ્રમમાં જઈ રહેવા સલાહ આપી આ ઉપરથી રત્નસેન પોતાની સ્ત્રીઓ સહિત રૂષીના આશ્રમમાં આવી રહ્યો. રાજા રૂષી આગળ આવી પોતાની સઘળી હકીકત જણાવી રડી પડયો અને

પોતાના રક્ષણ વિશે માગણી કીધી આ ઉપરથી રૂષીએ તેને પોતાના આશ્રમથી બહાર નહિ જવા જણાવ્યું. રાજાને અહિં પાંચ પુત્રો થયા. એક દહાડે રત્નસેન આશ્રમ બહાર મૃગીયા રમવાને ગયો આ લાગ જોઇ રામે તેને બાણથી માર્યો. રાણીઓ તથા પુત્રોને જ્યારે આ બાબતના સમાચાર મળ્યા ત્યારે તે બહુજ દુખી થયા."

"રત્નસેનના પાંચે પુત્રને રૂષીએ બ્રાહ્મણ ધર્મ તથા તેની ક્રીયા શીખવાડી હતી રામ જ્યારે પૃથ્વીને નક્ષત્રિય કરવાથી પરવાર્યા ત્યારે રત્નસેનનો પુત્ર જયસેન તેમની પાસે વિદ્યા સંપાદન કરવા ગયો. જયસેન પોતાને બ્રાહ્મણ જણાવતો તેથી રામે પાત્ર જોઇ તેને ધનુર્વિદ્યા શીખવાડી. પાછળથી જ્યારે તેના જાણવામાં આવ્યું કે તે ક્ષત્રિય હતો ત્યારે તેણે તેને શાપ આપતાં કહ્યું મૃત્યુનો ભય રાખી તું ક્ષત્રિયનો બ્રાહ્મણ થયો. અને તું મારો સેવક થયો છે માટે તને મારાથી મરાય નહિ પણ હું તને શ્રાપ આપું છું કે, મારાથી મેળવાએલી તારી સર્વ વિદ્યાઓ નિષ્ફળ થાઓ. તું બ્રહ્મક્ષત્રિય એ નામથી સુખે પૃથ્વી પર રહે."

"જયસેન રાજાના વંશમાંથી ઉતરી આવેલા વિદુરથ તેમજ શ્રુતસેન નામે રાજાઓ નગર સ્થાનકનું રાજ્ય કરતા હતા. તેમના પર બર્બર દેશનો મ્લેચ્છ રાજા ત્રણ કરોડ મ્લેચ્છોના લશકર સહિત ચડી આવ્યો. બંન્નેભાઇઓ પુર્ણ હિમ્મતથી તેમની સામે લડ્યા પરંતુ દેવીના શ્રાપથી તેઓ ફાવી નહિ શકતાં છેવટે પોતે તથા પોતાના બાળબચ્ચાંના રક્ષણ અર્થે અર્ધ રાત્રીએ છુપાઇને જંગલમાં જતા રહ્યા" ત્યાર પછીની હકીકત અધ્યાય ૮૬ માં બ્રહ્મક્ષત્રી, પુષ્કરણા, કાપરથક્ષત્રી, ભાટિઆ તથા લોહાણાની ઉપત્તી એવા મથાળા નીચે એમ જણાવવામાં આવી છે કે "તે રાજાના પુત્ર પૌત્રાદિકો આશાવર્ણામાં આવીને રહેલા હતા તેઓએ શાહિંગુલા દેવીનું બાર વર્ષ પર્યંત પુજન તથા તપ કીધું આથી દેવી તેમના પર પ્રસન્ન થઇ બોલ્યાં કે હે ક્ષત્રીયના વંશમાં

ઉતપન્ન થયેલા રાજપુત્રો! જેમ તમારા પુર્વજ જયસેનને જે નિયમ પાળવા મેં કહ્યા હતા. તેજ નિયમ તમે પાળો. તમો પણ મારી આજ્ઞાથી બ્રહ્મક્ષત્રીઓ થયા છો. શસ્ત્રો તથા અસ્ત્રો રામના આપથી તમારા હાથો પકડી શકશે નહિ. આ રીતનું દેવી વચન સાંભળી તેઓનું મન ઘણુંજ ખિન્ન થયું. તથા તેઓ દેવીને ફરીને કહેવા લાગ્યા કે જો એમ છે તો અમે અમારી વૃતિ કેવી રીતે નીભાવીએ! અમારા પ્રાણો જોખમમાં આવી પડશે. છતાં અમે અમારો ક્ષાત્ર ધર્મ છોડીશું નહિં, વળી બ્રહ્મધર્મ જે યજન અને અધ્યાપનાદિક કરાવવું, તે ધર્મ પણ અમારાથી ધારણ કરી શકાશે નહિ માટે બ્રહ્મ ધર્મ તથા ક્ષત્રિય ધર્મ એ બેમાંથી વચલો ધર્મ અમારે વાસ્તે આપ કાઢી આપો. તો સારૂં કે જેથી અમે અમારૂં ગુજરાન ચલાવીએ. તે ક્ષત્રિય પુત્રોનું આ રીતનું વચન સાંભળી દેવી વિશ્વકર્માને કહેવા લાગ્યાં. દેવી બોલ્યાં:—આ બે ક્ષત્રિય કુળમાં ઉતપન્ન થયેલા રાજ પુત્રો અગર જો તેઓ શસ્ત્રથી મુકત છે છતાં તેઓથી તે શસ્ત્રો વાપરી શકાય તેમ નથી. માટે એ લોકોને વાસ્તે કોઈપણ રીતની ઉપજીવિકા કરી આપવી જોઇએ. આ રીતનુ દેવીનું કહેવું સાંભળી વિશ્વકર્માએ તે રાજાઓને કહ્યું કે તમારા ધનુષ્ય બાણુ આદિ શસ્ત્રો અહીં લાવો. વિશ્વકર્માનું આ રીતનું વચન સાંભળી તેઓએ પ્રજાપતિ એવા વિશ્વકર્માનું પુજન કરી તેમના આગળ ધનુષ્ય, બાણુ. ખડંગ, પરશુ, શકિત, મુશળ, કુંતલ તથા લાંગલ વિગેરે સર્વ શસ્ત્રોની વિશ્વકર્માની સનમુખ મંત્ર સહિત સ્થાપના કીધી. શસ્ત્રો વિગેરેનું પુજન કીધા પછી વિશ્વકર્માએ દેવીના કહેવાથી આઠ પ્રકારના શસ્ત્રોથી તેઓની આજીવિકા નિર્માણ કરી આપી તથા ધનુષ્ય બનાવવાં, બાંણો તૈયાર કરવાં, ખડંગ તથા પરશુ બનાવવી, લાંગલ. મુશલ, શકિત તથા કુંતલ બનાવવાની વિદ્યા તેઓને શીખવી. આ શસ્ત્રો તિક્ષણુ કરવાના કામમાં તેઓને એક જાતનો પાષાણુ આપ્યો આ રીતે સર્વ આયુધો આપી રૂષી તથા દેવી સમક્ષ વિશ્વકર્મા તે રાજપુત્રોને કહેવા લાગ્યા. આ ક્ષત્રિઓ રૂષીઓના સંસર્ગથી ઘણાજ શ્રેષ્ટ કહેવાશે તથા તેઓ બ્રહ્મક્ષત્રને નામે ઓળખાશે. નિત્ય

અને નૈમિત્તિકાદિ સર્વ કાર્ય તેઓ અથર્વણ શાસ્ત્રને આધારે કરશે આ બ્રહ્મક્ષત્રીઓના અશ્વ, રથ તથા ગજાદિ વિગેરે વાહનો થશે. તથા આ શસ્ત્રોવડે લાકડા વિગેરેનું શિલ્પીકામ તેઓ કરશે. એમણે જીવિકા અર્થે હમેશ ધાન્ય સંગ્રહ કરવો. અશ્વ, રથ, ગજ, ધેનુ વિગેરેથી પોતાની ઉપજીવિકા ચલાવવી. તેલ રહિત બીજા સર્વે રસો તે વેચશે. નવા નવા પ્રકારના ધનુષ્યો તથા બાણો બનાવશે. અથવા ધાતુની નવા નવા પ્રકારની વસ્તુઓ બનાવી તેઓ પોતાની આજીવિકા ચલાવશે આ બ્રહ્મક્ષત્રિઓએ કદી બ્રાહ્મણનું અપમાન કરવું નહિં. ... ... દેવી અંતર્ધ્યાન થયા બાદ રૂષીઓ સહિત તે શ્રુતસેન તથા વિદુરથ પોતાના નગર તરફ ગયા. દેવીના પ્રસાદથી તેઓના સર્વ શત્રુઓ નાશ થયા અને તેઓ નિષ્કંટક રીતે ત્યાં રાજ્ય કરવા લાગ્યા. આ સમયને વિશે ચંદ્ર સ્વાદી રાજપત્નિ વિશે શ્રુતસેનને એક પુત્ર થયો જેનું નામ ચારૂ લોચન પાડયું તેમજ શ્રુતસેનની બીજી અઠ્ઠાવીશ સ્ત્રીઓને પણ પુત્રો તથા પુત્રીઓને જન્મ આપ્યો આ રીતે વૃદ્ધાવસ્થામાં પુત્રોની ઉતપતી થવાથી તેઓ ઘણાજ હર્ષને પામ્યા. તથા બ્રાહ્મણોને નાના પ્રકારના દાનો આપવા લાગ્યા. સમસ્ત પ્રજા પણ રાજાને ઘેર પુત્રોનાં દર્શન થવાથી ઘણા હર્ષને પામી. શત્રુબળનો નાશ થવાથી પુત્રો સાહિત તેઓ સુખચેનથી રાજ્ય કરવા લાગ્યા. તથા જ્યારે પુત્રો મોટા થયા ત્યારે તેઓને રાજ્યગાદી પર બેસાડી, તે બેઉ રાજપુત્રો નગરમાંથી બહાર નિકળ્યા. તેઓએ હિંગુલા જઇ ત્યાં નિષ્કાપટય વ્રત ધારણ કીધું તથા આત્માની સિદ્ધિ અર્થે હમેશ દેવીની સ્તુતિ કરવા લાગ્યા અને અંતે દુર્લભ એવા મોક્ષપદને પામ્યા તે કુમારોએ પોતાના પિતા વનમાં ગયા કેડે થોડા વખત સુધી તે નગર વિશે સ્થિતિ કીધી. સર્વ પુત્રો પછી જુદા જુદા પ્રદેશોને વિશે રાજ્યો કરવા લાગ્યા. તથા રાજપત્નિઓ સુખથી રહેવા લાગી આ વખતમાં બર્બર લોકોનું જોર ઘણું વધી જવાથી તેઓ નગરને ઘેરો ઘાલવા આવે છે એવું જાણી સર્વે નગરમાંથી બહાર નીકળી ગયા. તથા જ્યાં પોતાના પીતા ગયા હતા ત્યાં તેઓ સર્વ ગયા.

ત્યાં રાજમાતાઓ પોતાના પુત્રોને વિશ્વકર્માએ જે કળા વીગેરે બતાવી હતી તે શીખવવા લાગી. પછી તે સર્વ રાજપુત્રો જ્યાં ઠીક લાગ્યું તે તે દેશો વિશે પોતાના હુનરાદિ કાર્યો વડે કામ નિર્ગમન કરવા લાગ્યા. કેટલાક શસ્ત્ર બનાવવામાં કુશળ થયા. તથા કેટલાક શિલ્પશાસ્ત્ર વિશે પ્રવિણ થયા, કેટલાક ધાન્યાદિ વેચનારા થયા તથા કેટલાક તેલ સિવાય અન્ય રસોના વેચનારા બન્યા. ત્યાં રહી તેઓના પુત્રપૌત્રાદિકો સુખી થયા. આ રીતે મેં તમને બ્રહ્મક્ષત્રિયનો ઇતિહાસ કહ્યો."

ભાટીયાઓ પણ યદુવંશી ક્ષત્રિય હોવાનો દાવો કરે છે. અને તે દાવો માતબર તવારીખોને આધારે સિદ્ધ થઇ ચુકયો છે. તેઓક્ષત્રિય તેથી મનુસ્મૃતિના ધારા મુજબ તેમનાથી પણ પુનર્લગ્ન થઇ શકે નહિ પરંતુ તેઓ પુનર્લગ્ન કરતા જણાય છે, તેમનામાં પુનર્લગ્નનો ધારો કેવા સંજોગો વચ્ચે દખલ થયો તે જાણવામાં આવતાં ક્ષત્રિયોમાં પુનર્લગ્નનો રીવાજ છે તેવી માન્યતા મજબુત થશે અને પુનર્લગ્ન થાય છે માટે ક્ષત્રિય નથી એવી દલીલ તુટી પડશે. માટે ભાટીયાઓની ટુંક તવારીખ સાથે તેમને પુનર્લગ્ન કરવા તરફ કેવા સંજોગો વચ્ચે વળવું પડયું હતું તે માટેનું સંક્ષિપ્ત લખાણ એક ભાટીયા તવારીખમાંથી નીચે ઉતારી લઉં છું.

"મરૂભૂમિમાં વસતી મુળ ભાટીઓમાંથી નીકળેલ જાતોનું વર્ણન કરતાં કરનલ જેમ્સ ટોડ લખે છે કેઃ—

"ભાટીઆઓ પણ આ લડાયક વર્ગનાજ છે. જેઓ વેપારી વર્ગમાં બદલાઇ ગયા છે અને આ પરિવર્તન તેમના લાભનોજ થયો છે."

જેસલમેરના માજી દીવાન નથમલે જેસલમેરની જે તવારીખ લખી છે તેમાં લખ્યું છે કેઃ—

"૧૦૮ મો રાવ તણુજી તનવટમાં ગાદીએ બેઠો સંવત ૮૬૨.

એના (તણુંજી) છઠ્ઠા કુંવર જામના વંશમાંથી ભાટીયા થયા; જેઓ વેપારી તરીકે મશહુર છે."

"ભાટી રાવશ્રી તણુજીના છઠ્ઠા કુંવર જામના વંશના ભાટીયા વેપારીઓના અગાઉ અહીં ૨૭૦૦ ઘર હતા. હમણાં ૧૨૫ છે. પણ સીંધ કચ્છ અને મુંબઇમાં હજારો ઘર બહુ દ્રવ્યપાત્ર અને વ્યાપારી વર્ગોમાં બહુ નામધારી શહેરીઓ છે × × × × એટલે કે ભાટી વંશ માંથી આ જાત પેદા થઇ છે તણુવટા નામે શહેર ભાટીઓની રાજધાની હતી."

ફરીશ્તાને આધારે મોંટ સ્ટુઅર્ટ એલ્ફીનસ્ટન લખે છે કેઃ—

"અનંગપાલ પોતાના પિતાના કરાર પ્રમાણે કબુલ રહ્યો પણ મુલતાનની દક્ષિણ પ્રદેશના લાહોરના તાબાના યદુ ભાટી રાજાએ પોતાના ભાગની ખંડણી આપવા ના કહી દ્રઢ સંકલ્પથી સુલતાનની સામે થયો."

ટોડ લખે છે કેઃ—

"ભાટીઓએ અનુક્રમે તનોટ (તનવટ) દેરાવલ અને સંવત ૧૨૧૨ માં જેસલમેર વસાવ્યું, જે હાલ ભાટીઓની શ્રીકૃષ્ણના વંશજોની રાજધાની છે"

ડીગાઇસ લખે છે કેઃ—

"જટ એક મુસલમાન કોમ મુળ ભાટીજ છે તેમાં યદુ-ભાટી એમ સાફ લખ્યું છે"

પૃથુરાજ રાસામાં પણ ભાટી સામંતોને ક્ષત્રીજ ગણ્યા છે

ભાટી કુટુમ્બમાં ઉદેપુર જેવાના ટેકી ક્ષત્રીઓ કન્યા આપે છે.

"ભાટીયાઓનું યાદવપણું તો જેસલમેરમાં રાજ્યકર્તા ભાટીવર્ગ યાદવ છે એમ સિદ્ધ થવાની સાથે સ્વતઃ સિધ્ધજ છે પ્રતિપક્ષીઓ પણ એટલું તો જાણે છે કે ભાટીમાંથી ભાટીયા છે જસાએ ઠેઠ સં. ૧૪૪૫ માં લખેલ લેખમાં આ વાત સિધ્ધ કરી છે."

શ્રી નારાયણની નાભી કમળથી બ્રહ્મા થયા, બ્રહ્માના–

૩ અત્રી

૪ ચદ્રમા

૫ બુધ

૬ પુરૂરવા

૭ આયુ

૮ નહુષ

૯ યયાતિ

૧૦ યદુ–(૧૧ થી ૫૨ સુધીના નામો લંબાણુ થઇ જવાના કારણે લખતો નથી)

૫૩ સુરસેન

૫૪ વાસુદેવ

૫૫ શ્રી કૃષ્ણ પરમાત્મા

" સ્વધામમાં જવા પહેલાં શ્રીકૃષ્ણે હજુ કાંઇ બાકી રહી જાય છે યા નહિ તેનો વિચાર કરતાં જોયું કે મારા પોતાનાજ વંશના ઘણા યુવાન ઉચ્છૃંખલ થઇ સ્વેચ્છાચારી થવા લાગ્યા છે. એમને પરાસ્ત કરવા ભુમંડળમાં કોઇ વિદ્યમાન ન રહેવાથી સમય જતાં એઓ મહા અનર્થ કરવા માંડશે આવા ઉદેશથી શ્રીકૃષ્ણે યાદવાસ્થળી થવા દીધી. "

"જરા નામે શીકારીના બાણથી તેમનો પ્રાણ નીકળી ગયો. શીકારીએ શીકાર જાણી દુરથી બાણ ફેંક્યુ હતું "

" આ બીનાથી પાંડવો દીલગીર થયા. અર્જુન દ્વારીકા આવ્યો દ્વારીકામાં જઇને જોયું તો દ્વારીકા નગરીની શોભા નષ્ટ થઇ ગઇ હતી યાદવોની નાથ રહિત અનાથ સ્ત્રીઓ માધવના સખા અર્જુનને આવેલા જોઇ અત્યંત કરૂણ સ્વરથી રોદન કરવા લાગી. જે વીર ભારતના યુધ્ધમાં ઇષ્ટ બંધુ બાંધવો અને પુત્રોના પોતાની સનમુખ હણાયાથી પણ લેશ માત્ર પણ વિચલિત નહોતો થયો તે વીર બિભત્સુ આ વે-

ળાએ હા પતિ હા પુત્ર ઇત્યાદિ ઇષ્ટ સબંધીઓના નામોચ્ચાર કરી કરી વિલપતિ યાદવ સ્ત્રીઓના નયનાશ્રુ જોઇ અશ્રુ ખાળી શકયો નહિ. ”

“ અર્જુન, યાદવ રાંડો અને બાળકોને લઇ દ્વારીકા તજી ચાલ્યો. આગળ ચાલતાં જ્યાં ત્યાં યાદવ વંશના બાળકોને નાના પ્રકારનાં રાજ્યો આપતો ગયો. ”

“ વજ્રનાથને ઇંદ્રપ્રસ્થની ગાદી અપાઇ. વિક્રમ સંવત પહેલાં ૩૦૦ વર્ષપર વજ્રનાથથી ૮૨ મા રાજા જયસિંહની બિયાની નામે શહેર જે હાલ ભરતપુર રાજ્યના તાબામાં છે તે રાજધાની હતી જયસિંહ ના બીજા પુત્ર વિજયપાળે બિયાની છુટી ગયા પછી કરેલીમાં રાજ્ય કરવા માંડયું. યાદવ વંશીઓ હજુ પણુ કરેલી વાળાને મુખ્ય પદ આપે છે. કરેલી પછી તનવટ દેરાવલ અને લોડરવા તેમની રાજધાની હતી દુસાજીનો પુત્ર જેસલ જ્યારે રાજ્ય સતાપર આવ્યો ત્યારે એને લોડરવા સુરક્ષિત ન જણાયાથી લોડરવાથી પાંચ કોશ દુર પહાડી જગ્યામાં જેસલમેર વસાવ્યું સં. ૧૨૧૨ શ્રાવણ સુદી ૧૨ ને રવેઉ. „

“જેસલ પછી તેની કેટલી એકગી પેઢીએ મુળરાજ ગાદી પર બેઠો આ સમયમાં અલાઉદીન ખીલજી કે જે દીલ્લી પતિ જલાલુદીનનો પુત્ર હતો તેણે જેસલમેર પર મોટા લશકરથી હુમલો કીધો. ઘણા માસ સુધી જેસલમેર પર હલ્લો ચાલ્યો; પણ અંતે કીલ્લામાં ખોરાક ખુટવાથી રજપુતોએ સાકો તથા કેસરીઆ કરવા ઠરાવ કર્યો. રાત્રે ૫૦૦૦ સ્ત્રી પુરૂષોને કીલ્લા બહાર નિર્ભય સ્થળે મોકલી આપવામાં આવ્યા. સવારમાં ચીતાઓ ખડકાઇ આશરે ચોવીશ હજાર બાલા, પ્રૌઢા અને વૃદ્ધાઓ સોહાગ પહેરી ચીતામાં બળી મુઇ. રજપુત ભટ્ટીઓ કેસરીઆ કરી ખુબ લડયા; પણ અંતે તેઓ હાર્યા અને મુસલમાનોની ફતેહ થઇ. બારબાદ ઘણા વર્ષો સુધી જેસલમેર ઉજડ રહ્યું કેમકે ભાટીઓ બીલકુલ તંગી હાલતમાં આવી ગયા હતા ”

"આવી રીતે ભાટ્ટી પુત્રોએ સં. ૧૩૫૧ માં જેસલમેર છોડ્યું આશરે બે હજાર કુટુમ્બો જેસલમેરથી નીકળી પંજાબ તરફ ગયા. હવે ક્ષત્રીઓએ વૈસ્ય વૃતિને અનુસરીને વેપારમાં ચીત લગાડ્યુ. કેટલાક રાજની નોકરી સ્વીકારી સરદારી કરવા લાગ્યા."

"વેપાર રોજગારમાં ભાટી જોડાઇ ગયા પણ તેમની કન્યાઓ કે જે હવે મોટી વયની થઇ ગઇઓ હતી તે કોને આપવી એ મોટી પંચાત ઉભી થઇ હીન્દુઓમાં આ બાબતમાં બહુજ ગુંચવાડા ભર્યા નિયમો છે છેવટે પંજાબના ભાટીઓની એક સભા બોલાવાઇ અને ઓગણપચાસ પેઢીમાં જેઓ મળતા હોય તેઓની જુદી જુદી નુખ બાંધી તેમાં કન્યાની આપલે કરવાનું ઠર્યું. વેપાર અને અગત્યતાને લઇ ભાટીઓ કચ્છ ગુજરાતમાં પણ આવ્યા ભાટી ઉપરથી ભાટીઆ કહેવાયા."

લોહાણુની મોટી કતલ કનોજ યા કાશી રાજાના હાથથી અને ભાટીઆઓની મોટી કતલ દીલ્લીપતિ અલાઉદીનના હાથથી થતાં પુરૂષોની સંખ્યા ઘટી ગઇ યુવાન વિધવાઓની સંખ્યા વધી પડી છેવટે તેઓને પુનઃલગ્ન કરવાની ફરજ પડતાં તેઓ ક્ષત્રી છતાં પુનઃલંગ્ન કરવા લાગ્યા. તેઓ પુનઃલગ્ન કરેછે તેથી તેઓ વૈસ્ય યા શુદ્ર કહી શકાય નહિ.

બ્રહ્મક્ષત્રીય કોમની ઉત્પત્તિનું વર્ણન અગાઉ શ્રી હીંગુલા પુરાણના ઉતારા પરથી હું આપી ચુકયો છું. બ્રહ્મક્ષત્રીયોની સંખ્યા હીન્દમાં ઓછી નથી. તેઓમાં બે મુખ્ય તડો છે. તેઓ બ્રહ્મક્ષત્રીય તથા ક્ષત્રીય નામથી ઓળખાય છે. બ્રહ્મક્ષત્રીય વર્ગમાં પુનર્લગ્ન થતાં નથી અને ક્ષત્રીય (ખત્રી-રંગારા) માં થાયછે. ક્ષત્રીયોમાં પુનર્લગ્નનો ધારો ઘણો વધવા લાગ્યો હતો અને જે વર્ગ હજુ ક્ષત્રીય વર્ગથીજ જાહેરમાં પણ ઓળખાય છે તેમાં તે ધારો પ્રચલિત છે તે સિદ્ધ કરેછે. કે ક્ષત્રીઓમાં પુનર્લગ્ન થતાં આવ્યાં છે. આ બીના બરાબર જાણવા માટે ગુજરાતી

પંચના તા ૨-૭-૧૯૧૧ના અંકમાં છપાએલા ચર્ચાપત્રનો થોડોક ભાગ અત્રે ઉતારી લઉંછું.

"આ ક્ષત્રીઓ બ્રહ્મક્ષત્રીઓ કેવીરીતે કહેવાયા તે પ્રથમ જાણુવાની આવશકતા છે. જ્યારે પરશુરામે ૨૧ વાર પૃથ્વી નક્ષત્રિ કરી ત્યારે છેલ્લે ક્ષત્રિઓના ૧૨ બાળક હતાં તેમને એક બ્રાહ્મણે તેઓ બ્રાહ્મણ છે એવું કહી બચાવ્યાં ત્યારે પરશુરામે તે બ્રાહ્મણને તેમની સાથે એકભાણે જમવા કહ્યું. તે એક ભાણે કેળના પાંદડાં ઉપર આંગળીએ લીસોટો પાડી જમ્યો. તે દીવસથી "ક્ષત્રિની સાથે બ્રાહ્મણ વટલ્યા તથા કેળના પાત્રામાં લીસોટા એ સાક્ષી છે" એવું ક્ષત્રીઓના ગોર સારસ્વત બ્રાહ્મણ જ્યારે દાપાં વીગેરેનો દાવો કરેછે ત્યારે કહે છે પણ બધા ક્ષત્રિઓનો નાશ થયો નહતો. પરશુરામની અંતેજ દશરથ રાજા તથા રામચંદ્રજી તથા જનક સલામત રહેલા હતા. અને બ્રાહ્મણ તથા ક્ષત્રીઓનો જમવાનો તો શું પણ દીકરી આપવા લેવાનો વ્યવહાર અસલથી ચાલ્યો આવે છે પરશુરામની માતાજી રેણુકા તેજ ક્ષત્રિની દીકરી હતી. કાશીનાં ક્ષત્રિ રાજા યયાતિ સાથે શુક્રાચાર્ય મોટા રૂષી (બ્રાહ્મણ) એ પોતાની દીકરી વરાવી હતી. એવા અનેક દાખલાઓ છે. સારસ્વતો ક્ષત્રીઓ સાથે જમેછે."

"રાજા ટોડરમલની યુવાન પુત્રી વિધવા થઇ ત્યારે તેના મનને વિચાર થયો કે પુનર્લગ્ન કરવાં તે ઘણું વ્યાજબી ભરેલું છે. પણ તે પૃથા ગ્નાતિમાં નહિ હોવાથી તેને મોટી અડચણ પડી. પછી પોતે મનથી એવો કસદ કીધો કે પોતાની બેટીના પુનર્લગ્ન કરવા અને પુનર્લગ્નનો રવૈયો ગ્નાતીમાં દાખલ કરાવવાનો ઝુંડો પોતે માથે લીધો અને પોતાની બેટીના પુનર્લગ્ન કર્યાં. તે દીનથી જે ક્ષત્રીઓ તેના મતને અનુસરતા થયા તેઓ રાજા ટોડરમલની પક્ષમાં રહ્યા. તેઓ જુદા પડયા."

ઉપરના વર્ણનથી રાજા ટોડરમલ પુનર્લગ્નનો હિમાયતિ ઠરેછે. પરંતુ 'હરિયાદે મુસ્લમીન' નામના ઉર્દુ ગ્રંથમાં તેથી ઉલટુ જણાવવામાં

આવ્યું છે. તે જાણવું પણ ઉપયોગી ધારી તેનો તરજુમો અત્રે ટાંકી બતાવું છું.

" એક દીવસે શહેનશાહ અકબરે પોતાના દીવાન રાજા ટોડરમલ દરબારના અમીર ઉમરાવો તથા પંડીતોને હુકમ ફરમાવ્યો કે હીન્દુ-ઓમાં જે પાંચ સાત વર્ષની છોકરીઓ વિધવા થઇ જાય છે અને ધર્મની રૂએ તેમના પુનર્લગ્ન કરવાં વ્યાજબી જણાવવામાં આવતાં નથી પરંતુ અક્કલની રૂએ તો તે ખુલ્લો જુલમ માલુમ પડે છે. અમો અમારી હીન્દી પ્રજાને ઓલાદની બરોબર સમજીએ છીએ. જો તમો હીન્દુ લોકો અન્યો અન્ય એક મત થઇ તેનો કાંઇ એવો બંદોબસ્ત કરો કે યાતો પુનર્લગ્નનો ધારો ગ્રહણ કરો યા બાળલગ્ન કરવાનું બીલકુલ તજી આપો. તેની વ્યવસ્થા માટે જે કાંઇ નાણું ખર્ચ થશે તે શાહી ખજાનામાંથી આપવામાં આવશે દીવાને આ હુકમની બજા-વણી કરવા માટે જાહેરમાં એકરાર કીધો અને અંદરખાનેથી તેનો વિરોધી રહ્યો; પરંતુ પોતાની વફાદારી દેખાડવા અને શહેનશાહને ખુશ કરવા તેણે ઘણીજ સારી વ્યવસ્થા કીધી. એક જાહેરનામું કહાડી એક હજાર ગૌત્રના હીન્દુઓને એકઠા કીધા અને દરબાર ભરવાની તારીખ અગાઉ પાંચ દસ આગેવાન હીન્દુઓને બોલાવી ગુપ્ત પણે તેમને એવી સલાહ આપી કે પુનર્લગ્ન માટે શહેનશાહ તમોને પોતાના મુખથી સમજાવશે અને હું પણ બાદશાહના ફરમાનનું અનુમોદન કરી ઘણી જ તાકીદ સાથે શીખામણ આપીશ; પરંતુ ખબરદાર, તમો પુનર્લગ્ન કરવાનું કદી પણ કબુલશો નહિ જો પુનર્લગ્ન કરવાનું કબુલ કરી લેશો તો હીન્દુ ધર્મનું સત્યાનાશ વળી જશે મુકરર કીધેલી તારીખે દરબાર ભરાયો. પ્રથમ બાદશાહે પોતે પોતાની ઇચ્છા જાહેર કીધી અને હીન્દુઓએ પુનર્લગ્ન તથા મોટી વયના લગ્ન કરવા સબંધે ધાર્મિક વાંધો રજુ કરી તે માટે અશક્તપણું જાહેર કીધું. ત્યારબાદ મત લે-વામાં આવ્યા. બાવન ગોત્રોના ક્ષત્રીયોએ પુનર્લગ્ન માટે મત આપ્યો અને નવસો અડતાલીસ ગૌત્રના લોકોએ બંન્ને બાબતો માટે પોતા

નો વિરોધ મત આપ્યો. દરબાર બરખાસ્ત થઇ ગયો. ત્યારબાદ કેટલાક આબરૂદાર હીન્દુઓએ દીવાન ટોડરમલને રૂખસતી સલામ વખતે અરજ કીધી કે અમોને ઘણી મુશકેલી આવી નડી છે. બાવન ગોત્રોના લોકો તો કબુલત આપી ચુકયા છે દીવાને દીલાસો આપી કહ્યું તેમાં કાંઇ મુશકેલી નથી. તમો શ્રીન એટલે હજાર છો અને તેઓ બુન્જા (બાવન) છે. તમો પોતામાં એક મત થઇ તેમને સજા આપી શકો છો. તે દીવસથી ઇનકાર કરનાર શ્રીન અને એકરાર કરનાર બુન્જાઇ પ્રખ્યાત થયા. શ્રીન ટોળાંએ અન્યો અન્ય એક સલાહ કરી પોતે તો ઉંચી જાત બન્યા અને બુન્જાઇઓને નિચ ઠરાવ્યા. જો કે બુન્જાઇઓએ જે કબુલાત આપી હતી તે પર હજુ તેઓએ અમલ નહિ કીધો હતો તોપણ જબાની એકરારના કસુર બદલ તેમને એવી સજા કીધી કે પોતાની કન્યાઓ તેમને આપવાનું બંધ કીધું અને બુન્જાઇઓની કન્યાઓને નાણાં તથા ઘરેણુની લાલચ આપી લેતા અને દાસીઓની પેઠે રાખતા હતા પાંચ વર્ષ પછી બુન્જાઇઓએ અન્યો અન્ય એક મત થઇ આ બંધનને તોડી પાડયું."

મુંબઇ ઇલાકામાં મેમણુ નામની એક પ્રખ્યાત વેપારી કોમ વસે છે તેઓ ખોજા, વોહરા, ભાટીયા વીગેરેની જેમ સારા પાયા પર વેપાર ચલાવે છે. કચ્છ મુંદરાના મેમણોના પીર સૈયદ બુઝુર્ગ અલીએ પોતાના મુરીદો માટે મેમણુ ઉત્પતીનું **અખબારૂલ હક** નામનું ઉર્દુ પુસ્તક હી. સ ૧૨૯૦ માં મુંબઇમાં છપાવી બહાર પાડયું છે જેની એક કાપી મારે હાથ લાગી છે. મજકુર પુસ્તકમાં હીન્દુ જોશીઓ તથા બારોટોના ઉતારા પરથી મેમણુ કોમ અસલ હીન્દુ અને લોહાણા હતી તેમ સ્પષ્ટ લખેલું છે તેમનામાં પણુ પુનર્લગ્ન થાય છે. અને તે અસલથી થતાં આવે છે. આ ઉપરથી પણુ સિદ્ધ થાય છે કે લોહાણા વટલી જ્યારે મેમણુ થયા ત્યારે તેમાં પુનર્લગ્નનો રીવાજ હતો.

જુનાગઢ નિવાસી પંડીત નથુરામ મહારાજ કે જેઓ યોગવિદ્યામાં કુશળતા ધરાવે છે અને તેમના હજારો શીષ્યો તેમની આજ્ઞાનુસાર

યોગ સ્થાપના કરે છે. તેઓ જ્યારે લોહાણાઓને ક્ષત્રિય સમજી ક્ષત્રિય અધિકારના મંત્રો આપવા લાગ્યા ત્યારે જુનાગઢના નાગરો તેમની સામે થયા અને લોહાણા ક્ષત્રિય નથી એમ જાહેર કીધું. આ ઉપરથી શાસ્ત્રીય વાદવિવાદ થતાં પંડીત નથુરામે લોહાણા ક્ષત્રિય છે એવી સાબીતિ બતાવનારા ૪૨ સંસ્કૃત શ્લોકો પ્રાચીન પુસ્તકોમાંથી કહાડી બતાવ્યા હતા. અને તેથી તેમની સામે થનાર વર્ગ ચુપ રહ્યો હતો. આ ૪૨ શ્લોકોની એક નાની સરખી ચોપડી પણ પંડીત મજકુર તરફથી છપાવવામાં આવી છે મજકુર શ્લોકો અત્રે દાખલ કરવાથી લંબાણ થશે એમ ધારી દાખલ કરવાનું છોડી દઉં છું.

પંડીત નથુરામ મહારાજ આગળ જ્યારે જુનાગઢના નાગરોએ લોહાણા ક્ષત્રિય નથી એમ જણાવી, ક્ષત્રિયના લક્ષણો જણાવી એક આબાદ ક્ષત્રિયનું આબેહુબ ચિત્ર ખડું કરી દીધું ત્યારે પંડીતજીએ જવાબ આપ્યો કે જો સંપુર્ણ લક્ષણોથી અમુક વર્ણનો માણસ નક્કી થઇ શકતો હોય તો આજ કાલનો કોઇ પણ બ્રાહ્મણ પોતાને બ્રાહ્મણ સાબીત કરી શકશે નહિ. કોઇ પણ વૈશ્ય પોતાને લક્ષણોથી આબાદ વૈશ્ય ભાગ્યેજ સિદ્ધ કરી શકશે. શેઠ જાફરભાઇ રેમતુલાને ખોજાઓની રગોમાં લડાયક લોહિ દોડતું જોવામાં આવતું નથી. ખોજાઓ લશ્કરી ખાતામાં જોડાયા નથી. લશ્કરી અમલદાર તરીકેની કીર્તી મેળવી નથી. કોઇ ખોજાએ લડાયક લોહિ દેખાડયું નથી ખોજાઓ પોલીસ અમલદારને કાંઇ તસ્દી આપતા નથી મારા મારી કરતા નથી ખોજાઓએ હુલ્લડ કીધાં નથી કે હુલ્લડોમાં ભાગ લીધો નથી વીગેરે ખોજાઓની ચાલુ સ્થિતિ જે જોવામાં આવી છે. તે પરથીજ તેમણે ખોજા ક્ષત્રિય નથી એમ મત બાંધી લીધો છે. આજે સંખ્યાબંધ બ્રાહ્મણો એવા જોવામાં આવશે કે જેમાં બ્રાહ્મણપણાનો છાંટ પણ જોવામાં આવતો નથી. તો શું હવે તેમને બ્રાહ્મણ ન કહેવા? તેઓ જે લોકોને ક્ષત્રિય માનતા હોય તેમાં પણ હજારો એવા ક્ષત્રિયો મોજુદ હશે કે જે ઉગમણી ધાડ પડેતો આથમણા નાશી જાય અથ-

વા રહેજ ખડખડાટ થાય તો તેમના કલેજા ધાસ્તીથી ફાટી જાય. તો શું હવે તેમને ક્ષત્રિય ન કહેવા? વૈશ્ય-વેપારીઓમાં વેપારીને લાઞ્છન લગાડનાર મુર્તીઓ ક્યાં ઓછી છે! ત્યારે શુ હવે તેમને વૈશ્ય ન કહેવા! આજે શુદ્ર કોમના પણ કેટલાક લોકો એવા જોવામાં આવે છે કે સારા વેપારી છે. જજ માજીસ્ટ્રેટ, પોલીસ અમલદાર વીગેરે છે. તો શુ તેમને શુદ્ર ન કહેવા! આજે વર્ણાશ્રમમાં મુકરર કરેલા કામોમાંજ જકડાઇ રહેવાની ફરજ નથી. લોકો ચાહે તે લાઇન અખ્તેયાર કરી શકે છે. અને તેથી ચાલુ સ્થિતિ તેનું વર્ણ જાણવા માટે દલીલમાં મુકવી દુરસ્ત નથી. તેઓ જણાવે છે કે ખોજાઓ લશ્કરી નોકરીમાં જોડાયા નથી. શું કાશ્મીરના ખોજાઓ લશ્કરમાં નથી જોડાયા! કાઠીયાવાડમાં આવેલા જામનગર સ્ટેટના આસિસ્ટંટ પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટનો હોદો એક ખોજા ગૃહસ્થ ધરાવે છે. બાબરા સ્ટેટના પોલીસ ફોજદાર એક કચ્છી ખોજાજ છે. ઉપરાંત કેટલાક નાયબ ફોજદારની નોકરીમાં છે. પોલીસ લાઇનમાં ખોજાઓ એક ડઝન કરતાં વિશેષ મારી જાણમાં છે. પરંતુ હું શેઠ જાફરભાઇ રેમતુલાની જેમ તેટલા પરથી ખોજાઓ ક્ષત્રિય છે એવી કમજોર દલીલ કરતો નથી. તે માટેની તવારીખી દલીલો જોઇએ.

મનુ મહારાજે લગભગ ઈ० સ० પુર્વે ૧૦૦૦ વર્ષ પર વર્ણાશ્રમોની ચોખવટ કીધી છે. તેને આજે ત્રણ હજાર વર્ષની લાંબી મુદત વીતાઇ ગઈ છે. લગભગ એક હજાર વર્ષ થયા હીન્દુઓ પરતંત્ર રહ્યા છે તેવા સંજોગોને લઇ તેમની સ્થિતિ લગભગ બદલાઇ ગઇ છે આવી બદલાયલી સ્થિતિનેજ વર્ણાશ્રમ શોધી કહાડવાનું યંત્ર બનાવવામાં આવે તો પછી ભાટીયા, મેમણ, બ્રહ્મક્ષત્રિય, ક્ષત્રિય (રંગારા) પ્રભુ પટણી, પરજ્યા સોની વિગેરે વિગેરેને ક્ષત્રિય કહી શકાય નહિ. પરંતુ તે સઘળી જ્ઞાતિઓ તવારીખના આધારથી પોતાને ક્ષત્રિય માને છે અને કોઇ તેમને ક્ષત્રિય નસલથી વિરક્ત જણાવવા માગે તો તેઓ તેવી વાત સાંખી શકે નહિં. સારાંશ કે ખોજા ક્ષત્રિય છે.

ઉપરની વિસ્તારથી આપેલી શાહદતો ઉપરથી ખોજા, લોહાણા, મેમણ, ભાટીઆ, બ્રહ્માક્ષત્રિય, ક્ષત્રિય વીગેરે વીગેરે ક્ષત્રિય વૃખમથી ઉતરી આવેલા સ્પષ્ટ જણાઇ આવે છે. ખોજા ક્ષત્રિય નથી × × × તે માટે શેઠ જાફરભાઇ રેમતુલાએ જે દલીલો આપી છે તેનું ઘટતું ખંડન ઉપરની શાહદતો પરથી થઇ જાય છે. આવી વિશેષ શાહદતોનો ટોટો નથી. પરંતુ હવે વિશેષની હું અગત્ય ધારતો નથી.

શું ખોજાઓ અસલ વૈશ્ય હતા?—ખોજાઓ અસલ ક્ષત્રિય હતા એમ હું પુષ્કળ પ્રમાણોથી સિદ્ધ કરી ચુકયો છું. તેથી હવે તે વૈશ્ય કે શુદ્ર હતા તેવો પ્રશ્ન રહી શકતો નથી. શેઠ જાફરભાઇ રેમતુલા ખોજાઓને ક્ષત્રિય નહિ પણ વૈશ્ય એમ પોતાના ખોજા કોમના ઇતિહાસમાં જણાવે છે પરંતુ તેમના તેવા મતનું ખંડન ઘણા સજ્જળ પુરાવાથી થઇ ગયું છે.

ખોજાઓ જયારે ઇસલામ મતમાં દાખલ થયા ત્યાર પહેલાં અને પછી વેપાર કરે છે તેથી તે પોતાનું અસલ વર્ણ બદલાઇ શકતા નથી. આજે એવી હજારો–લાખો દલીલો મળી આવશે કે જે પોતાના અસલ વર્ણથી જુદી લાઇન તરફ વળેલી છે. મતલબ કે ખોજાઓ વૈશ્ય નહિ હતા.

શું ખોજાઓ અસલ શુદ્ર હતા?—ઇ. સ. ૧૮૬૪ ની સાલમાં લંડન શહેરમાં હીન્દુસ્તાનથી એક અવાજ (A voice from India) એ નામની ચોપડી ખોજા કોમને લગતી છપાણી હતી. આ ચોપડી કરાંચીવાળા શીનીક્ષ પ્રેસના માલેક શેઠ જાફર ફદુએ પોતાની સામેના એક કેસમાં કોર્ટમાં રજુ કીધી હતી. તે ચોપડીમાં લખેલું છે કે "ખોજા કોમની ઉતપત્તી વિશે ચોપડીઓમાંથી અમે ધારીએ છીએ કે કાંઇ મળનાર નથી એ જ્ઞાતીની દંતકથાઓ જાહેર કરે છે કે તેઓ અસલ શુદ્ર જ્ઞાતીની એક હીન્દુ વર્ણ હતા. કાસ્ગીરની સરહદપર આવેલા 'હરીચંદા' નામના શહેરમાં વસતા 'હરીચંદ્ર' ના-

મના બ્રાહ્મણ ગુરૂએ એ કોમને કેટલાક સો વર્ષની વાત ઉપર પંજાબમાં સ્થાપી હતી."

ઉપલી ચોપડી છપાવનારે તેમાં અંગ્રેજ પ્રજાને આગ્રહ કીધો છે કે "નામદાર આગાખાનને મુંબઈ શહેરમાં રહેવા દેવા નહિં. પણ જોર જબરી એમને મુંબઈથી હાંકી કહાડવા; કારણકે એમના મુંબઈના રહેવાસથી ખોજા કોમને ઘણું નુકસાન થાય છે."

ઉપરની ચોપડીનો કર્તા ખોજાઓ શુદ્ર ગ્નાતીના હોવાનું જણાવે છે પરંતુ તે માટે એકપણ દલીલ કે પુરાવો રજુ કરતો નથી. તેમ બીજી કોઈપણ રીતે ખોજાઓ શુદ્ર હતા એમ મનવાને કારણ મળતું નથી. તે જણાવે છે કે ગ્નાતીની દંતકથાઓ જાહેર કરે છે કે તેઓ અસલ શુદ્ર ગ્નાતીની એક હીન્દુ ગ્નાતિ હતા. આવી દંતકથા ઘણી તપાસ કરવા છતાં પણ મારા સાંભળવામાં આવી નથી પરંતુ તેથી ઉલટું દરેક તપાસ વખતે ખોજાઓ અસલ ક્ષત્રિય હતા તેવું જણાયું છે મતલબ કે ખોજાઓ શુદ્ર નથી.

ખોજાઓ લોહાણા કે ભાટીયા?—ખોજાઓ અસલ લોહાણા હતા એમ ખોજા પંથના ગ્નાનોમાં સ્પષ્ટ લખેલું છે. પીરાણા સંપ્રદાયના પુસ્તકથી પણ તેની શાહદત મળે છે. ખોજા વૃતાન્તના કર્તાએ ખોજાઓને અસલ લોહાણા જાહેર કીધા છે. ખોજા કોમનો ઇતિહાસના કર્તા ખોજાઓને ક્ષત્રિય ગણતા નથી. લોહાણા તથા ભાટીઆ ક્ષત્રિય છે તેથી તેમના મત મુજબ ખોજાઓ અસલ લોહાણા કે ભાટીયા બંન્નેમાંથી કોઈપણ હોઈ શકે નહિ. મેં મારી શોધમાં ખોજાઓ અસલ લોહાણા હતા તેમ જણાવ્યું છે. તોપણ હું એટલુંતો અવશ્ય કબુલ કરૂંછું કે ખોજાઓ અસલ સઘળા લોહાણામાંથીજ વટલ્યા નહિ હશે. બીજી ગ્નાતીના લોકો પણ જરૂર તેમની સાથે હશે કેમકે કોઈ પણ ધર્મમાં એકજ ગ્નાતી હોય તેમ બની શકે નહિ. સાથેજ મારૂં એમ પણ માનવું થાય છે કે બીજી ગ્નાતીના લોકો કરતાં લોહાણા વિશેષ હતા.

ખોજાઓ અસલ ભાટીઆ હતા તેવી દંતકથા મેં સાંભળી છે પરંતુ તે માટેની કોઇપણ લેખી શાહદત મને મળી શકી નથી. ખોજા પંથના ગીનાનોમાં તે માટે કશો ઇશારો નથી. મતલબ કે ખોજાઓ ભાટીઆમાંથી વટલ્યા તેવી કશીપણ શાહદત નથી. તોપણ ખોજા કોમની ચાલુ સ્થિતિ કેટલાક લોકોને એવા અનુમાનો પર લઇ જાયછે કે ખોજાઓ અસલ ભાટીઆ હતા. આવું અનુમાન કરનારાઓ પોતાના કહેવાના ટેકામાં ખોજા અને ભાટીઆ સ્ત્રીઓનું મળતાપણું અને એ બન્ને કોમના પુરૂષોની વેપાર ખીલવવાની ચંચળતા રજુ કરે છે. ભાટીયાઓની જેમ ખોજાઓ શાન્ત પ્રકૃતિના અને લોહાણા કાંઇક ઉછાંછળા છે.

ચાલુ સ્થિતિને પ્રમાણુ રૂપ ગણી વર્ણાશ્રમ યા ગ્નાતીની ચોખવટ કરવી એ બીલકુલ વાસ્તવિક નથી. ખોજાઓ ક્ષત્રિય છે કે નહિ તેનો નિર્ણય કરતી વખતે હું લંબાણથી સિદ્ધ કરી ચુકયો છું કે ચાલુ સ્થિતિને પ્રમાણુ ગણી શકાય નહિ. જો ગણવામાં આવે તો તવારીખી સચ્ચાઇ બીલકુલ ઉડી જાય છે. એક બ્રાહ્મણના ચાર પુત્ર છે. એક બ્રાહ્મણોની વિદ્યા શીખ્યો છે. બીજો પોલીસ ફોજદારના હોદ્દાપર નોકર છે. ત્રીજો વેપારની પહેડી ચલાવે છે. ચોથો અકરમી નીવડતાં મજુરી કરે છે. હવે ચાલુ સ્થિતિને લઇ શું એકને બ્રાહ્મણ, બીજાને ક્ષત્રિય, ત્રીજાને વૈશ્ય અને ચોથાને શુદ્ર કહી શકાશે ? હરગીજ નહિં. માટે ખોજાઓ અસલ લોહાણા કે ભાટીઆ હતા તેનો નિર્ણય કરવા માટે ચાલુ સ્થિતિનો આધાર લેવો ફોકટ છે.

લોહાણા તથા ખોજાઓ શાકભાજી વેચવાનો ધંધો કરતા હતા અને કરે છે. શાક ભાજીની મારકેટમાં લોહાણાં તથા ખોજાઓ જોવામાં આવે છે. એકપણ ભાટીઓ તેમાં નજરે પડતો નથી લોહાણાને કેટલાકો કુંગળી કહી ચીડવે છે. ગઇ સાલ મુંબઇમાં લોહાણા કોનફરન્સની બેઠક મળી હતી તેને એક વર્તમાનપત્રે "કુંગળી બટાકાની કોનફરન્સ"

જણાવી દીક્ષા દીધી હતી. ડુંગળી લોહાણાની માતા કહેવાય છે. કનોજનો જયચંદ રાજા જ્યારે તેમના પર ચડી આવ્યો અને તેઓએ લોહગઢનો આશ્રય લીધો ત્યારે લોહાણાઓએ હથીયારની ગેરહાજરીમાં ડુંગળીનો શત્રુઓપર મારો ચલાવેલો હતો. અને તેથી ડુંગળીએ તેમની લાજ રાખી હતી. આ માટે વીરપુર વાળા લોહાણાના પ્રખ્યાત જલા ભકતે એક કાવ્ય રચ્યું છે તેની એક ટુક નિચે આપું છું.

કંદ ધોળાં, પુષ્પ રાતાં, પાન જાણે સુંગળી,
લોહાણાની લાજ રાખી ધન્ય માતા ડુંગળી.

ગામડાના ખોજા તથા લોહાણાઓને ડુંગળી પર બહુજ પ્યાર છે. તેમના દસ્તરખાન પરની તે અગત્યની વસ્તુ છે. ભાટીયાઓ માટે આવું કશું હેજ નહિ. જંગબાર. મોમ્બાસા, ટાંગા, દારેસલામ, મુંબઈ તથા કાઠીયાવાડ વીગેરેની શાક મારકીટોમાં ખોજા સ્રીઓ તથા પુરૂષો શાકભાજીની દુકાને બેઠેલાં મેં જોયા છે. તેમાં એક પણ ભાટીયાનું નામ નથી.

ભાટીયાઓને વેપારમાં આગળ વધવાના લોહાણા તથા ખોજાઓ કરતાં સારા સંજોગો હતા અને તે તેમની જ્ઞાતિમાં કન્યા વિક્રયના રીવાજને આભારી ગણી શકાય. કન્યા માટે હજારો રૂપીઆ તેમણે મેળવવા જોઇએ અને તે બકાલાના ધંધાથી મળી શકે નહિ માટે તેમણે વધુ નાણું હાથ લાગે તેવા માર્ગો ગ્રહણ કર્યા સિવાય બીજો ઇલાજજ નહોતો આ રીવાજ તેમને નાના પ્રકારના ધંધામાં જોડાતાં અટકાવી રહ્યો છે. ખોજાઓ તથા લોહાણામાં કન્યાવિક્રયનો લગભગ હજુ ચાલ નથી અને તેથી તેઓ શાકભાજીના ધંધામાં જોડાય તો પણ કન્યાઓ મેળવી શકે છે.

લોહાણા તથા ભાટીઆ હીન્દુઓ છે અને તેથી તેમને પરદેશ ગમન માટે ધાર્મિક મુશકેલી હતી, છતાં પણ ભાટીયાઓને નાણાંની

પુરતી જરૂર હતી તેથી તેઓ પરદેશ ગમનના ધાર્મિક બંધનથી લોહાણા કરતાં વહેલા મુક્ત થઇ શક્યા. લોહાણાને નાણાંની ઓછી અગત્ય તેથી તેમને દેશાટણના ધાર્મિક બંધન સામે થવાની જરૂર ન પડી અને તેથી તેઓ વેપારમાં ભાટીઆ કોમનો મુકાબલો કરી શક્યા નહિ. તો પણ લોહાણાનો વેપાર કાંઇ છેક નબળો નથી. તેઓએ પોતાનું પાણી પહેલી લોહાણા કોનફરન્સ પ્રસંગે દેખાડી આપ્યું છે.

ખોજાઓને પણ લોહાણાની જેમ વધુ નાણાંની જરૂર ન હતી પરંતુ ઇસલામ ધર્મના દેશાટણને ઉતેજન આપનારા રીવાજથી તેમના માટે દુનિયાના બજારો ખુલ્લા હતા. દેશાટણના માર્ગો કાંઇક ખુલ્લા થતાં તેઓ તેનો લાભ લેતા થયા અને આફ્રીકા તથા હીન્દમાં સારો વેપાર સેંકડો વર્ષ થયા કરતા થયા. માટે લોહાણા કરતાં ખોજાઓ વેપારમાં આગળ વધ્યા તેથી ખોજાઓ અસલ લોહાણા નહિ હતા તેમ કહી શકાય નહિ. ભાટીઆઓની જેમ ખોજાઓ વેપારમાં આગળ વધ્યા તેથી ભાટીઆ કહી શકાય નહિ.

ખોજાઓ ભાટીયાઓની જેમ શાન્ત પ્રકૃતિના છે તેનું કારણ જુદું જ છે. ખોજા પંથમાં હીન્દુ ધર્મ શાસ્ત્રનો સ્વીકાર અને શરીયતની પાબંદીની આઝાદીએ તેમને હીન્દુ સંસારમાંથી મુક્ત થવા દીધા નહિ. પોતાના પંથમાં હીન્દુ ધર્મનો પેસારો તેથી મુસલમાન મોલવીઓથી તેઓ સેંકડો વર્ષ થયા અલગ રહ્યા. શરીયત પર ચાલતા મુસલમાનો કરતાં પોતાનો પંથ ઉંચો છે. તેવી માન્યતા ધરાવતા હોવાથી તેમને મુસલમાનો સાથેની ધાર્મિક ક્રીયાથી અલગજ રહેવાનું હતું. આમ થવાથી તેમને હીન્દુ તથા મુસલમાનો બંન્નેથી તકીયો રાખવો પડયો હતો. અને તકીયો રાખનારી કોમ અવસ્ય શાન્ત પ્રકૃતિની થાય છે. ખોજાઓ માત્ર પીર સરકારનો દાદ ચુકવી આપતા એટલે તેઓ પોતાના વિચાર માટે સ્વતંત્ર હતા. આવા કેટલાક કારણોને લઇ તેમની પ્રકૃતિ ભાટીયાઓની જેમ શાન્ત રહેવા પામી છે.

આવી પ્રકૃતિઓ બંધાતા હજારો વર્ષ જોઇતાં નથી. એક બે પહેડી બદલાતાં સંજોગોના જોડાણથી પ્રકૃતિ બદલાઇ જાય છે. મતલબ કે ખોજાઓ અસલ લોહાણાજ હતા. ભાટીઆ હોવા વિશે રહેજ પણ પુરાવો નથી

લોહાણાઓ વેપારમાં ખોજાઓ કરતાં કાંઇક પછાત છે. પરંતુ તેમનો આજ કાલનો કેળવણી પ્રત્યેનો ચાહ અને પ્રયત્ન જાહેર કરે છે કે તેઓ વેપાર તથા કેળવણીમાં ખોજાઓને જરૂર પાછળ રાખી દેશે કચ્છ કાઠીયાવાડમાં તેમણે અનેક બોર્ડીંગ સ્કુલો ખોલી છે લોહાણા કોનફરન્સની સ્થાપના ઘણા ઉત્સાહથી કરી પહેલેજ તડાકે ચાર લાખ રૂપીઆનો કેળવણી માટેનો ફાળો એકઠો કીધો છે.

પ્રકરણ ૨ જું.

હીન્દ અને હીન્દુ કોમ.

ખોજાઓ અસલ હીન્દુ હતા એમ આપણે ગયા પ્રકરણમાં સિદ્ધ કરી ગયા છીએ. હવે જ્યારે તેઓ હીન્દુ આકૃતિમાં હતા તે વખતની તેમની તવારીખ જાણવી જોઇએ; કે જેથી તેમની પ્રાચેન સ્થિતિનું કાંઇ દીગદર્શન થઇ શકે.

હીન્દુસ્તાનના પ્રાચીન સમયમાં કોઇને આ દેશની તવારીખ લખવાનો વિચાર થઇ આવ્યો નહોતો તેથી તેની તવારીખનું ખરું દફતર સીલબંધ રહ્યું છે અને આ સીલ તોડી તેની માહિતી મેળવવા હાલ આપણી પાસે કશું પણ સબળ સાધન નથી. હીન્દુસ્તાનની તવારીખ એટલે સુધી અંધારામાં રહેવા પામી છે કે આજથી નવસો વર્ષ પહેલાં કે જે મુસલમાનોને આ દેશમાં આવવાનો સમય છે. ત્યાં સુધીનો કશો પણ હેવાલ મળી આવતો નથી હીન્દુસ્તાનની પ્રાચીન મોતેબર

તવારીખ છેજ નહિ. માત્ર પ્રાચીન જે હકીકત જાણુવામાં આવી છે તે પૂરાણિક કીસ્સા કહાણીઓ અને દંત કથાઓને આભારી છે. કેટલાક પ્રાચીન શીલા લેખ અને ચલણી સીક્કાઓ પરથી પ્રાચીન તવારીખ-પર કેટલુંક અજવાળું પાડવામાં આવ્યું છે. આવા કારણુને લઇ હીન્દની પ્રાચીન તવારીખ બીલકુલ સત્ય જણાઇ આવી છે એવા નિર્ણુયપર કદી પણુ આવી શકાય તેમ નથી. તેથી જે કાંઇ મળ્યું તેટલા પરજ સંતોષ પામ્યા સિવાય છૂટકો નથી.

હજરત આદમ અને હાવાના વિસ્તારથી મનુષ્ય ઉતપત્તીનો સીલસીલો શરૂ થઇ કેટલાક હજાર વર્ષોમાં પોતાની હાજતો વધવાના કારણે પૃથ્વીના જુદા જુદા દુરદરાજ ભાગોમાં ટોળાં બંધાઇ પ્રસરાઇ ગયો જેમ જેમ સંખ્યા, સમજ અને અનુભવ વધતો જાય તેમ તેમ હાજતો પણુ વધતી જાય, એજ સિધાન્તને લઇ મધ્ય એશીયામાં વસ્તા કેટલાંક ટોળાંઓને પોતાની વધતી જતી હાજતોને લઇ યા બીજા કારણે પોતાનું વતન છોડવાની ફરજ પડી. આવી રીતે મધ્ય એશીઆનું વતન છોડી કેટલાક ટોળાંઓ દુનીઆના જુદા જુદા ભાગો તરફ નીકળી પડયાં અને જયાં જેને અનુકુળ જણાયું ત્યાં જઇ વસ્યા.

મધ્ય એશીઆનું મુળ વતન તજી જે ટોળાંઓ દુનીઆના જુદા જુદા ભાગો તરફ ઉતરી પડયાં તેઓમાં કેટલાંક દક્ષિણુ તરફ હીન્દુ કુશ પર્વત ઓળંગી પંજાબમાં આવ્યાં. આ કાફલાઓ આર્ય નસલના હોવાના કારણે આર્ય નામથી પ્રખ્યાતી પામ્યા અને આજે પણુ તેજ નામથી ઓળખાય છે.

આર્ય લોકોને હીન્દુ નામથી ઓળખવામાં આવે છે આ નામની ઉતપત્તી વિષે અનેક દંતકથાઓ ચાલે છે મધ્ય એશીઆમાંથી જે આર્ય કાફલાઓ પંજાબમાં આવ્યા તે પૈગંબર હજરત નુહના હીન્દ નામના પૂત્રની ઓલાદના હોવાથી હીન્દુ કહેવાયા અર્થાત હીન્દુ કુશ પર્વંત ઓળંગી આગળ વધ્યા તેથી મધ્ય એશીઆના લોકોએ તેમને

હીન્દુકુશ પર્વત તરફના યાને હીન્દુ કહ્યા હશે. હીન્દા એ નામ પ્રાચીન પુસ્તકોમાં જાણીતું છે. ઘણી આરબ ઓરતોના નામો હીન્દા રાખવામાં આવે છે ફારસીમાં હીન્દુ ચોરને કહે છે અને એવા અપમાન ભરેલા શબ્દથી ઇરાન તરફના હીન્દપર ચડી આવતા લોકો અહીંના વતનીઓને બોલાવતા એ હકીકત સત્ય નથી. ગમે તેમ હો પણ આ દેશનું નામ હીન્દુસ્તાન પ્રખ્યાત થયું અને તેમાં વસનારા હીન્દુ કહેવાયા.

બીજા ભાઇબંધ કાફલાઓ પૈકી કેટલાક મધ્ય એશિયાનું વતન તજી ઇરાનમાં જઇ વસ્યા. આ કાફલાઓ પણ આર્ય નસલના હોવા ચોકસ ગુમાન જાય છે આર્યનનો અપભ્રંશ થઇ ઇરાન કહેવાયુ હશે. વળી હીન્દુઓની પેઠે ચાર વર્ણો, ચંદ્ર, સુર્ય તથા દેવી દેવતાની પુજા, ધર્મ તથા ભાષા વીગેરેમાં એટલું તો મળતાપણું પારસીઓમાં જોવામાં આવે છે કે જેને લઇ આવી માન્યતા વજનદાર થઇ પડે છે.

હીન્દુકુશ પર્વત ઓળંગી જે આર્ય કાફલાઓ મધ્ય એશીઆમાંથી પંજાબ તરફ આવ્યા તે સમય ઇ. સ. પૂર્વે ૨૦૦૦ નો ધારવામાં આવે છે. આ કાફલાઓ જ્યારે પંજાબમાં ઉતરી પડયા ત્યારે કાંઇ પંજાબ વેરાન હતો નહિ એક જંગલી કોમ કે જેને આજે અનાર્યના નામથી ઓળખવામાં આવે છે તે આબાદ હતી. પણ આવનાર મેહમાનો કરતાં નિર્બળ અને શ્યામ રંગની હતી. તેમને મારી હઠાવતાં આર્ય લોકોને કાંઇ વધુ મુસ્કેલી વેઠવી પડી નહિ. ઘણાઓને જંગલો અને પહાડોમાં નસાડી મુકી અને ઘણાઓને પોતાના ગુલામ બનાવી નવા મેહમાનો પંજાબની નદીઓના કાંઠે રહેઠાણ બાંધી રહ્યા.

આર્યોને જ્યારે જ્યારે જરૂરત પડતી ત્યારે ત્યારે પોતાની હદ વધારવા બાજુપર વસતા અનાર્ય લોકો સાથે લડાઇમાં ઉતરવું પડતું હતું. આર્યો અનાર્ય લોકોથી બહાદુર હતા. હથીઆરો અને બકતરો રાખતા હતા. તેથી અનાર્યો પર જીત મેળવવા શકિતવાન નીવડતા. આવી રીતે મુળ

વતનીઓને હઠાવી પોતાની હદ વધારતા ગયા. આર્યો બીલકુલ સાદા અને ભલા હતા. કોઇ સાથે બીગાડ કરતા નહિ. તેમની રીતભાત તદ્દન સાદી હતી. સઘળાઓ પોત પોતાના ઢોરોને ચારતા અને જેવી આવડે તેવી ખેતી કરતા હતા.

આવી સ્થિતિ કેટલાક સૈકા સુધી ચાલુ રહી. હવે આર્યો દીન-પ્રતિદીન સંખ્યામાં વધતા ચાલ્યા અને પૈસે ટકે પણ સુખી થતા ગયા પરિણામે હાજતો વધતાં પંજાબથી વધુ ફળદ્રુપ ગંગાના કીનારા પરનો દેશ કે જે ગંગાના પવિત્ર પાણીથી બાગાયત થતો હતો તેના-પર તેમની ટાંપ પડી પોતાના સરદારો સાથે રહી કેટલાક સૈકા સુધી ગંગા પ્રદેશના અનાર્યો સાથે લડાઇ કરી તેમાંના ઘણાઓને પહાડોમાં હાંકી કહાડયા અને બાકીનાઓને પોતાના ગુલામો બનાવી રાખ્યા. હવે ગંગા પ્રદેશ પણ આર્યોની સત્તામાં દાખલ થયો.

આ લડાઇઓ કે જે સૈકાઓ સુધી લંબાઇ હતી. તેમાં જેમને સરદાર બનાવવામાં આવ્યા હતા તેઓએ પ્રજાનો ઘણો સમુહ એકઠો કરી લઇ પોતાની રાજ્યસત્તા સ્થાપીત કરી લીધી અને મહારાજા નામ ધારણ કીધાં. પ્રથમ ધર્મગુરૂનો હોદો પણ સરદારોના હાથમાંજ હતો પણ હવે રાજ્ય જાંધારણ થવાથી તેમનાથી આ કામનો બોજો ઉપાડી શકાયો નહિ. અને ધર્મગુરૂનું કામ બ્રાહ્મણ વર્ગના હાથમાં આવી ગયું. બ્રાહ્મણોએ આખરે એટલું બધું જોર પકડયું કે તેમની સત્તા આગળ રાજા મહારાજા કોઇ ગણત્રીમાં ન રહ્યા. બ્રાહ્મણોની તાજીમ ઘણી ઉ-મદા રીતે થતી હતી. આજે જેમ કેટલાક અજ્ઞાન લોકો અમુક ધર્મગુ-રૂઓને ઇશ્વર તરીકે માને છે તે કરતાં પણ બ્રાહ્મણોને વધુ માન હતું સઘળી પ્રજા તેમને મોટા માનની દ્રષ્ટિથી જોતી હતી.

બ્રાહ્મણોની સત્તાનો સમય ઇ૦ સ૦ પૂર્વે ૩૦૦ વર્ષસુધી ટકી રહ્યો તેમના સમયમાં મનુ મહારાજે મનુસ્મૃતિ નામનું શાસ્ત્ર રચ્યું. આ શાસ્ત્રથી તે સમયના આર્યોની સ્થિતિનું ઠીક ભાન થઇ શકે છે.

રાજ્ય બંધારણથી હવે કાંઇક વ્યવસ્થાસર કામ ચાલવા માંડ્યું. વિદ્યા-કલાની સમયના પ્રમાણમાં ખીલવણી થઇ. વેદ નામના ધાર્મિક ગ્રંથો રચાયા અને આર્યો કે જેને આજે હીન્દુ નામથી ઓળખવામાં આવે છે તેમણે સુધારા વધારામાં નામના કહાડી. આ વખતે ધર્મગુરૂ કોમ બ્રાહ્મણ નામથી ઓળખાવા લાગી. અને સિપાઇ વર્ગ ક્ષત્રીના નામથી જાણીતો થયો. શાન્તીથી રાજ્ય ચાલવાથી તેમજ વિદ્યા-કલાના પ્રચારથી વેપાર રોજગાર તરફ પણ લોકોનું લક્ષ ખેંચાયું. જે લોકો આ લાઇનપર ચડયા તેઓ વૈશ્ય કહેવાયા હીન્દુસ્તાનના મુળ વતનીઓ કે જેને આર્યોએ પહાડોમાં નસાડી મુકયા હતા અને ઘણાને ગુલામ બનાવી રાખ્યા હતા તે બહુજ હલકી દ્રષ્ટિથી જોવાતા થયા. અને શુદ્ર નામથી ઓળખાયા.

મનુ સ્મૃતિમાં પણ મનુ મહારાજે વર્ણોની ચોખવટ કરી તેના ઉપર જણાવ્યા મુજબ ચાર વર્ગ મુકરર કીધા છે. વિદ્યા-કલામાં પડેલા વર્ગને બ્રાહ્મણ. દેશના રક્ષણ માટે સિપાઇ બનેલાને ક્ષત્રી. વેપાર રોજગારમાં ગુંથાએલાને વૈશ્ય અને ખેતી તથા ચાકરીમાં જોડાએલાને શુદ્ર એવા ચોક્કસ નામ આપ્યાં મનુ મહારાજે આવું ધોરણ શોધી કહાડી જણાવ્યાથી લોકોએ તે સ્વીકારી લીધું એમ નથી; પણ મનુમહારાજના પહેલાંથી કર્મોને લઇ વર્ણાશ્રમો થઇગયાં હતાં પણ મનુએ તેની વધુ ચોખવટ કરી છે. આ ચોખવટ પછી દરેક વર્ણની ઓલાદ મુકરર થએલા વર્ણમાંની ગણાવા લાગી.

મનુએ પોતાના શાસ્ત્રમાં બ્રાહ્મણોનો મોટો મરતબો રાખ્યો હતો અને ક્ષત્રી તથા વૈશ્યને તેમનાથી ઓછી પંકતીમાં મુકયા હતા. તો પણ બ્રાહ્મણોના કેટલાક ખાસ હકો ક્ષત્રી તથા વૈશ્યને પણ આપ્યા હતા પણ તે બહુજ થોડા હતા. શુદ્રો તરફ તિરસ્કાર દ્રષ્ટિથી જોતા હતા તેઓ યાને શુદ્ર બ્રાહ્મણ ક્ષત્રી અને વૈશ્યની ગુલામી કરે અને તે પણ જો ન મળી શકેતો હલકા પ્રકારનો ધંધો કરી પોતાનું ગુજરાન ચલાવે

પણુ તવંગર થઇ શકે નહિ. અને તેમનાથી તવંગર થઇ પણ શકાય નહિ. આ શુદ્ર ટોળકીને સંસ્કૃત કે જે ધર્મ ભાષા ગણાતી હતી તે શીખવા કે સાંભળવાનો અધીકાર ન હતો તેમની સાથે કોઇપણુ ભાષામાં વાતચીત કરવીજ જોઇતી હતી તેથી આ કામ માટે પ્રાકૃત ભાષાની ઉતપત્તી થઇ. આ શુદ્ર કોમ પ્રાચીન કાળથી જંગલી દશામાં ચાલી આવે છે તે બંગાલામાં સતલ, મધ્ય હીંદુસ્તાનમાં કોંડ, પંજાબમાં ગખ્ખર, મુંબઇ અને રાજપુતાનામાં ભીલ, દક્ષિણુ હીન્દુસ્તાનમાં તોદા, નાયર-તથા દક્ષિણુમાં ચમારના નામથી ઓળખાય છે. બ્રીટીશ સરકારના પ્રતાપથી આજે આ જંગલી કોમ સુધરતી ચાલી લશ્કરી ખાતામાં જોડાવા લાગી છે.

આર્ય લોકો જેમ જેમ હીન્દના વધુ પ્રાંતો જીતતા ગયા તેમતેમ તેમનામાં તવંગરી વધતી ગઇ. રફતે રફતે તકલ્લુફ અને એશો આરામમાં પણુ ઘણોજ વધારો થયો. જ્યારે તેઓ છેક બંગાલા સુધીનો આર્યાવ્રત જીતી ચુકયા તેટલા સમયમાં દેશના અનાર્યો બહુજ નિર્બળ સ્થિતિમાં આવી ગયા. હવે આર્ય લોકના ઘરમાં શ્રીમન્તાઇનો દેખાવ દ્રષ્ટિગોચર થવા લાગ્યો, દોલતની પણુ વૃદ્ધિ થતી જણુાવા લાગી રાજા મહારાજા ઉપરાંત અમીર ઉમરાવો પણુ માલેતુજાર થઇ ગયા વેપારીઓ પણુ પોતાના ધંધાને ખીલવી આસુદા બની ગયા.

મનું મહારાજે જે કાયદો ઘડયો છે તે તે સમય અને ત્યારપછીના કેટલાક સમય માટે બહુજ ઉપયોગી હતો. તેમાં લગ્ન સંબંધી ધોરણુ ઠીક જોવામાં આવે છે. સ્ત્રીઓને પોતાના ધણીના તાબામાં રહેવાની તાકીદ આપેલી છે. અને સાથેજ તેણીઓને ઘટતું છુટાપણું એનાયત કરવામાં આવ્યું છે. તોપણુ તેના અનેક ધોરણો મનુષ્ય જાતીના હકોને બંધ બેસતા નથી.

મનુસ્મૃતિમાં બ્રાહ્મણોને પોતાની વયના ચાર વર્ગ કરવા હુકમ છે. પહેલો વર્ગ કે જે બાલ્યાવસ્થાનો છે. તેમાં વિદ્યા સંપાદન કરે અને

બ્રહ્મચર્ય પાળે, બીજો વર્ગ કે જે ગૃહસ્થાશ્રમને છે તેમાં પોતાની સ્ત્રી સાથે રહે અને બ્રાહ્મણોની મામુલી ફરજો બજાવે. ત્રીજા વર્ગમાં સંસાર ત્યાગી જંગલમાં જઇ સખ્ત તપશ્ચા કરવાને હુકમ છે, ચોથા વર્ગમાં જાહેરી શરીયતની કાંઇ અગત્ય માનવામાં આવી નથી માત્ર ધ્યાન ધ્યાનમાં લીન રહેવું પડતું હતું.

આ સમયમાં હુન્નર રોજગાર જમાના પ્રમાણે ઠીક હતો. સારો નહતો તો ખરાબ પણ નહતો. પુરાણિક પુસ્તકોમાં સુતાર, લુહાર, સોની, ખરાતી, ચીત્રકાર આદિ નામો જેવામાં આવે છે તેથી આ કામની જમાના પુરતી આવડત આ સમયમાં હતી એ નિર્વિવાદ છે.

હીન્દુઓને હીકમત તથા ફીલસુફીને પણ સારો શોખ હતો. અને તેમની અસર પ્રજાપર ઠીક થઇ હતી. અને બૌધમતની ઉતપત્તિનું મુખ્ય કારણ આ અસરજ હતી લડાઇના મેદાનમાં અર્જુનને સંબોધી શ્રી કૃષ્ણે જે જ્ઞાન સંભળાવ્યું છે તેના વિચારો આજે પણ ઘણા વખણાય છે અને તેથી પ્રજાનો ચોકસ વર્ગ વિદ્યામાં ઘણો ઉંડો ઉતર્યો હતો એમ માનવા સબળ કારણ છે. તેમનામાં શાસ્ત્રના છ વિભાગ કરવામાં આવ્યા છે. કપીલનું સાંખ્ય શાસ્ત્ર, પાતંજલીનું યોગ શાસ્ત્ર ગૌતમનું ન્યાય શાસ્ત્ર, કેનાડનું શકશાસ્ત્ર, જય મુનીનું પૂર્વ મીમાંસા અને છઠું વ્યાસનું ઉત્તર મીમાંસા. આ છ શાસ્ત્રો જોટલાં તો ખેડાએલાં હીન્દુઓ જણાવે છે કે તેમાંનાં એક એક શાસ્ત્રના પૂર્ણ જ્ઞાન માટે ચાલીસ ચાલીસ વર્ષનો અભ્યાસક્રમ રાખવામાં આવ્યો છે.

પ્રકરણ ૩ જું.

હીન્દુ ધર્મો.

ધર્મ ઈશ્વર પ્રેરિત છે—ધર્મની માન્યતા લગભગ કુદરતી જેવીજ જેવામાં આવે છે. જેમ મનુષ્ય માત્રમાં હમદર્દી, મહોબત,

બદલો લેવાની ઇચ્છા, સ્વાર્થ, મનકામના ઇત્યાદિ ઇત્યાદિ ઉભરાઓ જોવામાં આવે છે તેમ ધર્મ પણ મનુષ્ય માત્રમાં ગમે તેવા સ્વરૂપમાં દ્રષ્ટિગોચર થાય છે. આ ઉપરથી તે કુદરતી હોય તેવું જણાય છે. પરંતુ કાંઇ સઘળા મનુષ્યોનો એક સરખોજ ધર્મ હોવો જોઇએ તેની કાંઇ જરૂર નથી. જેમ દરેક મનુષ્યનો દેખાવ, અવાજ, પ્રકૃતિ, વિચારો અને બીજી અનેક કુદરતી બાબતોમાં એકતા નથી તેમ ધર્મ મતમાં એકતા થવી અશકય છે,

આ માટેનું એક સ્પષ્ટ દ્રષ્ટાન્ત એમ આપી શકાય કે મનુષ્યોને જીવતા રહેવાને ખાવા, પીવા તથા ટાઢ તડકાથી પોતાનું રક્ષણ કરવા ની જરૂર છે. આ માટે કુદરતે સઘળી સામગ્રી તૈયાર કીધી છે. પરંતુ આ સઘળી સામગ્રી આલા દરજ્જાની હોવી જરૂર નથી સાદો ખોરાક રહેવાને ઝુંપડું અને પહેરવાને ઝાડોના પાતરાં પુરતાં છે. અને આ સઘળું કુદરતે મોજુદ રાખેલું છે. અને તેટલા પરથી કુદરતની ફરજ પુર્ણ થાયછે. એટલે સાદી સામગ્રીઓ મનુષ્યોની કુદરતી હાજતો બર લાવવા પુરતી છે. ઉપરાંત જુદા જુદા સ્વાદિષ્ટ ખાણાં, પીણાં, આલીશાન મહેલો, બાગ બગીચા, કીંમતી વસ્ત્રો અને બીજી અનેક વસ્તુઓની ગેરહાજરીથી મનુષ્યો પોતાનું જીવન ટકાવી શકે છે. તેવીજ રીતે ખુદાની હસ્તીનો સ્વીકાર, બંદગી તરફ વલણ, કીયામતનો ખ્યાલ, કર્મના બદલાની ખાત્રી, આ વસ્તુઓ ધર્મ માટે ખાસ ફરજીયાત હતી તે મનુષ્ય માત્રમાં કુદરતી ધોરણે મોજુદ છે. કાંઇ અમુક કોમ યા ફીરકાની આવશકતા નથી.

જુદા જુદા ધર્મના પુસ્તકોના અભ્યાસથી ધર્મ એ ઇશ્વર પ્રેરીત હોવાનું જણાય છે. હીન્દુઓ વેદને, ઇસલામીઓ કુરાનને, ખ્રીસ્તીઓ બાયબલને, યાહુદીઓ તૌરેતને આકાશ વાણી ગ્રંથો માને છે. જંગલીમાં જંગલી મનુષ્યની સામે તેના બોલની સત્યતાની માગણી કરતાં તે પોતાની એક આંગળી ઉંચી કરી એમ ઇશારો કરેછે કે હું કદાચ જુઠું બોલતો હોઇશ તો તે ખુદા જુએ છે. અને તે જુઠાપણાનો

બદલો મને ભોગવવો પડશે સૃષ્ટીની રચના, તેની અલૌકિક વસ્તુઓ પુર્ણ પણ હમેશાં અપુર્ણું સ્થિતિમાં જોવામાં આવતું સાયન્સ તથા બીજી અનેક બાબતો એક કર્તા તરીકેનો વિચાર ઉતપન કરી આપવા પુરતી છે.

વેદ ધર્મ—આવી ઇશ્વર પ્રેરીત ધર્મ ભાવનાને લઇ જુદી જુદી કોમોમાં જુદા જુદા ધોરણે ધર્મ વાડાઓ બંધાયા હીન્દુઓ મધ્ય એશીયાનું વતન તજી પંજાબમાં આવી વસ્યા ત્યારે તેઓ સમયના પ્રમાણમાં ડાહ્યા, સમજુ અને બળવાન હતા. આ વખતે તેઓ ધર્મની માન્યતા પણ ધરાવતા હતા. અનાર્યોને મારી હઠાવવાના કામમાં સેંકડો વર્ષો લગી રોકાઇ રહેવાના કારણે તેઓ ધર્મ તરફ વધુ લક્ષ આપી શક્યા નહિ; પણ જ્યારે તેઓ અનાર્યો સાથેના ઝઘડાથી પરવાર્યા અને પોતાનું રાજ્ય બંધારણ થયું ત્યારે તેમનું લક્ષ ધર્મ સુધારણ તરફ વધુ ખેંચાયું. અને વેદ નામના પ્રખ્યાત પુસ્તકો રચ્યાં.

વેદ ચાર છે; ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અને અથર્વવેદ. પ્રત્યેક વેદના ત્રણ ત્રણ ભાગો છે મંત્ર, બ્રાહ્મણ અને ઉપનિષદ. વેદના એકત્ર મંત્ર સમુહને સંહિતા કહે છે. મંત્ર અને બ્રાહ્મણને શ્રુતિ કહેછે કવચિત્ કવચિત્ ઉપનિષદોને પણ એજ નામ દેવામાં આવેછે.

વેદના મંત્ર નામના ભાગમાં અનેક દેવતાઓની સ્તુતિ અને પ્રાથના કરેલી છે. એ મંત્રો કાવ્ય રૂપે રચવામાં આવેલા છે. ઋગ્વેદના મંત્રોને ઋચા એવું નામ આપવામાં આવ્યું છે. સ્તોત્રોને સૂક્ત કહે છે.

બ્રાહ્મણમાં વૈદક યજ્ઞને બદલે મંત્રનો અને સ્તોત્રનો ઉપયોગ કેમ કરવો એ વિષેના નિયમો, યજ્ઞની ઉત્પત્તિ, તેના અર્થ અને તે, સબંધીની કથા અને ઉદાહરણ ઇત્યાદી છે. જેમ યાહુદી લોકોના જુના કરારને સંબધે તાલમુદ ગ્રંથ છે, તેમજ આ વૈદિક લોકોનો બ્રાહ્મણ ગ્રંથ જાણવો. એના વિધિ અને અર્થવાદ એવા બે ભાગ છે.

ઉપનીષદ એ બ્રાહ્મણોએ રચેલાં પરિશિષ્ટ રૂપ ગ્રંથો છે. અને તેનો હેતુ વેદના ગુહાર્થ કરવાનો છે

સર્વ વેદોમાં ઋગ્વેદ પેહેલો હોઇને તે ઘણો પ્રાચીન છે તેમાં ૧૦૧૭ સુક્ત અગર્વા સ્તોત્ર છે. એ વેદની રચના ઈ. સ પૂર્વે ૧૫૦૦ વર્ષ ઉપર થઇ એવું કેટલાક પાશ્ચિમાત્ય વિદ્વાનો અનુમાન કરે છે.

યજુર્વેદમાં યજ્ઞને ઉપયોગી એવો ઋગ્વેદમાં કેટલોક ભાગ લીધોછે. એનો મુખ્ય વિષય યજ્ઞ અને યજ્ઞ સંબંધીના મંત્રો છે. એમાં અગ્નિષ્ટોમ, રાજસૂય, પુરૂષમેધ, પિતૃમેધ એવા અનેક પ્રકારના યજ્ઞો કરવાની વિધિ, પદ્ધતિ, અને ક્રિયા દર્શાવવામાં આવી છે.

સામવેદમાં પણ સોમની સ્તુતિ કરવા સારૂ ઋગ્વેદમાંથી પુષ્કળ ભાગ જુદીજ રીતે રચેલો છે. એમાં " સોમ " નામની વલ્લીની પુષ્કળ સ્તુતિ કરવામાં આવી છે.

અથર્વ વેદ એ સર્વ વેદ પછીનો છે. એમાં પણ ઋગ્વેદમાંના ઘણા મંત્રો છે; વળી કેટલાક નવીન વિષયો પણ છે ભૂત, પિશાચ ઇત્યાદિની બાધા અને બીજાં અરિષ્ટો દુર કરવા તથા શત્રુ ઉપર અરિષ્ટો આણવાના મારક મંત્રોનો આ ગ્રંથમાં સંગ્રહ છે.

વેદના દેવો, પુરાણના દેવોથી ભિન્ન છે. ઇંદ્ર. અગ્નિ, અને સૂર્ય એ વૈદિક દેવોમાં મુખ્ય છે. વેદમાં એકંદર ૩૩ દેવો છે. એ શિવાય યજ્ઞના પશુ અને યજ્ઞ સંબંધી અનેક ઉપકરણોને પણ એમાં દેવતા દાખલ માનેલા છે યજ્ઞનો ઘોડો, સોમવલ્લી, યજ્ઞનાં પશુ. બાંધવાના સ્થળ, એ સર્વેને દેવતા તરીકે માની તેનાં સ્તોત્ર રચવામાં આવ્યાં છે. ઉષા અને પૃથ્વીને દેવીઓ માનવામાં આવી છે.

આ દેવોની ભક્તિ યજ્ઞદ્વારે કરવામાં આવે છે. યજ્ઞમાં બળદ, ગાય, ઘોડા, મેંઢા. બકરા વિગેરે પશુઓને અર્પણ કરવામાં આવે છે. એજ મુજબ ઘી આદિ પદાર્થોની અગ્નિને આહુતિ આપવામાં આવે છે.

વૈદિક દેવોને સોમરસ અતિશય પ્રિય હતો, એવું તેના ભક્તો સમજે છે. એ રસ સોમ નામની વલ્લીમાંથી કાઢી, તે દેવને અર્પણ કરી પોતે પણ પીતા. એ સોમરસ માદક હતો. સોમરસની વેદમાં અત્યંત સ્તુતિ કરવામાં આવી છે; તે એટલે સુધી કે તેને "દેવોનો પિતા" (पिता देवानां), "જગતના પ્રથમ વિધાતા" (प्रथमे विधर्मन), બુદ્ધિ, આકાશ, પૃથ્વી, અગ્નિ, સૂર્ય, ઇંદ્ર, અને વિષ્ણુનો એજ જનિતા એટલે પિતા. તેને "જગતનું મન" એમ પણ કહે છે. "અમે સોમરસ પ્રાશન કરનારા હતા અને તે વડે અમરત્વ પ્રાપ્તિ કીધી. વળી અમે સ્વર્ગ પ્રત્યે પહોંચ્યા, સ્વર્ગીય શીજોને પિછાણતા થયા. શત્રુ અમને શું કરશે ? અમરત્વનો શું ક્ષય કરશે ?" (ઋ. ૮. ૪૮. ૩.)

સામવેદમાં સોમની સ્તુતિ આ પ્રમાણે કરવામાં આવેલ છેઃ—

सोमः पवते जनिता मतीनां जनिता दिवो जनिता पृथिव्याः ।
जनिताग्नेर्जनिता सूर्यस्य जनितेंद्रस्य जनितोत विष्णोः ॥

અર્થ—સોમ પવિત્ર કરે છે બુદ્ધિનો ઉત્પન્ન કરનાર, આકાશ, અગ્નિ, સૂર્ય, ચંદ્ર, ઇંદ્ર, એનો ઉત્પાદક છે; વળી તે વિષ્ણુનો ઉત્પાદક છે.

વૈદિક દેવોની પ્રાર્થના અને સ્તુતિ.

વરૂણદેવીની પ્રાર્થનાઃ—"હે વરૂણ ! ઉત્તમ ધ્યાન ધરનારા અને અહોનિશ સ્તુતિ કરનારા જે અમે, તે તારી સેવામાં સૌભાગ્ય સંપન્ન રહિયે એવું તું કર" (ઋ. વે. અ. ૨. સૂ. ૨૦).

અગ્નિની સ્તુતિઃ—અગ્નિને "આકાશનું મસ્તક," "અન્નપતિ," "દેવતાઓનો દૂત" અને "દેવતાઓની જીભ્હા" એમ કહેલ છે. સામવેદના આદિ મંત્રોમાં પ્રથમ તેની સ્તુતિ છે હમણાં જેમ કોઈ પણ ધર્મકાર્યારંભે ગણપતિની સ્તુતિ કરવામાં આવે છે તેમજ પ્રથમ

અગ્નિની કરતા હતા "અગ્નિ યજ્ઞનો વિજ્ઞાન યુક્ત હોતા ને પુરોહિત છે. તે યજ્ઞને અનુક્રમથી જાણે છે. તે અમર્ત્ય, હવ્યવાહક, સકામ, અને પ્રિયાગ્ન દૂત છે. અગ્નિ બુદ્ધિમાન છે" (સૂ. ૧૧).

ઇંદ્ર અને અગ્નિની પ્રાર્થના—"હે પ્રબળ, હે શક્તિમાન ઇંદ્ર, તું મહાન છે. તું પોતાના બાહુબળવડે બીજાને પરાભવ પમાડનારો છે. સકળ ભુવનનો તું એકલો અધિરાજ છે" (एको विश्वस्य भुवस्य राजा) (મં. ૩. અ ૪.) "હે ઇંદ્રાગ્નિ, સ્તોત્રથી ગાએલા આ રસ પ્રત્યે તમે આવો. અમારી ઉપાસનાવડે આવેલો સોમ તે લ્યો" "હે ઇંદ્રાગ્નિ, આ સ્તુતિનો અર્પણ યોગ્ય અને ચૈતન્યકારક સોમ તમારી બન્નેની પાસે મળી જાય છે. તમે આ સ્તુતિના યોગને લીધે સોમ સ્વીકારો" (સૂ. ૧૨).

સૂર્યની સ્તુતિઃ—"હે દેદીપ્યમાન સૂર્ય, તું શ્યામ વસ્ત્રો તજી પ્રકાશ વસ્ત્રો પ્રસારે છે. અત્યંત વહન સમર્થ ઘોડાઓને યોગે જાય છે. સૂર્યના કિરણો અંતરિક્ષમાં અંધકારને, ચામડાંને જેમ ચીરી ફેંકી દે તેમ ફેંકી દેછે." આધારહીન અને બંધનહીન તે નીચે આવતાં ને ઉપર જતાં પડી કેમ જતો નથી? તે કોની શક્તિવડે ચાલે છે? કોઇએ નિહાળ્યું છે?" લોકોના સ્તંભ સ્વર્ગ શિખર સહ એકત્ર થઇને તેનું સંરક્ષણ કરે છે." (ઋ. અ. ૩. સૂ ૧૩).

સોમ અને પૂષાની સ્તુતિઃ—"હે સોમ અને પૂષા, તમે સંપત્તિના ને પૃથ્વીના પિતા છો. તમે સકળભુવનના સંભાળ કરનારા છો." "એ બંને દેવતાઓ ઉત્પન્ન થતાંજ તેનું સેવન બીજા દેવતાઓએ કર્યું વળી તેઓને માટે ઇંદ્રે બાળક ગાયના અંગમાં દુધની ઉત્પત્તિ કરી." "તમારામાંના એકે સકળ ભુવન ઉત્પન્ન કર્યું. બીજો સકળ ભુવનને સંભાળે છે. હે સોમ અને પૂષા! તમે અમારી સ્તુતિ સ્વીકારો કે જેને લીધે અમે તમારા યોગથી તમામ સૈન્યને પરાભવ પમાડીએ." "સૂ-

સંવ્યાપી પૂષા ! અમારી ઉપાસના સફળ કરો. સંપત્તિના પતિ સોમ, સંપત્તિ દો. અપ્રતિહ, અદિતિ દેવી અમારૂં રક્ષણ કરો; અને શૌર્યવાન પુત્રો તથા પૌત્રો સહિત અમે યજ્ઞમાં મોટી સ્તુતિ કરીએ એવા દો. ” (ઋ. અ. ૨. સૂ. ૪૦)

વૈદિક દેવતાઓની મુર્તિ કરવામાં આવતી નહોતી.

વૈદિક દેવતાઓની પ્રાચીન કાળના ઋષિઓ મુર્તિ કરતા નહોતા. કેવળ તે દેવતાઓને આમંત્રણ કરવાથી પોતાને ઘેર આવે છે એમ કલ્પના કરીને તેને હવ્ય અર્પણ કરતા. ઉદાહરણઃ- હે ઇંદ્ર ! આવ, બેસ આ તાજો સોમરસ છે તે પી ” એવીજ તેઓનાં આમંત્રણની રીતી હતી. તે ગુઠણભર થઇનેજ તેઓની સ્તુતિ કરતા “ હે ઇંદ્ર વરૂણ! ક્ષેમ સંપાદન કરવાનું હોય ત્યારે અમે તને ગુઠણભર થઇને યાચીએ છીએ. ” (ઋ ૭. ૮૨. ૪. ૨૯૩).

યજ્ઞનું અન્ન ભક્ષણ કરીને દેવતાઓ પ્રસન્ન થતા એવીજ કલ્પના કરીને તે ઋષિઓ બેઠા હતા એમ નથી. પણ તેણે કરીને કેફ ને બળ મળે છે ને શત્રુ સાથે યુદ્ધ કરવા તથા તેને પરાભાવ પમાડવાનું સામર્થ્ય આવે છે એમ માનતા હતા “ સોમ ઇદ્રને સહાય કરે છે ને કેફ આણે છે. ” (ઋ. ૧. ૧. ૪. ૭.)

યજ્ઞની આહુતિ આપવાની ચીજોમાં ઘી અને સોમરસ દેવતાઓને અતિ પ્રિય હતાં એમ તેઓ માનતા. “ હે દેદીપ્યમાન અગ્નિ, તારા ઉપર ઘી નાખતાંજ તું ઉતર દે છે; એટલા માટે તું સર્વ રાક્ષસ અને અમારા શત્રુઓ ખાખ કર ” (ઋ અષ્ટ. ૧. અધ્યા. ૧.) અમારૂં દૂધ, ઘી પ્રમાણે ચીકણું છે. ” “ આ સોમરસ સફેદ, શુધ્ધ, કેરી, ને પ્રબળ છે. ” (ઋ, ૨. ૧. ૧૩૪. ૫.)

વેદની ભાષા કોઇપણ સમયમાં પ્રચલિત થઇ નથી આજ કેટલાકો જે સંસ્કૃત ભાષા જાણે છે તેનાથી તે કાંઇ જુદાજ પ્રકારની છે.

વેદની ભાષા વિદ્વાન બ્રાહ્મણોના હાથથી બહુજ ખેડાઇ છે. તેમાં અંતરાર્થનું ધોરણ પ્રબળ છે. એક શબ્દ કે જેના અનેક અર્થો અને ભાવાર્થો કરી શકાય તેમ વેદના ફકરાઓના અર્થો દરેક જુદા જુદા કરે છે. એકસહા નિર્ણયપર કદીપણ આવી શકાય તેમ નથી. આવા કારણને લઇ તે બહુજ થોડા વર્ગમાં સંકોચાઇ ગયા છે. આજે બ્રાહ્મણોની વસ્તીમાં એકાદ વેદ જાણનાર મળી આવે છે.

વેદોમાં ઇશ્વર એક નિરંજન, નિરાકાર, સર્વ શક્તિવાન માન્યો છે. ઇશ્વર સત્ય અને જગત મીથ્યા એ વેદનો મુદ્રાલેખ છે જગતમાં જે કંઇ છે તે ઇશ્વર છે. દરેક વસ્તુમાં તેજ વ્યાપ રહ્યો છે. ઇશ્વર સિવાય જગતમાં કશુંએ નથી. દરેક આત્મા ઇશ્વર છે જ્યાં જોઇએ ત્યાં ઇશ્વર ઇશ્વર છે.

અહં:બ્રહ્મ યાને અનલ હક (હુંજ ખુદા છું) ની માન્યતા સબળ માનવામાં આવી છે. આત્મામાં જેટલા પ્રમાણમાં શુદ્ધતાઇ તેટલા પ્રમાણમાં તે ઇશ્વરજ છે. તે સંપૂર્ણ શુદ્ધતાઇ મેળવતાં ઇશ્વર સાથે મિશ્ર થઇ જાય છે. શમ્શ તબ્રેજ, મનસુર અને મોલાના રૂમની માન્યતા આ મતને મળતીજ છે.

આત્માઓ ઇશ્વરનોજ અંશ છે અને તે મરતો નથી. મનુષ્યો પોતાના કર્મોને લઇ લક્ષચોર્યાસી ફેરા ફરતા રહે છે અને કર્માનુસારે મોક્ષ પ્રાપ્ત કરે છે.

લોકોમાં રોજીંદી કર્મજાળ વધતી ચાલી. ઉઠવા, બેસવાના, સુવાના તથા બીજા દરેક કામના મંત્રો થઇ ગયાં. લોકોમાં તત્વજ્ઞાનનો પ્રવાહ વધતો ચાલતાં અને બ્રાહ્મણોની પોપલીલાથી સુક્ષ્મ બુદ્ધિના વિદ્વાનો તત્વજ્ઞાનમાં ઉંડા ઉતર્યા. અને કેટલાકોએ કર્મજાળને વૃથા ગણી શાન્તીથી મોક્ષ માન્યો.

લોકોમાં કર્મજાળની કડાકુટ બહુ વધી ગઇ હતી બ્રાહ્મણોની પોપલીલાથી સમજુ વર્ગને બ્રાહ્મણો તરફ અભાવ થતો ચાલ્યો હતો. બ્રા-

બ્રહ્મણો પણ પોતાનું ગુરૂદેવપણું જાળવી રાખવા અનેક પ્રયત્નો કરતા હતા. તકરારોનો વેગ કોઇથી અટકાવી શકાય તેમ નહોતો તેમજ વર્ણાશ્રમના ધોરણે સામાન્ય ધર્મની આવશ્યકતા સામે ખડી થઇ હતી. પરિણામે બ્રાહ્મણોની સત્તા તોડી સામાન્ય ધર્મ રજુ કરનાર મહાત્મા ગોતમ બોદ્ધની ઉતપત્તી થઇ.

બૌધ ધર્મ—ઇ૦ સ૦ પૂર્વે ૫૮૦ વર્ષપર ગોરખપુરના શાકયવંશી રાજાને ઘેર ગૌતમ બુદ્ધનો જન્મ થયો. તે ક્ષત્રી તથા રાજાનો કુંવર છતાં ધર્મમાં માથું ઘાલી વિદ્યાભ્યાસમાં ઉતર્યો. હજુ તેની વય પુરી યુવાવસ્થાએ પણ નહોતી પહોંચી તેટલામાં તે સાધુ બની બ્રાહ્મણોનો ચેલો થઇ ગયો. અને રાત્રી દિવસ જંગલમાં તપશ્ચા કરવા લાગ્યો. તેણે બૌદ્ધ નામનો નવો ધર્મ ચલાવ્યો આજે દુનિયાનો ત્રીજો ભાગ આ ધર્મને માને છે.

તેણે પોતાના ધર્મ મતમાં ઇશ્વરની માન્યતાનું ટીખળ કહાડી નાખ્યું. જગત કેમ થયું ? કોણે રચ્યું ! જીવ શું છે ! એવી તકરારોમાં તે ઉતર્યો નહિ. તેણે એમ પણ જણાવ્યું કે ઇશ્વરને માનવા ન માનવામાં કશો લાભ નથી. આવી માન્યતા ઉપરાંત એમ પણ જણાવ્યું કે સઘળા મનુષ્યો એક સરખાં છે. વર્ણાશ્રમની કાંઇ જરૂર નથી. દુનિયાના વૈભવોને તજવાથી મુકિત મળી શકે છે. સત્યતા શુદ્ધતાઇ ઇમાનદારી અને આખી આલમ સાથે ભલાઇથી વર્તન ચલાવવું. બૌદ્ધ મતના લોકોની મુખ્ય ઇચ્છા એ હોય છે કે નિર્વાણ પ્રાપ્ત કરવું યાને ફના થઇ જવું. તેઓ પુનર્જન્મને માને છે અને કર્મ પર આસ્થા રાખે છે.

બોદ્ધની હયાતીમાંજ ઉત્તરે બહાર અને તેની આજુબાજુએ તેનો ધર્મ સ્વીકાર કીધો ઉત્તરે બહાર અને તેની આસપાસથી આગળ વધી આ ધર્મ હીન્દના બીજા ભાગોમાં ઝડપથી ફેલાતો ચાલ્યો. રફતે રફતે તીબેટ, બ્રહ્મા, સીયામ, સીહંલદીપ અને ચીનમાં પ્રસરી ગયો

બોદ્ધના મૃત્યુ પછી તેના અનુયાયીઓએ જુદા જુદા સમયમાં ત્રણ જનરલ સભાઓ ભરી હતી. અને દરેક સભા વખતે એક એક ઉમદા ધર્મ પુસ્તક રચ્યું હતું. રાજા અશોકે બોદ્ધ ધર્મને રાજ્યધર્મ સ્વીકાર્યો હતો.

બોદ્ધ મતનો પ્રચાર લગભગ ઇ○ સ○ પૂર્વે ૫○○ થી ઇ○ સ○ ૭○○ સુધી યાને ૧૩○○ વર્ષ સુધી હીન્દમાં ચાલુ રહ્યો તે દરમ્યાન ઘણા રાજા મહારાજાઓ આ ધર્મમાં શામેલ થયા. ચંદ્રગુપ્તના પૌત્ર અશોકે આ ધર્મને ઘણી સહાયતા આપી. બૌધમતના આવા બળવાન હુમ્લાથી બ્રાહ્મણી ધર્મને ઘણું નુકસાન પહોંચ્યું તથાપિ તે બીલકુલ નાબુદ થઇ શક્યો નહિ. મુરીયા વંશ કે જેમાં અશોક હતો તેનું રાજ્ય નબળું પડતાં બ્રાહ્મણી ધર્મમાં સજીવનપણું આવવા લાગ્યું. કનોજના રાજાએ તો બૌદ્ધ મત સ્વીકાર્યોજ નહોતો. રફતે રફતે આસપાસના લોકો અને રાજાઓ અસલ ધર્મ તરફ ઢળવા લાગ્યા. અને છેવટે તે હીન્દમાં ફેલાઇ ગયો. આજે હીન્દમાં બૌધ મતના લોકો બહુજ થોડા જોવામાં આવે છે.

જૈન મત આ મત સાથે મળતો છે. તે પણ કર્તાનો અનાદર અને વેદ સાથે વેર રાખે છે. પોતાના ધર્મના મહાત્મા પુરૂષોની પ્રતિમાઓ કરી તેની પુજા કરે છે. તેનો એક પક્ષ મુર્તિપુજાને ધીક્કારે છે. બૌધ અને જૈન બંન્ને મતવાળા કર્મ માને છે જૈન મત અહિંસા માટે બહુજ ઉંડા ઉતર્યો છે.

બૌદ્ધ તથા જૈન મતના સમયમાં હીન્દુ રૂષીઓની તર્કશક્તિ વિકાસ પામી હતી. ન્યાય, વિશેષક, સાંખ્ય, યોગ, પૂર્વ અને ઉતર મીમાંસા એમ છ શાસ્ત્રો રચાયાં. ન્યાયશાસ્ત્રનો મત એવો છે કે તત્વજ્ઞાન થવું એજ મોક્ષ. ન્યાય અને વિશેષક બંન્નેનો મત એવો છે કે વિશ્વોતપતિ અતિ સુક્ષ્મ પરમાણુંથી થઇ છે અને તે પરમાણુંઓનો પ્રેરક ઇશ્વર છે. જ્યારે ઇશ્વરકૃપાથી તત્વજ્ઞાન થાય અને

જીવનો જે દુખ ધર્મ છે તેનો અત્યંત અભાવ થઇ જાય ત્યારે મોક્ષ મળે છે. સાંખ્યવાળો કહે છે કે પદાર્થોમાં સૃષ્ટિ ઉત્પન્ન કરવાની શક્તિ હેવાથી પદાર્થો પોતાના સમર્થથી ભિન્ન ભિન્ન રૂપે બને છે. તેણે ઇશ્વરને માન્યો નથી. પુરૂષ અનંત માન્યા છે. કપીલ કહે છે કે નિરંતર પ્રકૃતિમાં બંધાઇ ગયેલા પુરૂષને મોક્ષ સંભવનો નથી. માટે પુરૂષને મોક્ષ બુદ્ધિ આપનાર જ્ઞાનવાન, નિત્ય, શુદ્ધ, એવા એક ઇશ્વરની જરૂર છે. પાતંજલી કહે છે કે મોક્ષ ઇશ્વર કૃપાથી થાય તેની પ્રાપ્તિ માટે પુરૂષને યોગ સાધવાની જરૂર છે ચિત્ત વૃતિનો નિરોધ કરવો તેજ યોગ. તેથી પ્રવૃતિ શાન્ત થાય એવું નામ મોક્ષ પૂર્વ મિંમાસાનો કર્તા જયમુનિ કહે છે કે વેદધર્મ સાધવાથી સ્વર્ગ મળે. સ્વર્ગ તેજ મોક્ષ ઉત્તર મિમાંસાના કર્તા વ્યાસમુનિ અદ્વૈત મતને પ્રાધાન્ય સ્વીકારે છે.

બૌધ અને જૈન લોકોની કથાઓમાં વાર્તાઓ ઘણી હોય છે. વાર્તાના દ્રષ્ટાન્તો અસરકારક અને રસીક હોય છે તેથી મોટા ભાગને આ માર્ગે ઢળવાનું કારણ થઇ પડયો હતો. લોકો ધાર્મિક બાબતમાં વાર્તાઓ તરફ આમ અહળક ઢળતા જોઇ બ્રાહ્મણોને તેજ માર્ગ ગ્રહણ કરી પોતાનો પક્ષ જાળવી રાખવા પ્રયત્ન કરવો પડયો અને પુરાણ નામના ગ્રંથો રચ્યા. બૌધ મતના ધર્માચાર્યોએ પોતાના મંદીરમાં પ્રતિમાઓ સ્થાપિ તેની દેખાદેખી બ્રાહ્મણોએ પણ મુર્તિ પુજાનું ધોરણ દાખલ કીધું. મુર્તિ પુજાની શરૂઆત બૌધ મતથી જણાવવામાં આવે છે પણ વેદોમાં દેવદેવીની માન્યતા એટલા બોહોળા પ્રમાણમાં જોવામાં આવે છે કે જેને લઇ ચોકસ માની શકાય છે કે બૌધ પહેલાં મુર્તિ પુજાની શરૂઆત થઇ ચુકી હતી.

વેદ ધર્મની પુનઃ સ્થાપના—જૈનમત પુર દમામથી ચાલી રહ્યો હતો તેવામાં શંકરાચાર્ય નામનો એક દીવ્ય પુરૂષ ઉતપન્ન થયો. તેણે જૈન મતને હઠાવી વેદમત પ્રચલિત કરવા ઘણા પ્રયત્નો કીધા.

તેણે ઉજ્જન-નગરીના રાજા સુધન્વાને જૈનમત છોડી વેદમતમાં દાખલ કરવા ઉપદેશ કર્યો. સુધન્વાએ જણાવ્યું કે જો તમો શાસ્ત્રાર્થ કરી જૈનમતને હરાવો તો હું તમારા મતમાં સામેલ થઇશ. છેવટે જૈન મતના અનેક પંડિતો ઉજ્જનમાં એકઠા મળ્યા અને શંકરાચાર્ય સાથે શાસ્ત્રાર્થ કીધો. પરંતુ શંકરાચાર્યની અન્તમાં યુક્તિ અને પ્રમાણથી જૈનિયોનો મત ખંડિત અને શંકરાચાર્યનો મત અખંડિત રહ્યો. આ ઉપરથી સુધન્વાએ વેદમતનો સ્વીકાર કીધો અને કેટલુંક સૈન્ય આપી ઠામેઠામ વેદમતનો પ્રચાર કરવા શંકરાચાર્યને રવાના કીધો. શંકરાચાર્યે યુક્તિ અને બળથી કામ લઇ વેદમતનો પ્રચાર કીધો. વેદમતના પુસ્તકોમાં લખ્યું છે કે શંકરાચાર્ય વેદમતનો પ્રચાર કરવામાં લિન હતો તેટલામાં બે જૈન કે જેઓ જાહેરમાં વેદમતના અને ગુપ્તમાં તેના કટ્ટા શત્રુ હતા તેણે લાગ જોઇ તેને ઝેર ખવડાવી દીધું. આથી શંકરાચાર્યની ક્ષુધા મન્દ થઇ ગઇ. પાછળથી શરીરમાં ફોલ્લા પડી થઇને છ મહિનામાં અંદર શરીર ફાટી ગયું. તેથી તેનું મૃત્યુ થયું. શંકરાચાર્યનો મત અદ્વૈત યાને જગત તથા ઇશ્વર ભિન્ન ભિન્ન હોવાનો હતો.

કાળાંન્તરે મત મતાન્તરો વધતાં ધર્મના અનેક ફાંટાઓ ઉપસ્થિત થયા વસ્તી થોડી અને દેવ વિશેષ. વેદ ધર્મમાંથી જુદી જુદી ત્રણ શાખાઓ નીકળી હતી. શિવમાર્ગ, વૈષ્ણવ માર્ગ અને શક્તિ માર્ગ. ખોજાઓ જ્યારે હીન્દુ ધર્મ તજી મુસલમાન મતમાં દાખલ થયા તે વખતે તે શક્તિમાર્ગમાં હતા; તેથી શિવ માર્ગ તથા વૈષ્ણવ માર્ગ સંબંધે હકીકત આપવાની મને કાંઇ આવશ્યકતા જણાતી નથી. શક્તિ માર્ગ શું છે ? તે આગળના કોઇ પ્રકરણમાં બતાવીશ.

પ્રકરણ ૪ થું.

ઈસલામ અને તેના સ્થાપક.

ખોજાઓ અસલ હીન્દુ હતા તેમનું મુળ વતન અસલથીજ હીન્દુસ્તાન છે. તેઓ હીન્દની મહા કીર્તિવંત ક્ષત્રિય નસલથી ઉતરી આવેલા છે. તેમને વેપાર વીગેરેમાં કેવા સંજોગો વચ્ચે જોડાવું પડયુ એ વીગેરે આપણે ગયા પ્રકરણોમાં જોઈ આવ્યા. હવે આપણે ઇસ-લામ તથા ઇસલામના સ્થાપક કે જેની સાથે ખોજાઓ ઇસ્લામી હોવાના કારણે સંબંધ ધરાવે છે તેને લગતી તવારીખ જાણવાની છે. ખોજા વૃતાન્તના કર્તા સુમારે આઠસો વર્ષપર અને ખોજા કોમનો ઇતિહાસના કર્તા સુમારે પાંનસો વર્ષપર ખોજાઓને ઇસલામ મતમાં લેવાનો પ્રયત્ન શરૂ થયાનું જણાવે છે ઘટતા પુરાવા સાથે મારૂં માનવું થયું છે કે ખોજાઓને ઇસલામ મત તરફ લાવવા માટે સાડા-આઠસો વર્ષપર પ્રયાસ શરૂ થયો હતો. તે પુરાવા તથા કોણના તરફ-થી તે પ્રયાસ શરૂ થયો હતો તેનું વર્ણન આગળના પ્રકરણોમાં આપીશ.

ઇસલામનું વતન—ખોજા કોમના બધાં ટોળાંઓ ઇસલામના અનુયાયીઓ છે ઇસલામની ઉતપત્તી મુળ અરબસ્તાનમાંથી થઇ હતી. આજથી પંદર–સોળ સૈકા પહેલાં આરબ પ્રજાની સ્થિતિ ઘણીજ દયાજ-નક હતી પ્રથમ તો તે દેશ તદન સુકો અને રેતાળ છે. ત્યાં પાણીની ઘણી અછત હોવાના કારણે ખેતીવાડી ઓછી થાય છે. બીજું તે બીજા દેશોથી તદન વિખુટો છે. મૌલાના હાલી તે વખતના અરબસ્તાનનું ચિત્ર નિચેના કાવ્યમાં ખેંચે છે.

અરબ જીસકા ચર્ચા હે યેહ કુચ્છ વોહ કયા થા,
જહાંસે અલગ એક જઝીરા નુમા થા.
ઝમાનેસે પૈવંદ ઉસકા જુદા થા,
ન ફીશાવર સતાં થા ન કીશવર કશાં થા.

તમદ્દુનકા ઉસપર પડા થા ન સાયા,
તરક્કીકા થા વહાં કદમ તક ન આયા.

ન આબો હવા ઐસીથી ફેહ પરવર,
કે કાબીલ હે પૈદા હોં ખુદ જીસસે જોહર.

ન કુચ્છ ઐસે સામાનથે વાં મયસ્સર,
કે જીસસે ખીલ જાએં દીલકે સરાસર.

ન સબ્ઝાથા સેહરામેં પૈદા ન પાની,
ફક્ત આબે બારાં પેથી ઝીન્દગાની.

ઝમી સંગલાખ ઓર હવા આતેશ ફેશાં,
લુકી લપટ ઓર બાદે સરસરકે તુફાં.

પહાડ ઓર ટીલે સરાબ ઓર બયાબાં,
ખજુરૂં કે ઝુંડ ઓર ખારે મુગીલાં.

ચલન ઉન્કે જીતનેથે સબ વેહશીયાના,
હરેક લુટ ઓર મારમે થા યગાના.

ફસાદુંમેં કટતાથા ઉનકા ઝમાના,
નથા કોઇ કનુનકા તાઝીયાના.

બોહથે કતલો ગારતમેં ચાલાક ઐસે,
દરીન્દે હોં જંગલમેં બેબાક જૈસે.

ન ટલતેથે હરગીઝ જો અડ બેઠતેથે,
સુલઝતે નથે જબ ઝગડ બેઠતેથે.

જો દો શખ્શ આપસમેં લડ બેઠતેથે.
તો સદહા કબીલે બીગડ બેઠતેથે,

બુલંદ એક હોતાથા ગર વાં શરારા,
તો ઉસસે ભડક ઉઠતાથા મુલ્ક સારા.

જો હોતીથી પૈદા કીસી ઘરમેં દુખતર,
તો ખોફે શમાતતસે બેરહેમ માદર.

ફીરે દેખીતી જબકે શૌહરકે તીવર,
કહીં ઝીન્દા ગાડ આતીથી ઉસકો જાકર.
વોહ ગોદ ઐસી નફ્રતસે કરતીથી ખાલી,
જને સાંપ જૈસે કોઇ જને વાલી.
જુવા ઉન્કા દીનરાતકી દીલલગીથી,
શરાબ ઉન્કી ઘુટ્ટીમેં ગોયા પડીથી.
તઅય્યુશથા ગફ્લતથી દીવાનગીથી,
ગરઝ ઉનકી હર તર્હ હાલત બુરીથી.
બસ ઇસ તરહ દસ ઉનકો ગુઝરીથી સદીયાં,
કે છાઇ હુઇ નેકીયું પરથી બદીયાં.

અરબસ્તાનની સત્તા જુદા જુદા લોકોમાં વ્હેંચાઇ ગઇ હતી જે લોકોના હાથમાં સત્તા હતી તે લોકો અન્યોઅન્ય એક બીજાના શત્રુ હતા. અન્યોઅન્ય લડાઇ તથા ટંટાનો બજાર તેજ રહેતો હતો. જુદા જુદા કબીલાનો સમુહ તેજ અરબસ્તાન હતું. આ સઘળા કબીલાઓ વચ્ચે પુર્ણ વેર હતું. નજીવા કારણથી મોટી લડાઇઓ ઉપસ્થિત થતી અને તે સેંકડો વર્ષો સુધી લંબાઇ લાખોના ખુન કરાવતી હતી આરબોમાં દરેક પ્રકારની અનીતિએ ઘર કીધું હતું શરાબ, જુગાર, બાળ હત્યા વીગેરે બાબતો તેમના માટે સાધારણ થઇ પડી હતી. સચ્ચાઇ. વિવેક, સુધારો તથા શાન્તી તેમનાથી સેંકડો માઇલ દુર હતી મુર્તિપુજા, ગર્વ, અદેખાઇ, વીગેરે બાબતોમાં તે સદા ડુબેલાજ રહેતા હતા. પ્રત્યાઘાતના નિયમ મુજબ હવે તેમની સ્થિતિમાં ફેરફાર થવાનો સમય આવી લાગતાં ઇસલામના સ્થાપક હજરત મહંમદનો જન્મ મક્કા શહેરમાં થયો. આ મહાપુરૂષે આરબ પ્રજાને પડતીના અઘોર ખાડામાંથી ખેંચી કહાડી સુધારાના શીખરપર ચડાવી આપી.

હજરત મહંમદ—ઉપર જણાવેલી હકીકતવાળા અરબસ્તાન દેશમાં મક્કા શહેર ઘણુંજ પ્રખ્યાત હતું કાબાના મંદિરની સ્થાપના ઇબ્રા-

હીમ નામના પેગંબરે કીધી હતી. આરબ લોકોએ તેમાં પાછળથી ૩૬૦ દેવોની મુર્તિઓ રાખી હતી અને સઘળાઓ દરવર્ષે એકવખત તેની પુજા કરવાને એકઠા થતા હતા. આ વાર્ષિક મેળો ઇસલામ ધર્મમાં હજના રૂપમાં ફેરવાઇ ગયો છે.

કાબાના મંદિરની રખેવાળીનો હોદો ઘણો માનવંતો ગણાતો હતો અને ઇ. સ. ની છઠ્ઠી સદીમાં તેની રખેવાળી કુરેશ કુટુંબના હાથમાં હતી. કુરેશનું કુટુંબ ઘણુંજ ખાનદાન ગણાતું હતું અને તેમાં પણ હાશમ કુળ ઘણુંજ શ્રેષ્ટ હતું. આવા શ્રેષ્ટ કુટુંબના નબીરા હજરત અબદુલાને ઘેર ઇ. સ. ૫૭૦ ના આગસ્ટ માસની તા. ૨૯ મીના રોજ ઇસલામના સ્થાપક હજરત મહંમદનો જન્મ થયો. હજુ તેમનો જન્મ નહોતો થવા પામ્યો તેટલામાં તેમના પીતા હજરત અબદુલા આ ફાની જહાનથી કુચ કરી ગયા.

જન્મ થયા બાદ પ્રથમ સુબીયા અને પાછળથી હલીમા નામની દાઇઓને તેમની પરવરીશ માટે આપવામાં આવ્યા જ્યારે તેઓ કાંઇક મોટા થયા ત્યારે તેમની માતા આમેનાએ તેમની પરવરીશનું કામ પોતાના હાથમાં લીધું. હજુ તેમની વય પુરા ૭ વર્ષની પણ નહોતી થઇ તેટલામાં તેમની માતા બીબી આમેના પણ મૃત્યુ પામ્યા. માતાના મૃત્યુ બાદ તેમની પરવરીશનું કામ તેમના દાદા અબ્દુલ મુતલીબે પોતાના હાથમાં લીધું. તેઓ ઘણાજ પ્રેમ અને ઉલટ સાથે તેમનાપર દરેક કાળજી ભરી નજર રાખતા હતા તવારીખ નવીશોએ તેમની વર્તનના સંબંધમાં જે લખ્યું છે તે પરથી જણાઇ આવે છે કે તેમનામા બાલ્યાવસ્થાથીજ દરેક સદગુણોએ વાસ કીધો હતો બાળ વયથીજ તેઓ સત્ય બોલનાર અને સદગુણી હતા. તેમની પ્રકૃતિમાં મનુષ્ય જાત પ્રત્યે ભલાઈ કુટી કુટીને ભરવામાં આવી હોય તેમ જણાતું હતુ તેઓ કોઇને દુખમાં સપડાએલો જોઇ શકતા નહિ. અનાથ બાળકોપર તેઓ બહુજ દયા કરતા હતા હજુ તેઓ નવ વ-

વંની ઉમરે આવ્યા તેટલામાં તેમના દાદા અબ્દુલ મુતલબ મરણને શરણ થયા. અબ્દુલ મુતલબે અંતકાળ વખતે પોતાના બેટા હજરત અબુ તાલેબને વસીયત કીધી કે આ અનાથ બાળકની પોતાના પુત્રો સમાન પરવરીશ કરજો. આ ઉપરથી તેમના દાદાની તેમના પ્રત્યે કેટલી મહોબત હતી તે જણાઇ આવે છે. અબદુલ મુતલબના મૃત્યુ બાદ તેમના કાકા હજરત અબુતાલેબ તેમના વાલી થયા આ ભલા કાકાએ પીતાની વસીયતને પુરતું માન આપી તેમની બરદાસ કરવામાં કોઇપણ બાબતની ખામી રાખી નહિ હજરત અબુ તાલેબ જો કે ખુદ બચ્ચાંવાળા હતા અને પૈસે ટકે તવંગર નહિ હતા તેથી હજરત મહંમદને કોઇ કોઇ વખતે તેમના ઘેટાં ચરાવવાનું કામ કરવું પડતું હતું. અબ્દુલ મુતલબની વફાતની થોડી મુદત બાદ હજરત અબુ તાલેબને પોતાનો માલ શામ તરફ વેચવા જવાની જરૂર પડી. આ સફરમાં તેઓ હજરત મોહંમદને પોતાની સાથે લઇ ગયા.

માર્ગમાં એક ખ્રીસ્તી દેવળના પાદરીએ હજરત મોહંમદના ચેહરા તરફ નજર કરી હજરત અબુતાલેબને કહ્યું કે અય શેખ તમોને મુબારક થાય કે તમારો આ પુત્ર મોટો અને બળવાન પૈગંબર થશે. આ એજ શખ્શ છે કે જેના માટે અમારા બાયબલમાં ભવિષ્ય વાણી ભાખવામાં આવી છે. સાથેજ તેણે એમપણ જણાવ્યું કે અય શેખ, આ પુત્રની બહુજ સંભાળ રાખજો કેમકે જો યાહુદીઓને ખબર પડશે તો તેઓ તેમને મારી નાંખશે આ ઉપરથી હજરત અબુ તાલબે તેમને પરત વતનમાં મોકલાવી આપ્યા.

તેમના દાદા તથા કાકાએ તેમની ઘણીજ મહોબતથી પરવરીશ કીધી પરંતુ તેમને કેળવણી આપવાનો ખ્યાલ આવી શકયો નહિ આ ઉપરથી તેઓ જાહેર લખવા વાંચવાની કેળવણીથી બેનસીબ રહ્યા પરંતુ ખુદાએ ગુપ્તવિદ્યાના ભંડારો તેમનાપર એવા ખોલી આપ્યા કે મોટા આલીમો અને મુજતેહદો કરતાં આપ આગળ વધી ગયા.

આજસુધીમાં હજારો અને લાખો આદમીઓએ તેમના શિક્ષણથી શિક્ષણ મેળવ્યું છે ઈસલામના શિક્ષણનો મુખ્ય મદાર તેમના શિક્ષણ પરજ અવલંબી રહેલો છે તેમનું અભણ રહેવું પણ તેમના માટે ફખ્રરૂપ થયું, અને તે એ બાબતની એક સંગીન દલીલ થઇ કે કુરાન આકાશી પુસ્તક છે

તેમની યુવાવસ્થા પણ બાલ્યાવસ્થાની પેઠે સદ્‌ગુણી અને પ્રકાશીત જાહેર થઇ છે. તેઓ કદીપણ મોજશોખની બાબતમાં જોડાતા નહતા. ખુદાતાલાની કુદરત અને ઉતપતીપર તેઓ વારંવાર વિચાર્‌ કરતા. મનુષ્ય જાતપર તેઓ હમદર્દી અને અનાથ બાળકો પ્રત્યે ઘણોજ ઉપકાર કરતાં તેમની સહનશીળતા, દયા, અકલમંદી અને સચ્ચાઇ દ્રષ્ટાન્તરૂપ થઇ પડી હતી. તેઓ દાનતના એટલા બધા સાચા હતા કે આરબોએ, તેમને **અમીન**નો ખેતાબ આપ્યો હતો સંગીન વખાણ એજ ગણાય કે જે શત્રુઓના મુખથી નીકળે. કાફર આરબોએ જે જગોએ તેમની નીંદા કીધી છે ત્યાં તેમના માટે **અમીન** અને સીદીક શબ્દો પણ વાપર્યા છે. વિશ્વાસુતો એટલા બધા હતા કે જે લોકો બહાર મુસાફરીએ જતા તો જોખમની વસ્તુઓ તેમને અમાનત તરીકે સુપ્રત કરી જતા. તેમની નીતિ તથા સચ્ચાઇના વખાણ સાંભળી એક શ્રીમંત બાઇએ પોતાની સ્ટેટના કારભારીની જગો આપી. તે ખાનદાન બાઇનું નામ બીબી ખદીજા હતું. તેણીએ પોતાનો પુષ્કળ માલ આપી વેપાર માટે તેમને શામ તરફ મોકલ્યા. અને જ્યારે તેઓ શામથી પરત આવ્યા ત્યારે તે ભલી બાઇએ તેમની સાથે પોતાના નીકાહ કીધા. આ વખતે તેમની વય ૨૫ અને ખદીજાની ૪૦ ની હતી ૨૫ વર્ષથી ૪૦ વર્ષની વય સુધીમાં તેઓ પોતાનો વધુ વખત બારીક વિચાર, પ્રાર્થના અને અનુભવમાં ગુજારતા હતા. આટલી વય સુધીમાં માત્ર બહુજ થોડા જાહેર પ્રસંગપર તેઓએ દેખાવ આપ્યો હતો.

એજ મુદ્દત દરમિયાન તેમણે આરબો સામે એક કબુલતનામું રજુ કીધું આ કબુલતનામામાં અપંગ, અનાથ વિધવા વીગેરેની મદદ કરવાનું અને મુસાફરો ભલે તે ગુલામ હોય કે આઝાદ તેમનું રક્ષણ કરવાનું જણાવવામાં આવ્યું હતું આ કબુલતનામાનો અમલ કરવાનું પોતેજ પહેલ કરી પોતાના ગુલામ ઝેદને મુકત કરી આપ્યો આ બનાવથી ઝેદને એવો સારો અસર થયો કે મુકત થઇ તેણે પીતા પાસે જવાનું સદાને માટે માંડી વાળ્યું અને હજરત મહંમદ સાથેજ રહેવાનું કબુલ્યું.

જ્યારે તેમની વય ૩૫ વર્ષની હતી ત્યારે આરબોએ કાબાના મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનું કામ હાથ ધર્યું. આ કામમાં તેમણે ઘણી સહાયતા આપી. મંદિરના બાંધકામ દરમિયાન એક એવો બનાવ બન્યો કે જેને લઇ આખું અરબસ્તાન લડાઇ અને ખુના મરકીમાં ઉતરી જવાની અણીપર આવી ગયું પરંતુ હજરત મહંમદની દાનાઇ અને સમયસુચકતાથી સઘળો મામલો સમાધાનપર આવી ગયો. ઝઘડાનું સ્વરૂપ એમ હતું કે હજરે અસવદ યાને પવિત્ર કાળો પથર તેના યોગ્ય સ્થળે કોણ જઇ મુકે. આ બાબતમાં સખ્ત ઝઘડો ઉપસ્થિત થયો. દરેક પક્ષ એમ ચાહતો હતો કે આ કામ અમોજ કરીએ આપે એમ ફડચો કીધો કે તે પવિત્ર પથ્થરને એક મોટી ચાદરની વચ્ચે મુકી સઘળા કબીલાઓના માણસોને ચારે તરફથી ઉંચકી યોગ્ય ઠેકાણે રાખવા જણાવ્યું. આ ફૈસલો સઘળાઓએ માન્ય રાખ્યો.

આ સમયની આરબ પ્રજાની સ્થિતિનું કાંઇક દીગદર્શન આ પ્રકરણમાં કીધું છે. સઘળો દેશ ઘરઝઘડા અને લડાઇઓથી બરબાદ અને પાયમાલ થઇ ગયો હતો આરબો જંગલી પશુઓની પેઠે જીંદગી ગુજારતા હતા અનીતિ અને બેશરમીની બાબતો સાધારણ થઇ પડી હતી. જુલમ, નિર્દયતા, લુચ્ચાઇ અને અનીતિ હદ કુદાવી ગઇ હતી. મુર્તિપુજા સિવાય ખુદા વાહેદને કોઇ જાણતુંજ નહતું.

બીજી બાજુએ શામ દેશની સ્થિતિ પણ આપ અનુભવી ચુક્યા હતા અને તે ન વર્ણવી શકાય તેવી હતી. ઇસાઇ તથા યાહુદીઓ અન્યોઅન્ય સખ્ત શત્રુવટ રાખતા હતા. ઝઘડા ફસાદો સદા ચાલુ રહેતા હતા. મતલબ કે જ્યાં જોઇએ ત્યાં પડતી અને ગુમરાહીજ પથરાઇ રહી હતી

આપનું લક્ષ સર્વ શક્તિવાન ખુદા તરફ લાગી રહ્યું હતું. આપની એજ ઇચ્છા હતી કે કોઇ પણ રીતે આ દેશ ગુમરાહી અને પડતીના ખાડામાંથી બહાર નીકળે. આપને બારીક વિચાર કરવાની બહુજ ટેવ હતી અને તે સતત ચાલુ રહેવાના કારણે પ્રકૃતિરૂપ થઇ જવા પામી હતી. આપ વર્ષમાં કેટલીક મુદત હરા પહાડની ગુફામાં જઇ રહેતા અને ત્યાંજ ખુદાની બંદગી કરતા. આવી રીતે એકાંત અને શાન્ત પ્રકૃતિ સાધારણ થઇ ગઇ હતી.

ચાલીશ વર્ષની વય પુરી થયે આપને ખુદાતાલાએ પોતાના પેગંબર મુકરર કરી ઇસલામની તાલીમ આપી અને તેનો પ્રચાર કરવા ફરમાન કીધુ. પ્રથમ આપની બીબી ખદીજા, હજરત અલી, હજરત અબુબકર વીગેરે ઇમાન લાવ્યા. આપનો બોધ પ્રથમ પ્રગટ નહતો પણ પાછળથી આપે ખુલ્લીરીતે ખુદાની વાહદાનિયત, મુર્તિઓની નિર્માલ્યતા વીગેરે જણાવવા માંડયું સઘળા આરબો તેમની વિરૂદ્ધ ઉભા થયા અને તેમને તથા તેમના સાથીઓને દુખ આપવામાં કાંઇ ખામી રાખી નહિ તેઓ જાદુગર છે, જુઠા છે, સ્વાર્થી છે વીગેરે અનેક આરોપો તેમનાપર મુકવામાં આવ્યાં; પરંતુ હજરત મહંમદ દરેક વખતે ધીરજ અને ખંતથી પોતાનું કામ આગળ ચલાવતા ગયા.

તેમના બોધ આપવાના કામમાં તેમના કાકા અબુતાલેબની હયાતી સુધી ઠીક સમાધાની રહી; પરંતુ હજરત અબુતાલેબના હક થયા સાથેજ કાફરોનો કીનો ઉભરી પડયો. તેઓએ આપને જાનથી મારી નાખવા નિશ્ચય કરી સંખ્યાબંધ હથીયાર સજેલા લોકોએ આપના મ-

કાનને ઘેરી લીધું. આપ પોતાના બીછાનાપર હજરત અલીને સુવાડી ઘર બહાર નીકળી ગયા અને હજરત અબુબકર સાથે મક્કા છોડી મ-દીના જતા રહ્યા. આ બનાવથી હીજરી સનની શરૂઆત થઇ છે.

મદીનાના લોકોએ આપનો સારો સત્કાર કીધો અને ઇસલામીઓ-ની સંખ્યા દીનપ્રતિદીન વધતી ચાલી. કાફરોએ આપના બળને તોડી પાડવા અનેક કાવત્રાંઓ તથા લડાઇઓ લઇ આવવાની વેતરણ કીધી તેથી આપને તેમની સામે હથીઆર ઉપાડવાની ફરજ પડી. આ સઘ-ળી લડાઇઓમાં કાફરો હાર્યા અને ઇસલામનો વિજયી વાવટો ફરકતો થયો. આપે મક્કા શહેર ફતેહ કરી કાબાના મંદિરમાંની સઘળી મુર્તિઓ પોતાના ખભાપર હજરત અલીને ચડાવી તોડાવી નાખી. આપના ૨૩ વર્ષના સતત પ્રયાસથી આખું અર્બસ્તાન ઇસલામ મતમાં દાખલ થયું. ઇ. સ. ૬૩૨ માં ૬૩ વર્ષની વયે મદીનામાં આપની વફાત થઇ. અને ત્યાંજ તેમની લાશને જુમિદા કરવામાં આવી છે.

ઇસલામનો પ્રચાર થવાથી મુર્તિઓની પુજા નાશ પામી, સર્વ શ-ક્તિવાન ખુદાની બંદગી ચાલુ થઇ. છોકરીઓને જીવતી દાટી દેવાનો ચાલ નાબુદ થઇ, છોકરીઓ જીંદગીના ફુલ છે એવી માન્યતા બંધાઇ. સ્ત્રીઓને વારસા હિસ્સામાં કાંઇ ભાગ મળતો નહિ અને તેમને ઢોર કરતાં પણ બરાબરીને રાખવામાં આવતી, એક માણસ ૧૦૦ સુધી સ્ત્રીઓ કરી શકતો અને મરજીમાં આવે ત્યારે તેમને ઘરમાંથી હાંકી કહાડી શકાતી. આવા ઘાતકી રીવાજને ઇસલામે તોડીપાડી વધુમાં વધુ ચાર સ્ત્રીઓ કરવાનો, તેમને વારસો મળવાનો અને તેમનું સન્માન જાળવવાનો હુકમ આપ્યો. આરબો પોતાના દેવોની મુર્તિઓ આગળ મનુષ્યોના બળીદાન આપતા તે રીવાજ ઇસલામે બંધ કીધો છાકટપણું અને જુગાર માટે તો એવા સરસ ધારાઓ રજુ કીધા કે તેની હરીફાઇ કોઇથી થઇ શકનાર નથી. નીતિ તથા સદાચરણના એ-વાતો સુંદર સબકો પ્રચલિત કીધા કે જેના માટે શત્રુઓ પણ એક

અવાજે વખાણુજ કરે છે મતલબકે ઇસલામના પ્રતાપે આરબ પ્રજા અંધકારની ગુફામાંથી નીકળી પ્રકાશના શીખરપર આવી ઉભી

ઇસલામીઓ માને છે કે હજરત મહંમદ સર્વથી છેવટના પેગંબર છે તેમની પછી કોઇ પેગંબર થનાર નથી હજરત મહંમદ સાહેબે કીતાબ અને સાહેબે શરીયત પેગંબર મનાયા છે. સાહેબે કીતાબ એટલે કીતાબ ધરાવનાર આ કીતાબ તે કુરાન કે જે ખુદાતાલા તરફથી ફરીસ્તા જીબ્રાઇલ મારફત તેમના પર ઉતરી છે. ખુદાતાલાએ આજસુધી મોકલેલી મુખ્ય ચાર કીતાબોમાં કુરાન ચોથી અને છેવટની ગણાય છે. સઘળા પેગંબરો કરતાં હજરત મહંમદનો મરતબો ઇસલામીઓ સર્વથી શ્રેષ્ટ માને છે.

હજરત મહંમદે પ્રથમના સઘળા પેગંબરોને બરહક માન્યા છે તથા તેમનાપર ઉતરેલી આકાશી કીતાબોને પણ સાચી માની છે. પ્રથમની આકાશી કીતાબોમાં લોકોએ મોટા ફેરફારો કરી નાંખ્યા છે. દાખલા તરીકે ખ્રીસ્તીઓની બાયબલની લગભગ સો ઉપરાંતની જુદા જુદા ફેરફારવાળી કાપીઓ થઇ જવા પામી છે. હજરત મહંમદે ઇસલામ મત રજુ કરી પ્રથમના મતો મનસુખ કીધા છે.

ઇસલામીઓમાં સંખ્યાબંધ વિદ્વાનો થઇ ગયા છે. તેમના અતિ ઉતમ ગ્રંથો આજે ઘણી માનની દ્રષ્ટિથી જોવાય છે. અને તેના યુરોપની ઘણી ભાષાઓમાં તરજુમા થવા પામ્યા છે. ઇસલામના નામીચા શાએરોની કવીતાઓ આજે એક અવાજે વખણાય છે. ઇસલામીઓએ જે સાહિત્યની ખીલવણી કીધેલી તેથી યુરોપીયન પ્રજાને પોતાના સુધારામાં ઘણી મદદ મળી છે અને તેથીજ સંખ્યાબંધ યુરોપિયન વિદ્વાનો 'આરબો યુરોપના ઉસ્તાદો' હોવાનું જણાવે છે. સંખ્યાબંધ વિદ્યાઓ આરબો પાસેથી યુરોપિયનોએ મેળવી છે. અને તે વિદ્યાઓના નામો પણ આરબ ભાષાના જોવામાં આવે છે. ઇસલામ તથા તેના સ્થાપક હજરત મહંમદના હજારો પરધર્મીઓ એક અવાજે

વખાણ કરે છે અત્રે તેવા અભીપ્રાયો આપવા પુરતો અવકાશ નથી તોપણ હીન્દના બે ત્રણ અગ્રગણ્ય વિદ્વાનોના સંક્ષિપ્ત મતો ટાંકી બતાવું છું.

લાલા લાજપતરાય કહે છે કે—"હું એમ કહેતાં જરા પણ અચકાતો નથી કે ઇસલામના પેગંબર માટે મારા દીલમાં ઘણીજ ઇઝ્ઝત છે. ધર્મગુરૂઓ અને સુધારકોમાં તેમનો દરજ્જો ઘણો આલા છે એવો મારો મત છે."

એનીબી સાન્ટ—મદ્રાસની થીઓસોફીકલ સોસાઇટીની પ્રેસીડન્ટ પ્રખ્યાત બાનું એનીબીસાન્ટ કહે છે કે—'વડા પેગંબરની જે વાતે મારા અંતઃકરણમાં માન અને બુઝુર્ગી ઉભી કીધી છે તે તેમનો એ સદગુણ છે કે જેણે તેને તેના વતનીઓથી **અમીન** (મોટા અમાનતદાર)નો ખેતાબ અપાવ્યો કોઇપણ સદગુણ આ સદગુણ કરતાં વધી જઇ શકતો નથી અને કોઇ બાબત મુસલમાન યા ગેર મુસલમાન માટે આ કરતાં સર્વોપરી નથી. એક બાત કે જે સત્ય સ્વરૂપજ હોય તેના શ્રેષ્ટ હોવામાં શું શક હોઇ શકે છે ? એવોજ પુરૂષ સત્ય સંદેશો પહોંચાડવાનું બીડું ઝડપવાને લાયક છે."

ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી કહે છે કે—"એક મુસલમાન થયેલા વિદ્વાન અંગ્રેજ મિત્રે આ ધર્મની પ્રસંશા કરતાં મ્હારે મ્હોંએ એવું કહ્યું હતું કે બીજા ધર્મોમાં સ્વતંત્રતાની વાતો છે પણ આ ધર્મમાં તો સ્વતંત્રતા શુદ્ધ છે. એક ખ્રીસ્તી થનારે હીન્દુને ખ્રીસ્તી લોક વ્યવહારમાં ભાઈ ગણતા નથી. અને ગણવાના નથી પણ મુસલમાન થનારને મુસલમાન ઉમરાવ પણ ખાવા પીવા વગેરેમાં ભાઇ જેવો ગણશે"

જન્મ—અરબસ્તાન મક્કા શહેર ઇ. સ. ૫૭૦.

મરણ—અરબસ્તાન મદીના શહેર ઇ. સ ૬૩૨ હી સ. ૧૧

નબુવ્વત—૪૧ વર્ષની ઉમરે નબુવ્વત મળી. ૨૩ વર્ષ નબુવ્વત ભોગવી, ૬૩ વર્ષની વયે વફાત થયા.

પ્રકરણ ૫ મું.

સુન્નીઓના ચાર ખલીફ.

૧ અબુબકર.—હજરત મહંમદની વફાત થવાથી તેમની ગાદીએ કોણ બેસવું એ એક અગત્યનો સવાલ ઊભો પડયો. હજરત મહંમદની લાશ હજુ કફન દફન વિનાની પડી હતી તેટલામાંજ જુદા જુદા કબીલાના આગેવાનોમાં ખીલાફતની અભીલાષા ઉત્પન્ન થઇ. મોહાજેરીન અને અનસાર લેકો જુદા જુદા ટોળાં મળી ખીલાફત મેળવી લેવાની વેતરણ કરવા લાગ્યા. હજરત મહંમદના સસરાઓ હજરત અબુબકર તથા ઉમર સકીફા બની સાદામાં ગયા. લેકો ખલીફ કોણ થાય છે તે જોવાને ઉત્સુક થઇ રહ્યા હતા તેથી કેટલાક લેકો પણ સકીફા બની સાદામાં જઇ પહોંચ્યા અને ખલીફ કોને નીમવો તેપર ત્યાં વાદ વિવાદ શરૂ થયો. મોહાજેરીન તથા અનસારોએ જણાવ્યું કે અમોએ ઇસલામ માટે હીજરત કીધી છે તથા મદદ આપી છે માટે અમારામાંથી ખલીફ ચુંટાવો જોઇએ હજરત અબુબકરે તેમને જણાવ્યું કે હજરત પેગંબર સાહબે ફરમાવ્યું છે કે, ખલીફ કુરેશ કબીલાનો હોવો જોઇએ એક માણસે જણાવ્યુ કે હજરત અલી ખલીફ થવા ખુશી નથી. તેઓનો ખુદાતાલાની બંદગીમાં આયુષ્ય ગુજારવા માગે છે. હજરત અલીને ખીલાફત આપવી જોઇએ એ સબળ વાત હતી પણ તેઓ ખુશી નથી એમ જાહેર થવાથી તે વાત ઉડી ગઇ હજરત અબુબકરને હજરત ઉમરે જણાવ્યું કે તમો ખલીફ તરીકે લાયક છો તેથી તમારે તેનો સ્વીકાર કરવો જોઇએ. હજરત અબુબકરે જણાવ્યું અય ઉમર તમો તથા અબુ ઓબેદા તે કામ માટે લાયક છો. હજરત ઉમર તથા અબુ ઓબેદાએ જણાવ્યું કે અય અબુબકર, તમોજ લાયક છો અને તેથી અમો તમારીજ બેઅત કરીએ છીએ એમ કહી તેમના હાથપર બેઅત કીધી. તેમની બેઅત કરવા સાથે બીજાઓએ પણ તેમ કીધું. આટલું કામ કરી આ મેલાવડો બરખારત થયો.

હજરત અલી હજરત મહંમદની કફન દફનની ક્રીયામાં રોકાયા હતા આ ક્રીયા ખતમ થઇ તેટલી વારમાંતો સંખ્યા બંધ લોકોએ હજરત અબુબકરની બેઅત કરી લીધી હતી. હજરત અલી જ્યારે કફન દફનની ક્રીયાથી ફારેગ થયા ત્યારે હજરત અબુબકરને મળ્યા અને તેમને જણાવ્યું કે ખીલાફતના સબંધમાં આટલી બધી શી ઉતાવળ હતી કે મને વાતમાં પણ શામેલ રાખ્યો નહિ? તમારા કરતાં તો હું ખીલાફતનો વધુ હકદાર છું. મારો ઇરાદો હતો કે જ્યાં સુધી કુરાનના પૃષ્ટોને પદ્ધતિસર ન ગોઠવી લઇએ ત્યાં સુધી બીજા કામ તરફ લક્ષ ન આપીએ. હજરત અબુબકરે જણાવ્યું કે કફન દફનની ક્રીયા અને ખીલાફતનું કામ એકજ વખતે થયું તેથી તમોને બોલાવી શકાયા નહિ; તેમજ મોહાજેરીન તથા અનસારો પોતામાં ખીલાફત કરી લેવાની વેતરણમાં હતા તેથી જલદીથી કામ આટોપી લેવાની જરૂર પડી.

હજરત અલીને હજરત અબુબકર વિરૂદ્ધ ઉશકેરવા માટે તલહા તથા ઝોબેરે ઘણી કોશીશો કીધી પરંતુ ઇસલામ હજુ બાલ્યાવસ્થામાં હતો તેનો તથા ઇસલામની ઉન્નતીનો ખ્યાલ રાખી હજરત અલી ચુપ રહ્યા. અને ઘર બેશી પોતાના ઇલ્મનો ફેજ જારી રાખ્યો.

હજરત અબુબકરે પોતાની ખીલાફતના સમયમાં ઇસલામનું રાજ્ય વધારવા માટે અસહાબોની સલાહ લઇ એક મોટું લશ્કર શામ તરફ રવાના કીધું. શામના ખ્રીસ્તી રાજા હીરાકલીસે તેની સામે પોતાનુ લશ્કર મોકલ્યું પણ તેમાં તે ફાવી શકયો નહિ કેટલીક લડાઇઓ પછી મુસલમાનોએ શામનો કેટલોક પ્રદેશ હાથ કીધો અને પુષ્કળ દોલત તેમના હાથમાં આવી.

તેઓ હી. સ. ૧૧ માં ખલીફ થયા હતા. સવા બે વર્ષ ખીલાફત ભોગવી હી. સ. ૧૩ મા તાવની બીમારીથી ૬૩ વર્ષની વયે વફાત થયા. શીઆ તથા સુન્ની એવાં બે ફાંટાની શરૂઆત તેમના વખતમાંજ થઇ. સુન્નીઓ તેમને પહેલા ખલીફ ગણે છે. શીઆ જણાવે છે કે હ-

જરત અબુબકરને ખીલાફતનો હક હતોજ નહિ ખીલાફતપર હકતો હજરત અલીનોજ હતો. જો કે તેમના વખતથીજ શીઆ તથા સુન્ની પક્ષના બીજ રોપાયાં પરંતુ બીજી કોઇપણ જાતની જુદાઇ થવા પામી નહિ. તેમની ખીલાફતની મુદત શાન્તી સાથે પસાર થઇ હતી.

૨ ઉમર—હજરત અબુબકરે પોતાની હયાતીમાંજ હજરત ઉમરને પોતા પછીના ખલીફ મુકરર કીધા હતા. તેથી તેમની વફાત બાદ હજરત ઉમર ખલીફ થયા. એમના વખતમાં શામના સઘળા પ્રાંતો કબજે થયા ઇસલામી લશકરે જેરૂસલમપર હુમલો કીધો. દસ દીવસની લડાઇબાદ ખ્રાસ્તીઓ કીલ્લાના દરવાજા બંધ કરી બેઠા. ચાર માસ સુધી ઇસલામીઓ ઘેરો ઘાલી રહ્યા. શહેરના લોકોએ છેવટે હાપર થઇ જઇ સુલેહનું કહેણુ મોકલ્યું. પણ તે એવી સરતે કે ખલીફ ઉમર પોતે આવી કોલકરારપર સહી કરે અને અમારા જાનમાલના રક્ષણની કબુલત આપે: અબુ ઓબેદના લખવાપરથી હજરત ઉમર એક ઉંટપર સવાર થઇ જેરૂસલમ આવ્યા. કોલકરાર થયા બાદ હજરત ઉમર દસ દહાડા જેરૂસલમમાં રોકાયા અને એક મસજીદ બંધાવી પાછા રાજધાનીમાં આવી રહ્યા.

અબુ ઓબેદાએ ઘણી લડાઇઓ બાદ યુનાની બાદશાહના પાયતખ્ત શહેર એન્ટી ઓકને ફતેહ કીધું. બાદશાહ હીરાંકલીસ નાશી કુસ્તમબોલ ભણી નાસી ગયો આ લડાઇ ફતેહ કરી અબુ ઓબેદા ઇરાન તરફ ચાલ્યો ઇરાનમાં પુરાન દુખ્ત નામે રાણી રાજ કરતી હતી. તેની સાથેની પહેલી લડાઇમાં મુસલમાનોએ હાર ખાધી પણ પાછળથી મદદ આવી લાગતા મુસલમાનો લડાઇમાં જીતવા લાગ્યા. છેલ્લી નેહાવંદની લડાઇ બાદ ઇરાનીઓ બીલકુલ હારી ગયા અને ઇરાનના ઘણા પ્રાંતો મુસલમાનોના કબજામાં આવ્યા.

હજરત ઉમરે ઉમરૂઆસને લશકરની સરદારી આપી મીસર ભણી રવાના કીધો. મીસર જતાં પહેલાં તેણે માર્ગમાં ત્રીપોલી,

સીઆરીઆ વીગેરે કેટલાક કીલ્લાઓ જીતી લીધા. મીસર જઇ પ્રથમ કાંઇ ફાવી શકાયું નહિ પણ પાછળથી વધુ મદદ આવી લાગતાં આખો મીસર દેશ મુસલમાની રાજ્યમાં જોડાઇ ગયો.

તેઓ એક દીવસે અબદુલ્લાહ બિન ઝુબેરની દુકાનપર બેઠા હતા. મુગીરા બિન શેબાનો ફીરોજ નામનો ગુલામ આવી તેમને કહેવા લાગ્યો કે મારો શેઠ મારી પાસેથી દરરોજ બે દીરમ લે છે હું આટલી રકમ અદા કરી શકવાને અશકત છું. હું આપના ન્યાયથી ઉમેદ રાખું છું કે આપ તેને સમજાવી કાંઇ રકમ ઓછી કરાવી આપો. હજરત ઉમરે જવાબ આપ્યો કે તારો શેઠ જે રકમ માગે છે તે બરાબર છે તે તારે આપવી જોઇએ આવા જવાબથી ફીરોજ ઉશકેરાઇ ગયો અને લાગ શોધવા લાગ્યો. એક દહાડે સવારમાં જ્યારે હજરત ઉમર નમાજ પડતા હતા ત્યારે ફીરોજે છરી મારી તેમનો પ્રાણ લીધો. તેઓ હી. સ. ૧૩ માં ખલીફ થયા હતા. અને હી. સ ૨૩ માં વફાત થયા. તેમણે કુલ સાડા દસ વર્ષ સુધી ખીલાફત ભોગવી હતી. તેમના વખતમાં ઘણા દેશો જીતાયા. તેમના ન્યાયના બહુજ વખાણ કરવામાં આવે છે.

૩ ઉસમાન—હજરત ઉમરે પોતાના મરણ બાદ હજરત અલી, ઉસમાન, સાદ, તલહા, ઝોબેર અનેઅબ્દુર રહેમાન એ છ જણમાંથી એકને ખલીફ નીમવા એવી વસીયત કીધી હતી. ખલીફ નીમવા માટે ઉપલા છ જણો એકઠા થયા. હજરતઅલીને કહેવામાં આવ્યું કે જો તમો કુરાન, હદીસ તથા હજરત અબુબકર ઉમરના ચુકાદાઓ પ્રમાણે અમલ કરવા બંધાતા હોતો તમોને ખલીફ નીમીએ. હજરત અલીએ જણાવ્યું કે કુરાન તથા હદીસ મુજબ વર્તવા હું બંધાએલોજ છું. પણ હજરત અબુબકર ઉમરના ચુકાદાઓ પ્રમાણે વર્તવાને હું બંધાઇ શકતો નથી. જ્યારે હજરત અલીએ આવો જવાબ આપ્યો ત્યારે હજરત ઉસમાનને તે મુજબ વર્તવા પુછવામાં આવતાં તેમણે ખુશી બતાવ્યાથી તેમને ખલીફ નીમવામાં આવ્યા.

હઝરત ઉસમાનમાં રાજકીય કુશળતા બીલકુલ ન હતી. તેમણે કાંઈપણ લાયકાત જોયા સિવાય પોતાના સગાઓને મોટી મોટી પદવીઓ આપી દીધી. ઉપરાંત બૈતુલ-માલની તીજોરીમાંથી પણ લાખો રૂપીઆની દૌલત સગાંઓને આપવા લાગ્યા. પ્રથમના ખલીફાઓએ નીમેલા ગવરનરોને પણ બરતરફ કરી તેની જગાઓ પોતાના સગાઓને આપી. હઝરત અબુબકર તથા ઉમરના વખતમાં જે અનુક્રમે કુરાનના પૃષ્ટો એકઠા થયાં હતાં તે તેમણે લઈ બાળી નાખ્યાં તથા પોતે એક કમીટિ મારફત નવેસરથી ગોઠવ્યાં. મરવાન તથા હારસ નામના બે ભાઈઓ કે જેને પૈગંબરે ગરદન મારવાની શીક્ષા કીધી હતી પણ હઝરત ઉસમાનના વચમાં પડવાથી તેમને દેશનીકાલ કીધા હતા. અને જે હઝરત અબુબકર તથા ઉમરના વખતમાં દેશનીકાલજ રહ્યા હતા તેમને બોલાવી પોતાના સેક્રેટરી નીમ્યા.

મીસરના ગવરનર ઉમરૂઆસને બરતરફ કરી પોતાના ભાઈને તે જગો આપી. તેનાથી મીસર દેશ સાંચવી શકાયો નહિ અને કેટલાક પ્રાંતો હાથથી નીકળી ગયા તેથી પાછી તે જગો ઉમરૂઆસને આપી. તેઓ મસજીદના મીમ્બરપર ઉપરના પગથીઆંપર બેસતા. આ પગથીયાની બેઠક ખાસ પૈગંબર માટેજ હતી. આથી પણ લોકોમાં ભારે કચવાટ થયો. બૈતુલમાલના નાણાં ગેરવાજબી અપાય છે એવી એક માણુસે ફરીઆદ કીધી તેથી તેને ચાબુક વતી ખુબ માર માર્યો.

પોતાના સગાઓને જ્યાં જ્યાં ગવરનરની જગો આપી હતી ત્યાં ત્યાં તેમની ગેરવ્યવસ્થા અને ઓછી આવડતના કારણે ફસાદો ઉભા થયા હતા કુફા, બસરા તથા મીસરથી સેંકડો લોકો ફરિયાદો લઈ આવ્યા હતા. લડાઈ જાગવાની તૈયારી થઇ પણ હઝરત અલી વચમાં પડવાથી સમાધાની થઇ. હઝરત અલી તે લોકોને ખલીફ પાસે લઇ ગયા અને હવે ખલીફ તમોને અન્યાય થવા દેશે નહિ તથા તમારૂં દરેક રક્ષણ કરશે એમ તેમને જણાવ્યું. હઝરત ઉસમાને તેમ કરવા

કબુલાત આપી અને તેવા મજમુનનો એક લેખ કરી તે પર સહી કરી આપી.

મીસરના લોકોએ મરવાનના બાઇ હારૂનને ખસેડી તેની જગોએ મહંમદ બીન અબુબકરને મીસરના ગવરનરની જગો આપવા માગણી કીધી. ખલીફે તેમની માગણી કબુલ રાખી, તે બદલનો હુકમ લખી આપ્યો. મહંમદ હુકમ લઇ પોતાના રસાલા સાથે મીસર તરફ રવાના થયો. માર્ગમાં તેને હજરત ઉસમાનનો ગુલામ, હજરત ઉસમાનના ઉંટપર સવાર થઇ મીસર જતો માલુમ પડયો. તેને પુછતાં તેણે જણાવ્યું કે હું મીસરના ગવરનરને ખલીફનો પત્ર આપવાને જઉં છું. મહંમદે કહ્યું કે મીસરનો ગવરનર તો હું છું માટે તારે તે કાગળ મને આપવો જોઇએ. ગુલામે તે આપવા ના પાડવાથી જબરદસ્તીથી તે કાગળ છીનવી લેવામાં આવ્યો. કાગળ હજરત ઉસમાનનો લખેલો હતો અને તેનાપર ખલીફની મોહર હતી તેમાં લખ્યું હતું કે મહંમદને જોતાં વારજ તેને જાનથી મારી નાખવો. મહંમદે કાગળ વાંચી જાણ્યું કે એક તરફથી મને ગવરનરની જગાનો હુકમ આપવામાં આવ્યો છે અને બીજી તરફથી મારો પ્રાણ લેવાની પેરવી થાય છે તેથી તે પાછો ફર્યો અને પોતાના પક્ષકારોને પત્રો લખી મદીનામાં બોલાવ્યા. મહંમદે હજરત અલીને બોલાવી ખલીફનો દગલબાજીનો પત્ર બતાવ્યો તથા સઘળી હકીકત કહી સંભળાવી. હજરત અલીએ ખલીફને સઘળી હકીકત જણાવતાં ખલીફે તે પત્ર પોતે લખ્યાનો ઇનકાર કીધો આ બાબતનો ફૈસલો કરવા માટે એક દરબાર ભરાયો. દરબાર વચ્ચે ખલીફે હજરત અલીના પુછવાથી જણાવ્યું કે ઉંટ તથા ગુલામ મારો છે. તેમજ પત્રપર મોહોર મારી છે પણ તે પત્ર મેં લખ્યો નથી તેથી તે સંબંધે હું કાંઇ જાણતો નથી મહંમદે જણાવ્યું કે આ પત્ર જો તમોએ લખ્યો હોયતો તમો દગાબાજ છો અને દગાબાજ માણસથી ખલીફ થવાય નહિ માટે તમારે ખીલાફત તજી આપવી. વળી જ્યારે તમો મજકુર પત્ર મરવાને લખ્યાનું જણાવોછો તો તેથી તમારી નબળાઇ સાબીત થા-

પછે ખલીફ આટલી નબળાઇ રાખેતો મુસલમાનોનું રક્ષણ થઇ શકે નહિ. વળી મરવાને જ્યારે દગલબાજી કીધી છે તો તેને ઘટતી સજા કરવા અમારે સ્વાધીન આપવો. ખલીફ ઉસમાને મરવાનને આપી દેવા કે તેને સજા કરવા ના પાડવાથી મામલો ગંભીર થઇ પડયો અને ખલીફ ઉસમાનના મકાનને ઘેરો ઘાલવામાં આવ્યો અને તે ઘેરો છ અઠવાડીયાં સુધી ચાલુ રહ્યો. મહંમદે અંદર દાખલ થઇ ખલીફને કહ્યું કે તમારાથી ખીલાફતનું કામ બરાબર થઇ શકતું નથી માટે તમારે ખીલાફત છોડી આપવી જો ખીલાફત છોડી આપશો તો તમારો પ્રાણ બચાવવામાં આવશે પણ હજરત ઉસમાને ખીલાફત છોડી આપવા ઇનકાર કર્યાથી તલવાર વતી તેમના પ્રાણ લેવામાં આવ્યો. ખલીફ ઉસમાન હી. સ. ૨૩ માં ખલીફ થયા અને તેમણે લગભગ ૧૩ વર્ષ ખીલાફત ભોગવી. તેમનું મૃત્યુ હી. સ. ૩૫ માં થયું.

૪ **અલી**–હજરત ઉસમાનના મૃત્યુ બાદ મદીનાના અકાબર લોકો હજરત અલીને ઘેર ગયા અને તેમને ખલીફ થવાને જણાવ્યું. હજરત અલીએ જણાવ્યું કે મને કાંઇ ખલીફ થવાની ઇચ્છા નથી પણ જેને તમો ખલીફ મુકરર કરશો તેની સાથે હું પ્રથમ મુજબ વરત્યો જઇશ મદીનાના લોકોએ એટલો બધો આગ્રહ કીધો કે છેવટે હજરત અલીએ ખલીફ પદ સ્વીકારવા હા પાડી લોકોએ તેજ ઠેકાણે બેઅત કરવા ઇચ્છા જણાવી. હજરત અલીએ જણાવ્યું કે ખલીફ મુકરર કરી તેની બેઅત કરવી એ જાહેર કામ છે અને તે કામ જાહેર મકાન યાને મસજીદમાં થવું જોઇએ.

બીજે દહાડે મસજીદ માણસોથી ચીકાર ભરાઇ ગઇ. હજરત અલીએ જોયું તો તેમાં તલહા તથા ઝોબેર હાજર ન હતા તેથી તેમને માણસ મોકલી બોલાવી મંગાવ્યા તે બન્ને હાજર થયા એટલે હજરત અલીએ તેમને જણાવ્યું કે જો તમો બન્નેમાંથી કોઇપણ ખલીફ થાઓ તો હું ઘણો ખુશી થઇશ. અને તમારા કામમાં સહાયતા

આપીશ. તેઓએ જણાવ્યું કે યા અલી તમો ખલીફ થાઓ તેમાં અમો બન્ને રાજી છીએ અને તમોને તમારા કામમાં અમો મદદ આપતા રહીશું; એટલું કહી બન્નેએ હજરત અલીની બેઅત કીધી અને ત્યાર બાદ બીજા લોકોએ બેઅત કીધી.

પ્રથમના ખલીફાનાં વખતમાં લુટના માલની વ્હેંચણી કરવામાં ભેદ રાખવામાં આવતો હતો. પણ હજરત અલીએ તે ભેદ કહાડી નાખી સઘળાઓને એક સરખી રીતે યાને ત્રણ ત્રણ દીનાર આપ્યા. આ વ્હેંચણીથી જે અસહાબોને પ્રથમ વિશેષ મળતું હતું તેઓ નારાજ થયા. સહલ અનસારીએ કહ્યું કે યા અલી, મારા ગુલામને મેં આજેજ આઝાદ કર્યો છે તેને પણ મારા જેટલોજ હીસ્સો! હજરત અલીએ જણાવ્યું કે આ બાબતમાં તમો બન્ને એક સરખા છો.

હજરત અલીના ખલીફ થવાથી બની ઉમૈયાના લોકો ઘણા નારાજ થયા અને હજરત અલી પાસેથી ખીલાફત છીનાઇ જાય તેવી પેરવીઓ કરવા લાગ્યા. તેઓએ લોકોમાં એવી અફવા ઉડાવી કે હજરત ઉસમાનને હજરત અલીએ કતલ કરાવી નાખ્યા છે. બની ઉમૈયાના લોકોએ હજરત ઉસમાનનું લોહિલોહાણ પહેરણ તથા તેમની કપાએલી આગળીઓ એક ભાલાપર ઉંચે ટાંગી ઠેકઠેકાણે ફેરવી અને પછી તેને શામમાં લઇ ગયા. શામનો ગવરનર મોઆવીઆ કે જે હજરત અલી સાથે સખ્ત અદાવત રાખતો હતો તેણે બળવાખોરોને આશ્રય આપ્યો આથી શામના લોકો હજરત અલી વિરૂદ્ધ થઇ ગયા.

હજરત અલીએ ખલીફ થવા સાથેજ હજરત ઉસમાનના વખતના અન્યાયી ગવરનરોને બરતરફ કરી તેની જગોએ બીજા લાયક માણસો મોકલાવી આપ્યાં. બરતરફ કરવામાં આવેલા બધા ગવરનરોએ ખલીફના હુકમને માન આપી પોતાના હોદ્દાનો ચાર્જ નવા ગવરનરને સુપ્રત કરી આપ્યો પરંતુ મોઆવીઆ કે જે હજરત ઉમર તથા ઉસમાનના

વખતથી શામનો ગવરનર હતો તેણે નવા ગવરનર સહલને મચક આપી નહિ તેથી સહલ પાછો ફર્યો.

તલહા તથા ઝોબેર બંને ખલીફ થવા કોશીશ કરતા હતા અને હજરત ઉસમાનની વફાત થવા સાથેજ બેતુલ માલની કુચીઓ પણ તેમણે પોતાના હસ્તક કરી લીધી હતી પરંતુ લોકોનું વલણ તેમના તરફ ગયું નહિ અને હજરત અલી ખલીફ થયા તેથી બેતુલમાલની કુંચીઓ તેમને આપી દીધી. તેઓએ ખલીફપદ લેવા માટે હજરત ઉસમાનના કતલ થવામાં ભાગ લીધો હતો. મોઆવીઆ કે જેણે હજરત અલીના હુકમની અમાન્યતા કરી તેમની વિરૂદ્ધમાં મોટી મોટી તેયારીઓ કરવા માંડી હતી તેણે તલહા તથા ઝોબેરને પોતાના પક્ષમાં લેવા તજવીજ કરી. તેમને એક પત્ર લખી જણાવ્યું કે તમારા માટે શામના લોકોની બેઅત લીધી છે. અને મોટો ભાગ તમારી બેઅત કરવા વચન આપી ચુકયો છે તમોએ કુફા તથા બસરાના લોકોને હાથ કરવા જોઇએ જો આ કામમા ઢીલ કરશો અને હજરત અલી તેમને પોતા તરફ વાળી લેશે તો પછી તમારૂં કાંઇ વળશે નહિ. વળી આ બંને જગોના લોકો હાથ આવી ગયા તો તમારી ખીલાફત કાયમ થઇ ચુકી એમ સમજવું

તલહા તથા ઝોબેરે મોઆવીઆનો પક્ષ પોતા માટે બહુજ ઉપયોગી જોયો અને કુફા તથા બસરાના લોકોને પોતાના કબજામાં લેવા એક ગોઠવણ કરી હજરત અલી પાસે ગયા અને જણાવ્યું કે હજરત ઉસમાનના સમયમા અમોએ જે વિટંબણાઓ ઉઠાવી છે તેનો બદલો અમોને મળવો જોઇએ એટલું કહી એકે કુફા તથા બીજાએ બસરાના ગવરનરની જગોની માગણી કીધી. તેઓ બંને ખીલાફત પોતાના હાથમાં કરી લેવા ચાહતા હતા તે હજરત અલી સારી પેઠે જાણતા હતા તેથી તેમને જણાવ્યું કે તમારી માગણીના સબંધમાં હુ વિચાર કરીશ પણ તમોને બેતુલ માલમાંથી જે કાંઇ મળે છે તેપર સબર રા-

ખીને બેસો. વળી તમો બન્નેના આગ્રહથી મેં ખીલાફતનો સ્વીકાર કીધો છે તેથી દરેક વખતે સલાહ માટે તમારી હાજરીની મને જરૂર છે.

હજરત મહંમદ પૈગંબરની બીબી આયશાને કોઇએ એમ વાત સમજાવી કે હજરત ઉસમાનનુ ખુન કરનાર ખુદ હજરત અલી છે અને તેથી તે ખુનનો બદલો લેવો જોઇએ. બીબી આયશાના આવા ઇરાદાની તલ્હા તથા ઝોબેરને ખબર પડતાં તેઓએ કોઇપણ બહાનું કહાડી મક્કા જઇ તેનો આશ્રય લેવાનું નક્કી કર્યું તેઓએ હજરત અલી પાસે જઇ જણાવ્યું કે અમો ઉમરા બજાવી લાવવા મક્કા શરીફ જવા ઇચ્છીએ છીએ; માટે અમોને ત્યાં જવાની રજા આપવી. હજરત અલીએ જણાવ્યું કે તમારી આ માગણી બીલકુલ જુઠી છે આ ઉપરથી બંને બોલી ઉઠયા કે અમો બેઅતને તોડીએ એ કદીપણ બનશેજ નહિ. અમે તો માત્ર ઉમરા બજાવી લાવવાજ જઇએ છીએ. હજરત અલીએ જણાવ્યું કે જો ખરેખર તેમજ હોયતો તમે બેઅતને તાજી કરી આપો. આ ઉપરથી બંનેએ હજરત અલીના હાથનું ચુંબન કરી બેઅત તાજી કીધી

તલ્હા તથા ઝોબેરે મક્કા જઇ બીબી આયશાને પોતાના પક્ષમાં કરી લીધી વળી તેણીનેજ આગેવાન બનાવી તેમના નામથી એવો ઢંઢેરો ફેરવ્યો કે બીબી આયશાં, તલ્હા અને ઝોબેર હજરત ઉસમાનના ખુનનો બદલો લેવાને બસરા જાય છે માટે જેઓ દીનની હિમાયત કરવા ચાહતા હોય તેઓએ સાથે આવવુ. જેમની પાસે સ્વારી વા હથીયાર નહિ હોય તેમને તે આપવામાં આવશે. આ ઉપરથી એક હજાર માણુસો તેમની સાથે જવાને તૈયાર થયાં.

બીબી આયશાએ બસરા જઇ ત્યાંનો કબજો પોતાના હસ્તક કરી લીધો અને ત્યાંના ગવરનરની દહાડી તથા આંખોના વાળ એક એક ખુંચવી ઘણું અપમાન કરી હાંકી કહાડયો. આ વાતની ખબર હજરત અલીને થતાંજ કુફામાંથી દસ હજાર માણુસની ફોજ લઇ બસરે ગયા. બીબી આયશાં ઘણી ગભરાઇ અને સુલેહ કરવા ઇચ્છા જણાવી; પરંતુ તલ્હા

તથા ઝોબેરે જોયું કે જો સુલેહ થશે તો અમારાનો બારજ વાગી જશે માટે કોઇપણ રીતે સુલેહ થવા દેવી નહિ. આ ઉપરથી બીબી આયશાંને સમજાવી હજરત અલી સામે તેઓ લડાઇમાં ઉતર્યા આ લડાઇમાં તલહા તથા ઝોબેર માર્યા ગયા અને બીબી આયશાને હજરત અલીએ તેના ભાઇ મહંમદ સાથે મદીના રવાના કરી આપી.

આ લડાઇમાં બીબી આયશાંના દસ હજાર માણુસો માર્યા ગયાં અને હજરત અલીની પુર્ણ ફતેહ થઇ તેથી શામ સિવાયના દરેક પ્રાંતના લોકોએ હજરત અલીની ખીલાફત કબુલ કીધી. મોઆવીઆને હજરત અલીએ લખી જણુવ્યુ કે ધોરણસર લોકોએ મને ખલીફ ચુંટી કહાડયો છે માટે તારે મારી તાબેદારી કરવી અને મારા હુકમ મુજબ વર્તવું જોઇએ; પરંતુ મોઆવીઆએ તે તરફ લક્ષ આપ્યું નહિ.

હજરત ઉસમાનના વખતમાં મીસરના ગવરનરની પદવીથી બરતરફ થયેલા ઉમરૂઆસે પોતાની તે જગો પાછી મેળવવા મોઆવીઆનો આશરો લીધો હતો. મોઆવીઆએ તેને પોતાના વજીરની જગો આપી અને જણાવ્યું કે જો ખીલાફત મારા હાથમાં આવેતો તને મીસરના ગવરનરની જગો આપીશ આ ઉપરથી ઉમરૂઆસ હજરત અલીને ખીલાફતથી દુર કરવાના કામમાં મોઆવીઆને પુર્ણ મદદ આપવા લાગ્યો

ફુરાત નદીના કાંઠા પર સીફીન નામની જગો પર મોઆવીઆ તથા હજરત અલી વચ્ચે ૧૧૦ લડાઇઓ થઇ. હજરત અલીના ૮૦૦૦૦ અને મોઆવીઆના ૧૨૦૦૦૦ માણુસો માર્યાં ગયાં

છેલ્લી લડાઇમાં મોઆવીઆના પુષ્કળ માણુસો માર્યા ગયાં તેથી તે ગભરાઇ ગયો ઉમરૂઆસની સલાહથી તેણે હજરત અલીના સેનાપિતી અશઅશ બિન કેસને લાંચ આપી છુપીરીતે તેણે હજરત અલીનો વિરોધી બનાવી દીધો ઉમરૂઆસે ૫૦૦ કુરાનો એકઠાં કરી ભાલાંપર

બાંધી ઉંચા કીધાં અને મોટેથી પોકાર પાડીને હજરત અલીને જણાવ્યું કે અમો કુરાનપર ઇમાન રાખીએ છીએ અને તમો પણ રાખોછો માટે લડાઇને બંધ કરો અશાશ બિન કેસ કે જે પ્રથમથીજ લાંચ લઇ અંદરખાનેથી હજરત અલી વિરૂદ્ધ થઇ બેઠો હતો તેને પોતાની ફોજને સમજાવતાં વાર લાગી નહિ. તેણે ફોજને એમ સમજાવી કે આ લોકો કુરાન વચમાં લાવે છે માટે લડાઇ બંધ કરવી જોઇએ હજરત અલી તો જાણતા હતા કે આ ઉમરૂઆસનો પ્રપંચ છે તથી લડાઈ ચાલુ રાખી; પરંતુ અશારી જણાવ્યું કે મોઆવીઆ કુરાન વચમાં રાખી પનાહ માગે છે માટે હવે અમો લડીશુ નહિ હજરત અલીએ લડાઇ બંધ નહિ રાખ્યાથી અશારી જણાવ્યું કે આપ લડાઇ બંધ કરો કેમકે એ લોકો કુરાન વચમાં રાખીને પનાહ માગે છે હજરત અલીએ કહ્યું કે એ સઘળી દગલબાજી છે. કુરાન છે તે કાંઇ બોલતુ નથી કે કોણ સત્યપર છે. હું કુરાને નાતીક યાને બોલતું કુરાન છું. તું એક કલાક ધીરજ ધર એટલે ફસાદનું મુળ ઉખડી જશે. અશારી વિચાર્યું કે મારે તો મોઆવીઆને આપેલી કબુલાત મુજબ લડાઇ બંધ કરાવવી જોઇએ; તેથી તેણે પોતાની સાથેના વીશ હજાર માણસ સહિત હજરત અલીને જણાવ્યું કે જો તમો લડાઇ બંધ નહિ કરશોતો અમો તમોનેજ પકડી મોઆવીઆને સુપ્રત કરી આપીશુ અથવા હજરત ઉસમાનની પેઠે કતલ કરશું. હજરત અલી જાણતા હતા કે આ એકજ લડાઇમાં મોઆવીઆનું બળ તુટી પડનાર હતું પરંતુ ઉપર જણાવ્યા મુજબ લશ્કર બેદિલ થઇ જવાથી લડાઇ બંધ રાખી. હજરત. અલીના જે લશ્કરીઓ હજરત અલીની ઇચ્છા મુજબ લડાઇ ચાલુ રાખવા ચાહતા હતા તેઓ પણ લડાઇ બંધ રાખવાના હુકમથી બહુજ નારાજ થયા.

અશારા બિન કેસે મોઆવીઆની ઇચ્છા મુજબ લવાદ નીમિ ફૈસલો કરવા તજવીજ કીધી. મોઆવીઆએ પોતા તરફના લવાદ તરીકે ઉમરૂઆસને રજુ કીધો અશારી હજરત અલી તરફથી અબુ

મુસા અશરીને મુકર્રર કીધો અબુમુસાને મુકર્રર નહિ કરતાં અબ્દુલા બિન અબ્બાસ અથવા માલિક બિન ઉશતરને લવાદ નીમવા હજરત અલીએ જણાવ્યું પરંતુ અશારીએ તે વાત કબુલ રાખી નહિ

અબુમુસા ભોળો અને ઉમરૂઆસ પ્રપંચી હતો. પ્રથમ તેણે અબુ મુસાને પુષ્કળ માનપાન આપી પોતાના હાથમાં લેવા તજવીજ કીધી; તોપણ અબુમુસાએ મોઆવીઆને ખલીફ નીમવા તથા હજરત અલીને પદભ્રષ્ટ કરવા જણાવ્યું નહિ. પરંતુ તેણે જણાવ્યું કે આ બન્નેની લડાઈથી લાખો મુસલામીઓ માર્યા જાય છે માટે એ બન્નેને પદભ્રષ્ટ કરવા. ઉમરૂઆસે કાંઇ વિચાર કરી તેને જણાવ્યું કે તમોએ હજરત અલી તથા મોઆવીઆ બંનેને પદભ્રષ્ટ કરવા મત આપ્યો છે તે ઘણોજ બેહતર છે કેમકે જો તેમ નહિ થાય તો બન્ને તરફના લાખો મુસલમાનીઓ માર્યા જશે; માટે આપણે બન્નેને પદભ્રષ્ટ કરવા ફેસલો આપવો વળી આપણે નવો ખલીફ મુકર્રર કરવાની પંચાતમાં પડવું નહિ કેમકે તેમ કરવાથી જે પક્ષ નારાજ થશે તે પાછો ફસાદ ઉભો કરશે. અને તે ફસાદનું કારણ આપણો ફેસલોજ થઇ પડશે. નવો ખલીફ મુસલમાન લોકો પોતાની મરજીમાં આવે તેને મુકરર કરે તેમ જણાવવું.

ઉમરૂઆસની માત્ર એટલીજ ઇચ્છા હતીકે અબુ મુસાના મુખથી હજરત અલીને પદભ્રષ્ટ જાહેર કરાવવા અને નવા ખલીફ માટે મુસલમાનોના મત ઉપર વાત છોડવી. જ્યારે અબુ મુસા તેવો ફેસલો પોતા તરફનો રજુ કરે ત્યારે તેણે મોઆવીઆની તરફેણમાં ફેસલો આપવો.

ફેસલો સાંભળવાને મસજીદમાં લોકો હાજર થયા. ઉમરૂઆસે અબુમુસાના વખાણ કરી જણાવ્યું કે તું નબી સાહેબનો માનીતો અસહાબ, બુઝુર્ગ અને બુદ્ધિશાળી છે; માટે તું પહેલે મીમ્બરપર જઇ તારો ફેસલો જાહેર કર. ત્યારબાદ હું મારો ફેસલો તારા મત મુજબ જાહેર કરીશ. તારી હાજરી વચ્ચે પ્રથમ ફેસલો આપવા હું લાયક નથી આ ઉપરથી અબુ મુસા ફુલણજી બની મીમ્બરપર ગયો.

મીમ્બરપર જઈ તેણે જણાવ્યું કે "અયલોકો, હજરતઅલી તથા મોઆવીઆના કારણે મુસલમાનોની મોટી કતલ થાય છે. તેથી તેમને ખીલાફતથી દૂર કરવામાં ઇસલામીઓનું હિત અમોને માલુમ પડયું છે. ઉમરૂઆસે પણ મોઆવીઆને પદભ્રષ્ટ જાહેર કરવો અને હું જેમ આ વીંટી મારી આંગળીમાંથી દુર કરૂંછું તેમ હજરત અલીને ખીલાફતથી દુર કરૂંછું." આટલું કહી તે નીચે ઉતર્યો અને ઉમરૂઆસ મીમ્બરપર ચડયો તે બોલ્યો કે" અયલોકો હજરત અલી તરફના લવાદ અબુમુસાએ હજરત અલીને ખીલાફતથી દુર કીધા છે. પણ જેમ આ વીંટી હું પહેરી બતાવુંછું; તેમ હું મોઆવીઆને ખીલાફત પહેરાવુંછું. અને તેનેજ ખલીફ મુકરર કરૂંછું, કેમકે તેના સિવાય કોઈનામાં હજરત ઉસમાનના ખુનનો બદલો લેવાની શકિત નથી."

અબુ મુસાએ જણાવ્યું કે મારી સાથે દગો તથા વિશ્વાસઘાત કરવામાં આવ્યો છે પરંતુ હવે શું થઇ શકનાર હતું છેવટે ઉમરૂઆસ મોઆવીઆને લઇ શામ ગયો અને તેને ખલીફ મુકરર કીધો. મોઆવીઆએ હજરત અલીનું બળ તોડી પાડવા અનેક તજવીજો કીધી અને એહેલબેતની શાનમાં બદ બોલવાનું જારી કરી લોકોના અંતકરણો તેમના તરફથી ફેરવવા માંડયાં.

આ ઉપરથી ખારજી નામનું ટોળું ઉભું થયું અને તેણે લશ્કર એકઠું કરી લુટફાટ ચાલુ કીધી. હજરત અલીએ તેને રીતસર વર્તવા પત્રો લખ્યા પરંતુ તેમણે કાંઇ દરકાર કીધી નહિ આ ઉપરથી નેહરવાનની લડાઇ થઇ. આ લડાઇમાં દસ હજાર ખારજીઓ પૈકી માત્ર દસજ નાશી જવા પામ્યા; બાકીના માર્યા ગયા.

મોઆવીઆનો ફીસાદ દુર કરવા લશ્કર એકઠું કરવા હજરત અલી કુફામાં આવ્યા. દર્મિયાન અબ્દરરેહેમાન ઇબ્ને મુલજીમ નામના એક ખારજીએ રમજાન તા. ૧૯ ના રોજ હજરત અલીપર કે જ્યારે તેઓ મસજીદમાં સવારની નમાજ ગુજારી રહ્યા હતા ત્યારે તલવારથી હુમલો કીધો. તેના જખમથી તા. ૨૧ રમજાનના રોજ તેમની વફાત થઇ.

તેમણે ચાર વર્ષ નવ માસ ખીલાફત ભોગવી. તેમની લાશને નજફ નામની જગોએ દફન કરવામાં આવી છે વફાત વખતે તેમની વય ૬૩ વર્ષની હતી. તેમની કબરની ઝીઆરત કરવાને લાખો શીઆ લોકો દર વર્ષે નજફ જાય છે.

હજરત અલી બીબી ફાતમાના ભર્થાર યાને હજરત મહંમદ પેગંબરના જમાઇ થતા હતા. બીબી ફાતમાથી ત્રણ પુત્રો ઇમામ હસન, હુસેન તથા મોહસન જન્મ્યા હતા. મોહસન જન્મવા સાથેજ મરણ પામ્યા હતા બીબી ફાતમાની હયાતી સુધી હજરત અલીએ બીજી કોઇપણ સ્ત્રી કીધી ન હતી. બીબી ફાતમાની વફાત બાદ કરેલી સ્ત્રીઓથી ઘણાં પુત્ર તથા પુત્રીઓનો જન્મ થયો હતો

હજરત અલી પેગંબર મહંમદના પિત્રાઇ ભાઇ તથા જમાઇ થતા હતા. તેઓ પુરૂષોમાં સર્વથી પહેલે મુસલમાન થયા હતા. હજરત અલીના પીતા અબુ તાલેબ સાધારણ સ્થિતિના તેમજ બચકવાળ હોવાથી દુષ્કાળમાં તેમને મદદ કરવા તેમના કુટુંબીઓએ જે યોજના કરી તેમાં હજરત અલીની પરવરીશ હજરત મહંમદે કરવી એવું ઠરવાથી તેઓ બાળવયથીજ હજરત મહંમદ સાથેજ રહ્યા હતા. તેઓએ લડાયક શક્તિમાં મોટી ખ્યાતિ મેળવી હતી. ઇસલામની લગભગ મુખ્ય અને અગત્યની લડાઇઓની ફતેહ તેમને આભારી નીવડી હતી. તેથી તેઓ " ખુદાના શેર " કહેવાતા હતા. અબ્દેવદ, ઓગર તથા અતર જેવા બળવાન કાફર યોદ્ધાઓ તેમના હાથથી માર્યા ગયા હતા. સખાવત કરવામાં પણ તેઓ સર્વથી સરસાઇ લઇગયા હતા. નમાજ પડતાં પડતાં પણ તેઓએ સખાવત કીધી હતી. તે બાબતની કુરાનમાં તારીફ કરવામાં આવી છે. બીજાઓના સુખને ખાતર પોતાનુ ખાણું આપી દેતા હતા. ન્યાયશાસ્ત્રમાં કોઇપણ અસહાબ તેમની બરોબરી કરી શકતો નહતો. પ્રથમના ખલીફાને ન્યાયના કામમાં મદદ આપી તેમના કેટલાક ગેરવાજબી ફેસલાઓ સુધરાવ્યા હતા જુદા જુદા દેશના લોકો જે કાંઇ ધરમી પ્રશ્નો લઇ આવતા તેમના જવાબો તેઓજ આપતા

હતા. અને તે સઘળા સર્વમાન્ય નીવડતા હતા. તેઓ મોટા ખુશ નવીશ હતા. અરબી ભાષાનું વ્યાકરણ તેમણેજ રચી કહાડયું હતું. તેમના નીતિવચનો ઇસલામીઓમાં એક અવાજે વખણાય છે સુફીઓ તેમને પોતાના પીરો મુરશદ માને છે. શીઆ ઇસનાઅશરી તથા વોહરા લોકો તેમને પોતાના માઅસુમ ઇમામ ગણે છે હુસેની તથા આગાખાની ફીરકાના લોકો તેમને ખુદા કહે છે. તેઓ અરબી ભાષાના ચુનંદા વિદ્વાન હતા. તેમની વકતૃત્વ શકિતનું આખું અરબસ્તાન એક અવાજે વખાણ કરતું હતુ. સ્વામી વિવેકાનંદ કહે છે કે ઇસલામને તેના ખરા સ્વરૂપમાં માત્ર બેજ માણસો ઓળખવા પામ્યા છે. એક મહંમદ અને બીજો અલી.

ઉપર મુજબ ચાર ખલીફાઓને સુન્નીઓ અનુક્રમે પૈગંબરના નાયબ માને છે. શીઆ મતના લોકો તેમની માન્યતાથી અલગા પડી હજરત અલીને પહેલા ખરા હકદાર માને છે. આ માન્યતાથી શીઆ તથા સુન્ની એમ બે ફીરકા થયા છે. શીઆ ટોળાંના ઈમામોનું વર્ણન હવે પછીના કોઇ પ્રકરણમાં આપવામાં આવશે.

ચાર ખલીફની ખીલાફતની મુદત્ત બતાવનારો કોઠો.

ચાર ખલીફના નામ	ખલીફ થયા		વફાત પામ્યા.		ક્યાં દફન થયા
	હી. સ.	ઇ. સ.	હી. સ.	ઇ. સ.	
૧ અબુબકર.	૧૧	૬૩૨	૧૩	૬૩૪	મદીના.
૨ ઉમર.	૧૩	૬૩૪	૨૩	૬૪૪	,,
૩ ઉસમાન.	૨૩	૬૪૪	૩૫	૬૫૫	,,
૪ અલી.	૩૫	૬૫૫	૪૦	૬૬૦	નજફ.

પ્રકરણ ૬ ઠું.

પંજેતન પાક.

શીઆ તથા સુન્ની ઇસલામીઓમાં પંજેતન યાને પાંચ મહાપુરૂષોની માન્યતા અતિ પ્રિય છે તેમના પ્રત્યે પુજ્યભાવ રાખવો એ તેઓ પોતાની મુખ્ય ફરજ સમજે છે. આપણી તવારીખ સાથે તે પાંચ મહાપુરૂષોનો અતલગનો સબંધ છે તેથી તેમની સંક્ષિપ્ત હકીકત આપવી ઉચિત છે.

૧ **મોહંમદ**—તેમનું વર્ણન ચોથા પ્રકરણમાં આપાઇ ગયું છે.

૨ **અલી**—તેમનું વર્ણન પાંચમાં પ્રકરણમાં અપાઇ ગયું છે.

૩ **ફાતમા**—ઇસલામના સ્થાપક હજરત મોહમદના તેઓ પુત્રી થય છે. તેમની માતાનું નામ ખદીજા હતુ હજરત મોહંમદના બીબી ખદીજા સાથે લગ્ન થયા બાદ ૧૧ વર્ષે ફાતમાનો જન્મ થયો તેઓ હજરત મોહંમદના સર્વથી નાની બેટી હતા તેમની પ્રકૃતિ તથા રીતભાત પીતા સાથે મળતાં આવતાં હતાં તેટલા માટે પીતાનો ચાહ તેમનાપર વિશેષ હતો. હજરત મોહંમદની એક ટેવ એવી હતી કે જ્યારે બહારથી ઘેર આવતા ત્યારે ઘરમા પ્રવેશ કર્યા અગાઉ બહારથી મોટેથી સલામ કરતા સલામ કર્યાબાદ જરા થોભી ઘરમાં દાખલ થતા. ફાતમા ઘુટણ ભર ચાલવાને શીખ્યાં ત્યારે તે પીતાના સલામનો અવાજ સાંભળી ખડકી સુધી સામે જતાં અને તેમની આંગળી પકડી બેઠકની જગો સુધી લઇ જતાં. ત્રણ ચાર વર્ષની વય થતાં પીતાએ તેને એવી એવી બાબતોનુ શિક્ષણ આપવા માંડયું કે જે શિક્ષણથી ખુદાની વાહદાનિયત ટપકતી હતી. તેમની સ્મરણ શક્તિ એટલી તો બળવાન હતી કે પીતા પાસેથી એકવાર જે કાંઇ સાંભળી લેતા તે દીલમા કોતરાઇ જતું હતું પીતા પાસેથી જે કાંઇ સાભળતાં તે પીતા બહાર ગયા બાદ માતાનાં પુછવાથી અથથી તે ઇતિ સુધા કહી આપતાં હતાં.

પીતાનો તેમના પર અતિ ચાહ હતો. એક દહાડો કોઇએ તેમના પીતાને પૂછ્યું કે ઘરના માણુસોમાં તેમને કોણ વધુ પ્રિય છે? જવાબ આપ્યો કે, ફાતમા.

ઓહોદની લડાઇમાં જ્યારે કાફરોએ તેમના પીતાના મરણની ગપ ઉડાવી ત્યારે આ ખબર સંભળી તે લડાઇના મેદાનમાં જઇ પહોંચ્યાં. પીતા ઘાયલ થઇ એક પહાડ પર ચડી ગયા હતા. ફાતમા તેમની પાસે જઇ પહોંચ્યાં તેમના ભરથાર અલી હજરત મોહંમદના જખમોને ધોતા હતા અને ફાતમા તે પર પાણી રેડતા હતાં.

તેમના નીકાહ હજરત અલી સાથે થયા હતા. એક દહાડે કોઇ સ્ત્રીએ તેમને કહ્યું કે તમારા પીતાએ તમારા નીકાહ એક એવા માણુસ સાથે કીધા છે કે જેની પાસે અનાજ કે નાણું નથી આ સાંભળી ફાતમા રડવા લાગ્યાં. પીતાએ રડવાનું કારણ જાણી જણાવ્યું કે શું તું ખુદાની મરજી પર ખુશી નથી? ખુદાએ જગતમાંથી બે માણુસો ચુંટી કહાડયા છે, અને તે બંને તારા હીસ્સામાં આવ્યા છે એક તારો પીતા અને બીજો તારો ભરથાર અલી.

હજરત મોહંમદે એક દહાડો મેલાવડા વચ્ચે એવો પ્રશ્ન કીધો કે બતાવો કે સ્ત્રીઓ માટે શું બહેતર છે? આવો પ્રશ્ન સાંભળી હજરતઅલી ઘરમાં ગયા અને ફાતમાને તે પ્રશ્ન વિષે પુછ્યુ. ફાતમાએ જવાબ આપ્યો કે કહો કે સ્ત્રીઓ માટે એ બહેતર છે કે તેણીઓ પરાયા પુરૂષોને ન જુએ, તેમ પરાયા પુરૂષો તેને ન જુએ. હજરત અલીએ આવી ફાતમાએ કહેલો જવાબ આપ્યો હજરત મોહંમદ બોલ્યા કે કહો કે તમો કોને પુછી આવ્યા? જવાબ આપ્યો કે હસનની માતાને.

તેણીના સદવર્તન માટે તવારીખના ગ્રંથો ભરપુર પડયા છે. સઘળી ઇસલામી સ્ત્રીઓ પોતાને તેમની ગુલામીમાં હોવા માટે ફખર કરેછે.

પીતાની જુદાઇએ તેમના પર ભારે અસર કીધો. પીતાની જુદાઇમાં રાત્રી દીવસ રડયા કરતા હતા. હજરત મોહંમદની વફાત પછી ખીલાફત માટે ઝઘડો થયો. હજરત અબુલકર ખલીફ થયા પરંતુ હાશમ કુળના લોકો હજરત અલીની તરફેણમાં હતા. હજરત ઉમરે આ સબંધમાં હજરત અલી પર કાંઇ દબાણ કીધું અને ફાતમાને તેમના પીતાએ આપેલો ફીદકનો બાગ એવું જણાવી જપ્ત કીધો કે કુરાનની રૂએ પૈગંબરોનો વારસો હોય નહી. આ બાબતની ફરીયાદી ખલીફ અબુબકરના દરબારમાં થઇ ફાતમા ખુદ સાક્ષી તરીકે હાજર થયાં પણ તેમની સાક્ષી એમ જણાવી નામંજુર કીધીકે પીતા માટે ઓલાદની સાક્ષી કબુલ થઇ શકે નહી આવા કારણોને લઇ તેને બહુજ માઠું લાગ્યું. અને એજ રંજોગમ-માં તેઓ બીમાર પડયાં. તેમની નારાજી એટલી બધી વધી પડી કે તેમણે વસીયતમાં એમ જણાવ્યું કે મારા જનાજા સાથે હજરત અ-બુબકર તથા ઉમરને હાજર થવા જણાવવું નહિ, તેમની વફાત હજ-રત મોહમદની વફાત પછી ૭ માસે થઇ.

ફાતમાને ત્રણ પુત્રો અને બે પુત્રીઓ થઇ હતી. પુત્રોના નામના ૧ હસન ૨ હુસેન ૩ મોહસીન. મોહસન જન્મતાંજ ગુજરેલા અવતર્યા હતા. હસન તથા હુસેન એ શીઆ સંપ્રદાયના લોકોના ઇમામ અને પંજેતન પાકના છેવટના બે ગણાય છે. બેટીઓના નામ ૧ જેનબ ૨ કુલસુમ. ફાતમાનો વંશ તે ફાતમી વંશ કહેવાય છે મીસરના ફાતમાઇટ ખલીફ તેમની ઓલાદથી કહેવામાં આવે છે.

૪ **હસન**—તેમનું વર્ણન સાતમાં પ્રકરણમાં આપવામાં આવ્યું છે.

૫ **હુસેન**—તેમનું વર્ણન સાતમાં પ્રકરણમાં આપવામાં આવ્યું છે

પંજેતન પાકના જન્મ તથા વફાતના સન બતાવનારો કોઠો.

પંજેતનના નામ.	જન્મ.		વફાત.		ક્યાં દફન થયા
	હી. સ	ઈ. સ	હી સ.	ઈ. સ.	
૧ મોહંમદ.	પૂર્વે.	૫૭૦	૧૧	૬૩૨	મદીના.
૨ અલી.	પૂર્વે.	૫૯૮	૪૦	૬૬૦	નજફ.
૩ ફાતમા.	પૂર્વે.	૬૧૩	૧૧	૬૩૨	મદીના.
૪ હસન.	૩	૬૨૫	૪૯	૬૬૯	મદીના.
૫ હુસેન.	૪	૬૨૬	૬૧	૬૮૦	કરબલા

પ્રકરણ ૭ મું.

ઈસ્નાઅશરી ઈમામો.

૧ અલી—ઇસનાઅશરી મતના લોકો સુન્ની ખલીફ હજરત અબુબકર, ઉમર તથા ઉસમાનને ખરા હકદાર ખલીફ તરીકે માન્ય રાખતા નથી. તેઓ હજરત અલીને ખરા હકદાર ખલીફ જણાવેછે. તેઓ જણાવેછેકે ખીલાફત પર હજરત અલી તથા તેની ઓલાદનો હક છે પરંતુ હજરત અબુબકર, ઉમર તથા ઉસમાને તે હક હજરત અલીને નહિ આપતાં લાગવગથી પોતે મેળવી લીધો હતો. હજરત અલી એ ઇસનાઅશરીઓના પહેલા ઇમામ ગણાય છે. તેમને લગતું વર્ણન ગયા પ્રકરણમાં આપાઇ ગયું છે.

૨ હસન—હજરત અલીની શહાદત પછી તેમના વડા પુત્ર હજરત ઇમામ હસન પીતાની વસીયત મુજબ ખલીફ થયા. તેમણે અબદલા

બિન અબ્બાસને બસરાનો ગવરનર નેમી રાજ્યના સઘળા ભાગોમાં સુલેહ શાન્તી પાથરવાની તજવીજ કીધી. મોઆવીઆ રાજકીય કાવા-દાવામાં કુશળતા ધરાવતો હતો તેણે ઇમામ હસન પાસેથી ખીલાફત ઝુંટવી લેવા પેરવી કીધી. ઇમામ હસનના પક્ષકારોને મોટી મોટી રૂશવતો આપી અંદરખાનેથી પોતાના કરી લીધા. ઇમામ હસનને જ્યારે મોઆવીઆની ફસાદી હીલચાલની ખબર પડી ત્યારે તેને લખી જણાવ્યું કે જ્યારે તમે મારી સામે લડવાની ઇચ્છા રાખોછો ત્યારે હું પણ તમારી સાથે લડવાને તત્પર છું. આવો જવાબ મળતાં મોઆવીઆ ૪૦ હજારનું લશકર લઇ ચડી આવ્યો. ઇમામ હસન પણ લગભગ તેટલુંજ લશ્કર લઇ લડવાને ચાલ્યા. ઇમામ હસનના લશકરમાં વફાદારી ઘટી ગઇ હતી અને તેથી તે અણીને વખતે સાબીત કદમ રહેશે નહિ એવી ઇમામને શંકા હતી તેથી લશકરના વડાઓને માર્ગમાંજ બોલાવી કહ્યું કે તમો જો છેવટ સુધી વફાદાર રહો તોજ હું લડાઇ કરવાને ખુશી છઉં; નહિતર મુસલમાનોનું ખુન રેડાય તે મને પસંદ નથી. લશકરમાં ગુપ્ત બેદીલીતો હતીજ. ઇમામનો આવો ફકરો સાંભળી તેમાં અસાધારણ જોશ આવ્યો. કુફીઓએ કહ્યું કે તમારો વિચાર મોઆવીઆને ખીલાફત આપી દેવાનો જણાયછે. ખરેખર તમોએ ખુદાથી કુફર કીધો જેવી રીતે તમારા પીતા હજરત અલીએ શીર્ક કીધો હતો. જર્રાહ બિન સીનાન નામના સરદારે ઇમામપર હુમલો કરી તેમને જખમી કીધા. બીજાઓએ તેમના તંબુ તથા સરસામાન લુટી લીધો. ઇમામ કેટલાક લોકોની મદદથી પોતાનો પ્રાણ બચાવી શકયા. મોઆ-વીઆને જ્યારે આ બાબતની ખબર પડી ત્યારે તેણે કહેવડાવી મોક-લ્યું કે " તમો હજુ બિન અનુભવી છો. મુસલમાનોની નાહક ખુનરેજી કરવા કરતાં મારી તરફેણમાં જે સરતો સાથે સુલેહ કરશો તે હું કબુલ રાખીશ. હું તમોને ચેતાવું છું કે તમારા સરદારોમાંના કેટલાએક અં-દરખાનેથી મારા હાથ પર બેઅત કરી ચુકયા છે " મોઆવીઆનો પત્ર આવ્યા બાદ ઇમામે વિચાર્યું કે થોડું ઘણું જે કાંઇ લશકર રહ્યું છે તે લઇ લડવાથી લશકર માર્યું જશે, માટે સુલેહ કરવામાં બહેતરી છે

છેવટે કેટલીક સરતોપર સુલેહ થઇ. સરતો એવી હતી કે મોઆવીઆ પોતે પોતાની હયાતી સુધી હકુમત કરે, પોતાની વફાત બાદ ખીલાફત ઇમામ હસનને સુપ્રત કરી જાય, પોતાની બાદ કોઇ હાકીમ મુકરર કરે નહિ, દર વર્ષે દશ લાખ દીરમ ઇમામ હસનને આપ્યા કરે, એહલેબેત તથા તેમને માનનારા લોકો જ્યાં હોય ત્યાં રક્ષણમાં રહે, હજરત અલી, ઇમામ હસન, ઇમામ હુસેન તથા તેમને માનનારા લોકોને બદ બોલ-વાનો હુકમ રદ કરે.

મોઆવીઆએ ઇમામ હસનની માગણી મુજબ સુલેહ તો કીધી પરંતુ તેની મતલબ ખીલાફત પોતાના વંશ માટે ખાસ કરી લેવાની હતી, તેથી ઇમામ હસનને કોઇપણ રીતે દુર કરવાની તેની ઇચ્છા હતી. સુલેહની સરતો પર સહીઓ થઇ ગયા બાદ ખીલાફત બની ઉમૈયાના વંશમાં આવી અને મોઆવીઆ તેનો પહેલો ખલીફ થયો. હવે મોઆવીઆએ છુપી રીતે ઇમામ હસનનું કાટલું કહાડી નાખવા પેરવીઓ ચાલુ કીધી. ઇમામને શહીદ કરવાનું કામ મરવાન બિન હકમને સોપ્યું અને તેને મક્કાના ગવરનરની પદવી આપી. હવે મરવાન પોતાનું કર્પીણુ કૃત્ય કરવાને મદીના આવ્યો અને એક જમાના ખાયેલ વેશ્યા સ્ત્રીને લાંચ રૂશવત તથા ભવિષ્યની આશાઓ આપી ઇમામની સ્ત્રી જાદાને પોતાના પક્ષમાં લેવા અને તેણીની મારફત ઇમામને ઝેર આપવા તજવીજ કીધી.

મોઆવીઆએ ઇમામ હસન સાથે જે સરતો સાથે સુલેહ કીધી તે યઝીદના હકમાં પણ ઝેર સમાન હતી તે સમજતો હતો કે પોતાના મૃત્યુ બાદ ખીલાફતનો ઇમામ હસન લઇ જશે અને મને કાંઇપણ મળી શકશે નહિ. આ ઉપરથી તેણે પણ મરવાન બિન હકમને ઇમામ હસનનું કાટલું જલદી કહાડી નાખવાને ભલામણ કીધી અને સાથે એમ પણ જણાવ્યું કે જો ઇમામ હસનને ઝેર આપી મારી નાખે તો હું તેની સાથે નીકાહ કરીશ. ભોળી અને લાલચુ જાદા વેશ્યાના ફરેબમાં આવી ગઇ અને ઇમામને કેટલીક

વખત ખજુર વિગેરેમાં મેળવી ઝેર ખવડાવ્યું. પરંતુ ઝેર કેટલીક વેદના પછી ઉતરી ગયું. ઇમામને જાદા પર શંકા જવાથી તેને જણાવ્યું કે તું જે ઇચ્છા માટે મારો જીવ લેવાને પ્રયત્ન કરી રહી છે તે તારી ઇચ્છા પાર પડશે નહિ. એટલું કહી તેને ત્યાં આવવા જવાનું બંધ કીધું. જાદાએ જોયું કે ઇમામને મારી છુપી વાતની ખબર પડી ગઇ છે તેથી જેમ બને તેમ હવે કામ જલદીથી આટોપી નાખવું જોઇએ. જો ઢીલ થશે તો નાહકનો ફજેતો થઇ જશે. એક દીવસે છુપી રીતે ઇમામના પાણીના કુંજામાં ઝેર નાખી આવી. રીવાજ મુજબ ઇમામે જાગૃત થઈ પાણી પીધું. આ ઝેરના અસરથી ઇમામનું શરીર લીલું થઇ ગયું. કલેજાના ટુકડે ટુકડા થઇ મોઢડામાંથી બહાર પડવા લાગ્યા. તેમને પૂછવામાં આવ્યું કે આ ઝેર કોણના તરફથી આપવામાં આવ્યું છે તો તેના જવાબમાં જણાવ્યું કે જેને હું ધારું છું તેનો હાથ કદાચ એ ગુનાહમાં ન હોય અને તે નિર્દોષ માર્યો જાય એ વાજબી નથી. માટે હું કીસમતને આધિન થઉ છું. ઇમામ હસને માત્ર ૭ માસ ખીલાફત ભોગવી હતી અને મોઆવીઆ સાથે સુલેહ થયા બાદ નવ વર્ષ જીવતા રહેવા પામ્યા હતા તેમની વફાત હી. સ. ૪૯માં ૪૭ વર્ષની વયે મદીનામાં થઇ હતી.

ઇમામ હુસેન પોતાના વડાભાઇ ઇમામ હુસેનનો જનાજો લઇ હજરત મહમદ પૈગંબર સાહેબના રોજામાં દફનાવવા ચાલ્યા અને તે બદલની પરવાનગી બીબી આયશા પાસેથી મેળવી. પરંતુ બની ઉમૈયાના કેટલાક લોકોએ જઇ બીબી આયશાના વિચારો બદલાવી નાખ્યા. આ ઉપરથી બીબી આયશા ઉંટપર સવાર થઇ ત્યાં આવ્યાં અને ઇમામ હુસેનને તેમના ભાઇની લાશ હજરત પૈગંબરની બાજુમાં દફનાવવાની નાપાડી. ઇમામ હુસેને પોતાનો વધુ હક હોવા ઘણી દલીલો કીધી પરંતુ બની ઉમૈયાની ઉશ્કેરણી આગળ કાંઇપણ ચાલી શકયુ નહિ છેવટે બહારના એક કબ્રસ્તાનમાં ઇમામ હસનને દફન કરવામાં આવ્યા. ઇમામ હસનના જનાજા પર માર્ગમાં બની ઉમૈયા લોકોએ તીરો ફેંકયાં હતાં.

પંજેતન યાને પાંચ મહાત્માઓમાં ઇમામ હસન ચોથા ગણાય છે. તેઓ ભલા, સહનશીલ અને પરમાર્થી હતા. તેમણે અનેક હજ સવારીઓ છતાં પેદલ ચાલીને કીધી હતી કેટલીક વખત પોતાનો સઘળો અસબાબ અને કેટલીક વખતે અર્ધો અસબાબ રાહે ખુદામાં આપી દીધો હતો. તેમના કાસમ તથા અબ્દુલા નામના બેટાઓ કરબલામાં ઈમામ હુસેન સાથે શહીદ થયા હતા.

ઇમામ હસનની વફાત થવા સાથે જાદા મરવાન બિન હકમની પાસે ગઇ. મરવાને તેણીને યઝીદ પાસે ડુમાસકસ મોકલી આપી. યઝીદે તેની મુલાકાત નહિ લેતાં કહેવડાવી મોકલ્યું કે "જ્યારે તું રસુલીલ્લાહના ફરજંદ સાથે દગો રમવાને ચુકી નહિ તો મારી સાથે તું શું વફાદારી કરવાની હતી" એટલું કહી તેનાપર ઇમામ હસનનો જાન લેવાનો આરોપ મુકી ન્યાયાધિશની કોર્ટમાં ખડી કીધી. જ્યાં ન્યાયાધિશે કાંઇપણ કેસ આગળ ચલાવ્યા સિવાય તેને ગધેડે ચડાવી જંગલમાં ભક્ષ કરનારાં પ્રાણીઓ માટે છોડી મેલવાની શિક્ષા કીધી.

૩ હુસેન—ઇમામ હસનની વફાત પછી મોઆવીઆએ પોતાના પુત્ર યઝીદને ગાદી વારસ મુકરર કીધો અને તે માટેની લોકો પાસેથી બેઅત લેવા માંડી. તેણે મરવાન બિન હકમને લખી જણાવ્યું કે મકકા તથા મદીનાના લોકોને મારી બાદ યઝીદની ખીલાફત કબુલ રાખવા માટે સમજુત આપવી. મરવાને આ હુકમ આધારે મદીનાના લોકોને મસજીદમાં એકઠા કીધા અને મોઆવીઆનો હુકમ તેમને સંભળાવ્યો હજરત અબુબકરના પુત્ર અબ્દરહેમાને મોઆવીઆની આ દલીલને વખોડી કહાડતાં કહ્યું કે ઇસલામમાં આ નવી આપખુદી દાખલ કરવા સમાન છે કેમકે આગલા ખલીફાએ કદીપણ પોતાના વંશને ખીલાફતનો હક નહિ આપતાં મુસલમાનોની ચુંટણીપર છોડી ગયાછે. અબ્દરહેમાનની આ વાતને કેટલાક આગેવાન અસહાબોના બેટાઓ તરફથી પુષ્ટી મળી. આ પુષ્ટી આપનારમાં ઇમામ હુસેન પણ એક હતા

કુફાના લોકોએ ઇમામ હુસેનને લખી જણાવ્યું કે જો તમો યઝીદની બેઅત નહિ કરવાને છેવટ સુધી મજબુત રહો તો અમો તમારો સાથ આપવાને તથા મોઆવીઆ સામે લડાઇ કરી તમારા બાપ તથા ભાઇનું વેર લેવાને તૈયાર છીએ. જો તમો તેમ કરવાને ખુશી હોતો અમો તમારા હાથપર બેઅત કરીએ. ઇમામ હુસેને આ બાબતનો કશોપણ જવાબ લખ્યો નહિ. પરંતુ આ વાતની ચર્ચા ઠેક ઠેકાણે થતાં મરવાને મોઆવીઆને લખી મોકલ્યું કે ઇમામ હુસેન કુફીઓની સહાયતાથી મોઆવીઆ સામે બળવો કરવાની તૈયારી કરે છે. મોઆવીઆને આવો પત્ર મળતાંજ તેણે ઇમામ હુસેનને લખી જણાવ્યું કે મેં સાંભળ્યું છે કે તમો મારી સામે બળવો કરવાની છુપીરીતે કોશીશ કરી રહ્યા છો. ઇમામ હુસેને જવાબ આપ્યો કે મારી ઉપર આ સર્વે તોહમત છે. અને લોકો વાતનું રૂપ બદલાવી મારા પ્રત્યે તમોને ઉશકેરી આપણા વચ્ચે નવેસરથી લડાઇ ઉભી કરવા માગે છે. જ્યાં સુધી તમો કુરાન તથા હદીસ મુજબ વર્તન ચલાવો ત્યાં સુધી મારા તરફથી કોઇપણ બુરાઇની વકી રાખશો નહિ. મોઆવીઆને જો કે જવાબ સંતોષ કારક મળ્યો હતો પરંતુ તેની મુખ્ય નેમ યઝીદને મજબુત ધોરણે ગાદી વારસ બનાવવા તથા મનાવવાની હતી.

મોઆવીઆ આ કામને પાર પાડવા હજનું બહાનું કરી મક્કા તરફ રવાના થયો. મોઆવીઆ હજ પડવાને આવે છે તેમજ આ વર્ષે અકબરી હજ હોવાથી મોટી સંખ્યામાં હાજીઓ હજ પડવાને ઉતરી પડયા હતા. મોઆવીઆએ હજથી ફારેગ થઇ મુસલમાનોના એક ગંજાવર ટોળાં વચ્ચે લોકોને જણાવ્યું કે શામના સઘળા ઇસલામીઓ મારી બાદ મારા પુત્ર યઝીદની ખીલાફત માટે કબુલાત આપી ચુકયા છે માટે તમોએ પણ કબુલાત આપવી કે જેથી ભવિષ્યમાં ખીલાફત સબંધી ફસાદ ઉભો થવા પામે નહિ. મોઆવીઆના આ ભાષણથી ઇસલામીઓના મોટા ભાગે યઝીદના ગાદી વારસપણાનો સ્વીકાર કીધો પરંતુ અબદુલ્લા બિન ઉમર, અબદુલ્લા બિન ઝુબેર, અબદુલ્લા બિન અબ્બા-

સ, અબ્દરરહેમાન બિન અબુબકર અને ઇમામ હુસેન ઇબ્ને અલી એ પાંચ જણાએ યઝીદની બેઅત માટે ઇનકાર કીધો. તેઓએ જણાવ્યું કે ઇસલામમાં ચાલતી આવેલી રૂઢીથી આ વાત ઉલટીછે તેમજ ઇમામ હસન સાથે થયેલી સુલેહની સરતોનો ભંગ થનો હોવાથી અમો યઝીદની બેઅત માટે કદી પણ રાજી થઇશું નહિ. આ ઉપરથી મોઆવીઆ તેમને ખાનગીમાં લઇ ગયો અને ઇનામ ઇકરામ તથા રાજ્ય કારોબારમાં તેમની સલાહ લેવામાં આવશે એવી લાલચ આપી પરંતુ તે મણે મોઆવીઆની વાતને મગક આપી નહિ મોઆવીઆએ જોયું કે માત્ર આ લોકોના કારણેજ વાત મારી જાયછે તેથી સમયસુચકતા વાપરી જણાવ્યું કે તમો જો યઝીદની બેઅત નહિ કરો અને તે બાબતની મારા શામી લશકરને ખબર પડશેતો આ પવિત્ર શહેરમાં લોહીની નદીઓ વહેશે તમોને એ બહેતર છે કે તમો ચુપચુપ ઘેર ચાલ્યા જાઓ. આ ઊપરથી તેઓ ચુપ થઇ ગયા મોઆવીઆએ સભામાં આવી જણાવ્યું કે ઇમામ હુસેન તથા તેમના સાથીઓએ યઝીદની બેઅત કબુલ કીધી છે તેથી બાકીના સઘળા લોકોએ બેઅતનો સ્વીકાર કીધો.

મોઆવીઆએ પોતાના રાજ્યના સઘળા ગવરનરો જોગ એક સંદેશો લખી મોકલ્યો કે મારી બાદ ખલીફ તરીકેની યઝીદ માટે બેઅત લેવી. હી. સ. ૫૬ સુધીમાં આખા શામના લોકોએ યઝીદની બેઅત કબુલ કીધી અને રાજ્યના જુદા જુદા દેશો તથા પ્રાંતોના અધિકારીઓએ પણ તેમજ કીધું. આટલું થયા બાદ મોઆવીઆએ પોતાના રાજ્યમાં યઝીદને વારસ નીમ્યોછે તે બાબતનો જાહેર ઢંઢેરો ફેરવ્યો

લગભગ ૧૯ વર્ષ સુધી શાન્તીથી રાજ્ય ભોગવી મોઆવીઆ મરણ પામ્યો. જ્યારે તેને ખાત્રી થઇ કે હવે હું જીવવાનો નથી ત્યારે તેણે રાજ્ય તથા પ્રજાકીય વડાઓને મસજીદમાં હાજર કીધા. અને જણાવ્યું કે હું ધારૂં છું કે હવે તમારી વચ્ચે હું વધુ વખત સુધી રહેવા પામીશ નહિ. મેં તમોને કુરાન તથા હદીસ ઉપર ચાલવાની બનતી

કાળજી રાખી હતી. પણ અફસોસ, મને કબુલ કરવું પડેછે કે હજરત અલી સાથે મે નાહક લડાઇ કરી અને હજરત ઇમામ હસન પાસેથી તે નામદારને ખોટું સમજાવી ખીલાફત છીનવી લીધી. અફસોસ કે મારી આગળના ખલીફ ઉમર ઉપર ખુદાએ કૈસર અને કસરાના ખજાના ખોલી દીધા હતા પણ તે નામદારે તેથી મોહડું ફેરવી આ ખરત તરફ જોયું અને હું દુનિયાની મમતામાં ફસાઇ પડયો. શું હું ખીલાફતને મુસલમાનોની મુનસફી ઉપર મુકી જઉં તો ખુદા મારા ગુનાહોને માફ કરશે ? ખરેજ મેં મારા હવસને ખાતર મારી ઉપર આખરતનો મોટો બોજ ખેંચી લીધો છે. આટલુ કહેતા તે નીચે ફસ-ડાઇ બેહોશ થઇ ગયો. છેવટે તે પોતાના બેટા યઝીદને ખીલાફત સુપ્રત કરી હી સ ૬૦ માં ૭૮ વર્ષની વયે ગુજરી ગયો.

મોઆવીઆ આજકાલના રાજદ્વારીઓ જેવો કુશળ હતો. પ્રજાનું મન મનાવી પોતાનું કામ કેમ કાઢી લેવું તે બરાબર સમજતો હતો તેના વખતમાં કેટલાક દેશો તથા શહેરો ફતેહ થયાં. પરંતુ તે રાજ-લોભી હોવાથી તેણે હજરત અલી તથા ઇમામ હસન સાથે બહુજ અદાવત રાખી હતી. હજરત અલી તરફની લોક માન્યતા નાબુદ કર-વાને એહલેબેતને બદ બોલવાનો રીવાજ કાઢયો હતો.

યઝીદે ગાદીપર બેસતાંજ મદીનાના ગવરનર વલીદ બિન ઉતબાને લખી જણાવ્યું કે ઇમામ હુસેન તથા તેમના સાથીઓ પાસેથી મારી ખીલાફતની બેઅત લેવી. જો તેઓ બેઅત કરવાને ઇનકાર કરે તો તેમનાં માથાં કાપી મારી પાસે મોકલી આપ. વલીદ બીન ઉતબાએ ઇમામ હુસેનને બોલાવી યઝીદનો પત્ર બતાવ્યો. ઇમામે જણાવ્યું કે જે માણસનું કુરાન તથા હદીસ મુજબનું વર્તન નથી તેમજ જે દુરા-ચરણમાં મસ્ત રહેછે તેવાની હું કોઇપણ રીતે બેઅત કરી શકતો નથી. વલીદે જોયું કે ઇમામ હુસેન બેઅત કરનાર નથી અને મારાથી તેમનું માથું કાપી નાખવાનુ પાપ થનાર નથી તેથી તેણે છુપી રીતે

ઇમામને મક્કા શરીફ ચાલ્યા જવાની સલાહ આપી. આ ઉપરથી તેઓ પોતાના સઘળા કુટુંબ અને બાલબચ્ચાં સહિત મક્કામાં આવી રહ્યા. ત્રણેક માસ ઘણીજ શાન્તી સાથે પસાર કીધા. પરંતુ તેટલામાં કુફી લોકોના ઉપરા સાપરી પત્રો આવવા લાગ્યા. આ પત્રોમાં કુફાના આગેવાનોએ લખ્યું હતું કે જો તમો કુફામાં આવો તો અમો સઘળા તમારી બેઅત કરવાને તૈયાર છીએ. આવા મતલબના હજારો પત્રો આવવા છતાં ઇમામ હુસેને તેમને કશોપણ જવાબ આપ્યો નહિ દરમિયાન કુફા વાસીઓનું એક ડેપ્યુટેશન ઇમામ હુસેનને વફાદારીની ખાત્રી આપી બોલાવવા આવ્યું. ઇમામ હુસેને તેમને જણાવ્યું કે તમો કુફીઓએ વિશ્વાસ ખોયો છે પણ જ્યારે તમો અતલગનો આગ્રહ કરો છો ત્યારે હું મારા કાકાના દીકરા મુસલીમને કુફા મોકલું છું. જો તે ત્યાં જઇ તમારી વફાદારીની ખાત્રી સાથે મને કુફા બોલાવશે તો હું આવીશ.

હજરત મુસલીમ કુફામાં દાખલ થયા અને અઢાર હજાર કુફીઓએ તેમની બેઅત કબુલ કરી ભારે સત્કાર દેખાડયો. કુફાના ગવરનર નોમાને યઝીદને લખી જણાવ્યું કે કુફીઓનું વલણ ઇમામ હુસેન તરફ થઇ ગયું છે માટે તે બાબત જલદીથી ઘટતું કરવું. યઝીદે તુરતજ અબદલા ઝીઆદ નામનો જાલીમ ગવરનર ત્યાં નીમ્યો અને નોમાનની બદલી કરી નાખી. અબદલાએ કુફામાં જઇ કુફીઓને ખુબ ધમકાવ્યા અને તેમના જાનમાલ માટે બહુજ ધારતી આપી. આથી કુફીઓનો જુસ્સો ઠંડો થઇ ગયો. છેવટે હજરત મુસલીમને પકડી લાવવા એક લશકરી ટુકડી મોકલી. આ ટુકડીની સામે સખ્ત લડાઇ કરી જખમી થઇ મુસલીમ કેદ પકડાયા અને અબદલા ઝીયાદે તેને શહીદ કીધા.

હજરત મુસલીમે કુફામાં દાખલ થઇ જ્યારે કુફીઓને બહુજ વફાદાર જોયા ત્યારે તેમણે ઇમામ હુસેનને કુફા આવવા પત્ર લખી નાખ્યો. આ પત્ર આધારે ઇમામ હુસેન કુફા જવાની તૈયારી કરવા

લાગ્યા. અબદુલા બિન ઝુબેર, અબદુલા બિન ઉમર, અબદુલા બિન અબ્બાસ તથા અબ્દુરરેહેમાન બિન અબુબકર કે જેઓ યઝીદની બેઅત નહિ કરવામાં ઇમામ હુસનની સાથે હતા તેઓએ ઇમામ હુસેનને કુફા નહિ જવા સલાહ આપી; પરંતુ ઇમામે જણાવ્યું કે મને યઝીદ અહીં કદીપણ શાન્તીથી રહેવા આપશે નહિ. સાથેજ ઇમામને એવા સમાચાર મળ્યા કે હજના ટાંકણાપરજ યઝીદ પક્ષના લોકો તેમને કતલ કરવાની વેતરણમાં પડયા છે તેથી હજની ક્રીયા સંપુર્ણ કરવાનું માંડી વાળી હજની પહેલાં એક દિવસ પોતે કુફા તરફ ચાલતું કીધું. ઇમામે જાણ્યું કે જો હજના ટાંકણાપરજ અને કાબાની નજીકમાં મને જો શહીદ કરવામાં આવશે તો કાબાની હુરમતને મોટો ધક્કો લાગશે. બન્યું એમ કે મક્કાથી કુફા તરફ જે દહાડે ઇમામ હુસેન રવાના થયા તેજ દહાડે કુફામાં હજરત મુસલીમની શહાદત થઇ.

ઇમામ હુસેન કુફા તરફ આવેછે એવી ખબર જ્યારે અબદલા ઝીયાદને મળી ત્યારે તેણે હુર નામના એક શીપેસાલારને કેટલીક ફોજ આપી, ઇમામને આડે અવળે નહિ જવા દેતાં, માર્ગમાંજ રોકી પાડવાયા કુફા તરફ આવવા દેવા મોકલ્યો. હુર અને ઇમામની માર્ગમાં મુલાકાત થઇ. હુરનો ઇરાદો છુપીરીતે એમ હતો કે ઇમામના ખુનમાં ભાગ લેવો નહિ તેથી પોતાના લશકરને ખબર ન પડે તેમ ઇમામને અંધારી રાત્રીએ દુર નીકળી જવા સલાહ આપી. આ સલાહ મુજબ ઇમામ હુસેન રવાના થઇ સવાર પડતાં કરબલાના રણમાં આવી પહોંચ્યા.

કુફામાં દેલમ તરફ મોકલવાનું લશકર ઉમર સાદની સરદારી તળેનું હજુ રવાના નહોતું થયું. તે લશકરને અબદલા ઝીઆદે કરબલા તરફ રવાના થવાનો હુકમ આપ્યો. ઉમર સાદ જો કે પ્રથમ ઇમામ સામે લડવા નહિ જવા ચાહતો હતો પણ જો તે તેમ નહિ કરે તો તેની સરદારી તથા ભવિષ્યની આશાઓ નું ખુન થઇ જતું હતું તેથી દુનિયવી લાલચોને આધિન થઇ તે કરબલા ગયો.

અબદલા ઝીયાદે ઉમરના કામપર છુપી દેખરેખ રાખવા શીમર નામના શખ્શને રવાના કીધો અને કહેવડાવી મોકલ્યું કે જો ઇમામ હુસેન કોઇ પણ સરત નહિ કરતાં તાબે થાય તોજ તેમને જીવતા રહેવા દેવા. નહિતર તેમને ભુખ્યા તથા પ્યાસા રાખી કતલ કર. ઉમર સાદે ઇમામ હુસેનને બેઅત કરવા જણાવ્યું પરંતુ ઇમામે યઝીદ કોઇપણ રીતે બેઅતને લાયક નથી તેથી બેઅત કરવા ઇનકાર કીધો. ઉમર સાદે સાતમી મોહરમથી ઇમામપર પાણી બંધ કીધું અને નવમી મોહરમની સાંજરે લશકર લઇ લડવાને ચડી આવ્યો. ઇમામે એક રાત્રીની મોહલત માગી સવારમાં લડવા જણાવ્યું ઇમામે રાત્રીએ પોતાના સઘળા સહાયકો અને કુટુંબીઓને બોલાવી જણાવ્યું કે આ લોકો મારી સાથેજ દુશમની રાખે છે. હું તમારાપરથી મારી બેઅત ઉઠાવી લઉં છું માટે તમોએ સુખેથી નીકળી જવું. સહાયકો અને કુટુંબીઓએ ઇમામને જવાબ આપ્યો કે જ્યાં સુધી અમો તમારા નામપર કુરબાન ન થઇ જઇએ ત્યાં સુધી અમો એક કદમ પણ તમારાથી દુર જનાર નથી. ઇમામે આખી રાત્રી ઇબાદત બંદગીમાં પુરી કીધી અને સવારમાં પોતાનું લશકર ખડું કીધું. આ લશકરમાં સહાયકો કુટુંબીઓ તથા પુત્રો સહ ૭૨ માણુસો હતા આ નાનું પણ દ્રઢ વિચારનું લશકર બેત્રણ પહોરની લડાઇમાં શહીદ થયું તેઓએભુખ તથા પ્યાસ વચ્ચે ઘણી બહાદુરી ભરેલી લડાઇ કરી દેખાડી છેવટે ઇમામ પણ તેવીજ સ્થિતિમાં મોટી દીલેરી ભરેલી લડાઇ પછી શીમરના હાથથી શહીદ થયા. આ લડાઇમાં ઇમામના સઘળા પુત્રો પણ શહીદ થયા. માત્ર ઇમામ ઝએનુલ આબેદીન કે જેઓ ઘણાજ બીમાર હોવાના કારણે બચી જવા પામ્યા હતા, તેજ જીવતા રહ્યા.

ઇમામ હુસેનની શહાદત હી સ. ૬૧માં કરબલામાં થઇ. તેમણે ૧૦ વર્ષ ઇમામત ભોગવી હતી. શહાદત વખતે એમની વય ૫૬ વર્ષની હતી.

૪ ઝએનુલ આબેદીન.—એમનો જન્મ હી. સ. ૩૬ માં બીબી શહેરબાનુંને પેટ થયો હતો. બીબી શહેરબાનું ઇરાનના છેલ્લા જરથોસ્તી શાહ યજદેજર્દના બેટી થતાં હતાં. તવારીખ પરથી જણાય છે કે હજરત ઉમરના વખતમાં જ્યારે ઇરાન દેશ મુસલમાનોના કબજામાં આવ્યો ત્યારે ઇસલામી લશ્કરે ઇરાનના છેલ્લા કમનસીબ શાહ યજદેજર્દની પુઠ પકડી, તેના જનાનાને પકડી પાડયો. આ જનાનામાં યજદેજર્દની બેટી શાહજહાન કે જેનું પાછળથી શહેરબાનું નામ રાખવામાં આવ્યું છે તે પણ પકડાઇ આવ્યાં: જ્યારે ઇરાનના કેદીઓ મદીનામાં હજરત ઉમરની દરબારમાં રજુ થયા ત્યારે બીજા કેદીઓ સાથે બીબી શહેરબાનુને પણ લોંડી તરીકે વેચી નાખવા ખલીફે હુકમ કીધો. હજરત અલીએ ખલીફને જણાવ્યું કે હજરત રસુલે ખુદા ફરમાવી ગયા છે કે દરેક ખાનદાન માણસની ઇજ્જત કરો; ભલે પછી તે તમારો વિરોધી પણ કાં ન હોય. છેવટે હજરત અલીની સલાહથી બીબી શહેરબાનુને જણાવવામાં આવ્યું કે તમો જે માણસને પસંદ કરો તેની સાથે તમારા નીકાહ કરી આપવામાં આવશે. આ ઉપરથી ત્યાં બેઠેલા સંખ્યાબંધ લોકોમાંથી બીબી શહેરબાનુંએ હજરત ઇમામ હુસેનને પસંદ કીધા તેથી તુરતજ તેમના નીકાહ પડી આપવામાં આવ્યા. આ બીબી શહેરબાનુંથી હજરત ઈમામ ઝએનુલ આબેદીનનો જન્મ થયો. આવી રીતે આ ઇમામ પીતા તથા માતા બંને તરફથી ખાનદાન લોહિ ધરાવે છે.

ઇમામ હુસેનની કરબલામાં થએલી શહાદત વખતે એમની વય ૨૪ વર્ષની હતી. અને તેઓ કરબલાના તે ગમખાર બનાવ પ્રસંગે હાજર હતા પરંતુ સખ્ત બીમાર હોવાને કારણે જંગમાં ઉતરી શકયા નહતા. ઇમામ હુસેનના કુટુંબની બીબીઓ તથા બચ્ચાંઓ સાથે તે કેદ થઇ પ્રથમ કુફા અને ત્યાંથી યઝીદના પાય તખ્ત દમાસકસમાં ગયા.

યઝીદે એહલેબેતની સ્ત્રીઓ, બચ્ચાંઓ તથા ઇમામ ઝએનુલ આબેદીનને પોતાના દરબારમાં બોલાવ્યા. ઇમામ તથા તેમના સરો રજુ

થયાં. ઇમામના સરને તેણે છડી વતી બેઅદબી કીધી. પરંતુ ઇમામ હુસેન પ્રત્યે કીધેલી ઘાતકી વર્તણુંકથી લોકોમાં જે ઉશ્કેરણી ફેલાઇ હતી તે શાન્ત પાડવા તેણે જણાવ્યું કે મેં ઇમામને કતલ કરવાનો હુકમ આપ્યો નથી. જે લોકોએ આ ઘાતકી કામ કીધું છે તેને હું સજા કરીશ

થોડા દિવસો કેદખાનામાં રાખી એક દીવસે દરબારમાં બોલાવી ઇમામ ઝએનુલ આબેદીનને જણાવ્યું કે હવે હું તમોને મુકત કરૂંછું અને તમારી જે કાંઇ હાજતો હોય તે જણાવો એટલે હું તેને પુરી કરૂં. ઇમામે જણાવ્યું કે પ્રથમ મારા બાપના કાતીલોને મારે સ્વાધિન કર કે જેથી હું તેમનો બદલો લઇ તેમને આખરતની શિક્ષાથી મુકત કરૂં. બીજું મારા પીતા તથા બીજાઓના માથા મને આપ કે જે લઇ જઇ હું તેને દફન કરૂં. ત્રીજું મને તથા એહલેબેતની બીબીઓને સાથે મદીના પહોંચાડી આપ કે જેથી હું મારૂં બાકીનું આયુષ્ય ત્યાં જઇ ગુજારૂં. ચોથું મને દમાસકસની મસજીદમાં એક વખત ખુત્બો ભણવાની રજા આપ.

યઝીદ એક બાજુએથી એહલેબેત સાથે સખ્ત ઘોરણે વર્તતો હતો અને બીજી બાજુએથી તેમ કરતાં લોકોની લાગણીને હાથમાં રાખવા માગતો હતો. પહેલી માગણીનો તેણે જવાબ આપ્યો કે તમારા પીતાના કાતીલોને ખલીફ તરીકે સજા કરવાનો મને હક છે માટે તે હું કરીશ. બાકીની માગણીઓ તેણે સ્વીકારી, ખુત્બો ભણવાની રજા આપી.

ઇમામે મસજીદના મીમ્બર પર ચડી ખુદા તથા રસુલની તારીફ બાદ એહલે બેતની ફજીલત કુરાન તથા હદીસથી સાબીત કરી યઝીદ પક્ષની અઘટિત વર્તણુંકનું અસરકારક વિવેચન કીધું. જે સાંભળી લોકો રડવા લાગ્યા લોકો યઝીદ પ્રત્યે ઉશ્કેરાઇ ન જાય તેથી યઝીદે મોઅઝનને બાંગ પોકારવા ઇશારો કીધો. તે બાંગને અટકાવી ઇમામે કેટલુંક વિવેચન લંબાણથી કીધું. છેવટે તેઓ પીતા તથા કુટુંબીઓના માથાં લઇ મદીના રવાના થયા. રસ્તામાં કરબલા જઇ માથાઓને દફન કીધા.

ઇમામ સાથે આમ ભલમનસાઇથી વર્તવામાં તેની અંતઃકરણની શુધ્ધતાઇ નહતી; પરંતુ લોકો પોતા વિરૂદ્ધ ઉભા ન થઇ જાય તેજ નેમ હતી. ઇમામને કતલ કરનારને તેણે કશીપણ સજા કીધી નહિ બલ્કે-અબ્દલા ઝીયાદને કુમાસકસ બોલાવી તેને ભારે માન તથા ઇનામ અકરામ આપ્યું અને છુપી રાતે ઇમામના કતલ માટે લોકો મોટો આનંદોત્સવ ઉજવે તેવી યોજનાઓ કીધી.

તેમના વખતમાં ખીલાફતની હરીફાઇ માટે અનેક ખટપટો અને લડાઇઓ થતી રહી પરતુ તેમણે તેમાં લેશ માત્ર હીસ્સો લીધો નહિ. રાત્રી દિવસ બંદગી કરવા તથા શરીયતના મસાએલ શીખવવામાં આયુષ્ય ગુજારતા હતા. બહુ બંદગી કરવાનાં કારણે તેમનું નામ ઝએનુલ આબેદીન પ્રખ્યાત થવા પામ્યું હતું.

જ્યારે તેઓ નમાજ માટે ઉભા થતા ત્યારે તેમનું શરીર ધ્રુજતું હતું ને ચહેરાનો રંગ બદલાઇ જતો હતો નમાજ પડતી વખતે આટલી બધી ધાસ્તી કેમ થાયછે એવો જ્યારે કોઇ તેમને સવાલ પુછતું તો જવાબમાં તેઓ જણાવતાકે તારા સવાલથી મને આશ્ચર્ય ઉતપન્ન થાયછે. શું તું જાણુતો નથીકે જ્યારે કોઇ માણુસ કોઇ બાદશાહની રૂબરૂમાં જાયછે ત્યારે તે કેટલો બધો ડરેછે; તો હું તો તે બાદશાહની રૂબરૂમાં જઉંછુ કેજે બાદશાહોનો બાદશાહ છે તો પછી મને ધ્રુજરી કેમ ન છુટે?

એક વખતે નમાજ પડવામાં ગુંથાયા હતા તેવામાં સાપ કરડયો. એક વખતે તેવીજ હાલતમાં ઘર સળગી ઉઠયું અને એક વખતે પોતાના સાહેબજાદા ઇમામ મહંમદ બાકર કે જે હજુ નાની વયના હતા તે ફળીયાના કુવામાં પડી ગયા; પરંતુ ઇમામે પોતાની નમાજ પુરી કર્યા સિવાય બીજી બાબત લક્ષ આપ્યું નહિ. લોકોએ પૂછયું કે યા ઇમામ જ્યારે અગોએ આગ આગના પોકારો કીધા ત્યારે તમોએ કેમ નમાજ છોડી આપી નહી? ઇમામે જવાબ આપ્યો કે જ્યારે તમોએ આગ

આગનો પોકાર કર્યો ત્યારે મેં આ આગ તથા દોજખની આગનો મુકાબલો કીધો તો મને દોજખની આગ વધુ સખત જણાઇ તેથી નમાજથી માથું ઉચું કર્યું નહિ.

કરબલાની ભયંકર કતલ વખતે તેઓ હાજર હતા અને તેનો એટલો બધો અસર તેમના પર થવા પામ્યો હતો કે તેઓ પોતાના રડવાને થોભાવી શકતા નહોતા. પાણીનો પ્યાલો જ્યારે તેમની પાસે આવતો ત્યારે પીતાની પ્યાસ તેમને યાદ આવી જતી અને બહુજ રડતા છેવટે ખલીફ વલીદ બિન અબદુલ મલકના ઝેર આપ્યા થી હી સ. ૯૭ માં ૫૮ વર્ષની વયે વફાત પામ્યા.

૫ મોહંમદ બાકર—પીતાની વફાત પછી તેમને ઇમામત મળી તેમનો જન્મ હજરત ઇમામ હસનના બેટી ફાતમાના પેટે હી. સ. ૫૭ માં થયો હતો. તેઓ ઘણા પરહેજગાર અને આબીદ હતા એક વખતે તેઓ હજ કરવાને મક્કા ગયા હતા ત્યારે તેમની સાથે તેમનો એક ગુલામ પણ હતો. જ્યારે ઇમામની દ્રષ્ટિ ખાને કાબાપર પડી ત્યારે તેઓ બહુજ રડવા લાગ્યા. ગાલ ઉપર આંસુઓની ધાર થઇ. ગુલામે અરજ કીધી કે, સઘળા લોકો આપને જોઇ રહ્યા છે માટે ગુનાસબ ધારો તો રડવું બંધ કરો. ઇમામે જવાબ આપ્યો કે હું કેવીરીતે ઓછું રડું, કદાચ આ વખતના રડવાથી ખુદા મારાપર દયા કરે તો કયામતના દિવસના રડવાથી મુકત થાઉં.

ઇમામ તરફ લોકપ્રીયતા વધી ગએલી જોઇ ખલીફ હસ્શામે તેમને તેમના બેટા ઇમામ જાફર સહ દુમાસકસમાં બોલાવ્યા. આ વખતે તીર ફેંકવાની રમત થતી હતી. ખલીફે ઇમામને તીર ફેંકવા જણાવ્યું. ઇમામે જણાવ્યું કે હવે હું ઘરડો થયો છું તેથી મારાથી તે બનશે નહિ; પણ ખલીફના આગ્રહથી તીર ફેંકયું અને તે એવું તો સરસ ફેંકયું કે સઘળાઓ અચરજ પામી ગયા. ખલીફે ઇમામને પોતાની પાસે કુરસીપર બેસાડી માન આપ્યું અને ઇમામની માગણીથી તેમને વતનમાં જવાની રજા આપી.

દરબારમાંથી બહાર નીકળતાં ખ્રીસ્તીઓનો મોટો વાર્ષીક મેલાવડો જોવામાં આવ્યો. તપાસ કરતાં માલુમ પડ્યું કે અહીંનો વડો પાદરી આજે લોકોના સવાલોના જવાબ આપે છે. ઇમામ પણ પોતાના સાહેબજાદા સહ દાખલ થયા. દરેશામ ખલીફને આ બાબતની ખબર પડતાં તેણે પોતાના એક વિશ્વાસુ માણસને તપાસ કરવા મોકલ્યો. પાદરી તથા ઇમામ વચ્ચે નીચે મુજબ સવાલ જવાબ થયા.

પાદરી—આપ અમારામાંથી છો કે ઉમ્મતે મરહુમમાંથી છો?

ઈમામ—હું ઉમ્મતે મરહુમમાંથી છું.

પાદરી—આપ તેઓના આલીમોમાંથી છો કે જાહીલોમાંથી?

ઈમામ—હું જાહીલોમાંથી નથી.

પાદરી—(ગભરાઇને) આપ મને સવાલ કરશો કે હું આપને સવાલ કરૂં?

ઇમામ—આપ સવાલ કરો.

પાદરી—એ વખત કયો છે કે જેનો હીસાબ ન દિવસમાં છે તેમ ન રાતમાં છે?

ઇમામ—તે વખત સુબ્હા સાદકથી તે દિવસ ઉગ્યા સુધીનો છે.

પાદરી—મજકુર વખત કઇ જગોનો છે?

ઇમામ—તે વખત સ્વર્ગનો છે.

પાદરી—તમો કહોછો કે સ્વર્ગમાં લોકો ખાયપીયે છે અને ઝાડો પેશાબ થતો નથી તો તેનો દાખલો દુનિયામાં પણ કાંઇ છે?

ઈમામ—દુનિયામાં હમલવાળી સ્ત્રી જે ખાય તે પેટમાં બચ્ચું પણ ખાય છે; પણ તે બચ્ચું ઝાડો કે પેશાબ કરતું નથી.

પાદરી—તમો કહો છો કે સ્વર્ગના મેવા જોઇએ તેટલા ખાઇએ પણ ઓછા થતા નથી તો તેના માટે તમો કાંઇ દુનિયામાં દાખલો આપી શકશો?

ઈમામ—તેનો દાખલો ચેરાગ (દીવો) છે. એક ચેરાગમાંથી લાખ ચેરાગ કરીએ પણ તે ચેરાગમાંથી કાંઇપણ નુર ઓછું થતું નથી, ને એમજ બાકી રહ્યા કરે છે.

પાદરી—એ શખ્શના હાથથી મને ખબર આપો કે જેણે પોતાની ઓરત સાથે સોહબત કરી તેથી તેણીને બે છોકરાનું હમલ રહ્યું. બંને છોકરા એકજ દિવસે જન્મ પામ્યા અને આખર બંને જણ એકજ દિવસે મરણ પામ્યા અને આખર મરતી વખતે એકની વય ૫૦ વર્ષની અને બીજાની ૧૫૦ વર્ષની થઇ હતી તે શી રીતે?

ઇમામ—તે બે છોકરાઓ પૈકી એકનું નામ અઝીઝ અને બીજાનું નામ ઓઝેર હતું. તે બંનેનું હમલ તેમની માને એકજ દીવસે રહ્યું હતુ. તે એકજ દિવસે જન્મ પામ્યા હતા ત્રીસ વર્ષ સુધી બન્ને ભાઇઓએ સાથે જીંદગી ગુજારી. પછી ખુદાએ ઓઝેરને મારી નાખ્યો અને ૧૦૦ વર્ષની પછી ફરીથી જીવતો કર્યો. ત્યારબાદ બંનેભાઇઓ વીશ વર્ષ સુધી સાથે રહ્યા. ને બન્ને એકજ વખતે ગુજરી ગયા.

આ સાંભળીને મજકુર આલીમ ઉભો થઇ ગયો. અને હાજર રહેલા ખ્રીસ્તીઓને કહેવા લાગ્યો કે મને ફજેત કરવા માટે તમો મારા કરતાં બીજા વધારે જાણનારને લાવ્યા છો; તો ખુદાની કસમ છે કે જ્યાં સુધી આ શખ્શ શામમાં હશે ત્યાંસુધી હરગીજ તમારી સાથે કલામ નહિ કરૂં. તમારે જે કાંઇ પુછવું હોય તે આ શખ્શને પુછો. છેવટે મજકુર પાદરી મુસલમાન થઇ ગયો.

ઇમામ પ્રત્યે લોક પ્રીયતા વધતી જતી જોઇ ખલીફે કોઇ યુક્તિથી ઇમામને મારી નાખવાની તજવીજ કીધી. મદીનાના ગવરનરને લખી જણાવ્યું કે ઇમામને કેદ કરી મારી પાસે મોકલી આપ. ગવરનરે જવાબમાં લખી જણાવ્યું કે હું કાંઇ તારી ના ફરમાની કરવા માગતો નથી પણ તારા ભલા માટે લખું છું કે જેને તું કેદ કરવાનું લખે

છે તેના જેવું કોઇ પરહેજગાર-આબીદ દુનિયામાં નથી. જે વખતે ઇબાદત કરવા બેસે છે અને ખુદાની દરગાહમાં ગીરીયા અને ઝારી કરે છે તો જંગલના પક્ષીઓ અને જનાવરો તેઓનો અવાજ સાંભળવા માટે ભેગા થાય છે. તો તારા માટે સજાવાર નથી કે આવા આબીદ અને પરહેજગારને તું ઇજા આપે. એવા શખ્શને ઇજા કરવાથી તારી ઉમર તથા રાજ્યની ખરાબી છે. જે વખતે બંદો ખુદાની નાફરમાની અને બદ કામ કરે તો ખુદા તેની નેઅમતને ઉપાડી લે છે.

છેવટે ખલીફે એક ઝેર ભરેલું ઘોડાપર રાખવાનું ઝીન ઇમામને ભેટ મોકલ્યું. ઇમામે તેપર સ્વારી કરતાં તેનું ઝેર શરીરમાં ચડી ગયું અને તે ઝેરના અસરથી હી. સ. ૧૧૪ માં ૫૭ વર્ષની વયે ૧૯ વર્ષ ઇમામત ભોગવી શહીદ થયા.

૬ જાફર સાદક—ઇમામ જાફર સાદક હજરત ઇમામ મોહંમદ બાકરના વડા બેટા થતા હતા. એમનો જન્મ હી. સ ૮૩ માં મદીના શહેરમાં થયો હતો. જ્યારે તેઓ ઇમામ થયા ત્યારે તેમની વય ૪૧ વર્ષની હતી. આ ઇમામના સમયમાં ઉમૈયા વંશની ખીલાફતનો અંત આવી અબાસી વંશના હાથમાં ખીલાફત આવી. તેને લગતી હકીકત તવારીખમાં એમ જણાવવામાં આવી છે કે ઉમૈયા વંશનો છેલ્લો તથા ૧૪ મો ખલીફ મરવાન હી સ. ૧૨૭ માં ગાદીએ બેઠો. આ વખતે આ વંશના લોકો હરામખોરી અને એશ અશરતમાં પડી જવાથી ઇસલામી શરાની પાબંદી ઉઠી ગઇ હતી. તેના વખતમાં બળવાઓ શરૂ થયા. બળવા ખોરોને પકડાવી પકડાવી તેમની ગરદનો ઉડાવી પરંતુ અબ્બાસ બિન અબદુલ મુતલીબની પાંચમી પેઢીએ ઉતરેલો અબદુલા-અબુલ અબ્બાસ સફફાહ નામનો એક શખ્શ કે જે લાંબા વખતથી છુપી રીતે ઉમૈયા વંશના ખલીફાઓ સામે સંગીન પાયાપર બળવો કરવાની કોશીશ કરી રહ્યો હતો તે તેની ખીલાફતમાં ઓચીન્તો જાગી ઉઠયો.

હી. સ. ૧૩૨ માં અબુલ અબ્બાસ સફ્ફાહે ફૂરાત અને દજલાની વચ્ચે આવેલા 'અલજઝીરા' શહેરનો કબજો કરી ત્યાં પોતાની ખીલાફતની મુનાદી ફેરવી દીધી. અને એક સરદાર સાથે લશકર મોકલી મરવાન સામે લડાઇ મોકલી. મરવાન અને સફ્ફાહની ફોજ વચ્ચે એક જબરદસ્ત લડાઈ થઇ અને તેમાં ખલીફ મરવાનની સખત હાર થઇ. નીલ નદીના કીનારાપર બીજી એક લડાઇ થઇ. આ લડાઇમાં ખલીફ મરવાન માર્યો ગયો. તેના માર્યા જવા સાથે ઉમૈયા વંશની ખીલાફતનો અંત આવી ગયો. બની અબ્બાસના પક્ષકારોએ એવું નક્કી કીધું કે હવેથી કોઇને પણ ઉમૈયા વંશમાંથી ખલીફ કરવો નહિ જ્યારે અબ્બાસીઓની ફતેહ થઇ ત્યારે ઉમૈયા વંશના નાના મોટા જે મળ્યા તેને કતલ કરવામાં આવ્યા હતા. બાદશાહી કુટુંબના ૭૦ આગેવાન ઉમૈયા વંશના આગેવાનોને શોધી શોધી દમાસકસમાંથી પકડી લાવીને બાદશાહી હમામ આગળ ગુરજો તથા લાકડીઓથી માર મારી તેમને મારી નાખવામાં આવ્યા. અને તેજ વખતે તેમની લાશો ઉપર બીછાનુ બીછાવી બની અબ્બાસના સરદારોએ ખાણું લીધું. માત્ર અબ્દુ રહેમાન નામનો ઉમૈયા વંશ મધેનો એક શખ્શ છટકી જઇને આફ્રીકા ખાતે નાસી જવા પામ્યો હતો. અને ત્યાંથી તેણે વગવસીલો મેળવી સ્પેનમાં પાછી ઉમૈયા વંશની હકુમત સ્થાપન કીધી. એ અબ્દુરહેમાનના વંશમાં ઇ. સ. ૧૦૨૩ સને ૪૧૪ હીજરી સુધી બની અબ્બાસથી અલગપણું જાળવીને હકુમત રહેવા પામી હતી.

જેવી રીતે ઉમૈયા વંશના ખલીફો ઇમામો પ્રત્યે દુશમની અને ધાસ્તી રાખતા હતા તેવીજ રીતે અબ્બાસી ખલીફો પણ ઇમામો પ્રત્યે દુશ્મની અને ધાસ્તી રાખતા હતા. તેઓને ધાસ્તી રહેતી હતી કે હજરત અલીના વંશજો વખતે અમારી ખીલાફતને છીનવી લેશે. આવા કારણોને લઇ ખલીફો ઇમામોપર બહુજ જાપતો રાખતા હતા. ઇમામો ખીલાફતની વેતરણમાં છે એવી જુદી બાતમી પણ

મળતાં તેઓ ઇમામોને કતલ કરવાની તજવીજ કરતા હતા. ઇમામો પરહેજગાર, આબીદ અને આલીમ તેમજ નીતિવાન હોવાથી તેઓને કતલ કરવાના સીધા કારણો બીલકુલ મળી શકતાં ન હતાં. તેથી જુદા જુદા બહાનાઓ કરી તેમને પોતાના દરબારમાં બોલાવતા અને તેમને કતલ કરવાનું કંઇ કારણ ન જોતા ત્યારે ઇનામ અકરામ આપી રવાના કરી દેતા હતા. આ ખલીફાની નેમ ગુપ્ત ધોરણે ઇમામોને કતલ કરી નંખાવવાની છેવટ સુધી રહેલી જોવામાં આવે છે.

ઇમામ જાફર સાદક એક જબરદસ્ત આલીમ હતા. ઇસલામના શિક્ષણના અંત ઉંડા રહસ્યો તથા શરીયતના માર્ગનો તેમણે ઘણો પ્રકાશ કીધો હતો. સુન્નીઓના પ્રખ્યાત ઇમામ અબુ હનીફાએ તેમની પાસેથી ઇલ્મ હાસીલ કીધું હતું. તેમના વખતમાં ઇસલામીઓમાં શીઆ તથા સુન્ની એમ બે પક્ષો જાહેર રીતે દેખાવ આપતાં થયાં હતાં.

ખલીફ મનસુર દવાનકીએ ઇમામને કતલ કરવાના ઇરાદાથી ઘણી વખતે પોતાની પાસે બોલાવ્યા અને કેટલેક વખત તો તેણે તલવાર પણ મીયાનમાંથી ખેંચી લીધી હતી એક વખતે તો તેણે આજ અમુક વખત સુધીમાં ઇમામને કતલજ કરી નાખવા એવા સોગંદ પણ ખાઇ લીધા હતા પરંતુ કાંઇપણ બહાનું નહિ મળતાં ઉલટી રીતે ઇમામને ઇનામ અકરામ આપવા પડયાં હતાં. છેવટે તેણે મદીનાના ગવરનરની મારફત ઝેર મેળવેલા અંગુરો મોકલ્યા. જે વખતે ઇમામે તેમાંથી ખાધાં તેજ વખતે ઝેરનો અસર થઇ ગયો અને તેજ કારણથી ઇમામ હી. સ. ૧૪૮ માં ૬૫ વર્ષની વયે ૩૪ વર્ષ ઇમામત ભોગવી શહીદ થયા એમને નવ દીકરા તથા ત્રણ છોડીઓ હતી

ઇમામ જાફર સાદક સુધીના સઘળા ઇમામોને શીઆ લોકો એક સરખી રીતે માને છે. તેમની પછી તેમના બેટા મુસા કાઝમને ઇમામ માનનારા ઇસનાઅશરી અને ઇસમાઇલને ઇમામ માનનારા ઇસમાઇલી કહેવાય છે.

૭ મુસા કાજમ—તેમનો જન્મ હી. સ. ૧૨૮માં મક્કા પાસેના અબવાવ નામના ગામડામાં થયો હતો તેમની માતાનું નામ બરીરા હતું. તેમની કુનિયત અબુલ હસન તથા સાબેર, સાલેહ અને અમીન લકબ હતા. પ્રખ્યાત લકબ કાજમ હતો. કાજમનો અર્થ ગુસ્સાને ખાઇ જનાર થાય છે. તેઓ ઘણા શાન્ત, વિવેકી અને સહનશીળ હોવાના કારણે કાજમ લકબ પ્રખ્યાત થયો હતો. તેઓ કાયમુલલેલ (રાત્રીએ બંદગી કરનાર) અને સાએમુન નહાર (દીવસના રોજાં રાખનાર) હતા. તેઓ એક જબરદસ્ત આલીમ પણ હતા. એક દહાડો ખલીફ હારૂન-અલ-રશીદે તેમને બોલાવી કહ્યું કે તમો પોતાને ઓલાદે રસુલ શામાટે કહો છો? તમો તો હજરત અલીની ઓલાદથી છો. દરેક માણુસનો નસબ દાદાથી ગણાય, કાંઇ નાનાથી ગણાતો નથી. તેમણે જવાબમાં કુરાનની એ આયાત કે જેમાં હજરત ઇસા પેગંબરને માતાની તરફથી અંબીયાની નસલમાં લીધા છે, તે પડી બતાવી જણાવ્યું કે તેવીજ રીતે અમો પણ હજરત પેગંબર સાહેબની નસલ માતાની તરફથી છીએ. બીજી મુબાહેલાની આયત પડી જણાવ્યું કે આ આયતમાં હજરત અલી, ફાતમા, હસન તથા હુસેન પેગંબરની ઓલાદ મનાયા છે. આવા જવાબથી ખલીફ ચુપ થઇ ગયો

ઇમામ આબેદ, પરહેજગાર અને સખી હતા. મદીનાના મીસકીનોની શોધ કરી રાતના વખતે છુપી રીતે તેમને ઘેર રૂપીયા અશરફી વીગેરે ચીજો આપી આવતા હતા. અને લેનાર કોણ આપી જાય છે. તે બીલકુલ જાણવા પામતા ન હતા. ખલીફ હારૂન-અલ-રશીદે તેમને ઘણા વર્ષો લગી કેદખાનામાં રાખ્યા. છેવટે તેણેજ દ્રાક્ષમાં ઝેર મેળવી કતલ કીધા. તેમની વફાત હી. સ. ૧૮૩માં ૫૫ વર્ષની વયે થઇ હતી. તેઓ એ ઇમામત ૩૫ વર્ષ સુધી ભોગવી હતી. તેઓ ઇસનાઅશરી મજહબના સાતમા ઇમામ ગણાય છે. તેમના વડાભાઇ ઇસમાઇલ કે જે પીતાની હયાતીમાં ગુજરી ગયા હતા તેમના બેટા મહમદે ઇમામતનો દાવો કીધો હતો અને તેમનો તે દાવો ઇસમાઇલી મત વાળા માન્ય રાખેછે.

૮ અલી રઝા—ઇમામ મુસા કાઝમની વફાત પછી તેમના પુત્ર અલી રઝા ઇમામ થયા એમનો જન્મ હી સ ૧૫૩માં થયો હતો તેઓ ઘણાજ દયાળુ હતા. એક દીવસે રસ્તે ચાલતા આપના જોવામાં આવ્યું કે એક શીકારી હરણીને ઝબાહ કરવા ચાહે છે હરણી તેમના તરફ ટીકી ટીકીને જોવા લાગી તેથી આપે તે હરણીને તેના માલીક પાસેથી લઇ છુટી કરી આપી.

તેઓ ખુરાસાન જતા હતા માર્ગમાં નેશાપુરમાં મુકામ કર્યો. અહીં એક પથ્થર ઉપર ઉભા રહીને નમાજ પડયા આ પથ્થરપર તેમના કદમની નીશાની પડી ગઇ. તેથી શીઆ લોકોએ તે પથ્થર ત્યાંની મસ્જદની ભીંતમાં ચોડયો છે ને તે ઠેકાણાનું નામ-કદમગાહ રાખ્યું છે

એક વખતે ખલીફ મામુને તેમની મશ્કરી કરવા કેટલાક જાદુગરોને જણાવ્યું. જાદુગરો મશ્કરી કરવા ગયા પરંતુ તેમ કરતાં તેમનું (જાદુગરોનું) વીકાળ સિંહના પંજાથી મૃત્યુ નીપજ્યું હતું. આથી મામુન બહુજ ડરી ગયો હતો.

ખલીફ મામુનની ખીલાફત સામે સાદાતોએ વાંધો લીધો. સાદાતો મામુનની ખીલાફતનો સ્વીકાર કરે તે માટે તેના વઝીરે એવી સલાહ આપી કે જો ઇમામ અલી રઝાને રાજ્યના વલી એહદ (ગાદી વારસ) મુકરર કરવામાં આવે તો સઘળા સાદાતો પોતાની હઠ છોડી આપશે. આવો ઠરાવ કરી તેમને મદીનાથી બોલાવી લાવવા માટે કેટલાક માણુસો મોકલ્યાં. ઇમામને મામુનની સત્તાને આધિન થવું પડયું અને પોતાના કુટુંબ તથા અસહાબો સહિત બગદાદ રવાના થયા. મરવમાં મામુનની મુલાકાત થઇ મામુનેજણાવ્યું કે મારો ઇરાદો છે કે ખીલાફતનો ગાદી વારસ તમોને બનાવું. ઇમામ મામુનના મકરને જાણુતા હતા તેથી જણાવ્યું કે હું તેને કદીપણુ પોતાની રાજી ખુશીથી કબુલ કરનાર નથી.

મામુને જણાવ્યું કે તમો મારા ગાદી વારસ થવાનું એટલા

માટેજના કબુલ કરો છો કે તમોને લોકો કહે કે દુનિયાને છોડી આપી નથી ઇમામે જવાબમાં જણાવ્યું કે તારો મતલબ એજ છે કે લોકો જાણે કે મેં દુનિયાને તજી આપી નથી; પણ દુનિયા મળતી ન હતી તેથી દુનિયાને છોડીને બેઠા હતા ને હવે દુનિયા મળી તો તે એખ્તેયાર કરી ગાદી વારસ થયા. આ સાંભળતાંજ મામુન ઘણોજ ગુસ્સે થયો અને કહેવા લાગ્યો કે તમો મારી સામે આવા કડવા સુખન કહો છો ને મારા રોઆબ અને દબદબાથી બેખોફ થઇ ગયા છો. ખુદાની કસમ છે કે જો આપ ગાદી વારસ થવાનું કબુલ નહિ કરો તો તમોને કતલ કરીશ છેવટે ઇમામે લાચારીથી ગાદી વારસ પણું કબુલ કીધું.

મામુને બીજે દીવસે મોટો દરબાર ભર્યો એક કુરસી પોતા પાસે ઇમામ માટે રખાવી. અને તમામ ઓલમા, સાદાત, વીગેરેને બોલાવ્યા. પ્રથમ પોતાના છોકરા અબ્બાસને હુકમ કર્યો કે ઇમામની બેઅત કરે. આ ઉપરથી અબ્બાસે ઇમામની બેઅત કીધી ત્યારબાદ સઘળા લોકોએ પણ તેમ કર્યું. મામુને આજના ખુશાલીમાં ઘણું ઇનામ વહેંચ્યું. લશ્કરીઓને એક વરસનો પગાર ભેટ આપ્યો ઇમામની તારીફમાં કસીદા બનાવનાર કવીઓને પણ ઇનામ અકરામ આપી નવાજ્યા. પછી મીમ્બરો, મીનારા, અને પૈસા-રૂપીઆ પર ઇમામ અલી રઝાના નામની છાપ પડાવી, ને લોકોને કાળાં કપડાં પહેરવાની મનાઇ કરી લીલાં પહેરવાનો હુકમ કીધો ને પોતાની ઉમ્મે-હબીબા નામની શાહજાદીના ઇમામ સાથે લગ્ન કરી આપ્યાં. તેની બીજી છોડી ઉમ્મુલ ફઝલ નામની હતી તેનું ઇમામના ફરજંદ મોહંમદ તકી સાથે વેસવાળ કીધું.

મામુનનો મતલબ સાદાતોને ભુલથાપમાં નાખી તેમનું વલણ પોતા તરફ કરી લેવાનો હતો ઇમામને ગાદી વારસ નીમવાથી તેનો મતલબ ફળીભુત થયો. સાથેજ તેનો મતલબ એમ પણ હતો કે ઇમામે દુનિયા કબુલી તેથી ધર્મચુસ્ત ઇસલામીઓ તેમનાથી નારાજ

થઇ જાય; પરંતુ ઇમામના ઇલમ અને કમાલથી તેમની આબરૂમાં ઉલટો વધારો થશે. જે જોઇ મામુન તેમને કતલ કરવાના ઇરાદામાં પડયો ઇમામને હલકા પાડવા માટે યાહુદી, મજુસી, મુસલમાન તથા નસારાના આલીમોને એકઠા કરી ઇમામ સાથે વાદ વિવાદ કરાવવા તજવીજ કીધી. પરંતુ આ વાદવિવાદના મેળાવડામાં લોકોને ઇમામે એવાતો સંતોષકારક જવાબો આપ્યા કે લોકોની મહોબતમાં વધારો થયો.

મામુને એક દહાડો સબ્બાહ તથા બીજા ત્રીસ ગુલામોને બોલાવી કહ્યું કે આ તલવારો લઇ ઇમામ અલી રઝાના ઘરમાં ઘુસી જઇ ઇમામને જે હાલતમાં હોય તે હાલતમાં ઠાર કરવા આ કામ કરીને આવશો એટલે હું તમો દરેકને રૂપીઆની બાર બાર કોથળીઓ આપીશ. જમીન તથા મકાનો પણ આપીશ. ગુલામો મામુનના હુકમ મુજબ ગયા અને ઇમામને શહીદ કીધા.

બીજી રીવાયત એવી મળી છે કે ઇમામ સવારની નમાજ પડી બેઠા હતા ત્યાં મામુનના ગુલામો બોલાવવા આવ્યા. ઇમામ જ્યારે મામુન પાસે પહોંચ્યા ત્યારે મામુન પાસે મેવાનો થાળ ભરેલો હતો.. અને તેના હાથમાં અંગુરનો એક લુમખો હતો. તેમાં કેટલાક અંગુરમાં ઝેર નાખેલ હતું. ને જે સારા હતા તેમાંથી તે ખાતો હતો જે વખતે તેની નજર ઇમામપર પડી તો એકદમ ઉઠીને પોતાના હાથ ઇમામના ગળામાં નાખીને મળ્યો ને ઘણી તાજીમ કરીને પોતાની ગાદી ઉપર બેસાડયા.

તે ઝેર ભરેલા અંગુરો આપીને કહેવા લાગ્યો કે આના જેવા સારા અંગુર મેં કદી જોયા નથી. ઇમામે કહ્યું કે સ્વર્ગના અંગુરો તેના કરતાં શ્રેષ્ઠ છે પછી મામુને કહ્યું કે આ અંગુરને ખાઓ. ઇમામે ફરમાવ્યુ કે તેના ખાવાથી મને માફ રાખ મામુને ઘણીજ તાણ ખેચ કરીને કહ્યુ કે ખાતો ખાવાજ જોઇએ. તમો જુઓ છો કે તમારી સાથે હું કેટલી મહોબત રાખું છું તે છતાં તમો મારા

પર ખોટો ગુમાન લઈ જાઓ છો. ઇમામે લાચારીથી ત્રણ અંગુર ખાધા કે તુરતજ ઝેરનો અસર શરીરમાં ફેલાવા લાગ્યો. ઇમામ ઉઠી તુરતજ ઘેર ગયા અને થોડા વખત બાદ તે ઝેરના અસરથી વફાત પામ્યા. આ ઈમામે વીશ વર્ષ ઇમામત ભોગવી ૫૫ વર્ષની વયે વફાત કીધી તેમની કબર ખુરાસાનમાં છે.

૯ મોહમંદ તકી—ઇમામ અલી રઝાની શહાદત બાદ તેમના વડા પુત્ર મોહંમદ તકી ઇમામ થયા. એમનો જન્મ હી સ ૧૯૭માં થયો હતો. જ્યારે તેઓ ઇમામ થયા ત્યારે તેમની વય નવ વર્ષની હતી. નાની વયે ઇમામત પામેલા તેથી તે વખતના ઉલ્માઓએ તેમની ઈમામત માટે ગડબડ કીધી. અને ઈમામતની ખાત્રી કરવા માટે સંખ્યાબંધ આલીમોએ થોડા દીવસ સુધી ઉપરા ઉપરી ત્રીસ હજાર બહુજ મુશ્કીલ અને સખ્ત સવાલો પુછ્યા તે સઘળા સવાલોના જવાબો ઇમામે કાંઇપણ ફીકર કે વિચાર ન કરતાં એવા તો ખુબીદાર આપ્યા કે સઘળા લોકોએ તેમની ઇમામતનો ઇકરાર કર્યો.

મામુને ઇમામ અલી રઝાને શહીદ કરેલા તેથી લોકો ખલીફ માટે બહુજ હલકા વિચારો જાહેર કરતા હતા લોકોના આવા વિચારો ફેરવી નાખવા માટે તેણે ઇમામ મોહંમદ તકીને બગદાદમાં બોલાવ્યા. ઇમામના ઇલ્મ તથા કમાલ વિશેની જ્યારે તેને સંપુર્ણ ખાત્રી થઇ ત્યારે તેણે પોતાની બેટી ઉમ્મુલ ફઝલનો તેમની સાથે નીકાહ કરી આપ્યો. અબ્બાસી લોકોએ આ નીકાહ નહિ કરી આપવા તેને ઘણો સમજાવ્યો પરંતુ તેમની વાતને નહિ માનતાં તેણે નીકાહ કરી આપ્યો.

ઉમ્મુલ ફઝલની તુંદ મીજાજી વીગેરે કારણોને લઇ ઇમામ તેને બહુ ચાહતા ન હતા. ઇમામને ઉમ્મુલ ફઝલ સિવાય બીજી બીબીઓ પણ હતી. ઉમ્મુલ ફઝલ અવાર નવાર પોતાના પીતા મામુન પાસે જઈ ઇમામની શીકાયત કરતી અને કહેતી કે ઇમામ તમોને બહુજ બદ બોલે છે એક દીવસે મધરાત્રીએ તેણી મામુન પાસે ગઇ, અને ઇમામની

બહુજ શીકાયત કીધી. મામુન આ વખતે શરાબ પીને મસ્ત બન્યો હતો. હાથમાં તલવાર લઇ ઇમામના મકાનપર ગયો અને નીશાગમાં તલવારના કેટલાક ઝખમ કીધાં.

મામુનના મરણ પછી તેનો ભાઇ મોતસીમ જબરદસ્તીથી ખલીફ થઇ બેઠો. તેણે ઇમામને બગદાદ બોલાવી મંગાવ્યા અને ઉમ્મુલ ફજલને ઇમામને કતલ કરવા માટે ઉશકેરી મુકી. આ ઉપરથી ઉમ્મુલ ફજલે અંગુરમાં ઝેર મેળવી તે અંગુર ઇમામને ખવડાવ્યા તેના ઝેરી અસરથી તેઓ હી સ. ૨૨૦માં ૨૫ વર્ષની વયે ૧૭ વર્ષ ઇમામત ભોગવી બગદાદમાં વફાત પામ્યા. તેમની લાશને કાઝમેનમાં તેમના દાદા ઇમામ મુસા કાઝીમની બાજુમાં દફનાવવામાં આવી છે.

૧૦ અલીય્યુન નકી.—ઇમામ અલીયુન નકીનો જન્મ હી સ. ૨૧૪ માં સુરાયા નામની જગોમાં થયો હતો. ઇમામ થયા ત્યારે તેમની વય સાત વર્ષની હતી.

ખલીફો હમેશાં એવી ધાસ્તી રાખતા હતા કે હજરત અલીની ઓલાદ અમારૂં રાજ્ય છીનવી લેશે. હજરત અલીની ઓલાદના લોકો ઇલ્મ. હીકમ. પરહેજગારી વીગેરેમાં ઘણા કુશળ નીવડતા હતા. અને લોકો તેમના માટે ઘણો ઉંચો મત ધરાવતા હતા. આમ હોવાને કારણે ખલીફોને ઇમામ પર પોતાનો રૈઆબ બેસાડવાની જરૂર પડતી હતી. એક વખત ખલીફ મુતવક્કીલે પોતાનો રોઆબ ઇમામને બતાવવા માટે ઠેરાવ કીધો તેણે નક્કી કીધું કે જો મારો સંપુર્ણ રૈઆબ ઇમામને બતાવીશ તો ઇમામ કોઇપણ વખતે મારી સામે ઉઠવાની હિમ્મત કરી શકશે નહિ. આવો ઠેરાવ કરી પોતાના લશ્કરના નેવું હજાર માણસોને હુકમ કીધો કે તેઓ દરેક માટીનો એક એક તોબરો ભરી અમુક મેદાનમાં જમા નાખવો. આ ઉપરથી મેદાનમાં માટીનો મોટો અંબાર થઇ ગયો. લશકરીઓને હુકમ આપ્યો કે હથીયારો અને ઉમદા દરેસ પહેરી તે મેદાનમાં હાજર થવું. જ્યારે તે પહાડ લશ્કરીઓથી

શીકાર બરાઇ ગયો ત્યારે ઇમામ્ને તે દેખાડીને જણાવ્યું કે મારા લસ્કરના એક એક માણુસે એક એક તોબરો માટી નાખી તેથી આવો પહાડ થઇ ગયો. વળી આ ગંજાવર લસ્કરને અહીં એટલા માટે બોલાવી તમોને દેખાડયું છે કે તમો અમારા લસ્કરને જુઓ અને કદીપણુ મારી સામે થવાનો વિચાર કરો નહિ.

ઇમામ મદીનામાં રહેતા હતા અને મદીનાનો ગવરનર મોહંમદ બિન અબ્દુલ્લા આપને બહુજ દુઃખ આપતો હતો. એક વખતે તેણે ખલીફ્ને ઇમામ પ્રત્યે ઉશકેરી મુકવા ઇમામ પર જુઠાં જુઠાં તોહમતો મુકી તેવો પત્ર ખલીફ્ને લખી મોકલ્યો. ઇમામને જ્યારે આ બાબતની ખબર મળી ત્યારે તેમણે પણુ ગવરનરે લખેલી હકીકત તદન જુઠીછે એવો પત્ર ખલીફ્ને લખી રવાના કીધો.

આ પત્ર મળવાથી ખલીફ્ મુતવકીલે મદીનાના હાકેમને બરતરફ્ કરી બીજાની નેમણુંક કીધી અને ઇમામને લખી જણાવ્યું કે મેં બીજો ગવરનર નેમી તેને તમારા માટે ભલામણ કીધી છે. સાથે એમ પણુ લખી જણાવ્યું કે તમો મારી પાસે સુરે મનરાયમાં આવી રહો. અહીં તમારૂં મોટું માન જાળવવામાં આવશે. આ ઉપરથી ઇમામ સુરે મનરાયમાં ગયા; પરંતુ મુતવકીલે કશીપણુ દરકાર કીધી નહિ. દરમિયાનમાં મુતવકીલ મરણુ પામ્યો અને તેનો બેટો મુસ્તનસીર ખલીફ્ થયો. તેણે મોતમદ અબ્બાસીની મારફ્ત ઇમામને ઝેર ખવડાવી શહીદ કીધા. તેમની વફાત હી. સ. ૨૫૪ માં ૪૦ વર્ષની વયે થઇ હતી. તેઓએ ૩૩ વર્ષ ઇમામત ભોગવી હતી. તેમની લાશ સુરે મનરાયમાં દફ્નાવવામાં આવી છે.

૧૧ હુસન અસકરી—ઇમામ હસન અસકરીનો જન્મ હી. સ. ૨૩૨ માં થયો હતો. એમની પરહેજગારી તથા ઇલ્મી કુશળતા જોઇ ખલીફ્ મોતમીદે તેમને કેદખાનામાં નાંખ્યા હતા. એક વરસે વરસાદ બીલકુલ વરસ્યો નહિ અને તેથી લોકો અનાજ તથા પાણી

વિના મરવા લાગ્યા. ખલીફે મુસલમાનોને વરસાદ આવવા માટે નમાઝ તથા દોઆ માગવાનો હુકમ કર્યો. મુસલમાનોએ નમાજ પડી દોઆ કીધી પણ વરસાદ વરસ્યો નહિ. ખલીફના હુકમથી ખ્રીસ્તી લોકોનો આલીમ ખ્રીસ્તી લોકોને લઇ જંગલમાં ગયો. તેણે હાથ ઉંચો કર્યો ત્યાંજ વરસાદ આવ્યો. તે બીજે દીવસે વળી જંગલમાં દોઆ માટે ગયો, હાથ ઉચો કર્યો એટલે વરસાદ આવવો શરૂ થયો.

આ ઉપરથી કેટલાક મુસલમાનોને પોતાના દીન બાબે શક ઉતપન્ન થયો અને કેટલાક તો ખ્રીસ્તી થઇ ગયા. જ્યારે આ બાબતની ખલીફને ખબર પડી ત્યારે તેને ધાસ્તી લાગી કે જો મુસલમાનોમાં આ ઢીલચાલ વધુ રૂપ પકડશે તો મારૂં રાજ્ય ધાસ્તીમાં આવી પડશે. ને ઇસલામને ધક્કો લાગશે. તેથી તેણે ઇમામ હસન અસકરીને કેદખાનામાંથી બોલાવી કહ્યું કે તમારા નાનાની ઉમ્મત હલાક થઇ જશે; માટે તેને બચાવવી જોઇએ. જો આવતી કાલે ખ્રીસ્તી આલીમ દોઆ માટે જંગલમાં જશે અને વરસાદ વરસશે તો મુસલમાનો દીનથી ફરી જશે ઇમામે જણાવ્યું કે કાંઇ ફીકર નહિ, કાલે હું બંદોબસ્ત કરીશ.

બીજે દીવસે ઇમામે ખલીફને કહી બધા કેદીઓને છોડાવી આપ્યા અને સઘળા લોકોને ગામ બહાર દોઆ માગવા નીકળવા જણાવ્યું. ખ્રીસ્તી આલીમે દોઆ કરી એટલે તુરતજ વાદળાં એકઠાં થઇ ગયાં ઇમામે એક શખ્શને મોકલી ખ્રીસ્તી આલીમના હાથમાં જે વસ્તુ હતી તે મંગાવી લીધી. અને હવે ફરીથી દોઆ કરવા જણાવ્યું. તેણે ઘણી દોઆ કીધી અને ખુબ રડયો પણ વરસાદ થયો નહિ. તેમ વાદળાં પણ ઘેરાયાં નહિ. આ બનાવ જોઇ લોકો અજબ થયા. ઇમામે જણાવ્યું કે આ ખ્રીસ્તી આલીમને કોઇ પૈગંબરની કબરનું હાડકું મળી ગયું છે તે જ્યારે ખુલ્લું કરે છે ત્યારે વાદળાં થઇ વરસાદ વરસે છે. એટલું કહી આપે તે હડકાંને કપડાંમાં લપેટી છુપાવી દીધું અને ઇસલામી તરીકા મુજબ દોઆ કીધી એટલે તુરતજ વરસાદ થયો. આ ઉપરથી ખલીફ તેમને ઘણા માનપાનથી રાખવા લાગ્યો.

મોતમીદ ખલીફે ઇમામને ઝેર ખવડાવ્યું. ઝેરનો અસર થવાથી તેઓ બીમાર થયા; એટલે ખલીફે દવા માટે હકીમો તથા બરદાસ માટે આલીમો મોકલ્યા આ ઝેરના અમલથી હી સ ૨૬૦ માં ઇમામની વફાત થઇ. તેઓ ૭ વર્ષની નાની વયે ઇમામત પામ્યા હતા તેઓએ બાવીશ વર્ષ ઇમામત ભોગવી હતી.

૧૨ મોહુંમદ મહેદી—ઇમામ મોહંમદ મહેદીની માતાનું નામ નરજીસ ખાતુન હતું. અને તેણી કયસરે રૂમ બાદશાહના પુત્ર યશુઆની બેટી થતાં હતાં. નાનપણથી તેઓની લાગણી મુસલમાનો તરફ ઘણી સારી હતી એક વખતે પોતાના દાદાને કહી સઘળા મુસલમાન કેદીઓને છોડી અપાવ્યા હતા. અરબી ભાષાનું જ્ઞાન પણ ખાસ ઉસ્તાદ મારફત લીધું હતું.

મુસલમાનો સાથેની કેયસરે રૂમે કરેલી લડાઇમાં તેણી કેટલીક લોંડીઓ સાથે પકડાઇ મુસલમાનોના હાથમાં આવ્યાં હતાં. ઇમામ હસન અસકરીએ તેમને વેચાતાં લઇ પોતાના નીકાહ તેમની સાથે કીધા હતા.

ઇમામની ઉમર હજુ પાંચ વર્ષની હતી તેટલામાંજ તેમના પીતા ઇમામ હસન અસકરી વફાત પામ્યા ઇમામ હસન અસકરીના ભાઇ જાફર કજાબે પોતે ઇમામ હોવાનો દાવો કીધો; પરંતુ ઇમામ મોહંમદ મેહદીએ પોતે ઇમામ હોવાનું જણાવી તેમનો દાવો રદ કર્યો.

ઇસનાઅશરી લોકો જણાવે છે કે ઇમામ પહેલાં સાઠ વર્ષ ગાએબ રહ્યા તેને ગેબતે સુગરા કહે છે. આ મુદતમાં લોકો તેમના વકીલો મારફત દીની ખુલાસા મેળવતા હતા સાઠ વર્ષ બાદ ગેબતે કુબરાનો જમાનો કહેવાય છે. આજે પણ ગેબતે કુબરાનો જમાનો છે. આ ગેબતે કુબરા માટે તેમના કોઇ ખાસ વકીલ નથી પણ ઇસનાઅશરી મુજતહદ લોકો તેમના વકીલ ગણાય છે ને તેઓ કુરાન તથા હદીસની રૂએ જે હુકમ કરે તે પ્રમાણે ઇસનાઅશરીઓ અમલ કરે છે અને તેનું નામ

તકલીદ કરેવાયછે. લોકો જુદા જુદા મુજતેહદોની તકલીદ કરે છે. ઇસના-અશરી મુજતેહદો ઇલ્મી બાબતમાં ઘણાજ કુશળ જોવામાં આવે છે.

ઇમામ મોહમદ મેહદીનો જન્મ હી. સ ૨૫૫ માં થયો હતો. ઇસનાઅશરીઓ કહે છે કે હી સ. ૨૬૬ સુધી ઇમામ જાહેરમાં રહ્યા ત્યારબાદ દુશ્મનોના જુલમથી ગાએબ રહ્યા છે. આજે પણ ઇમામ મોહમદ મેહદી ગાએબ છે મગરીબ તરફના જઝીરામાં રહે છે તે ઠેકાણાને અલકમા કહે છે તે જઝીરામાં ઇમામના ફરજંદો રાજ્ય કરે છે. તે ઠેકાણે ઇમામ મેહદીનું નામ મશહુર છે. નાણાના સીક્કાઓ પર પણ તેમની છાપ હોય છે (આ જઝીરા કોઇપણ લોકોના જોવા જાણવામાં આવ્યા નથી) ઇમામ કીયામત સુધી જીવતા રહેશે.

ઇસનાઅશરીઓ કહે છે કે દજ્જાલ નામનો એક કાફર હજરત મોહમદ પેગંબરના જમાનામાં ઉતપન્ન થયો છે પેગમબરની બદ-દોઆથી એક પખીએ તેને ચાંચમાં ઉપાડી તીબરીસ્તાનના જઝીરામાં ફેંકી દીધો છે.

ભવિષ્યમાં એક વખત એવો આવશે કે લોકો નમાઝ નહિ પડે, ઓરતોની સલાહ લેશે. ઓરતો મરદોની પેઠે દુકાનો પર બેસી વેપાર કરશે. લોકો અમાનતમાં ખીયાનત કરશે. સાચાને ખોટા ગણશે ખોટાને સાચા ગણી માન આપશે ઇલમ જઇફ થઇ જશે. રહેમ તુટી જશે, બેવકુફોને મોટા મોટા કામ સોંપાશે ખુન કરવાનું કામ સહેલું થઇ પડશે ફકીરો બદકાર અને અગારો હાજર થશે, મીનારા ઉંચા બનાવશે, મસજીદો કાંગરા વાળી બનાવશે, કુરાનને શણગારશે, તરકટ કરવા લાગશે, હલકા માણસોને સરદારી સોંપાશે, દુનીયા માટે આખરતને બરબાદ કરશે, મરદો ઓરતો જેવા વેશ કરવા ચાહશે ને ઓરતો મરદો જેવા થવા ચાહશે વીગેરે બાબતો થવા લાગશે ત્યારે હજ્જામ ઇસફહાનથી નીકળશે, તેની જમણી આંખ ફુટેલી હશે, તેની ડાબી

આંખ કપાળમાં હશે ને રાતા સીતારા જેવી ચળકતી હશે. તેની નીચે કાફર એવો શબ્દ લખેલો હશે.

દજ્જાલ જાહેર થવાની ત્રણ વરસ અગાઉ ઉપરા સાપરી દુષ્કાળ પડશે. દજ્જાલ એક મોટા પહાડ ઉપર ચડી બુમ પાડશે. અને મોટા ગધેડા પર બેસીને નીકળશે તેની જમણી બાજુએ એક પહાડ હશે તેમાં તરેહ તરેહના મેવા વીગેરે હશે ને તેનું નામ બહીસ્ત રાખશે. ડાબી બાજુ એક પહાડ હશે તેમાં તરેહ તરેહના સાપ વીચ્છુ અને આગ હશે. તેનું નામ દોજખ રાખશે. ને કહેશે કે હું તમારો મોટો ખુદા છું. જે મારી તાબેદારી કરે તેને જન્નત આપું ને જે મારી નાફરમાની કરે તેને દોજખ આપું.

આવા વખતમાં દુષ્કાળના સબબથી લોકો બહુજ ગભરાયા હશે તેથી કાચા ઇમાનના ઘણા પુરૂષો તેની જાળમા સપડાઇ બે ઇમાન થશે આ વખતે ઇમામ મોહંમદ મેહદી જાહેર થશે. હજરત ઇસા પૈગંબર ચોથા આસમાન પરથી નીચે ઉતરશે અને ઇમામની પાછળ નમાજ પઢશે. ઇમામ તથા હજરત ઇસા બન્ને મળી દજ્જાલ સાથે લડી તેનો વધ કરશે અને પછી આખી આલમ પર તેઓ રાજ્ય કરશે આ વખતે આખી આલમ પર સર્વત્ર ઇસલામ એકજ દીન થશે.

ઇસનાઅશરી લોકો દરરોજ રાત્રે એવી દોઆ માગી સુએ છે કે સવારમાં જ્યારે તે ઉઠે ત્યારે ઇમામ મોહંમદ મેહદી જાહેર થએલા હોય. તેઓ ખાસ તેહવારો વખતે ત્રણ ઝીયારતો મુખ્ય પડે છે તેમાં છેલ્લી ઇમામ મોહંમદ મેહદી માટેની હોય છે. ઇમામ મોહંમદ મેહદી ઇસનાઅશરીઓના ચાલુ જમાનાના હયાત ઇમામ ગણાય છે.

ઇમામ જે પહાડની ગુફામાં ગાએબ થઇ ગયા છે. તે પહાડમાંથી પાછા બહાર નીકળે તે માટે હેરત ભર્યો ઇન્તેજાર રાખવામાં આવે છે. ગુફાના મુખ પાસે સો ઘોડેસ્વારો દરરોજ સવારથી સાંજ સુધી હાજર રાખવામાં આવે છે. કે ઇમામ જાહેર થાય અને તેમની તાબેદારી કરવામાં આવે.

ઇસનાઅશરી ઇમામોની ઇમામતની મુદ્દત બતાવનારો કોઠો.

ઇસનાઅશરી બાર ઇમામોના નામ.	ઇમામ થયા.		વફાત પામ્યા		કયાં દફન થયા?
	હી. સ.	ઇ. સ.	હી સ.	ઇ. સ.	
૧ અલી.	૧૧	૬૩૨	૪૦	૬૬૦	નજફ.
૨ હસન.	૪૦	૬૬૦	૪૯	૬૬૯	મદીના
૩ હુસેન.	૪૯	૬૬૯	૬૧	૬૮૦	કરબલા.
૪ ઝએનુલ આબેદીન.	૬૧	૬૮૦	૯૪	૭૧૩	મદીના.
૫ મોહંમદ બાકર	૯૪	૭૧૩	૧૧૪	૭૩૨	ગદીના.
૬ જાફર સાદક.	૧૧૪	૭૩૨	૧૪૮	૭૬૫	મદીના.
૭ મુસા કાઝમ.	૧૪૮	૭૬૫	૧૮૩	૮૦૦	કાઝમીન.
૮ અલી રઝા.	૧૮૩	૮૦૦	૨૦૩	૮૧૯	તુસ.
૯ મોહંમદ તકી.	૨૦૩	૮૧૯	૨૨૦	૮૩૫	કાઝમીન.
૧૦ અલી નકી.	૨૨૦	૮૩૫	૨૫૫	૮૬૮	સામરા.
૧૧ હસન અસકરી.	૨૫૫	૮૬૮	૨૬૦	૮૭૪	સામરા.
૧૨ મોહંમદ મહેદી	૨૬૦	૮૭૪	હયાત.	હયાત.	(હયાત.)

પ્રકરણ ૮ મું.

વોહરાઓના ઈમામો.

હીન્દ તેમજ યમનમાં વસ્તી વોહરા કોમ પણ ઇસમાઇલી છે. તે લોકો ઇમામ જાફર સાદક પછી હજરત ઇસમાઇલને ઇમામ માને છે. તેમના પ્રથમના ૭ ઇમામો ને ઇસનાઅશરીઓના ૭ ઇમામો એકજ છે. માટે પ્રથમના ૭ ઇમામોની હકીકત અત્રે ખેંચવા જરૂર નથી. માત્ર તે ઇમામોના નામો આપી જ્યાંથી તેઓ ઇસનાઅશરીઓથી અળગા પડે છે ત્યાંથી આગળ વધીશું.

૧ અલી—પ્રકરણ ૫ માં હકીકત અપાઇ ગઇ છે.

૨ હસન—પ્રકરણ ૭ માં હકીકત અપાઇ ગઇ છે.

૩ હુસેન—પ્રકરણ ૭ માં હકીકત અપાઇ ગઇ છે.

૪ ઝએનુલ આબેદીન—પ્રકરણ ૭ માં હકીકત અપાઇ ગઇ છે.

૫ મોહંમદ બાકર—પ્રકરણ ૭ માં હકીકત અપાઇ ગઇ છે.

૬ જાફર સાદક—પ્રકરણ ૭ માં હકીકત અપાઇ ગઇ છે.

૭ ઇસમાઇલ—આ લોકો કહે છે કે ઇમામ જાફર સાદકે પોતાના વડા પુત્ર ઇસમાઇલને પોતાના વસી કીધા હતા. તેથી જાફર સાદક પછીના તે ઇમામ છે.

ઇસમાઇલ પર તેમના પીતાનો બહુજ પ્યાર હતો. પરંતુ તેઓ (ઇસમાઇલ) પોતાની હયાતીમાંજ મદીનાથી ચાર માઇલ પર આવેલા આરીઝ નામના ગામડામાં ગુજરી ગયા હતા. તેમની લાશને આરીઝથી મદીના લાવવામાં આવી હતી. ઇમામ જાફર સાદકે તેમના જનાઝાને પોતાના ખભા ઉપર ઉપાડયો હતો તેમણે તેના અંતકાળ વખતે તથા ગુજરી ગયા બાદ તેમનું ચુંબન કીધું તેમના ગુજરી જવાથી ઇમામ જાફર સાદક બહુજ રડયા અને લોકોને કહ્યું કે તે મરી ગયો છે.

અને તેમની રૂહના સવાબ માટે દર રાત્રીએ બે રકાત નમાજ પડતા. પહેલી રકાતમાં અલહમ્દની સુરાહ બાદ ઇન્ના અંઝલના અને બીજી રકાતમાં ઇજા આતેનાની સુરાહ પડતા હતા. એમની કબર મદીનામાં છે.

ઇમામ જાફર સાદકની હયાતીમાં કેટલાક લોકો ઇસમાઇલની ઇમામતના કાયલ થયા હતા પણ તેમની ઇમામત જાફર સાદક પછીની હોવાથી તે વર્ગને આગળ વધવા પ્રસંગ નહિ હતો. જાફર સાદકના ગુજરવા બાદ ઇસલામીઓના મોટા ભાગે તેમના પુત્ર મુસા કાઝમની ઇમામત કબુલ રાખી હતી; પણ ઇસમાઇલીઓ કહે છે કે જ્યારે ઇસમાઇલને વસી કીધા તો પછી મુસા કાઝિમ ઇમામ હોય શકે નહિ. ઇમામતનો વારસો તો ઇસમાઇલની ઓલાદમાં ઉતરી શકે છે અને તેથી ઇસમાઇલના પુત્ર મહંમદ ઇમામ ગણાવા જોઇએ. અને તે મુજબ ઇસમાઇલીઓ ઇસમાઇલ પછી તેના પુત્ર મહંમદને ઇમામ સ્વીકારે છે. ઇસમાઇલની જન્મ તારીખ, ઇમામત પામ્યાનો તથા વફાતનો સન આ ટોળાં વાળા જાણતા નથી મેં એમ તેમની કીતાબમાં જોયું છે.

૮ મહંમદ—ખોજા વૃતાન્તના કર્તા જણાવેછે કે:—

"ઇમામ જાફર સાદકના બે દીકરા હતા ઇસમાઇલ અને મુસા કાઝમ. ઇસમાઇલ મોટા અને મુસા કાઝમ નાના. ઇસમાઇલને વસી કર્યા હતા; પણ તે ઇમામ જાફર સાદકની હયાતીમાં વફાત પામવાથી મુસા કાઝમની વસીયત કરી. કેટલાક લોકોએ એવો મત આપ્યો કે ઇસમાઇલના દીકરા મહંમદને ગાદી મળવી જોઇએ. કોઇ એમ કહે છે કે ઇસમાઇલનો દીકરો મહંમદ હતોજ નહિ. મહંમદ વિષેની હકીકત "દનઝુલ મુસાહિબ નામની કીતાબ આગા મહંમદ હસનલ હુસેનીએ બનાવેલ છે તેમાં નીચે પ્રમાણે લખી છે."

"અબદુલા બિન મૈમુન ઇમામ જાફર સાદકનો મિત્ર હતો. તેણે ઇસમાઇલની પણ સેવા બજાવી હતી ઇસમાઇલનો મહંમદ નામનો દીકરો હતો તેની પણ એણે ખીજમત કીધી હતી. જ્યારે દવાનકીએ

હજરત સાદકને ઝેર દીધું ત્યારે અબદુલા બિન મૈમુનનો દીકરો મરઝબાન મહંમદ બિન ઇસમાઈલને મીસર લઇ ગયો. ત્યાં તેની વફાત થઈ હતી. કેટલાક લોકો એમ પણ કહે છે કે તેની સુરીયા હમેલદાર હતી. તેને મારી તેની જગોએ મરઝબાને પોતાની સુરીયાને રાખી. તેણે દીકરો જણ્યો. તેને મહંમદ બિન ઇસમાઇલ ઠેરાવ્યો."

ઉપર મુજબનું વર્ણન મેં મુળ ફારસી કનઝલ મસાએબમાં વાંચ્યું છે પણ તેના કર્તા પુત્ર અદલ બદલ કર્યાની વાતપર વિશ્વાસ લઇ ગયા નથી. રાવીએ રીવાયત કીધી છે તેથી લખ્યું છે તેમ જણાવ્યું છે.

ઇસમાઇલ પીતાની હયાતીમાં ગુજરી જતાં ઇસમાઇલ તરફ ઇમામત ગએલી સમજનારા ઇસમાઇલીઓ મહંમદને ઇમામ કહેવા લાગ્યા હતા. તેમને લગતી કશીપણ હકીકત ઇસમાઇલીઓ ધરાવતા જણાયા નથી. તેમની વફાત હી. સ. ૧૯૭ માં થઇ હતી.

૯ રઝી અબ્દુલ્લા—ધાસ્તીથી તેઓ છુપાઇ રહેતા હતા. તેઓ એજ કારણસર સલમીયા. તરફ ગયા ગયા અહીં તેમની વફાત હી. સ. ૨૧૨ માં થઇ હતી

૧૦ તકી આહમદ—એમણે અખવાનુસશફા નામની કીતાબ રચી હતી તેનો મતલબ એવો હતો કે ફીલસુફી અને ધર્મ જ્ઞાન એક બીજાથી ઉલટાં નથી. તેઓ હમેશાં વેપારી લેબાસમાં રહેતા હતા તેમની વફાત સલમીયામાં હી. સ ૨૨૫ માં થઇ હતી

૧૧ ઝકી અબ્દુલ્લા—તેમની વફાત સલમીયામાં થઇ હતી.

૧૨ અબ્દુલ્લા મેહદી—રઝી અબદુલ્લાના મૃત્યુ પછીની પહેલી રાત્રીએ તેમની હામેલા સ્રીને પુત્ર સાંપડયો. અબ્દલા સુફી નામનો તેમના પીતાનો શુભેચ્છક તે વખતે ગમગીન ચેહરે તેમના ઘરમાં બેઠો હતો. અબુલ ખેયાર નામનો એક જ્યોતિષ શાસ્રી કે જે અબદુલ્લા સુફીનો

મિત્ર થનો હતો તે તેની પાસે બેઠો હતો. તેટલામાં અંદરથી એક ગુલામે આવી અબદુલા સુફીના કાનમાં ખબર આપી કે ઝટ અબદલાને ત્યાં ફરજંદ પેદા થયો છે. આ ખબર સાંભળી અબદુલા સુફીએ અબુલ ખેયાર તરફ જોઇને કહ્યું કે ઘણોજ બદ બખત પુત્ર પેદા થયો છે; કે જે દીવસે બાપ મરણ પામ્યો તેજ દીવસે તેનો જન્મ થયો છે. અબુલખેયારે તેજ વખતે જોતિષ વિદ્યાની રૂએ દરયાફત કરી હસવા માંડયું અને કહ્યું આ છોકરાને તમો બદબખ્ત કહોછો; પણ મેં જોતિષની રૂએ દરયાફત કીધું છે કે આ છોકરાના કીસમત ઘણુંજ ચળકશે. બાપ અને દાદા કરતાં પણ વધુ ભાગ્યશાળી થશે. એટલું કહી અબુલ ખેયારે ફરી બીજી વખત જોતિષની રૂએ દરીયાફત કરી કહ્યું કે મારા ગુમાનમાં તો એમ આવે છે કે આ છોકરો મીસર દેશનો રાજા થશે. અબદુલાએ કહ્યું કે અબુલ ખેયાર, શું એવી મસલેહત વિનાની વાતો કરે છે! શું તે જીવતો રહેશે અને વળી શું હડહડતું જુઠું બોલે છે! અબુલ ખેયારે કહ્યું કે હું સોગન ખાઉં છું કે આ વાત જુઠી નથી બલકે જોતિષ વિદ્યાથી જે કાંઇ મારા જાણવામાં આવ્યું છે તેજ મેં જણાવ્યું છે. આયંદા ગેબની વાત ખુદા જાણે છે. અબદલા સુફી અબુલખેયારનો મુરીદ હતો અને ઘણી વખતે તેના હુકમોને અજમાવી ચુકયો હતો તેથી આશ્ચર્ય પામી બોલ્યો કે ખુદા સર્વ વસ્તુપર કાદીર છે તેમ કરી આપે તેમાં કાંઇ નવાઇ નથી. પછી તે ફરજંદનું નામ મોહંમદ બીન અબદલા અને લકબ મેહદી રાખ્યું અબદુલા સુફીએ બની અબ્બાસના ખલીફની ધાસ્તીના કારણે મીસરથી ચોદ ફરસંગને છેટે એક ધર્મશાળા આબાદ કરી ત્યાં રહેવાનું પસંદ કીધું અને ત્યાંની જમીન અબદુલ અઝીઝ પાસેથી વેચાણ લઇ ત્યાં સહ કુટુંબ રહેવા લાગ્યો. ત્યાં એક શહેર વસ્યું અને તેનું નામ રૂબાત મશહુર થયું. અહીં અબદલાનું બળ વધતું ગયું અને બની અબ્બાસીઓની ગુપ્ત રીતે તેઓ નહિ જાણવા પામે તેવી રીતે મદદ મેળવી અને ઘણી લડાઇઓ બાદ અબદુલાએ મીસરનું કાતમી

રાજ્ય સ્થાપ્યું અને તે તે ખાનદાનનો પહેલો બાદશાહ થયો. તેણે મેહદીયા નામે કીલ્લો બાંધી તેને પોતાની રાજધાની બનાવી. મીસરમાં મુકતદેર બિલ્લા હાકેમ હતો. તેને જીતવા મહંમદ મેહદીએ પોતાના પૂત્રને મોટા લશ્કર સાથે મોકલ્યો; પરંતુ પોતાની હયાતિ સુધીમાં મીસર હાથ થયું નાંહે. ૨૫ વર્ષ રાજ્ય ભોગવી હી. સ. ૩૨૨ વર્ષની વયે તેમની વફાત થઇ.

૧૩ કાયમ બી અમરલ્લા—[illegible] પોતા[illegible]માંજ પોતાના બેટા કાયમની બેઅત [illegible] એક શીક્ષકનો ધંધો કરનારે લશકર એકઠું કરી [illegible] કીધી. તેમાં કાયમની હાર થઇ. આ ઉપરથી [illegible] કીલ્લામાં [illegible]ાયો. અબુ યઝીદે તેની આસપાસ ઘેરો નાખ્યો તે [illegible] દરમિયાન કાયમની તેજ કીલ્લામાં હી. સ. ૩૩૪ માં વફાત થઇ. [illegible] લોકોએ અબુ યઝીદનું નામ દજ્જાલ રાખ્યું. તેઓ કહે છે કે [illegible]સમાં દજ્જાલ મેહદી પર ચડાઈ કરશે એમાં જે દજ્જાલ નામ આવ્યું છે તે આજ દજ્જાલ હતો. અને હદીસમાં જે મહેદીની ભવિષ્ય વાણી છે. તે આજ મેહદી હતો.

૧૪ મનસુર બીલ્લા—કાયમની વફાત પછી મહેદીયા કીલ્લાના લોકોએ તેના બેટા મનસુરની બેઅત કીધી. મનસુર ચાલાક તથા શુરો મરદ હતો. તેણે પોતાના બાપ કાયમના મરણની વાત છુપી રાખી અને સારી તદબીર તથા બહાદુરીથી અબુ યઝીદ ઘેરો ઘાલી પડયો હતો તેની સામે ટક્કર લીધી. તેથી અબુ યઝીદને નાસવું પડયું. તેણે સુદાનમાં જઇ વીસામો લીધો ત્યારે મનસુરે તેને પકડવા એક ફોજ મોકલી એ ફોજ કેટલીક મહેનત અને તજવીજથી તેને પકડી લાવી; ત્યારે મનસુરે તેને હમદાનના કીલ્લામાં એક લોઢાના પાંજરામાં થોડો વખત કેદ રાખી અંતે તેનું ચામડું કઢાવી તેમાં ઘાસ ભર્યું અને પોતાના દેશમાં ફતેહના કાગળો લખ્યા. જેમાં તેની

નાલાયક ચાલ પણ વર્ણવેલી હતી. તે સાત વર્ષ રાજ્ય ભોગવી હી સ ૩૪૧ માં વફાત પામ્યો

૧૫ મોએઝ દીનલ્લા—તે અકલમંદ તથા બહાદુર પાદશાહ હતો તે દેશના કાયદાની બારીકી તથા ધર્મના કાનુઓ અચ્છી તરેહથી સમજતો હતો

સલજમારશાના હાકેમે પોતાને "અમીરલ મોમેનિન" કહેવા હુકમ આપ્યો હતો તેને મોઇઝદીનલ્લાએ કેદ કરી તેનો મુલક સર કીધો અને એક મોટું લશકર બેટા તરફ મોકલ્યું. રૂમી તથા એ લશકરની ઘણી લડાઇઓ થઇ; જેમાં રૂમીઓની હાર થઇ. એ અરસામાં મીસરમાં મોટો દુષ્કાળ પડયો તથા ત્યાંના અબ્બાસીઓ તરફનો હાકમ કાકુર અક્ષીદી મરણ પામ્યો; તેથી મીસરના મોટા માણસોએ મોઇઝ-દીનલ્લાને પોતે અગર કોઇ લાયક માણસ મોકલવા પેગામ મોકલ્યો મુઇઝે મીસર લેવાનો મનસુબો કરી જોહર નામના એક શખ્શને હથી-યારબંધ લશકર તથા મીસરના લોકો માટે ખોરાકથી ભરેલાં વહાણો મોકલ્યાં. જોહરના પહોંચવાથી તથા તેઓને ખોરાક મળવાથી મીસરના લોકો ખુશી થયા અને જોહરે અક્ષીદિના બાગમાં ઉતારો કરી ઓરતાન, મીસર તથા આઇનસની વચ્ચે એક નવું શહેર વસાવી તેનું નામ "મુઇઝીયા" રાખ્યું જોહરની કોશીશથી મીસર, સીકંદરીયા, દીહારે-સઇલા, ઝમાન, મક્કા અને મદીના અબ્બાસી વંશના કબજામાંથી નીકળી અલવીઓના હાથમાં આવ્યાં.

હી સ ૩૬૧ માં મોઇઝ પોતાના કુટુંબ સહિત મીસર ગયો ત્યારે તેની સાથે ૨૫૦૦૦ ઉંટ ચાંદી અને સોનાની નગદીના હતા. તે મીસરની હદમાં પહોંચ્યો ત્યારે તેના મહાજનો તેને સીકંદરીયા સુધી લેવા સામા આવ્યા અને તેના દીદારથી પોતાને માન સમજ્યા. મોઇઝે રાજ્ય કારોબારમાં ઘણોજ અદલ ઇનસાફ બતાવ્યો હતો. કહે છે કે તેના દરબારની સામે કેટલીક પેટીઓ સોનાથી ભરેલી રાખેલી હતી.

અને રજા આપેલી હતી કે જે લાચાર આદમી આવે તે તેમાંથી મુઠી ભરી લે. તે ખાલી પેટીઓ હજુ ત્યાં મોજુદ છે. તે હી સ ૩૬૫ માં ૪૫ વર્ષની વયે ૨૩ વર્ષ રાજ્ય ભોગવી મરણ પામ્યો.

૧૫ અઝીઝ બિલ્લા—તેનો સ્વભાવ ઘણો નરમ અને ખુશમિજાજ હતો બેઅતના દહાડામાં તેણે ઘણા સારા શબ્દોમાં નસીહતથી ભરેલો એક ખુતબો બનાવ્યો હતો. જે સાંભળવાથી લોકોને આંસુ આવ્યાં હતાં.

તેણે આથમણુ, શામ અને હિબઝના મુલકો તાબે કીધા. તેનાજ વખતમાં અલપ્તગીન બગદાદથી શામપર લશ્કર લઇ ચડી આવ્યો પરંતુ ધારતી ખાઇ સુલેહ કીધી. તેણે અદલ ઇનસાફથી ૨૧ વર્ષ રાજ્ય ભોગવી હી. સ. ૩૮૬ માં દેહ છોડયો.

૧૭ હાકમ બ અમરિલ્લા—તેના વખતમાં હસન બિન અબદુલ મલેકની નીસબતના એક શખ્શે ઘણી લડાઇઓ કરી પણ અંતે ઇસમાઇલીઓના અમીર ફજલ ઇબ્ને સાલેને તે હાથ આવતાં તેણે તેને હાકેમ પાસે પહોંચાડયો. હાકેમે તેના માથાપર લાલ ટોપી પહેરાવી, હાથ પગ બાંધી ઉંટ ઉપર બેસાડયો અને હમદુનને તેની સાથે રાખ્યો. તે તેની પીઠ ઉપર ઠોંસા મારતો હતો. આ દેખાવ જોઇ મીસરના લોકો ઘણા રાજી થયા. જ્યારે તેને નીચે ઉતાર્યો ત્યારે તે મુવેલો માલુમ પડયો.

તેણે કેરામાં જામે અઝહર નામની મસજીદ બનાવી. તથા હુકમ કર્યો કે શરાબ અને બીજી કેફી ચીજોનો વ્યાપાર બંધ કરવો તથા સ્ત્રીઓએ ખુલ્લે ચેહરે ફરવું નહિ.

તે ખુદાનો ખોફ રાખતો હતો. શરીયતના હુકમો બજાવવા તથા બુરાં કામોથી બચવાને લોકો ઉપર ઘણી તાકીદ કરતો હતો. તોપણુ લોકોએ શરાબ પીવાની આદત છોડી નહિ. ત્યારે તેણે શરાબની ઉત્પતીના વૃક્ષો હતાં તે બધાનો નાશ કર્યો. ઓરતો બહાર ન નીકળે માટે

તેઓના મોજાં બનાવવાનું બંધ કીધું. યાહુદી અને ખ્રીસ્તીઓને ઘોડે ચડવાને મનાઇ કીધી. તેઓ ખચ્ચર અથવા ગધેડાં ઉપર બેસે તો રકાબ નહિ રાખે અને હમામમાં આવે ત્યારે ગળામાં ઘંટડી બાંધીને આવે કે તેઓ તુરત ઓળખાઇ આવે. પાછળથી એ હુકમની મોકુફી કરી. તેણે ઘણા મદેસા બનાવ્યા તથા આલમ તથા ફકીહોને પોતા પાસે રાખી તેમને ઘણી મીલકત ચાકરી પેટે આપી.

કહે છે કે હાકેમ બિહ્મા જાહેરમાં ધરમી દેખાતાં છતાં તેની રૈયત ઉપર કારભારીઓ છુપો જુલમ કરતા હતા. તે તેની પુછા કરતો ન હતો. એક વખત લોકોએ એક ઓરતની પ્રતિમા બનાવી તેના હાથમાં એક કાગળ આપી હાકેમના જવાના રસ્તા ઉપર ઉભી રાખી. હાકેમે રસ્તે જતાં તે કાગળ લઇ વાંચ્યો. તો તેમાં તેનું તથા તેના વડીલોનું બુરૂં લખેલું હતું. આથી તેણે નાખુશ થઇ મીસરને લુટવા તથા બાળી નાખવાને હુકમ આપ્યો. જેથી મીસરના અરધા ભાગનો નાશ થયો.

કહે છે કે તેને પોતાની બહેન વાસ્તે પોતાના લશ્કરના ઉપરી અમીર ઉપર શક જતાં તેને મારી નાખવાનો મનસુબો કીધો. આ વાતની અમીરને ખબર થતાં તેણે હાકેમને કતલ કરવા માટે એક ટુકડી તૈયાર કીધી. હાકેમ દરરોજ ઉંટપર સ્વાર થઇ મીસરની આસપાસના પહાડોમાં ફરવા જતો હતો. તે નજુમના ઇલમથી વાકેફ હતો. અને હમેશાં કહેતો હતો કે અમુક રાતમાં જો હું આફતથી બચ્યું તો મારી ઉમર ૮૦ વર્ષની થાય. જ્યારે તે રાત આવી ત્યારે તે દસ્તુર મુજબ ફરવા ચાલ્યો; પણ તેની માએ તે વાત તેને યાદ આપી રોક્યો. તે થોડો વખત રોકાયો; પણ તેથી ઘણો બેચેન થયો અને માને કહ્યું કે, મને જવા નહિ દે તો મારો જીવ હમણાં નીકળી જશે. અંતે તે બહાર નીકળ્યો અને અમીરની ટોળકી જે સંતાઇ ઉભી હતી તેણે તેને કતલ કીધો. તેની લાશને તેની બહેન પાસે લઇ આવ્યા. તેણે ખીલાફતની હવેલીમાં તેને દફનાવી દીધી. તેની કોઇને ખબર નહોતી.

સાત દહાડા પછી વઝીરે કાજીને એ વાત જાહેર કરી ત્યારે તેની ખીલાફત તેના દીકરાને સોંપી. હી. સ. ૪૧૧ માં ૭૦ વર્ષની વયે તેની વફાત થઇ.

૧૮ જાહેર દીનલ્લા—આ ખલીફ તેના દાદાની માફક ખુશ આદત અને પાક મિજાજ હતો. તેના ડહાપણથી સર્વ બંડ બેશી જતાં દોલત તથા દીનને મજબુતી મળી. તેને ખીલાફત મળી ત્યારે લશ્કરની અમીરી તેનાં બાપના કતલ કરાવનારના હાથમાંજ હતી; પણ જ્યારે તેના મનમાંથી ધાસ્તી નીકળી ગઇ ત્યારે તેને કતલ કીધો ને તે પછી પોતાની ફોઇને પણ મારી નાખી.

હી. સ. ૪૨૦ માં ખોરાસાનના હાજીઓ મીસર અને શામને રસ્તે પાછા ફર્યા હતા તેમને આ ખલીફાએ ભારે પહેરામણીઓ આપી. હાજીઓ બગદાદ પહોંચ્યા ત્યારે સુલતાન મહંમદ સબકતગીનના એક એલચીએ તેની વતી કાદર ખલીફાને કહ્યું કે આ હાજીઓએ બદમજહબી મીસરના હાકેમની પહેરામણી કેમ કબુલ કીધી? તેની સમજ પડતી નથી. કાદરે તે કપડાંઓ હાજીઓ પાસેથી લઇ બાળી નાંખ્યાં. ખલીફ હી. સ. ૪૨૭ માં ૧૬ વર્ષ ખીલાફત ભોગવી ૩૩ વર્ષની વયે મરણ પામ્યો.

૧૯ મુસ્તનસર બિલ્લા—તે ઘણો પરાક્રમી હતો. અબ્બાસી ખલીફાઓએ એક કાગળ મોઘમ શબ્દોમાં તેના પર લખ્યો. તેમાં એવી મતલબ હતી કે ફાતમી લોક જે મગરેબ અને મીસરની હાકેમી કરે છે તેઓ જે દાવો કરે છે તે ખરો નથી. તેઓ મજુસી (પારસી) વંશના છે. અબ્બાસીના મંત્રીએ એ ઉપર સાક્ષી લખી અને ધાર્યું કે મીજલસો તથા મીમ્બરો ઉપર તે પડવાને માટે તેની નકલો બધા મુલકોમાં મોકલી; પણ ખલીફે ના કીધી મતલબ કે મુસ્તનસરની સત્તા દિનપરદિન વધતી જતી હતી તે એટલે સુધી પહોંચી કે, તેણે એક વર્ષના અરસામાં કાયમ અબ્બાસીને પકડી કેદમાં નાખ્યો. અને મદીનામાં મુસ્તનસરના નામનો ખુતબો પડવા ફરમાવ્યું.

એનો પ્રતાપ સાંભળી નાસર ખુશરો નામે એક શખ્શ ખોરાસાનથી મીસર ગયો. ત્યાં તે સાત વર્ષ રહ્યો. દર વરસે તે હજ કરવા જતો હતો. અને મીસરમાં પાછો ફર્યો ત્યારે બસરાને રસ્તે ઇરાક અને ખોરસાન જવાનો વિચાર કીધો. તે જ્યારે બલખમાં પહોંચ્યો ત્યારે અલવીઓના તરફથી દાવત શરૂ કરી જેથી દુશમનોએ તેને મારવાનો મનસુબો કીધો. તેની ધાસ્તીથી તે ત્યાંના પહાડોમાં જઇ છુપ્યો અને ઘાસપાણી ઉપર સંતોષ કરવા લાગ્યો. એવી રીતે ત્રીસ વર્ષ સુધી તે છુપો રહ્યો હસન બિન સબ્બાહ હમીરી કે જે સુલતાન મલેકશાહના ડરથી છુપી જીંદગી ગુજારતો હતો તે મીસર ગયો; પણ પાછળથી કેટલીક ખટપટમાં ઉતરવાના કારણે તેને ત્યાંથી નાસી જવું પડયું હતું.

મુસ્તનસર સાઠ વર્ષ હકુમત ભોગવી કેરોમાં ગુજરી ગયો. કહે છે કે ઇસમાઇલીઓમાં કોઇએ તેની માફક હકુમત કરી ન હતી. એની પછી ઇમામતના સબંધમાં મતભેદ થઇ બે તડ પડયાં.

૨૦ મુસ્તઅલી બ અહલાહ—મુસ્તનસરે પહેલ વહેલાં પોતાના મોટા દીકરા મુસ્તફાઅલી દીનલ્લા નિઝારને વારસ કર્યો હતો. પણ પછી તેનાથી નાખુશ થઇ મુસ્તઅલી બ અલ્લાને તેની જગ્યા આપી. જયારે મુસ્તનસરે દેહ છોડી ત્યારે ઇસમાઇલીઓમાં બે તડ પડયાં. એક બાજુએ મુસ્તઅલીની જમાત કરી અને બીજી બાજુ વાળાઓ પહેલાની વસીયત ઉપર ઇંતજાર લાવી નીઝારના નામની દાવત કરતા હતા.

મુસ્તઅલીએ ગાદીએ બેસતાંજ નીઝારને મારી નાખવાનો મનસુબો કર્યો જેથી નીઝાર સીકંદરીઆ તરફ નાશી ગયો. ત્યાંનો વાલી તેના બાપનો ગુલામ હતો તેણે નીઝારની તાબેદારી સ્વીકારી; માટે મુસ્તેઅલીએ તે ઉપર મોટી ફોજ મોકલી તેને હાર કીધો તથા નીઝારને તેના બે દીકરા સમેત પકડી મંગાવી કાયરામાં કેદ કીધો જ્યાં તે ગુજરી ગયો. મુસ્તઅલીની હુકમતના સાત વર્ષ વીત્યા બાદ નીઝારના મીત્રોમાંથી કોઇએ તેને છરીના જખમથી મારી નાખ્યો.

૨૧ આમર બ અહકામલ્લા—મુસ્તઅલીની પાછળ અમીરોએ તેના દીકરા આમરની બેઅત કીધી. તેના વખતમાં નીઝારી મતનું ટોળું લશકરના અમીરોના જીવ લેવા ટાંપી રહ્યું હતું. હી સ. ૫૨૪ માં એક ગુપ્ત નીઝારી ટોળાંએ આમર બ અહકામલ્લાને નીઝારના વેરમાં મારી નાંખ્યો.

૨૨ મોલાના તય્યબ—આમરે પોતાની વફાત વખતે પોતાના સગીર વયના બેટા તય્યબને પોતાના કાકાના પુત્ર અબ્દુલ મજીદના હાથમાં સુપ્રત કરી જણાવ્યું કે તે ઉમર લાયક થાય ત્યાં સુધી તારે બધો રાજ્ય કારભાર ચલાવવો. આવી સરતથી અબ્દુલ મજીદ હાફિઝ દીનલ્લા લકબ ધારણ કરી ખલીફ ગયો. અને તેણે એવો ઇરાદો કીધો કે તય્યબને રાજ્ય સુપ્રત કરવું નહિ તથા પોતેજ ઇમામ હોવાનું જણાવવું. તેનો વઝીર રીઝવાન તેના આવા ઇરાદા સામે થયો. તેણે જણાવ્યું કે તું ઇમામ નથી પણ તેનો નાયબ છે. આવી વિરૂદ્ધતાથી હાફિઝ ઉશકેરાઇ ગયો. હાફિજના હાથથી બચવા માટે રીઝવાન ગુપ્ત રીતે શામ તરફ જતો રહ્યો. કહે છે કે જ્યારે આમરે પોતાના પુત્ર તય્યબનો હાથ અબ્દુલ મજીદ હાફિજના હાથમાં સુપ્રત કીધો ત્યારે ઇબ્ને મદાયન હાજર હતો. તોપણ લોકો એમ જાણતા હતા કે આમરને સંતાન નથી. આવી અફવા વધુ ફેલાઇ મજબુત થઇ હોવી જોઇએ કેમકે મોલાના તય્યબને તેનું રાજ્ય અપાવવા અમીરોએ કાંઇ પણ તજવીજ કીધી નથી. અબ્દુલ મજીદ હાફિજ આમરનો પુત્ર ન હોવાના કારણે તે ઇમામ બનાયો નથી. મોલાના તય્યબની શતુવટમાં હવે બે મજબુત ટોળાં થઇ ગયાં હતાં. એક નીઝારી ટોળું અને બીજું હાફિજના પક્ષકારો. આવા કારણને લીધે મોલાના તય્યબના પક્ષકારો બીલકુલ ફાવી શકયા નહિ. તેઓ મોલાના તય્યબને છેલ્લા અને હાલના કાયમ ઇમામ માને છે. હાલ તે મખફી યાને છુપા હોવાનું જણાવે છે. તેમનો જન્મ રબીઉલ આખરની તા. ૪ હી. સ. ૫૨૪ માં થયો હતો.

વોહરાઓના ઇમામોની મુદત બતાવનારો કોઠો.

વોહરાઓના ઇમામો.	ઇમામ થયા.		વફાત પામ્યા		ક્યાં દફન થયા?
	હી. સ.	ઇ. સ	હી સ	ઇ. સ.	
૧ અલી.	૧૧	૬૩૨	૪૦	૬૬૦	નજફ.
૨ હસન.	૪૦	૬૬૦	૪૯	૬૬૯	મદીના.
૩ હુસેન.	૪૯	૬૬૯	૬૧	૬૮૦	કરબલા.
૪ ઝએનુલ આબે-દીન.	૬૧	૬૮૦	૯૪	૭૧૩	મદીના.
૫ મહંમદ બાકર	૯૪	૭૧૩	૧૧૪	૭૩૨	મદીના.
૬ જાફર સાદક.	૧૧૪	૭૩૨	૧૪૮	૭૬૫	મદીના.
૭ ઇસમાઇલ.					મદીના.
૮ મહંમદ.			૧૯૭	૮૧૩	કેરો–મીસર.
૯ રઝી અબદુલ્લા	૧૯૭	૮૧૩	૨૧૨	૮૨૮	કેરો–મીસર.
૧૦ તકી આહમદ	૨૧૨	૮૨૮	૨૨૫	૮૪૦	કેરો–મીસર.
૧૧ ઝકી અબદુલ્લા	૨૨૫	૮૪૦	૨૬૨	૮૭૬	કેરો–મીસર.
૧૨ અબદુલ્લા મેહદી.	૨૬૨	૮૭૬	૩૨૨	૯૩૪	મેહદીયા–મીસર
૧૩ કાયમ.	૩૨૨	૯૩૪	૩૩૪	૯૪૫	મેહદીયા–મીસર.

૧૪ મનસુર.	૩૩૪	૯૪૫	૩૪૧	૯૫૨	મેહદીયા–મીસર.
૧૫ મૈઃએઝ	૩૪૧	૯૫૨	૩૬૫	૯૭૫	કેરો–મીસર.
૧૬ આઝીઝ	૩૬૫	૯૭૫	૩૮૬	૯૯૬	કેરો–મીસર.
૧૭ હાકમ.	૩૮૬	૯૯૬	૪૧૧	૧૦૨૦	આકાશ તરફ ચડી ગયા.
૧૮ ઝાહેર.	૪૧૧	૧૦૨૦	૪૨૭	૧૦૩૫	કેરો–મીસર.
૧૯ મુસ્તનસર.	૪૨૭	૧૦૩૫	૪૮૭	૧૦૯૪	કેરો–મીસર.
૨૦ મુસ્તેઅલી.	૪૮૭	૧૦૯૪	૪૯૫	૧૧૦૨	કેરો–મીસર.
૨૧ આમર	૪૯૫	૧૧૦૨	૫૨૪	૧૧૩૦	કેરો–મીસર.
૨૨ તય્યબ.	૫૨૪	૧૧૩૦	છુપા.	છુપા	છુપા.

ઇસમાઇલ તથા તેમના બેટા કઇ સાલમાં ઇમામ થયા તે વિશે સાલનો આંકડો ઇતિહાસમાં જોવામાં આવ્યો નથી.

પ્રકરણ ૯ મું.

મીસરના ફાતમી ખલીફા.

ગયા પ્રકરણમાં વોહરા કોમના બારમા ઇમામ અબદુલ્લા મહેદીએ મીસરની સતા હાથ કરી તે પર ખીલાફત કર્યાનું તથા ત્યાર પછી આમર બ અહકામલ્લા સુધીના ખલીફાની હકીકત આપવામાં આવી છે. આમર પછી જે મીસરના ખલીફા થયાં તેને ઇસમાઇલી લોકો પોતાના ઇમામ ગણતા નથી. આ પ્રકરણ એકંદર મીસરના ફાતમી ખલીફાની હકીકત બતાવવા માટેનું છે માટે અબદુલ્લા મેહ-

દીથી આમર બેઅહકામલ્લા સુધીનાં નામો સબંધ માટે આપી તે પછીના ખલીફાનું વર્ણન આપીશ.

૧ **અબ્દુલ્લા મહેદી**—પ્રકરણ ૮ માં હકીકત આપાઇ છે.

૨ કાયમ— સદર
૩ મનસુર— સદર
૪ મોએજ— સદર
૫ અઝીઝ— સદર
૬ હાકમ— સદર
૭ ઝાહેર— સદર
૮ મુસ્તનસર— સદર
૯ મુસ્તેઅલી— સદર
૧૦ આમર— સદર

૧૧ **હાફેઝ દીનલ્લા**—આમરની પાછળ પુત્ર ન હોવાથી મીસરના અમીરોએ મુસ્તનસરના વંશના સદરહુ શખ્શની બેઅત કીધી આવી હકીકત તવારીખમાં કરી પણ વોહરાના ઇમામોની તવારીખ ઉપરથી તે બરાબર હોવાનું જણાતું નથી. આમર ને તૈયબ નામે સગીર પુત્ર હતો અને તે ઉમર લાયક થાય ત્યાં સુધી કારોબાર ચલાવવા આમરે પોતાના ભાઇના પુત્ર અબ્દુલ મજીદ (હાફેજ) ને ખીલાફત સુપ્રત કીધી હતી પરંતુ હાફેજ તે મુજબ નહિ વર્તતાં ખુદ મુખત્યાર ખલીફ થઇ બેઠો.

તેના વજીર અબુઅલી અહમદને નીઝારીઓએ મારી નાખ્યો. તથા તે જગ્યાએ બીજો વજીર થયો તેના પણ એજ હાલ થયા. હાફેજની હી સ. ૫૪૪ માં વફાત થઇ.

૧૨ **જાફર બિલ્લા**—હાફેજના મરણ પછી લોકોએ તેના દીકરા જાફરની તાબેદારી કીધી. હી. સ. ૫૪૯ માં તે માર્યો ગયો. તેનું કારણ

એમ બન્યું કે જાફરના વઝીર અબ્બાસનો નસર નામનો એક દીકરો ઘણો ખુબસુરત હતો. જાફરની તેના ઉપર ઘણી પ્રીતિ હતી. એ વાતનો શોર ઘણો થયો હતો. વળી એ દહાડામાં ખલીફાએ એક ગામડું નસરને ઇનામ આપ્યું. લોક મશ્કરી કરવા લાગ્યા કે નસરની મહેર (સ્ત્રીના નીકાહ વખતે જે રકમ મહેરની ઠરાવવામાં આવેછે તે) એથી વધારે જોઇએ આ વાતથી અબ્બાસને ઘણી શરમ લાગી. જાફરને તે અમીરોની સાથે પોતાને ઘેર ઝીયાફત આપવાને બહાને તેડી ગયો ત્યાં તેને મારવાને માટે એક ટોળકી જે સંતાડી હતી તેણે અમીરો સહીત ખલીફાને કતલ કર્યો. અબ્બાસે તેઓની લાશો પોતાના ઘરમાં ઘાલી દીધી. એની ખલાફત પાંચ વર્ષની હતી.

૧૩ ફાએજ બી નસરહલા—જાફરના મરણ પછી લોકોએ તેના દીકરા ફાએજને ગાદીએ બેસાડયો. તેના બાપનો ખુની અબ્બાસ કીમતી ઝવાહેરો લઇ નાશી ગયો પણ તે ઝવેરાત માર્ગમાં ફીરંગી લોકોએ લુટી લીધું. તેના વખતમાં ઘણા દેશો જીતાયા. તે ખુશ મીજાજ અને અકલમંદ હતો. તેની વફાત હી. સ. ૫૫૫ માં ભર યુવાવસ્થામાં થઇ.

૧૪ આદલ દીનહલા—ફાએજના મરણ બાદ તેનો પુત્ર આદલ ફાતમાઇટ છેલ્લો ખલીફ થયો તેના વખતમાં ફીરંગી લોકો મીસર પર ચડી આવતાં મીસરના લોકો ધાસ્તી ખાઇ ગયા અને દસ લાખ દીનાર ફીરંગીઓને આપવા કહી સુલેહ કીધી. મીસરના લોકો આ બનાવથી નારાજ થઇ શામના વાલી નુરદીન મહંમદનો આશ્રય લેવા તૈયાર થયા ખુદ ખલીફના હુકમથી તેનો વઝીર શાપુર નુરદીન મહંમદ પાસે ગયો. નુરદીન મહંમદે એંશી હજાર સવારનું લશકર મીસર તરફ મોકલ્યું. ફીરંગીઓ તેથી ઘણી ખુઆરી સાથે પાછા ફર્યા નુરદીન મહમદે જે લશકર મોકલ્યું હતું તેનો સરદાર અસલદીન શેરકુ હતો. તેને આદલે વઝીર બનાવ્યો.

અસલદીન માત્ર ૬૫ દહાડા.વજીરાત ભોગવી મરણ પામ્યો તેના મરણ પછી તેનો ભત્રીજો સલાહુદીન વજીર થયો તેણે ખુતબામાંથી આદલનું નામ કહાડી મુસ્તઝીઅ નુરલ્લા અબ્બાસીનું નામ દાખલ કીધું. દરમિયાન આદલ બીમાર થઇ મરણ પામ્યો.

તે ફાતમાઇટ ખલીફાઓ પૈકી છેલ્લો હતો. મહંમદ મેહદીથી લઇ આદલ સુધી કુલ ૧૪ ખલીફાઓએ આફ્રિકામાં અને થોડાએક મીસરમાં ૨૬૮ વર્ષ રાજ્ય કીધું.

હવે સલાહુદીને મીસર પર કબજો કરી લઇ બગદાદના અબ્બાસી ખલીફ મુસ્તદીની દોઆઇ ફેરવી દીધી. ત્યારથી મીસર પર બગદાદના અબ્બાસી ખલીફોની સતા ચાલુ થઇ.

મીસરના ફાતમી ખલીફોની મુદત્ત બતાવનારો કોઠો.

ખલીફોના નામો	ખલીફ થયા		મરણ પામ્યા		કયાં દફન થયા ?
	હી. સ	ઇ સ	હી. સ.	ઇ. સ	
૧ અબદુલ્લા મેહદી.	૨૬૨	૮૭૬	૩૨૨	૯૩૪	મેહદીયા–મીસર
૨ કાયમ.	૩૨૨	૯૩૪	૩૩૪	૯૪૫	મેહદીયા–મીસર.
૩ મનસુર.	૩૩૪	૯૪૫	૩૪૧	૯૫૨	મેહદીયા–મીસર
૪ મોએઝ.	૩૪૧	૯૫૨	૩૬૫	૯૭૫	કેરો–મીસર.
૫ અઝીઝ.	૩૬૫	૯૭૫	૩૮૬	૯૯૬	કેરો–મીસર.

૬ હાકમ.	૩૮૬	૯૯૬	૪૧૧	૧૦૨૦	કેરો–મીસર.
૭ ઝાહેર.	૪૧૧	૧૦૨૦	૪૨૭	૧૦૩૫	કેરો–મીસર.
૮ મુસ્તનસર.	૪૨૭	૧૦૩૫	૪૮૭	૧૦૯૪	કેરો મીસર.
૯ મુસ્તેઅલી.	૪૮૭	૧૦૯૪	૪૯૫	૧૧૦૨	કેરો–મીસર.
૧૦ આમર.	૪૯૫	૧૧૦૨	૫૨૪	૧૧૩૦	કેરો–મીસર.
૧૧ હાફેઝ	૫૨૪	૧૧૩૦	૫૪૪	૧૧૪૯	કેરો–મીસર.
૧૨ ઝાફેર.	૫૪૪	૧૧૪૯	૫૪૯	૧૧૫૪	કેરો–મીસર.
૧૩ ફાએઝ.	૫૪૯	૧૧૫૪	૫૫૫	૧૧૬૦	કેરો–મીસર.
૧૪ આદલ.	૫૫૫	૧૧૬૦	૫૬૭	૧૧૭૧	કેરો–મીસર.

પ્રકરણ ૧૦ મું.

અલમોતના હાકેમો.

૧ હસન બિન સબ્બાહ—હીજરી પાંચમી સદીની શરૂઆતમાં ઇરાન તથા ખોરસાનમાં સુન્નીઓના પ્રખ્યાત આલીમ ઇમામ મોફ્રકુ-ફીનનું નામ ગાજી રહ્યું હતું. તેની વિદ્વતાની ઠામઠામ ખ્યાતી હતી. તેના માટે એવી અફવા ચાલતી હતી કે જે વિદ્યાર્થીઓ તેની પાસે કુરાન તથા હદીસનું શિક્ષણ લેછે તેના ભાગ્ય જગતમાં ચળકી ઉઠે છે. આવા કારણુથી દુર દુરથી ઘણા વિદ્યાર્થીઓ કુરાન તથા હદીસનું શિક્ષણ લેવા તેની શાળામાં આવી દાખલ થયા હતા. આ શિક્ષણ લેનારા વિદ્યાર્થીઓમાં ત્રણ વિદ્યાર્થીઓ અજમી નસલના હતા એમાંના એનું નામ હસન તથા ત્રીજાનું ઉમર હતું. તેઓ અન્યો અન્ય ઘણી

ત્રાચારી રાખતા હતા. એક દીવસે એ ત્રણે મીત્રોએ એકઠા થઇ ઠરાવ ર્યો કે આપણે ત્રણે પૈકી જેને ખુદા માન મરતબો તથા દોલત આપે ણે એક બીજાને સરખો હીસ્સો આપવો. આ ઠરાવ ઘણુાજ આનંદ ાથે પસાર થઇ સોગંદથી મજબુત થઇ ગયો. તેઓ ચાલેલી અક્ ાને લીધે જાણુતા હતા કે અમારા ભાગ્ય ખુલ્યા વિના રહેનાર નથી.

થોડી મુદતમાં આ ત્રણે મીત્રો પોતાનું શિક્ષણુ પુર્ણુ કરી પોતાના ભાગ્ય અજમાવવા નીકળી પડયા.બે હસનો પૈકી એક કે જે નીતિ અને બુદ્ધિ બન્ને ધરાવતો હતો તે સલજુકી બાદશાહના દરબારમાં પહોંચ્યો. બાદશાહે તેની બુદ્ધિની પરીક્ષા કરી વડા વજીરની પદવી આપી તથા "નીઝામ–ઉલ–મુલ્ક નામનો માનવંતો ખેતાબ આપી પ્રસિદ્ધ કીધો. તેણે બગદાદમાં "મદરસે નીઝામ્યા" નામની કોલેજ સ્થાપન કીધી હતી.

બીજો વિદ્યાર્થી ઉમર પોતાના ભાગ્ય અજમાવવા મુસાફરી કરતો હતો તેટલામાં તેના સાંભળવામાં આવ્યું કે મારા મિત્ર હસનને સલજુકી બાદશાહના દરબારમાં વડા વજીરની પદવી મળી છે. ત્યારે તે ઠરાવ મુજબ પોતાનો હીસ્સો લેવાને તેની પાસે ગયો. નિઝામ–ઉલ મુલ્કે કરેલા ઠરાવ મુજબ તેના વખાણુ કરી કારભારીનો હોદો અપાવવા કહ્યું. પરંતુ તેણે એકાંતમાં બેશી વિદ્યાભ્યાસ કરવાનું પસંદ કર્યું અને તે માટે સગવડ કરી આપવા પોતાના મિત્ર પાસે માગણી કરી. નિઝામ–ઉલ–મુલ્કે તેને ૭ હજાર રૂપીઆનું સાલીયાણુ બાંધી આપ્યું અને તેથી તે નેશાપુરમાં જઇ વિદ્યાભ્યાસ કરવા લાગ્યો.

તે દુન્યવી દોલત મેળવી શક્યો નહિ તેમ તેણે તે મેળવવા ઇચ્છા પણ કીધી નહિ. તે એક પ્રખ્યાત જ્યોતિષશાસ્ત્રી, તિક્ષણુ મગજનો તત્વજ્ઞાની શાએર હતો. તેણે બનાવેલી રોબાઇઓ આજે યુરોપ તથા અમેરિકાના વિદ્વાન વર્ગમાં ઝળકી રહી છે. આ રોબાઇઓ તથા તેની તકરીરને લગતાં ૧૫૦ અંગ્રેજી પુસ્તકો મને મારા મિત્ર હાજી મહંમદ

અલારબીયા શીવરજીએ મુંબઇમાં પોતાની લાયબ્રરીમાં બતાવ્યાં હતાં. યુરોપ તથા અમેરિકામાં "ખેયામ કલબ" નામની સંખ્યાબંધ કલબો સ્થપાઇ છે અને તેની રોબાઇઓનો આનંદ લોકો મેળવી રહ્યા છે.

નિઝામ-ઉલ-મુલ્કે લખ્યું છે કે હસન બિન સબ્બાહનો પીતા બદ મજહબી હતો તેમ એક સાધારણ વર્ગનો માણસ હતો તે ઘણીજ તંગીથી પોતાનો નિર્વાહ કરી શકતો હતો. તેને ત્યાં હસન બિન સબ્બાહનો જન્મ ખોરાસાનમાં આવેલા તુસ શહેરમાં થયો હતો. હસનનો પીતા અરબી ગ્રંથકાર સબ્બાહ હમીરીની નસલનો છે એમ માનતો હતો તેણે પોતાનું બદ મજહબીનું કલંક દૂર કરવા પોતાના પુત્ર હસનને ઇમામ મોફકુદીન નેશાપુરીની શાળામાં દાખલ કીધો હતો. જ્યારે તે શાળામાં હતો ત્યારે નિઝામ-ઉલ-મુલ્કે તેના માટે એવું ભવિષ્ય ભાખ્યું હતુ કે તે થોડાજ સમયમાં ભોળા તથા અંધ શ્રદ્ધા વાળા લોકોને બેહકાવી બહુજ ખરાબ કરી નાખશે.

તે પણ શાળા છોડયા પછી પોતાના ભાગ્ય અજમાવવા જુદે જુદે ઠેકાણે મુસાફરી કરવા લાગ્યો. પરંતુ કોઇ ઠેકાણે તેને ફતેહમંદી મળી શકી નહિ તેમ એવું કોઇપણ કામ હાથ ન લાગ્યું કેજે તેના નિશાળ બેજનને પાત્ર હોય. દરમિયાન તેના સાંભળવામાં આવ્યું કે નિઝામ-ઉલ-મુલ્કને સલજુકી બાદશાહના વડા વજીરની પદવી મળી છે તેથી તેની પાસે ગયો અને કરેલો ઠરાવ પાળવા જાહેર કીધું. નિઝામ-ઉલ-મુલ્કે તેની સીફારસ બાદશાહ પાસે કરી પોતા બરાબરનો હોદ્દો તેને અપાવી દીધો.

નિઝામ-ઉલ-મુલ્ક લખે છે કે હસન પોતાના બાપની પેઠે ખટપટી હોવાથી તેણે બાદશાહનો મીજાજ તરત હાથમાં લઇ લીધો ને મારી ખોદણી કરવા માંડી હસન ઇચ્છતો હતો કે નિઝામ-ઉલ-મુલ્કના તાબામાં રહેવું તેતો કોઇપણ રીતે મુનાસબ નથી. તેથી તે પોતે વડપણ હાસલ કરવા માટે હમેશાં મચ્યો રહેતો હતો. તે તેની નાની સરખી ચુકને રજનો ગજ કરી બાદશાહ આગળ રજુ કરતો.

એક વખતે બાદશાહની ઇચ્છાથી, એક માણુસે હલબથી વાસણ બનાવવાના સફેદ પથ્થર પાંચસો મણ બે ઉંટવાળાઓ મારફત મંગાવ્યા એક ઉંટવાળાના ચાર અને બીજાના છ એમ કુલ દસ ઉંટપર લદાઇ આ પથ્થરો આવ્યા. દસ ઉંટપર પાંચસો મણ પથ્થર હતા અને હજાર મણુ બોજો ઉંટવાળાઓનો હતો. બાદશાહ પથ્થર જોઇ ખુશી થયો અને એક હજાર દીનાર ઉંટવાળાઓને બક્ષીશ આપવા નિઝામ ઉલ-મુલ્કને જણાવ્યું. તેણે છ ઉંટવાળાને છસો અને ચારવાળાને ચારસો દીનાર આપ્યા.

હસને આ વ્હેંચણીમાં વાંધો કહાડયો. છેવટે આ વાત બાદશાહ પાસે ગઇ. બાદશાહે હસનને બોલાવી પુછતાં તેણે જણાવ્યું કે દસ ઉંટ છે અને પંદરસો મણ બોજો છે. તો દરેક ઉંટપર દોઢેદોઢસો મણ બોજો થયો ત્યારે ચાર ઉંટ વાળાએ છસો મણ બોજો બાંધ્યો હતો તેમાં પાંચસો મણુ તેનો અને એકસો મણ બાદશાહનો હતો. છ ઉંટ વાળાએ નવસો મણ બોજો બાંધ્યો હતો. તેમાં પાંચસો મણ તેનો અને ચારસો મણુ બાદશાહનો હતો. બાદશાહનો પાંચસો મણુ બોજો અને ઇનામ હજાર દીનાર. ત્યારે સો મણે બસો દીનાર થાય. એ હીસાબે છ ઉંટવાળાને ચારસો મણુ તેથી આઠસો અને ચાર ઉંટવાળાને એકસો મણ તેથી બસો દીનાર આપવા જોઇએ. બાદશાહને આ હીસાબ ઠીક જણાયો પરંતુ નિઝામ-ઉલ-મુલ્કના માન ખાતર કાંઇ બોલ્યો નહિ.

એક દીવસે બાદશાહે નિઝામ-ઉલ- મુલ્કને રાજ્યનો સંપુર્ણ રીપોર્ટ કેટલી મુદતમાં તૈયાર કરી શકાશે તે સબંધે પુછ્યું. નિઝામ-ઉલ-મુલ્કે છ માસની મુદત જણાવી. હસને જણાવ્યું કે આવો રીપોર્ટ હું માત્ર ચાલીસ દહાડામાં તૈયાર કરી શકુંછું. બાદશાહ આશ્ચર્ય પામ્યો અને ખાત્રી માટે આ કામ હસનને સુપ્રત કીધું. ચાલીસ દહાડા પુરા થયા ત્યારે તે હીસાબ તૈયાર કરી બાદશાહની હજુરમાં લઇ ગયો. બાદશાહે કેટલીક હકીકત પુછતાં હસન તેનો જવાબ આપી શ-

કયો નહિ. નિઝામ-ઉલ-મુલ્કે હાથ જોડી બાદશાહને અરજ કીધી કે મેં જે છ માસની મુદત માગી હતી તે રીપોર્ટ એવો તૈયાર કરને કે તેમાં કોઇપણ બાબત બાકી રહેવા પામતે નહિ. બાદશાહ હસનની વતણુંકને ધિક્કારની નજરથી જોતો હતો. હવે તેના ગુસ્સાનો પાર રહ્યો નહિ. તે તેને સજા કરવાને તૈયાર થઇ ગયો પણ વડા વઝીરની સીફારસથી તેને વધુ સજા નહિ કરતાં દરબારમાંથી હાંકી કઢાવ્યો. કહે છે કે નિઝામ-ઉલ-મુલ્કે પોતાના એક ગુલામ મારફત હસને બનાવેલો રીપોર્ટ હસન દરબારમાં રજુ કરે તે પહેલાં યુક્તિથી ગુપ્ત પણે તફડાવી મંગાવ્યો હતો અને તેને બદલે બીજાજ ચોપડા બાંધી દીધા હતા. હસન પોતાના રીપોર્ટના ચોપડા સમજી તેને દરબારમાં લઇ ગયો અને ખોલી જોતાં નકામાં ચોપડા નીકળ્યા.

તે મલેકશાહ બાદશાહના દરબારમાંથી નિષ્ફળતા મેળવી ઇસફહાન ગયો અને રઇસ અબુલ ફજલના ઘરમાં છુપાઇ બેઠો. એક દીવસે તેણે વાતો કરતાં મલેકશાહ બાદશાહ તથા નિઝામ-ઉલ-મુલ્કની નીંદા કરી કહ્યું કે બે મિત્રો મને એક દીલના મળે તો હું આ ગામડીઆ તુર્કનું રાજ્ય ઉથલપાથલ કરી નાખું. રઇસ ડાહ્યો માણસ હોવાથી ચેતી ગયો કે તેના મગજને દીવાનાપણાએ અસર કીધી છે; નહિતર મલેકશાહ કે જેનું રાજ્ય અંતાકીઆ અને શામથી કાશગર સુધી છે તેનો મુકાબલો તે કેમ કરી શકે આ વિચાર તેણે છુપો રાખી બીજે દીવસે ખાણા વખતે તેની પાસે શરબત રાખ્યું અને તેમાં મગજને તાકાત આપનારી કેટલીક ચીજો નાખી. હસન ઘણો તિક્ષણ બુદ્ધિનો હોવાથી તેનો ભેદ સમજી ગયો અને રઇસની ઘણી તાણ છતાં તેને ઘેરથી નીકળી ગયો. એક બીજી જગોએ લખેલું છે કે હસનના મગજની દવા કરવા સારૂ રઇસે એક વૈદને બોલાવી ઇલાજ શરૂ કરાવ્યો હતો. જ્યારે હસન મીસરથી પાછો ફર્યો અને ઇરાનમાં આવેલા અલમોતના કીલ્લાનો ફતેહમંદ થયો ત્યારે મજકુર રઇસ અબુલ ફજલ તેની પાસે ગયો. તે વખતે હસને તેને કહ્યું કે હે, રઇસ, મારા મગજમાં ખલેલ પહોંચી

હતી કે તારામાં? જાદુગરની ખોરાક મને લાયક હતો કે તને? તેં જોયું કે જ્યારે મને બે ખરા મીત્રો મળ્યા ત્યારે મારો બોલો હું સાબીત કરી શક્યો.

આ સમયમાં મીસરના ઇસમાઇલી ખલીફોના મીશનરીઓ ઠામ ઠામ ઇસમાઇલી દીનનો બોધ કરી રહ્યા હતા. હસન બે ચાર મીશનરીઓ સાથે મળી છેવટે મુમન નામના એક દાઇના હાથપર એમ જણાવી ઇસમાઇલી મતમાં દાખલ થયો કે હું કાંઇપણ વિશેષ ખાત્રી કરવા માગતો નથી મને કૃપા કરી પોતાના ઇસમાઇલી દીનમાં દાખલ કરો હજુ ઇસમાઇલી થયે તેને થોડીજ મુદત થઇ હતી તેટલામાં તે શેખ અબ્દુલ મલક બિન અતા કે જે ફરતા ફરતા રે પ્રાંતમાં આવ્યા હતા તેના દરબારમાં પહોંચ્યો. તેણે હસનને ઇસમાઇલી ધર્મના મીશનરીના કામની પરવાનગી આપી અને સાથેજ મીસરમાં જઇ ખલીફ મુસ્તનસર બિલ્લાની મુલાકાત લેવા જણાવ્યું.

શેખની ભલામણ મુજબ તે મીસર ગયો. ખલીફ મુસ્તનસરે તેની મુલાકાત લીધી નહિ પણ તેના માટે સારી ગોઠવણો કીધી. ખલીફ તેના બહુજ વખાણ કરતો તેથી લોકો સમજતા કે નજીકમાં તેને કોઇ રાજ્યનો મોટો હોદ્દો આપવામાં આવશે. બધા દરબારીઓ તેના પર ઘણા નારાજ થયા અને વડો સેનાધિપતિતો તેનો પ્રાણ લેવાને તત્પર થઇ ગયો આ ઝઘડો થવાનું કારણ એ હતું કે ખલીફ મુસ્તનસરે પોતાના વડા પુત્ર મુસ્તેઅલીને ગાદી વારસ નીમ્યો. પણ ઘણા લોકો પ્રથમ નીમેલા ગાદી વારસ નીઝારને સત્ય સમજતા હતા. વડો સેનાધિપતિ મુસ્તઅલીના પક્ષમાં હતો અને હસન નીઝારની તરફેણમાં હતો છેવટે મુસ્તઅલીના પક્ષકારોએ તેને જબરદસ્તીથી જંગબાર જતા વહાણમાં બેસાડી રવાના કરી આપ્યો. હસન કોઇપણ રીતે જવા ખુશી ન હતો પરંતુ તેનું કાંઇપણ નહિ ચાલતાં ચાલી નીકળવું પડ્યું

વહાણ આગળ ચાલતાં વાવાઝોડાના તોફાનમાં આવી ગયું. વહાણ

માં બેઠેલા માણુસોમાં મોટો કોલાહલ મચી રહ્યો; પરંતુ હસન હસમુખે ચેહરે આનંદમાં રહેતો હતો. તેણે પોતાની ઉન્નતિની એક નવી યુક્તિ શોધી કહાડી તોફાન સામે જરાપણ ઉદાસીનતા પ્રગટ કીધી નહિ અને એક ઓલીયાની પેઠે બોલ્યો કે "ખુદાએ મારી સાથે વાયદો કીધો છે કે વહાણ ડુબશે નહિ, માટે ગભરાવાનુ કાંઇ કારણ નથી" વહાણના માણસો પ્રથમ તેને છેલછોકરાપણું થયુંછે એમ માનવા લાગ્યા પણ જ્યારે તોફાન શાંત પડયુ ત્યારે સઘળાઓ તેને એક ઓલીઓ સમજી તેના હાથ ચુમવા લાગ્યા.

થોડા વખતમાં તેનું વહાણ એશીયાઇ તુર્કસ્તાનનાં એક બંદર પર લાંગર્યું. હસન અહીં ઉતરી જઇ હલબ, બગદાદ, ખોજીસ્તાન, ઇસફહાન કીરમાન વીગેરે પ્રખ્યાત શહેરોમાં ઇસમાઇલી દીનનો બોધ કરવા લાગ્યો. કીરમાનથી તે બીજી વખત ઇસફહાન આવી ચાર માસ રોકાઇ ખોજીસ્તાન ગયો. અહીં દશ માસ રોકાઇ ધામગાનનો માર્ગ લીધો. અહી તે ત્રણ વર્ષ ઇસમાઇલી ધર્મનો બોધ કરી પુષ્કળ જજમાનો બનાવી શકયો. ત્યાર બાદ તે પુષ્કળ શહેરો અને ગામડાઓમાં જઇ પોતાનું મીશનરી પણું બજાવતો રહી છેવટે તે અલમોતના કીલ્લામાં પહોચ્યો.

હસન હજુ આ કીલ્લામાં દાખલ થયો નહોતો ત્યાર પહેલાં તેણે પોતાના પાદરીઓ મારફત આ કીલામાં ઇસમાઇલી ધર્મનો બોધ ચાલુ રાખ્યો હતો આ બોધથી કેટલાક માણસો તેના ધર્મમાં શામેલ થયાં હતાં. થોડી મુદત પછી હસન પોતે તે કીલ્લામાં ગયો અને બોધ કરી ઘણા લોકોને પોતાના જજમાન બનાવી લીધા. કીલાનો કોટવાલ મેહદી નામનો એક ફાતમી શખ્સ હતો. તેણે જોયું કે કીલામાં ઇસમાઇલી ધર્મનો આત્મા ફુંકવા લાગ્યો છે ત્યારે તેણે પણ જાહેરમાં ઇસમાઇલી ધર્મ કબુલ કર્યો. હસને આ કોટવાળની મુલાકાત લીધી. કોટવાળ હસનને એક આબેદ (ભકત) સમજી ઘણાજ સત્કારથી મળ્યો. હસને મે-

હદીને કહ્યું કે " આ કીલ્લો જગતના સઘળા ભાગોથી જુદો અને રક્ષણ કરનારો છે અને અમારા જેવા એકાંતમાં બેશી અલ્લાહની ભક્તિ કરનારા લોકોને લાયકનો છે, માટે મને અહીં એક બળદના ચામડા જેટલી જમીન વેચાતી આપવામાં આવે તો હું તેની કીમતના ત્રણ હજાર દીનાર આપવાને તૈયાર છું " એટલું કહી દીનારોની કોથળી મેહદી સામે રાખી દીધી. મેહદી દીનારો જોઇ લલચાયો અને વિચાર્યું કે એક ભક્ત માણસને આપવામાં કાંઇપણ હરકત નથી તેથી રૂપીઆ લઇ જમીનનું વેચાણ ખત લખી આપ્યું. પરંતુ જ્યારે તેણે જોયું કે હસને ચામડાની દોરા જેવી ઝીણી ઝીણી વાધરીઓ બનાવી એક બીજાને સાંધી તેના ઘેરાવાથી આખા કીલ્લાને ઘેરી લીધો ત્યારે તે ગભરાયો; પરંતુ હવે શું થઇ શકતું હતું. હસનના જજમાનો ઉપરાંત ગામના સઘળા અહાણુ મુસલમાનો પણ એક તવંગર હાકેમ કરતાં એક ભક્તની તરફદારી કરતા હતા. મતલબ કે આ યુક્તિથી અલમોતનો કીલ્લો હસનબીન સબ્બાહના હાથમાં આવી ગયો.

ઘણા પ્રખ્યાત ઐતિહાસીકકારોનું કહેવું છે કે આ યુક્તિથી હસન કીલ્લાને મેળવવા પામ્યો નથી પરંતુ બીજીજ યુક્તિથી ફાવ્યો છે તેણે જોયું કે કીલ્લાના પુષ્કળ માણસો અને મેહદી કોટવાળ સુદ્ધાં મારા જજમાનો થઇ ગયા છે તેથી કોઇપણ મારી વિરૂદ્ધતા કરી શકશે નહિ તેથી તે એક દીવસ કીલ્લાના કોઠાપર ચડી ગયો અને મેહદીની સામે જઇ કહેવા લાગ્યો કે " નીકળો અને કીલ્લો ખાલી કરી આપો " મેહદી એક રમુજની વાત જાણી હસવા લાગ્યો. જ્યારે કોટવાળ પોતાની જગોએથી ખસ્યો નહિ ત્યારે તેણે પોતાના જજમાનોને ઇશારો કર્યો કે મેહદીને કીલ્લા બહાર કાઢી મુકી દામગાન પહોંચાડી આપવો. અને તે રીતે તેને સરસામાન સહ પહોંચાડી અપાયો. પહેલા કારણથી કે બીજા કારણથી ગમે તે કારણથી હો પણ તે કીલ્લાને મેળવવા પામ્યો. છેવટે આ કીલ્લો ઇસમાઇલીઓની રાજધાની બન્યો.

હસન હવે કીલ્લામાં બેશી હીમ્મત, ચતુરાઇ, અને સતત પ્રયત્નથી પોતાના ધર્મને જગતમાં પ્રસારવા લાગ્યો. હસનના જરમાનો રફતાર પ્રાંતમાં દીન પ્રતીદીન વધતા જતા હતા ધર્મના બોધ અને મીશનરી પણાના લેબાસમાં ગુપ્તરીતે તેઓએ રૂદબાર પ્રાંતની સત્તા પોતાના હાથમાં કરી લેવાના પ્રયત્નો કરવા માંડયા. તેના હિમતવાન જરજમાનોએ કેટલેક ઠેકાણે નવા કીલ્લાઓ બંધાવ્યા તેઓની સત્તા એ હદ સુધી વધી જવા પામી કે આસપાસના બાદશાહો અને સુબાઓ તેમનાથી બીવા લાગ્યા. અને તેમને ધાસ્તી પેઠી કે રખેને હસનના હાથમાં સઘળો ઇરાન દેશ ન આવી જાય !

જ્યારે આ વાતની ખબર નિઝામુલ મુલ્ક અને મલકશાહને પડી ત્યારે તેઓએ ઇરાદો કર્યો કે અલમોત પર હુમલો કરી હસન તથા તેના કાવત્રાંને જડ મુળથી ઉખેડી નાખવું. કીલ્લાને ઘેરી લેવામા આવ્યો પરંતુ તે ઘણોજ મજબુત હોવાથી હસનને તેની જરાપણ બીક નહોતી પરંતુ કીલ્લામાંના લોકોની ખેતીનું કામ અટકી પડયું અને ખોરાક પણ ખુટી પડયો. આ પ્રસંગે હસને એક જુદીજ યુકિતથી કામ લીધું આ વખત રમજાન માસ હતો. હસને પોતાના એક જરજમાનને ગુપ્તરીતે નિઝામુલમુલ્કને ઠાર કરવા માટે રવાના કર્યો નિઝામુલમુલ્ક ઝદમાં મલેકશાહ બાદશાહ સાથે હતો અને ત્યાંથી બગદાદ જવાની તૈયારીઓ કરી રહ્યો હતો. સદગુણી વઝીર રોઝું છોડી પોતાના જનાનખાનાના તંબુમાં જતો હતો તેવામાં એક જુવાન વયનો કદાવર છોકરો તેની સાથે કાંઇ વાતો કરવા લાગ્યો. આ જુવાન છોકરે વાતો કરતાં યુકિતથી છુપાવી રાખેલી છરી કાઢી વઝીરના શરીરમાં ભોંકી દીધી. વઝીર ભોંય-પર પડયો અને તેનો આત્મા આ ફાની દુનિયા તજી ગયો. વઝીરના કોઇ ઘાતકી માણસના હાથથી કતલ થયાના સમાચાર મલકશાહ સાંભળી ઘણોજ દીલગીર થયો. અને કઇ એવો પ્રસંગ આવ્યો કે એક માસમાં પોતે પણ મરી ગયો. કહેછે કે હસનના એક જરજમાને તેની ચાકરોમાં જોડાઇ ઝેર પીવરાવી તેને મારી નાખ્યો હતો.

બાદશાહ અને વઝીર બંનેના મૃત્યુ પછી લશકર પાછું ગયું. હવે હસન શાન્ત બની પ્રથમની પેઠે સ્વતંત્રતા મુજબ પોતાનો ધર્મ આસપાસ દાઇઓ અને નકીબો મોકલી ફેલાવવા લાગ્યો. નિઝામુલ મુલકને ઠાર કરવામાં વાપરેલી યુક્તિ ફતેહમંદ થએલી જોઇ તેને આ યુક્તિ ઘણીજ પસંદ પડી. તેણે નિર્ણય કર્યો કે શત્રુને આજ યુક્તિથી હવે ઠાર કરવા જોઇએ. આ યુકિતના કામ માટે તેણે બહાદુર સિપાઇઓ એકઠા કરવા અને ધર્મની રીતથી તેમનામાં આ કામની યોગ્યતા ઉપજ કરવા કોશીશો કરવી શરૂ કીધી. આ એક એવો લડાઇનો હુન્નર હતો કે જે તરફ આજ સુધી કોઇ બાદશાહ કે રાજકીય પુરૂષે લક્ષ પણ નહિ આપ્યું હોય. આ કામની શરૂઆત હસન બીન સબ્બાહથી શરૂ થઇ. આ હુન્નરને યોગ્ય બનવું એ કાંઇ સહેલ કામ નથી. સીપાઇઓ આવા નીચ કૃત્યથી બીજાઓના પ્રાણો લેવા ગુપ્તપણે તૈયાર થઇ જાય અને કદીપણ તે કામથી પાછી પેની કરે નહિ, એ તે હુન્નરના ઉસ્તાદની યોગ્યતા બતાવી આપે છે. આ સિપાઇઓ એવા બહાદુર બન્યા હતા કે પોતાનો પ્રાણ જતાં સુધી પોતાના કામમાં પાછી પેની કરતા નહતા. હસનને આ હુન્નરમાં સંપુર્ણ ફતેહમંદી મળી અને સૌ કોઇ સમજી શકે છે કે આવી ફતેહમંદી બીજાઓને ભાગ્યેજ મળી શકે છે.

પોતાનો ઉપરનો હેતુ પાર પાડવા માટે તેણે પોતાનો ધર્મ વધુ પવિત્ર જણાવવા પર વધારે વજન આપવા માંડયું. અને લોકોમાં સાબીત કરવા યત્ન કરવા માંડયો કે આ ધર્મ કરતાં બીજો કોઇ ધર્મ પવિત્ર અને સત્ય છેજ નહિ. તેણે પોતાના વચનો અસરકારક અને પવિત્ર બનાવવાને એટલું તો લક્ષ આપ્યું કે તેથી વિશેષ લક્ષ કોઇ ભાગ્યેજ આપી શકે. તે પાંત્રીસ વર્ષ સુધી અલમોત કીલ્લાના કોઠાપર રહ્યો અને તેટલી લાંબી મુદતમાં માત્ર બેજ વખત દાદર નીચે ઉતર્યો તે કોઠાપર એકલો રહેતો અને પોતાના ધર્મને લગતી ભિન્ન ભિન્ન વિચિત્ર યુકિતઓ શોધતો. પોતાના ખાસ મસલતીઆ સિવાય બીજાઓને

મુલાકાત પણ આપતો નહિ ખરેખર જે માણસે પોતાનો વબો જાળવી રાખવો હોય તેણે તેમજ કરવું જોઈએ. તે કોહાપર રહી પોતાના ધર્મને લગતાં પુસ્તકો રચતો અને દાઇઓ તથા નકીબો પાસે મોકલતો હતો. પોતાના ધર્મના ધારાનો અમલ કરાવવામાં તે સખત બની ગયો હતો. તેણે પાપીપર દયા વાપરીજ નથી તેના ધર્મમાં ધર્મનો વાંક તેમજ બીજાં પાપો માફજ થઈ શકતાં નહોતાં. આ નહિ માફ થઈ શકવાની વાતને તેણે દરેક મનુષ્ય તથા જજમાનના અંતઃકરણમાં અસરકારક રીતે ઠસાવી આપી હતી. આ ધારાઓ પાળવા માટે તેણે એટલે સુધી હિમ્મત અને દ્રઢતા ચલાવી કે કુદરતી પ્રેમ પણ તેના દીલમાંથી જતો રહેવા પામ્યો હતો તેના પુત્ર હુસેને કોહીસ્તાનના એક દાઇને મારી નાખ્યો હતો. હસને તરતજ ન્યાય આપ્યો કે તે કસુર બદલ હુસેનને કતલ કરી નાખવો. હુસેન હુકમ પ્રમાણે કતલ થયો. બીજા પુત્રે એક પ્રસંગે દારૂ પીધો. આ કામને હસન હરામ સમજતો હતો. અને હરામ કામની સજા તેણે કતલ ઠરાવી હતી. તેને પણ તુરતજ કતલ કરાવી નાખ્યો. [illegible] દીવસ કીલ્લામાં કોઇએ સીસોડી વગાડી તે તેણે સાંભળી આ [illegible]ન પણ હરામ હતું. તેથી તે પ્રખ્યાત માણસને કીલ્લામાંથી બહાર કાઢી મુકયો. આ આગેવાન માણસને કીલ્લામાંથી નહિ કહાડી મુકવા કીલ્લામાંના સઘળા લોકોએ સીફારસ કરી પણ તે સીફારસ હસનનું અંતઃકરણ નરમ કરી શકી નહિ. હસનની શરીઅતમાં શેખ અથવા ઇમામના હુકમની અમાન્યતા અથવા ધાર્મીક બોલોમાં એમ કહી શકાય કે ધર્મના રૂલથી વિરૂદ્ધ વર્તન કરનારને કતલની સજા હતી આવા હુકમો તે દ્રઢતાથી બજાવતો અને પળાવતો હતો. તેમ તેની પાસે રાજ્યની સતા હતી. તેથી તે વધારે મજબુતીથી પળાવી શકાતા હતા.

પોતાનું વચન સત્ય છે એવી ખાત્રી જજમાનોમાં ધર્મની સહાયતાથી ઉત્પન કરવામાં આવી હતી. મુરીદોને જે વાત કહેવામાં આવે તે વાતમાં લેશમાત્ર જુઠાણું નથી એમ તેઓને મનાવવાની જરૂર હતી.

હસને આ કામમાં સાફલ્યતા મેળવવા માટે એક નવી અને વિચિત્ર યુકિત ગોઠી કાઢી હતી આ યુકિત એવી તો વિચિત્ર હતી કે તેનો કોઇને આજ સુધી સ્વપ્ને પણ ખ્યાલ નહિ થયો હોય. તેમ તેની વિચિત્રતા માટે આજે પણ વાંચનારને આશ્ચર્ય ઉત્પન્ન થયા વિના રહે તેમ નથી. કીલ્લાની આજુના રમણીય અને સપાટ મેદાનમાં; એક સ્વર્ગ બનાવવામાં આવ્યું હતું. આ સ્વર્ગમાં મનહર બાગો રમણીય ફુવારાઓ, સુંદર મહેલો, ઉંચા મીનારાઓ, ખુશનુમા દીવાનખાનાઓ અને વિચિત્ર ઝરૂખાએ લાખો રૂપીયા ખરચી બનાવવામાં આવ્યા હતા. મેહેલોની ભવ્યતા, વેલોના માંડવાઓની મધુરતા, ખુશબો અને ભિન ભિન પ્રકારના ભોજનો તથા વસ્ત્રો મનુષ્યના અંતઃકરણને જાદુની પેઠે હરી લે તેવા હતા ખુબસુરતમાં ખુબસુરત અને નાઝુકમાં નાઝુક છોડીઓ જન્નતની હુરો જાહેર કરવાને મોટી સંખ્યામાં રાખવામાં આવી હતી આ અપ્શરાઓની લાવણ્યતા, કોમળતા અને તેમના ખેંચાણકારક અવયવો જોનારને ખાત્રી અપાવી શકતા હતા કે આ દુનીઆ સિવાય કોઇ બીજીજ દુનીઆ છે તથા આ પરીઓ જન્નતની હુરાંઓ છે. મુસલમાનોમાં જન્નતનું જે વર્ણન અને તેમાં જે જે આનંદમય વસ્તુઓની વાતો છે તેનું ભાન કરાવવા માટે તેની આબેહુબ નકલ કરવા તરફ કોશીશ કરવામાં આવી હતી. તથા જોનારને તેજ ખુદાઇ સ્વર્ગ હોવાનું ભાન કરાવવા હસને પોતાની બુદ્ધિ વાપરી હતી આ જન્નત પહાડોમાં ઘણે દુર સુધી ચાલી ગઇ હતી. તેમાં ઠેકઠેકાણેથી નદીઓ કાપી નહેરો લાવવામાં આવી હતી અને કોશીશ કરવામાં આવી હતી કે જે માણસ તેની અંદર જાય તેને અનુક્રમે વધુને વધુ આનંદ ઉત્પન થતો જાય. જેવી રીતે કહેવામાં આવે છે કે ફ્રીમેશન બનાવતીવખતે ભેદ ભરેલી યુકિતથી મનુષ્યના અંતઃકરણ ઉપર બીક અને રોઆબનો મોટો અસર નાખવામાં આવે છે અને દરેક રીતે તેને રોઆબમાં દાબી દેવામાં આવેછે તેવીજ રીતે અહીં પણ કોશીશ કરવામાં આવી હતી કે દરેક આવનાર મુરીદના અંતકરણ ઉપર આનંદનો એટલો

અસર નાખવામાં આવે કે તે આ આનંદને દુન્યવી આનંદ નહિ પણ સ્વર્ગીય આનંદ સમજે. અહીંની હુરે અને ગીલમાનો (જુવાન ખુબસુરત છોકરાઓ) તમામ કારકીર્દિને ગુપ્ત અને ભેદ ભરેલી રીતે કરતા હતા. આ સ્વર્ગમાં બહારથી જે જે વસ્તુઓ લાવવામાં આવતી હતી તેને એવી યુકિત અને ગુપ્ત રીતે એકઠી કરવામાં આવતી હતી કે તેનો કોઇને વહેમ પણ ન આવવા પામે. આ સ્વર્ગ ખાસ ઇમાન લાવનારા લોકો માટે બનાવવામાં આવ્યું હતું. આ સ્વર્ગ જજમાનોની શ્રદ્ધાપુર્વક આસ્થાનુ સ્થાન હતું. આ સ્વર્ગનું સંપુર્ણ વર્ણન ફીરદોસે બરીં નામના ઉર્દુ તથા ગુજરાતી ગ્રંથમાં, મારકોપોલોની મુસાફરીના ગ્રંથમાં, કવી ડી જાનવીલના ગ્રંથમાં, થાઇનીસ વાગૈનના ગ્રંથમાં, વીગેરે વીગેરે ઘણા પ્રખ્યાત ગ્રંથોમાં આપેલું છે. આ સ્વર્ગ બનાવ્યા પછી હસને પોતાના મુરીદોને ત્રણ ભાગોમાં વહેંચી નાખ્યા હતા. તે ત્રણેના નામો અનુક્રમે દાઇ રફીક અને ફીદાઇ હતાં. દાઇતો એ લોકો હતા કે જેઓ મીશનરીઓની પેઠે જુદા જુદા દેશોમાં જઇ ધર્મ બોધ કરી લોકોને બોધવતા હતા. શામથી કીરમાન અને સીસ્તાન સુધી એવું એક પણ શહેર નહોતું કે જ્યાં હસનના દાઇઓ પોતાનો ધર્મ ફેલાવવાનું કામ ન કરતા હોય. રફીક એ લોકો હતા કે જેઓ ધર્માચાર્યોની યોગ્યતા રાખતા હોય. અને જેઓ હસનના ખરા મિત્ર હોવાનો મરતબો ધગવતા હોય. પરંતુ સૌથી વધારે અને વિચિત્ર ત્રીજું ટાળું ફીદાઇઓનું હતું. આ એ લોકો હતા કે જેઓ હસનના દરેક વચનને વગર આનાકાનીએ આંખો મીચી અમલ કરનારા હતા. આ એજ લોકો હતા કે જેમના હાથથી મોટાં મોટાં ઘાતકી કામો પાર પાડવામાં આવતાં હતાં. આ ફીદાઇઓ પૈકી હસન જેને કતલ કરવાનું કામ સોંપતો તે ફીદાઇ જુદો પોશાક અને જુદો દેખાવ કરી ધારેલી જગોએ જતો અને રફતે રફતે પોતે તેની સાથે પ્રીતિ વધારતો અને તેનો ખાસ ખાનગી માણસ બનતો અને પ્રસંગ મેળવી તેને છરીથી ઠાર કરતો આ એજ ફીદાઇઓ હતા કે જેણે હસન બીન સબ્બાહને જગતમાં એક

વિચિત્ર સુધારક સાબીત કર્યો છે. આ ફીદાઇઓના કારણથી મોટા મોટા શેહનશાહો અને અમીરો થરથર ધ્રુજતા હતા આ ત્રીજા ટોળાંના લોકોપર હસનને પૂરો અસર નાખવાની જરૂર હતી. અને ખાસ તેમને માટેજ ઉપર વર્ણન થયેલું સ્વર્ગ બનાવવામાં આવ્યું હતું.

ભાંગ કે જેને અરબીમાં "હશશ" કહે છે તે વસ્તુ તે સમયમાં પ્રસિદ્ધમાં નહિ આવેલી વસ્તુ હતી. હમન પહેલેજ માલુમ છે કે, જેણે ઇરાનમાં આ બેહોશ કરી નાખનારી વનસ્પતીની શોધ કરી છે. આ ભાંગથી તેણે એક એવું વિચિત્ર કામ લીધું કે તેવું કામ કોઇએ આજ સુધીમાં નહિ લીધું હોય; તેમ લેશે પણ નહિ. રૂપાળા, તનદુરસ્ત અને કદાવર પુરૂષો કે જેઓ ભોળા અને જલદીથી ઇમાન લાવી શકે તેવા હોય તેવાઓને રૂદબાર અને તાલકાનમાંથી ચુંટી પસંદ કરવામાં આવતા હતા. આ ઉમેદવારો થોડી મુદત ઉમેદવારી કરતા અને જ્યારે તેના વિષે ખાત્રી થઇ જાય ત્યારે તેમને હસનના દરબારમાં પ્રવેશ થવાનું માન મળતું. હસન તેને ભાંગનો એક પ્યાલો પીવરાવી બેહોશ કરી નાખતો. ભાંગ પીનાર પોતે ભાંગ તથા તેના વાસથી બીલકુલ અજાણ્યુ હોવાથી તેને આ કેવી વસ્તુ છે એમ જણાતું નહિ. બેશુદ્ધ થયા બાદ તેને તૈયાર રાખેલા ઉંટના વાહનો મારફતે સ્વર્ગમાં પહોંચાડી દેવામાં આવતા. સ્વર્ગમાં તેઓ મનહર અપ્સરાઓના ખોળામાં પોતાની આંખો ઉઘાડતા અને પોતાની આજુબાજુ વચ્ચે પોતાને એક એવી મનહર જગોપર જોતા કે જે જગોની મનહરતા તેમના વ્હેમ કે ખ્યાલમાં કદી પણ સમાઇ શકે નહિ. બાગોની ઠંડી અને સુવાસીત લહેરો, સુંદર કદીપણ નહિ જોએલા મહેલો, ખળખળતા પોકારો મારતી પાણીની નહેરો. રત્નજડીત પોશાકો અને સ્વાદીષ્ટ વાનીઓની તેઓ મજા લુટતા. હુરાઓ નાજુક નખરા અને ઇશારાઓથી તેમના અંતઃકરણો હરી લેતી. નારંગી રંગના શરાબો શરાબે તહુર (સ્વર્ગીય શરાબ) ના નામથી તેમના હાથમાં આપવામાં આવતા. આ સઘળા વૈભવો તેમની દુન્યવી યાદ ભુલાવી દેતા. તેમને હજુ દુન્યામાં જ-

વાનું છે તેમ સમજી હુરાંઓ તેમના અંતઃકરણો જીતી લેવા અનેક યુકિતઓ કરતી. છ સાત કે તેથી ઓછા દીવસોમાં જ્યારે તેઓ પોતાના દુન્યવી દુખોને બીલકુલ વીસરી જવા પામતા અને તે સ્વર્ગની આકર્ષક અને વફાદાર હુરાઓનો પ્રેમ તેમના અંતઃકરણમાં સંપૂર્ણ રીતે પડી જવા પામતો અને તે હુરાઓ તેમની સાથે અવિચળ રહેવાના વચનો આપી ફીદા બનાવી દેતી અને જ્યારે તે હુરોને માટે પોતાનો પ્રાણ અર્પણ કરવાને જરાપણ આંચકો ખાય નહિ તેવો વિલાગી થઇ જતો ત્યારે તેજ હુરો તેને ભાંગનો એક પ્યાલો પીવરાવી બેશુદ્ધ કરી નાખતી અને તેવી બેશુદ્ધ સ્થિતિમાં મુકરર કરેલા વાહનો અને માર્ગો વાટે તેને હસનના દરબારમાં લાવી મુકતા. અહીં તેની આંખો ઉઘડતી અને તેઓ જોતાં કે અમો શેખના ચર્ણ પાસે છીએ આ વખતે તેમનું મન પોતાના ગએલા આનંદ તથા હુરોના મીલાપ માટે કેવું આકુળવાકુળ થતું હશે તેનું ખરૂં ચિત્ર તેવાજ પુરૂષના અંતઃકરણમાં કોતરાઇ શકે છે. શેખ પાસે તેઓ સ્વર્ગમાં જવાની માગણીઓ કરતાં તેથી તેમને સ્વર્ગમાં મોકલવાના વાયદાઓના વચનો કહેવામાં આવતાં હતાં.

છેવટ હસન પાંત્રીશ વર્ષ રાજ્ય ભોગવી હી. સ ૫૧૮ ના જમાદી ઉલ આખર માસમાં મૃત્યુને બીછાને પડયો. જ્યારે તેને ખાત્રી થઇ ગઇ કે હવે આ માંદગીથી બચી શકાય તેવું નથી ત્યારે પોતાના ભરોસાદાર અને અલમુતના કોટવાળ "કીયા બુજર્ગ ઉમેદ" ને બોલાવી રાજ્ય તથા ધર્મની લગામ તેના હાથમાં સુપ્રત કરી આપી અને વસીયત કરી કે મારા પછી તમો એક વડા સરદાર તરીકે કામ કરો. પરંતુ રાજ્ય કારભાર "દીદારઅલી" ના હાથમાં સોંપવો અને લશ્કરી ખાતું હબશના ગવરનાર "હસન નસરાની" ને આપવું. આ મુજબની વસીયત કરી સદર માસની તા. ૨૬ ના રોજ તે આ દુનીઆ તજી ગયો.

૨ કીયા બુઝુર્ગ ઉમેદ—હસન બિન સબ્બાહના મૃત્યુ બાદ તે અલમોતનો બાદશાહ થયો. સુલતાન સંજર પછીના સુલતાન માહમુદે પોતાનું સઘળું બળ વાપરી અલમોતનો કીલ્લો તેની પાસેથી છીનવી લીધો. પણ સુલતાન માહમુદના મૃત્યુ બાદ કીયા બુઝુર્ગે ફરીથી અલમોત હાથ કીધું સુલતાન માહમુદના લોકોએ કીયા બુઝુર્ગના એલચી ખાજા નાસર શીરસ્તાનીને બજાર વચ્ચે મારી નાખ્યો તે માટે ઇ સ ૫૨૩ માં ઇસમાઇલીઓએ કઝવીન જઇ ચારસો માણસોને કતલ કીધાં

શામમાં આ સમયમાં ઇસમાઇલી લોકોનું બળ નબળુ પડી ગયું હતું મુસલમાન અમીરો તેનો નાશ કરતા હતા. ખ્રીસ્તી લોકો સાથે બહુજ નાજુક મામલો બની ગયો હતો. આઠ ફીદાઇઓએ મુસલના ગવરનરપર એકી વખતે સામટો હુમલો કર્યો. અને તેનો પ્રાણ લીધા-વિના રહ્યા નહિ. આ આઠ ફીદાઇઓ પૈકી સાત પકડાઇ માર્યા ગયા. પરંતુ એક નાશી છટકી જવા પામ્યો.

તેના વખતમાં ખલીફ મુશતરશુદ બીલ્લા અબ્બાસી, ફીદાઇઓના હાથે બજાર વચ્ચે માર્યો ગયો. તેને કતલ કરવામાં ઘણીજ બે રહેમીથી કામ લેવામાં આવ્યું હતું. પ્રથમ તેનું નાક કાપી લેવામાં આવ્યું અને તેની લાશ સડકપર ઉઘાડે શરીરે રાખી દેવામાં આવી. આ ખલીફ ઉપરાંત કીયા બુજર્ગના સમયમાં તેના ફીદાઇઓના હાથથી કાજી મ-શરેક મગરેબ, સૈયદ હરવી, મુસ્તઅલીનો દીકરો આમર, ઇસ્ફહાનનો અમીર સૈયદ દોલતશાહ, મુરાગાનો ગવરનર મુસતનસર, કઝવીનનો ગ-વરનર અબુલ કાસમ, હસનમુફ્તી ઇત્યાદી પ્રખ્યાત પુરૂષો માર્યા ગયા હતા. તે ૧૮ વર્ષ રાજ્ય કરી હી. સ. ૫૩૨ માં મરણ પામ્યો

૩ મહંમદ બિન કીયા બુઝર્ગ—કીયા બુજર્ગ ઉમેદે પોતાના મરણથી ત્રણ રોજ પહેલાં પોતાના દીકરા મહંમદને ગાદી વારસ ઠ-રાવ્યો હતો. તેના રાજ્ય કારભારની શરૂઆતમાં બગદાદનો ખલીફ

"રાશીદ બીલ્લા" ફીદાઇઓના હાથથી માર્યો ગયો. તેણે પોતાના પીતાના ખુનનો બદલો લેવાને સામગ્રીઓ કરી હતી. તે ફોજ લઇ પોતાનો હેતુ પાર પાડવા માટે રવાના થઇ ચુકયો હતો. રસ્તામાંજ ચાર ફીદાઇઓએ તેને પોતાના બાદશાહી તંબુમાં ઉંઘેલો મારી નાખ્યો.

મહંમદમાં રાજકીય કામની ચોગ્યતા નહોતી. છેવટે આ વાતની ખબર તેના જજમાનોને પડવા લાગી તેથી તેઓ તેના પુત્ર હસનની તરફેણ કરવા લાગ્યા. હસન ઘણોજ કાબેલ, રજકીય અલમોતના રાજ્યના સ્થાપક હસનબીન સબ્બાહ જેવો હતો, દીનપ્રતિદીન લોકો તેની તરફેણમાં વધવા લાગ્યા થોડા દીવસમાં લોકોમાં અફવા ચાલી કે હસન પોતાને ઇમામનો નાયબ જાહેર કરે છે. આ વાતની જ્યારે મહંમદને ખબર પડી ત્યારે તેણે તેને ધમકી આપી અને તેની તરફેણના ૨૫૦ માણુસોને કતલ કરી નાખ્યાં. હસને આ વખતે આરોપમાંથી મુકત થવા કોશીશ કરી અને કહેવા લાગ્યો કે જે લોકોને કતલ કરવામાં આવ્યા છે તે અધર્મી અને ખુદાને નહિં માનનારા હતા. મને તેમની સાથે બીલકુલ સબધ નથી. પરંતુ ગુપ્ત રીતે નવા મુરીદો મેળવવાની કોશીશો કરવા લાગ્યો હસન હજુ પોતાનું બળ વધારવા નહોતો પામ્યો તેટલામાં તેનો પીતા મહંમદ ગુજરી ગયો.

૪ હસન બિન મહમદઃ—હસન બાદશાહ થયો કે તુરતજ તેણે પોતાનાં ફરમાનો સ્વતંત્રતાથી ચલાવવા માંડયાં. ગાદીપર બેસતાંજ સઘળા દાઇઓ નકીબો અને વિદ્વાનોને પોતાના દરબારમાં હાજર થવાને હુકમ કાઢયા. અને પ્રસિદ્ધ કર્યું કે ઇમામ પાસેથી કેટલાંક ખુબી ભરેલાં ફરમાનો આવ્યાં છે. અને તે ફરમાનો ઉમ્મતપર જાહેર કરવાની ઘણીજ જરૂર છે, આ હુકમો પહોંચતાંજ દુર દુરથી ટોળેટોળાં લોકોનાં આવી અલમોતમાં એકઠા થવા લાગ્યાં. જ્યારે સઘળા દાઇ, નકીબ અને આસપાસના મુરીદો એકઠા થઇ ગયા ત્યારે રમજાન માસની તા. ૨૭ ના રોજ પોતે મસજીદના મીમ્બર પર ચડયો અને એક છટાદાર

અને અસત્કારક ખુનબો ભણી ઇમામનો આંવેલો પત્ર રજુ કર્યો. આ પત્રમાં લખ્યું હતું કે "હસન અમારો નાયબ, દાઇ, અને નકીબ છે. જે સઘળા અમારી તાબેદારી કરે છે તેઓએ દરેક જાહેર તથા ગુપ્ત વાતોમાં તેની તાબેદારી કરવી જોઇએ. તેના હુકમોને ખુદાના હુકમ અને તેના શબ્દોને બેબના શબ્દો સમજવા. એ કામ કદી પણ ન કરે કે જેની તે મનાઇ કરે. તેના હુકમને એવીરીતે અમલમાં લાવે કે જેવી રીતે અમારા હુકમને લાવે છે." આ પત્રનો મજમુન વાંચી હસન બોલ્યો કે "સ્વર્ગના દ્વારો એ લોકો પર ખુલ્લા થયાં છે કે જેઓ મારી તાબેદારી કરે. તમો ખુદાના ખાસ માનવંતા બંદાઓ છો. એટલા માટે તમામ શરીયતની તસ્દીથી તમોને મુક્ત કરવામાં આવ્યા છે" ખુતબા (ભાષણ) પછી તેણે મોટી ધામધુમથી લોકોને જમણ આપ્યું. આ જમણમાં શામેલ થઇ લોકોએ પોતાના રોજાઓ તોડી નાંખ્યા અને આખો દીવસ ભિન્ન ભિન્ન પ્રકારના આનંદો અને રમત ગમતમાં પુરો કર્યો રોજા છોડી નાખવાનો હુકમ કરી તે બોલ્યો કે "આજનો દીવસ ઇદ કયામતનો છે." અને શરીયતના હુકમો માટે મોટે સાદે પોકાર પાડી કહેવામાં આવ્યું કે "આ જબરદસ્તીના હુકમો પાળવા નહિં." આ સમયથી બાતીન્યા લોકોને સઘળા મુસલમાનો "મલાહેદા" એટલે બેદીન (અધર્મી) ના નામથી પોકારવા લાગ્યા.

હસન બીન મહંમદે પોતાના સમયમાં એક ચાલાકી એ વાપરી કે પોતેજ ઇમામ હોવાનું જાહેર કર્યું કે હું નીજારના વંશમાંથી છું વંશાવળીનો સબંધ બતાવવા માટે એવી વાત બતાવી કે મને અલમોતમાં ગુપ્ત રીતે ભોંયરામાં છુપાવી રાખ્યો હતો. આ શાહજાદાના સંબંધમાં હસન સિવાય બીજા કોઇને ખબર નહોતી. આ નીજારી વંશના શાહજાદાએ અહીંજ પોતાના લગ્ન કર્યા. જે દીવસે મારો જન્મ થયો તેજ દીવસે તે શાહજાદાને ઘેર પણ એક પુત્ર જન્મ્યો. એક સ્ત્રીએ મને તથા ઇમામના પુત્રને અદલબદલ કરી લીધા. કેટલાકો કહે છે કે હસન

બીન સબ્બાહના વખતમાં અબુલ હસન સૈયદી નામે એક શખ્શ ઇ-મામ મુસતનસરની વફાત પછી બાર મહિને મીસરથી અલમોતમાં આવ્યો હતો. મતલબકે નીઝારી લોકો એમ માને છે કે જ્યારે શરી-અતનો બંધ તુટશે ત્યારે કીયામત થશે. હસનના વખતમાં એમ બ-ન્યું. માટે હસનની દાવતને તેઓ કીયામતની દાવત સમજે છે, હસ-નને તેના સાળાએ હી. સ. ૫૯૧ માં લામસ્ટરના કીલ્લામાં છરીના ઘાથી મારી નાખ્યો.

મુસફ્રશાહ કાતબને એક માતબર માણસે કહ્યું કે એક વખતે હું અલમોત ગયો હતો. ત્યાં એક તખતા ઉપર આ બેત લખેલો હતો.

બેત.

બરે દાસ્ત ગીલ શરેહ બતાઇદે ઐઝદી.
મખદુમ રોઝગાર અલી ઝીકર તસ સલામ.

અર્થ—જમાનાના સાહેબ અલી ઝીકર તસ સલામે શરીઅતના તોકને ખુદાની મદદથી ઉપાડી [કહાડી નાખી] (અલી ઝીકરે તસ સલામ એ હસનનું નામ છે.)

૫ મહંમદ બિન હસન—મહંમદ બીજો પોતાના બાપ હસ-નનાં મરણ પછી ગાદીએ બેઠો. મહંમદ પોતાના બાપનો મત ચલા-વવામાં તેનાથી પણ શ્રેષ્ટ હતો. ઇમામતના દાવાની તે ઘણી કોશીશ કરતો હતો. અને હિકમત તથા ફીલસુફીના ઇલમનો ઘણો દાવો કરતો હતો.

તેના સમયમાં ફખરૂદીન રાઝી નામનો ઉલમા રે શહેરમાં વાએઝ કરતો હતો. તેના વિષે લોકોમાં અફવા ઉડી કે તે ઇસમાઇલી લોકોના મતનો અને તેનો તરફદાર છે. આ અચાનક આવી પડેલું તોહમત દુર કરવા એક દીવસ ફખરૂદીન મસજીદના મીમ્બરપર ચડયો અને ખુલ્લો ભણી જણાવ્યું કે "આ સેવક ઇસમાઇલીઆ મતનો તેમ તેનો તર-

ફકાર નથી " તેમ આનંદના ઉભરામાં આવી જઇ ઇસમાઇલીઓ વિરૂદ્ધ કેટલાક માઠાં વચનો બોલ્યો આ વાતની ખબર જ્યારે અલમોતના બાદશાહ મહંમદને પહોંચી ત્યારે તેણે એક ફીદાઇને શીખવીને રવાના કર્યો. આ ફીદાઇ ફખરૂદ્દીનના મદ્રેસામાં વિદ્યા સંપાદન કરતો રહ્યો. સાત માસ પછી એક દીવસ ફખરૂદ્દીન પોતાના ઓરડામાં એકલો હતો. ચાકરો બાહાર જતા રહ્યા હતા શાગીર્દોમાંનો પણ કોઇ હાજર નહોતું. આવો પ્રસંગ જોઇ તે ફીદાઇએ ફખરૂદ્દીનને જમીનપર પટકી દીધો અને છાતી પર ચડી બેસી ખંજર તેના ગળાની ચામડી પર રાખ્યું.

ફખરૂદ્દીન—(ઘણાજ કાલાવાલા કરી બોલ્યો) "મને મારી નાખવાથી તમારો શો હેતુ છે ?"

ફીદાઇ—" હેતુ એ કે તમારી છાતી ફાડી નાખી ઠાર કરૂં."

ફખરૂદ્દીન—" પણ આવા તે શા માટે ?"

ફીદાઇ—" એટલા માટે કે તેમ કર્યા સિવાય તમો ઇસમાઇલીઓ વિરૂદ્ધ બોલતા અટકશો નહિ."

ફખરૂદ્દીન--(ઘણા કાલાવાલા કરી દયાની માગણી કરતાં) "હવે પછી તમારા વિરૂદ્ધ એક શબ્દ પણ નહિ બોલું" ફીદાઇએ બીજી વખત કબુલત લીધી અને છાતી પરથી નીચે ઉતરી બોલ્યો

ફીદાઇ--" તમો એમ ન જાણશો કે મેં દયા લાવી તમોને છોડી દીધા છે મને હુકમજ તેવું કરવાનો મળ્યો હતો. જો મને કતલ કરવાનો હુકમ મળ્યો હતો તો તમોને વગર પુછે કતલ કરી નાખતે" એટલું કહી ફરી બોલ્યો. " અમારા બાદશાહ મહંમદ બિન હસને આપને સલામ કહ્યા છે અને તેમની ઇચ્છા છે કે તમો કીલામાં આવી તેમની મુલાકાત લો. ત્યાં ઘણું બળ આપના હાથમાં આવી શકશે અમો ઘણીજ વફાદારીથી આપની તાબેદારી કરીશું." એટલું કહી બોલ્યો " અમારો બાદશાહ કહે છે કે

સામાન્ય વર્ગના કહેવાની અમોને બીલકુલ પરવા નથી, એટલા માટે કે તેમના બોલો થોડા દિવસમાં નાબુદ થાય છે પરંતુ આપના જેવા પ્રખ્યાત આલીમ અને ફાઝીલના બોલો બેશક બીવડાવનાર છે. એટલા માટે કે પથ્થરપર કોતર્યા જેવા થઇ જાય છે. અને તેને નાબુદ કરવાની કોશીશ કરતાં પણ નાબુદ થતા નથી."

ફખરૂદીન—"હું અલમોતમાં આવવાને હિમ્મત કરી શકીશ નહિ પરંતુ તમારા બાદશાહનો હમેશાં એહસાનમંદ રહીશ અને કદીપણ તેમની વિરૂદ્ધમાં એક શબ્દ પણ બોલીશ નહિ"

ત્યાર બાદ ફીદાઇએ બે કપડાંના થાનો અને અશરફીઓ ફખરૂદીન આગળ ભેટ ધરી કહ્યું "આ પગાર આપને દરવર્ષ બરાબર મળતો રહેશે એટલું કહી ઓરડા બહાર નીકળી જતો રહ્યો. ફખરૂદીને પોતાના મૃત્યુ સુધી આ વચનોને નિભાવ્યાં. ઇસમાઇલી લોકોના સબંધમાં ઉપલા બનાવથી તેમની પ્રકૃતિમાં જે ફેરફાર થયો હતો તેને લીધે લોકોમાં તેઓ ઇસમાઇલીઓના તરફદાર છે એવો વહેમ થવા લાગ્યો. એક દીવસે એક શાગીર્દે (શિષ્યે) તેનું કારણ પુછતાં જવાબ આપ્યો કે "હું એ લોકોને ખરાબ કહેવાને પસંદ કરતો નથી કે જેની પાસે તિક્ષણ ખંજરો પુરવા તરીકે છે. અને તેમના ઇરાદાઓ ઘણા મજબુત છે."

આ સમયમાં બાતીન્યા લોકોનુ બળ ઇરાનમાં વધી ગયું હતું પરંતુ શામમાં સુલતાન સલાહુદીનની ફતેહે તેના બળને ઘણુંજ નુકશાન પહોંચાડયુ હતું. સલાહુદીન એજ માણસ છે કે જેણે ઇસમાઇલીઓનું મથક અને બની ફાતમની મીસરની ખીલાફતનો નાશ કર્યો. તેણે પોતાની જીંદગીનો લગભગ સઘળો વખત યુરોપીયન લોકો સાથે લડવામાં ગાળ્યો હતો, પરંતુ તેને ઇસમાઇલીઓ પોતાનો કટ્ટો શત્રુ સમજતા હતા. પરિણામ એ આવ્યું કે જુદા જુદા ફીદાઇઓ ખંજર લઇને તેનો પ્રાણ લેવા રવાના થયા. હલબ શહેરની બહાર કે જ્યાં તે પોતાના કેમ્પમાં ઉતર્યો હતો ત્યાં ચાર ફીદાઇ એક પછી એક હુમલો કરી દેડયા. પ-

રંતુ ફતેહમંદ થયા નહિં. કેટલાકતો તેની બીલકુલ પાસેજ પહોંચી ગયા હતા; પરંતુ ખુદ સલાહુદીને તેના હાથો પકડી લીધા હતા. સલાહુદીન આવી રીતે ફીદાઇઓથી બચી જવા પામ્યો પરંતુ તેઓના અવાર નવાર હુમલાઓથી તે ડરી જઇ તેમની સરહદ છોડી જતો રહ્યો અને ઇસમાઇલી લોકોના શામના મસીઆત કીલ્લાનો ઘેરો છોડી દીધો ઇસમાઇલીઓ આથી ઘણા ખુશી થયા અને ત્યારબાદ તેઓએ સલાહુદીન તરફ કદી પણ હુમલો કર્યો નહિ. સુલતાન સલાહુદીનના ગયા પછી રશીદુદીન અબુલ હશર કે જે સોનાનના નામથી પ્રખ્યાત હતો. તે શામના ઇસમાઇલીઓનો બાદશાહ થયો. તેણે પોતે પેંગબર હોવાનો દાવો કરી એક આસમની કીતાબ તેમની આગળ રજુ કરી તેણે પોતાને શ્રેષ્ટ બનાવવાના કામમાં એટલે સુધી હિમ્મત કરી કે પોતાને "ખુદાનો અવતાર" જણાવવા લાગ્યો ઇસમાઇલી લોકો તેના ઘણા હિમાયતી હતા. સીનાને પોતાનો એક એલચી જેરૂસલમના યુરોપીયન બાદશાહ એમોરી પાસે મોકલ્યો ત્યાં ઘણીજ વિચીત્ર રાજકીય ખટપટો ચાલતી હતી, તેથી તાસુબી યુરોપીયનોના હાથથી તે એલચી માર્યો ગયો. સીનાને પોતાના એલચીનો ખુની માગ્યો; પરંતુ યુરોપીયનોએ તે આપવા ના કહી. પરીણામ એ આવ્યું કે યુરોપીયનો અને ઇસમાઇલીઓ વચ્ચે વિરૂદ્ધતા ચાલવા લાગી. પ્રથમ ઇસમાઇલીઓ મુસલમાન લોકોને કતલ કરવા સારૂ ખ્રીસ્તીઓને મદદ આપતા હતા; પરંતુ હવે તો ખ્રીસ્તીઓના તેઓ શત્રુ બની ગયા. ફીદાઇઓનાં ખંજરો યુરોપીયન સરદારોપર તેજ થવા લાગ્યાં. જેવી રીતે પ્રથમ મુસલમાન સરદારો ફીદાઇઓના ખંજરથી કતલ થતા હત; તેવીજરીતે હવે ખ્રીસ્તી સરદારો કતલ થવા લાગ્યા.

ત્રીજી લડાઇમાં ઇંગ્લાંડનો શુરવીર રાજા રીચર્ડ અને ફ્રાન્સનો રાજા ફીલીપ જેરૂસલમમાં આવ્યા હતા. ત્યારે આંઓના સમાગમ, બગલી ચારી વર્તાંઓ અને અદેખાઇએ એક બીજાને અન્યો અન્ય દુશમન બનાવી દીધા હતા ફીલીપ થોડા દીવસ રોકાઇ ફ્રાન્સ જતો રહ્યો

અને પોતાની જગોએ તાએરના મારકવીશ સરદાર કનરાડને રાખી ગયો હતો. કનરાડ દરેક કામમાં રીચર્ડની નુકતેચીની કરતો હતો તથા ફીલીપ બાદશાહની ઇચ્છા મુજબ રીચર્ડને ગુન્હેગાર ઠરાવતો હતો. તેની આવી વર્તણુકને હજુ થોડા દીવસ થવા પામ્યા હતા કે એક દીવસે તાએરના બજારમાં એક ફીદાઇએ તેને ખંજર ભોંકી ઠાર કર્યો. સઘળા પ્રખ્યાત ઇતિહાસકારોનું કહેવું છે કે આ ખુન ઇંગ્લાંડના રાજા રીચર્ડે ખાનગી ખટપટ કરી કરાવ્યું હતું. જો કે ઇંગ્રેજી તવારીખ નવીસો પોતાના રાજાનું કલંક દુર કરવા ઘણી કોશીશ કરે છે. પરંતુ આ બાબતની શામના મુસલમાનો અને અરબી ઇતિહાસકારોને બરોબર ખબર હતી. તેઓએ લખ્યું છે કે ઇસમાઇલીઓના સરદાર સીનાન સાથે સબંધ જોડી રીચર્ડે કનરાડને કતલ કરાવ્યો છે. ખુદ ઇસમાઇલીઓ પોતે આ વાતને માન્ય રાખી કહેતા હતા કે રીચર્ડે પોતે અમોને આ કામ માટે નીમ્યા હતા ત્યાર બાદ થોડી મુદતમાં ખ્રીસ્તીઓ અને ફીદાઇઓ વચ્ચે ઘણી શત્રુતાનો જુસ્સો ઉભરા થઇ જવા પામ્યો. યુરોપનો એક પ્રખ્યાત રાજ્યકર્તા ફ્રેડરીક બારબરૂસા જ્યારે ગીલાન શહેરનો ઘેરો ઘાલી બેઠો હતો ત્યારે તે પુરાના મધ્ય ભાગમાં એક ફીદાઇથી માર્યો ગયો અને છેવટ સુધી પતો ન લાગ્યો કે આ ફીદાઇ શામથી આવ્યો હતો કે સ્પેનથી. અથવા શામવાળાની લાંચ ખાઇ તેણે તે કામ કર્યું હતું કે બગદાદવાળાની.

કનરાડના માર્યા ગયા બાદ બે વર્ષે ગાઉન્ટ શામ્પેન જેરૂસલમની મુસાફરીએ ગયો. ત્યારે તે મસ્યાતમાં પહોંચી સીનાનનો મેહમાન થયો અહી તેને કીલ્લાના બુરજો દેખાડવામાં આવ્યા. એક સૌથી મોટા બુરજના દરેક પગથીઆપર બબે સીપાઇઓ ઉભા હતા. તેમને દેખાડી સીનાને કહ્યું કે એમાં તો શક નથી કે અમારા જેવા વફાદાર સીપાઇઓ તમોને મળ્યા હશે નહિ એટલું કહી એક પગથીઆ તરફ તેણે ઇશારો કર્યો ઇશારો થતાંજ બે સીપાઇઓ જે ત્યાં ઉભા હતા તે જમીનપર પડી ગયા. આ તમાશો દેખાડી સીનાન બોલ્યો કે આ

સીપાઇઓજ કાંઇ એવા નથી સઘળાઓ કે જેઓ ઉનનાં કપડાં પહેરી ઉભા છે તેને જો ઇશારો કરૂં તો તેઓ પણ પડી જઇ મરણ પામે. ખીરતી બાદશાહે કહ્યું "મને તો શું પણ કોઇ પણ બાદશાહને આવી રૈયત મળી હશે નહિં" કાઉન્ટ શામ્પેન જ્યારે ત્યાંથી રવાના થતી વખતે સીનાનની રજા લેવા લાગ્યો ત્યારે સીનાને પોતાના મહેમાનને કહ્યું કે "જો આપનો કોઇ દુશ્મન હોય તો બતાવો કે જેને મારા ફીદાઇઓ ઘણીજ ઉતાવળથી કતલ કરી નાખશે."

મહંમદ હી. સ ૬૦૭ માં ગુજરી ગયો. કહે છે કે તેને તેના દીકરા જલાલુદીને ઝેર આપ્યું હતું.

૬ **જલાલુદ્દીન હુસન**—જલાલુદીન ગાદીપર બેઠો અને પોતે બીજા હસનના નામથી પોતાની દુવાઇ ફેરવી. આ હસનના હુકમો મુસલમાની શરીઅતને મળતા હતા. તે ઇસલામી શરીઅતની પુરેપુરી બજાવણી કરતો હતો. તે પોતાના બાપના મતને ધિક્કારતો હતો. તેણે દેશમાં મસજીદો બંધાવી તથા બાંગ તકબીર તથા જુમ્માની નમાજ જારી કીધી તથા બગદાદના ખલીફ નાસરલ દીનલ્લા, સુલતાન મહંમદ ખારેજમશાહ અને ઇરાનના બીજા રાજાઓ તથા તથા હાકેમો આગળ એલચીઓ મોકલી પોતાનો મત જાહેર કર્યો તખ્તપર બેસતાંજ રાજ્યના સઘળા ઉલમાઓને કીલ્લામાં બોલાવ્યા, નમાજની સફો દુરસ્ત કરવામાં આવી, મસજીદો આબાદ થઇ. કુરાને મજીદ શીખવવાના મદરેસાઓ સ્થાપ્યા. તેણે સઘળા બાદશાહો પાસે પોતાના એલચીઓ મોકલ્યા હતા તે પૈકી કઝવીનના કેટલાક લોકોને તેની વાતપર વિશ્વાસ આવ્યો નહીં. જલાલુદીને તેમને ખાત્રી અપાવવા પોતાનાં કીલ્લામાં બોલાવી હસન બિન સબ્બાહની સઘળી કીતાબો તેમની રૂબરૂમાં બાળી નાખી ગાદીપર બેઠાને બીજે વરસે તેણે પોતાની મા તથા પોતાની બીબીને મોટી ધામધુમ સાથે હજ કરવા રવાના કર્યા. આ બાદશાહી હજનું સરઘસ જે રાજ્યની હદમાં થઇને નીકળતું હતું, તે લોકો તેનો ઘણો

સત્કાર કરતા હતા. બગદાદના ખલીફે એટલે સુધી પ્રીતી દેખાડી કે ખારઝમના શાહી સરઘસ કરતાં પણ આગળ અલમોતનું સરઘસ રવાના કર્યું. ત્યાર બાદ દોઢ વર્ષ લગી દરેક બાદશાહનો મહેમાન થયો. દરેક બાદશાહે ઘણોજ પ્રેમ પુર્વક તેનો સત્કાર કર્યો. પરિણામ એ આવ્યું કે દુનીયાના સઘળા ઇસલામી રાજ્યો તેને ચાહવા લાગ્યા. પરંતુ ઇસ-માઇલી લોકો તેના દુશ્મન બની ગયા. આજ દુશ્મનીના કારણથી તેને ઝેર આપવામાં આવ્યું એમ કહેવામાં આવે છે. હી સ. ૬૧૮.

૭ અલાઉદ્દીન મહુંમદ—અલાઉદીન બીજા મહંમદનું નામ ધારણ કરી ગાદીએ બેઠો. આ વખતે તેની વય માત્ર નવ વરસની હતી બાદશાહ બાળક હોવાથી વજીરો કારભાર ચલાવતા હતા. પરંતુ બાદ-શાહના પીતાના વખતમાં જે શરીયતનો રીવાજ થઇ ગયો હતો તે નાબુદ થવા લાગ્યો. અલાઉદીન હજુ યુવાવસ્થાએ પહોંચ્યો ન હતો, તેટલામાં સખ્ત માંદો થયો. એક અજ્ઞાન વૈદે તેની ફસ ખોલવાની સલાહ આપી. ફસ ખોલી પુષ્કળ લોહી કાઢી લેવામાં આવવાથી બાદ-શાહનું મગજ હમેશાંને માટે નબળું પડી ગયું. રાજ્ય સબંધી કોઇ બાબત તેને કહેવામાં આવતી તો કહેનારને તુરતજ કતલ કરી નાખતો. લાચારીથી લોકોએ દરેક કામને તેનાથી છુપાવવા માંડયું, તેમ કોઇ પણ બાદશાહ પાસે જવાની હિમ્મત પણ કરી શકતો નહિં. આમ થવાથી રાજ્યનું બળ નબળું પડવા લાગ્યું; તોપણ ખારઝમશાહ સાથેના મામલામાં ઇસમાઇલીઓએ પુરજોર હિમ્મત બતાવી હતી.

કહેછે કે હુસેન નામના એક શખ્શે અલાઉદીનના પુત્ર રૂકનદીનની ઉશ્કેરણીથી અલાઉદીનનું ગળું તબ્બર નામના કુહાડા જેવા હથીઆરથી કાપી નાખ્યું. હી. સ ૬૫૩.

૮ રૂકનુદ્દીન ખુરશાહ—અલાઉદીન પછી તેનો દીકરો રૂકનુદીન ખુરશાહ બાદશાહ થયો તે અલમોતના રાજાનો છેલ્લો બાદશાહ હતો. તેના પીતાના વખતમાં જે રાજ્ય વ્યવસ્થા નબળી પડી ગઇ હતી તે તેનાથી સંભાળી શકાય તેમ નહતી.

આ સમયમાં ખ્વાજા નસીરૂદીન તુસી રૂકનુદીન ખુરશાહનો વઝીર હતો. આ વઝીરનું અહીં આવવાનું કારણ વિચીત્ર હતું. જ્યારે તેની વિદ્યાની ખ્યાતિ બહુજ થઇ ત્યારે તેણે બગદાદના ખલીફને ખુશ કરવા એક કીંમતી ગ્રંથના ખુત્બામાં ખલીફ મોઅતસીમ બીલ્લાનું નામ દાખલ કરી ખલીફને મુરબ્બી બનાવવાની કોશીશ કીધી. ખલીફ એ ગ્રંથને જોઇ પ્રથમતો ઘણો ખુશી થયો; પરંતુ ઇબ્ને અલકમી કે જે ખલીફનો વઝીર હતો. તેને ખ્વાજા નસીરૂદીન સાથે શત્રુવટ હતી, તેણે ખલીફને નારાજ બનાવવા ખાતર એ નુકતેચીની કીધી કે આપના નામ સાથે આ ગ્રંથમાં "પૃથ્વીપર અલ્લાહના ખલીફા" એવા શબ્દો લખવામાં આવેલા નથી. વાત સાંભળતાંજ અજ્ઞાન અને ટુંક બુદ્ધિનો ખલીફ ગુસ્સે થઇ બોલ્યો કે "ગ્રંથકર્તા મોટો બેવકુફ જણાય છે." "બાર-બાદ એ ગ્રંથને દજલા નદીમાં ડુબાડી દેવામાં આવ્યો. આ બનાવથી નસીરૂદીન બહુજ દીલગીર થયો. અને બદલો લેવાને માટે ઉશ્કેરાઈ ગયો. બગદાદના ખલીફના હાથથી પોતાનું રક્ષણ કરવાને અલમોતના રાજ્યમાં જઇ રહ્યો. અહીં તેનો ભારે સત્કાર થયો અને વડા વઝીરની પદવી પર નીમી આપ્યો. થોડા દીવસમાં જ્યારે તેને માલુમ પડ્યું કે અલમોતનો બાદશાહ પોતાની ઇચ્છા પાર પાડવા તૈયાર નથી અને તે સાથે એમ પણ વિચાર થયો કે આવા નાજુક સમયમાં સૌથી વડો મુરબ્બી તાતારનો બાદશાહ થઇ શકે છે તેથી તેણે અહીં બેવફાઇ કરી તાતારી લોકોને લાવવાની કોશીશ કરવા માંડી.

બગદાદના ખલીફ મોતસીમ, કઝવીનના આગેવાનો તથા ખ્વાજા નસીરૂદીન તુસીના લખવા પરથી તાતારનો શહેનશાહ મનકુખાન કે જે ચંગીઝખાનનો પૌત્ર થતો હતો તેણે પોતાના ભાઇ હલાકુખાનને મોટા લશકર સાથે અલમોતના રાજ્યનો નાશ કરવાને રવાના કીધો. હલાકુખાને પ્રથમ પોતાના સરદાર મઅેસુરને રવાના કીધો. મઅેસુર તથા રૂકનુદીન વચ્ચે લડાઇ થઈ; પરંતુ તેમાં મઅેસુરની હાર થઈ. તોપણ રૂકનુદીનને ઘણું નુકશાન પહોચ્યું.

મએસુરનું લશ્કર આવતા પહેલાં રૂકનુદીને પોતાના ભાઇ શાહન-શાહને મુગલ સરદાર મએસુર પાસે મોકલ્યો હતો પરંતુ મએસુરે તેને હલાકુખાનની રૂબરૂ જવા સલાહ આપવાથી તે તેની પાસે ગયો. હલાકુખાને રૂકનુદીનને કહેવડાવી મોકલ્યું કે "હું તારા ભાઇ શાહનશાહને તાબેદારીની સનંદ તરીકે કબુલ કરૂં છું. તું જ્યારથી રાજ્યપર બેઠોછો ત્યારથી તારાથી ગુન્હા થયા નથી માટે હવે તારે પોતાને કીલ્લાઓ તોડી મારી હજુરમાં આવવું જોઇએ." મએસુરને હુકમ લખી મોકલ્યો કે રૂદબારમાંથી લશકર બહાર કાઢી લેવું. રૂકનુદીનને આ હુકમ પહોંચતાંજ પોતાના કીલ્લાના કેટલાક કાંગરા તોડી નાખ્યા. હલાકુખાનના એલચી સદરૂદીન જંગીએ આવી જણાવ્યું કે "રૂકનુદીને કેટલાક કીલ્લા તોડી નાખ્યા છે, પણ આપની હેબતથી આપની હજુરમાં આવતાં બીહે છે. તથા તે એક વર્ષની મહેતલ માગે છે.

બાદશાહે સદરૂદીન જોડે "શકાકી" નામના એક શખ્શને મોકલી રૂકનુદીનને કહેવડાવ્યું કે જો તારે સુલેહ કરવી હોય તો શકાકીને દેશનું કામ સોંપી તરત અમારી હજુરમાં આવવું. રૂકનુદીને આ હુકમનો અમલ કરવામાં ઢીલ કીધી અને પોતાના વજીર શમશુદીન કેલકી તથા તેના કાકાના દીકરા સહેફુદીનને એલચીઓ સાથે બાદશાહ પાસે મોકલી ઢીલ થવાનાં બહાનાં જોડી કહાડયાં અને ગરદકુ તથા કોયસ્તાનના કારભારીઓને લખ્યું કે "તમારે બાદશાહની હજુર જઇ તાબેદારી કબુલ કરવી."

હલાકુખાન દમાવંદમાં હતો ત્યારે સેહેફુદીનને કેટલાક એલચીઓ સાથે મેમુનદસ તરફ મોકલી રૂકનુદીનને કહેવડાવ્યું કે "જો તું તારૂં હિત ચાહતો હોય તો, બાદશાહે દમાવંદમાં મુકામ કર્યો છે ત્યાં આવી રહેવું. વખત લાગે તો તારા દીકરાને આગળ મોકલવો." આ સંદેસો પહોંચવાથી રૂકનુદીન ધ્રુજવા લાગ્યો અને હલકા માણસોની સલાહથી એક ગુલામડીના છોકરાને એલચીઓ સાથે મોકલી ભાઇને

પાછો મુકવા અરજ કરી. હલાકુ રૂદબારના દેશમાં આવ્યો ત્યારે તેને આ દગાઇ માલુમ પડવાથી તે છોકરાને પાછો મોકલાવી રૂકનુદીનને કહેવડાવ્યું કે "એ છોકરો ખિજમતને લાયક નથી માટે જો શહેનશાહને છોડાવતો હોય તો તારા બીજા ભાઇનો મોકલાવ."

આ વખતમાં શમશુદીન વઝીરે ગરદકુના કોટવાળ તાજદીનને બાદશાહની હજુરમાં પહોંચાડવાથી શહેનશાહને રજા મળી; પણ તેનો એવો હુકમ હતો કે તેના ભાઇને કહી મેમુનદસને ખરાબ કરી અહીં આવવું.

તવાચીખાન પરગણામાં લશ્કર એકઠું કરતો હતો. તે હલાકુના લશ્કરને આવી મળ્યો સવાલ મહિનાની ૧૭ મી તારીખે મેમુનદસને ઘેરો ઘાલ્યો. પચીસમી લડાઇ શરૂ થઇ. બીજે દહાડે રૂકનુદીને પોતાના ખરા દીકરાને પોતાના ભાઇ ઇરાનશાહની જોડે બાદશાહ આગળ મોકલી જીવતદાન માગ્યું. અને ૨૯ મી તારીખે ખ્વાજા નસીરૂદીન તુસી વીગેરે અમીરો સાથે રૂકનુદીને બહાર આવી ઘણો માલ અને રોકડ બાદશાહને ભેટ ધરી. બાદશાહે તે સર્વે લશ્કરમાં વહેંચી આપ્યું.

રૂકનુદીને મેમુનદસમાંથી બહાર નીકળતાં બાદશાહતને ત્રણ તલાક આપી એક ચાદર ઓઢીને હલાકુના લશ્કરમાં પહોંચ્યો. હલાકુએ તેને એક તાતારી ટોળાંને સોંપ્યો.

રૂકનુદીને બાદશાહના હુકમથી પોતાના ખાસ માણસોને એલચી-સંગાથે રૂદબારના પ્રગણાના મજબુત કીલ્લા તોડી પાડવા માટે મોકલ્યા તેમણે ખજાનાથી ભરપુર એવા ચાલીસ કીલ્લાઓને જમીન બરાબર કીધા. અલમોત, લામસ્તર તથા બીજા કેટલાક કીલ્લાના રહેવાશીઓએ તાબે થવાના બહાના કાઢી કહ્યું કે, બાદશાહની સવારી અહીં આવશે ત્યારે અમો હુકમ ઉઠાવીશું. ત્રણ વર્ષ પછી બાદશાહ અલમોતની નજીક પહોંચ્યો અને તેમને દહેશત બતાવવા રૂકનુદીનને કીલ્લા નીચે મોકલ્યો. પણ કીલ્લાનો કોટવાળ તાબે ન થયો. માટે એક લશ્ક-

રની ટુકડી કીલ્લાને ઘેરવા સારૂ મુકી પોતે લામસ્તર ગયો. ત્યાંના લોકો તાબે થયા અને અલમોતવાળાએ પણ મારી માગી. કીલ્લાના જમાદારે લશ્કરમાં આવી ત્રણ રોજની મહેતલ લીધી. તેટલામાં ત્યાંની રૈયતે પોતાના માલનો બચાવ કીધો. ચોથે રોજ કીલ્લામાં જે કાંઇ રહ્યું હતું તે સઘળું લશ્કરે લુટી લીધું.

હલાકુખાન રૂકનુદીનના લશ્કરને વિખેરી નાખી હી. સં. ૬૫૪ માં ઝીલહજ મહિનામાં પોતાની ઉમેદથી ફળીભુત થઇ હમદાનની કોરના અમુક નામના ગામમાં ગયો. ત્યાં રૂકનુદીનને સાથે લીધો હતો. તેના પર કૃપાદ્રષ્ટિથી વરતવામાં આવતું હતું. રૂકનુદીનને બાદશાહના એલચીઓ સાથે પોતાના ખાસ માણસો આપી શામના મુલકના કીલ્લા ચંગીઝખાનના હાકમોને સોંપવા હુકમ કર્યાં.

રૂકનુદીને પોતાને મનકુખાન પાસે મોકલવા બાદશાહને અરજ કરી. બાદશાહ અજબ થયો. પણ અરજ પોતાને અનુકુળ પડવાથી કબુલ રાખી અને તેની રખેવાળી વાસ્તે મુગલેની એક ટોળકી આપી. રૂકનુદીન ગરદકુ પોંહચતા મનકુખાનના એલચીઓએ મનકુખાનં તરફથી તેને કહ્યું કે તું ગરદકુ વિગેરે કીલ્લા કેમ સોંપતો નથી! તે કીલ્લાને તોડી પાછો આવ. તે પાછો ફર્યો ત્યારે એલચીઓએ મિજમાનીના બહાને તેને તીણી તરવારથી મારી નાખ્યો. બીજી જગોએ એમ લખ્યું છે કે " મનકુખાને જ્યારે રૂકનુદીનના આવવા વિષે સાંભળ્યું ત્યારે તે ગુસ્સે થયો અને કહ્યું કે "તેના ઘોડાઓને નકામી તકલીફ શા માટે આપવી જોઇએ." એમ કહી તેને મારી નાખવા જલ્લાદો મોકલ્યા અને તેને રસ્તામાંજ મારી નાખવા હુકમ કીધો.

હલાકુખાને અલમોતના કીલ્લાનો પુરતીરીતે નાશ કીધો. અને હવે ઇસમાઇલીઓના અલમોતના રાજ્યની સમાપ્તી થઇ.

અલમોતના રાજ્યના સ્થાપક તથા ત્યાર પછીના બાદશાહોની મેં

બહુજ ટુંકમાં હકીકત આપી છે. તેમના માટે કોઇપણ તવારીખ નવીશોએ સારો અભીપ્રાય આપ્યો હોય તે લખનારના જાણવામાં નથી. તેમને ખુની તરીકેના ઉપનામો આપનારી સંખ્યાબંધ અંગ્રેજી, ફારસી ઉરદુ વિગેરે તવારીખો મેં જોઇ છે. અને તે ઉપરથીજ મેં સારરૂપે હકીકત આપી છે.

મારા તરફથી આજથી પાંચેક વર્ષ પહેલાં હસન બિન સબ્બાહ તથા ઇસમાઇલી મીશન પ્રયોગ એ નામની બુક છપાઇ બહાર પડી હતી. તેમાંના કેટલાક લખાણનું ખંડન કરવા મી. હાશમ બોગાએ કાતેલુલ હસદ નામની ચોપડી છપાવી પ્રયત્ન કીધો હતો. તેમાં પણ તેણે કબુલ કીધું હતું કે યુરોપિયન તવારીખ નવીશોએ પણ હસનને ખુની ચીતર્યો છે. મજકુર ચોપડીમાં કર્તાએ હસનને દયાળુ, ન્યાયી તથા સદગુણી હોવાનું જણાવ્યું છે. મી. નવરોજી માણેકજી ડુમસ્યા નામના કોઇ પારસીએ આગાખાનનો ટુંક ઇતિહાસ એ નામના પોતાના રચેલા પુસ્તકમાં હસનબિન સબ્બાહ માટે એમ જણાવ્યું છે કે "હસન સબ્બાને ઇસમાઇલીયનો સાથે કેટલાક લોકો ભુલથી ભેળી નાખેછે પણ આપણે જોયું તેમ હસન સબ્બાતો ઇસમાઇલી હતોજ નહિ. તેનો પંથ ખુદ ખરા ઇસમાઇલીયનોથી જુદોજ હતો."

ખોજા વૃતાન્તમાં તેજીજ હકીકત છે. ખોજા કોમનો ઇતિહાસના લખનાર શેઠ જાફરભાઇ રેમતુલા પણ નીચેની બીના આપી ગયા છે.

"એવું કહેવામાં આવે છે કે એક વખતે સુલતાને હસન સબા પાસે એક એલચી મોકલ્યો હતો. તે હસન સબાની દરબારમાં આવી પહોંચતાં હસન સબાએ પોતાના એક મુરીદને પોતાનો પ્રાણ છરી વડે અને બીજાને મીનારા પરથી નંખાવી દેવા જણાવ્યું. તરતજ તેના એ બે મુરીદોએ તે પ્રમાણે કરી બતાવ્યું. હસન સબાએ પેલા એલચીને કહ્યું કે જે તેં જોયું તે જઇને તારા સુલતાનને કહેજે."

" આવીરીતે આ ચમત્કારિક માણુસ વગર પૈસે એક પણ એકર જમીન વારસા હિસામાં મેળવ્યા વગર અને લશ્કરના બળ વગર પોતાની હુશીયારી, ડહાપણુ અને સમયસુચકતાના જોરે તે વખતના બાદશાહો અને અમીરોને થરથર ધ્રુજાવનાર થઇ પડયો હતો. "

હસન બિન સબ્બાહને સઘળા તવારીખ નવીશોએ ખુની તરીકે રજુ કીધો છે તેનું મુખ્ય કારણુ એજ મારા જોવામાં આવ્યું કે તેની ફીદાઇઓ તૈયાર કરી લડાઇ વિના ફતેહ કર્યાની યુક્તિ સમાજમાં પ્રચિલતન હતી. જો તેવી રાજદ્વારી લડતની પદ્ધતિ તે વખતના સમાજમાં ચાલુ હતે તો હસન બિન સબ્બાહ તથા તે પછીના બાદશાહોને કોઇ ખુની કહેતે નહિ. હસન બિન સબ્બાહે મોટી મોટી લડાઇઓને ફીદાઇઓવાળી યુક્તિથી બહુજ ટુંકામાં સંકોચી નાખી હતી. અને તેને રાજદ્વારી લડાઇનું ટીંકચર કહીએ તો ચાલે. જેમ બીજાઓ લડાઇઓમાં મોટી ફોજ તથા તોપખાનાઓ રાખતા તેમ હસન બિન સબ્બાહે તેની અવેજીમાં ફીદાઇઓ રાખ્યા હતા ફોજના સિપાઇઓએ જે કામ કરવાનું તે સીધી રીતે સમજતા હતા પરતુ ફીદાઇઓ જે કરતા તેનું ખરૂં કારણુ સમજતા નહિ. પરિણુામ લગભગ સરખુંજ હતું. અલબત ફીદાઇઓ વાળી યુકિતથી મખસુસ માણુસોજ માર્યા જતા હતાં અને જાહેર લડાઇઓમાં ચાલુ માણુસોજ ઠાર થતાં હતાં. નહિતર બચાવ યા રક્ષણુના કામને તજી આપવાનું કોઇ વ્યાજબી માને નહિ. આ બાબતનો કાંઇક ઇશારો મેં હસન બિન સબ્બાહના જીવન ચરિત્રની ચોપડીના પ્રસ્તાવનામાં કીધો છે.

અલમોતના હાકેમોની મુદ્દત બતાવનારો કોઠો.

બાદશાહોના નામો.	ગાદીએ બેઠો		મરણુ પામ્યો	
	હી. સ.	ઇ. સ	હી. સ.	ઇ. સ.
૧ હસન બિન સબ્બાહ.	૪૮૩	૧૦૯૦	૫૧૮	૧૧૨૪

૨ કીયાબુઝુર્ગ ઉમેદ	૫૧૮	૧૧૨૪	૫૩૨	૧૧૩૮
૩ મહંમદ	૫૩૨	૧૧૩૮	૫૫૭	૧૧૬૨
૪ હસન	૫૫૭	૧૧૬૨	૫૬૧	૧૧૬૬
૫ મહંમદ	૫૭૧	૧૧૬૬	૬૦૭	૧૨૧૦
૬ જલાલુદીન	૬૦૭	૧૨૧૦	૬૧૮	૧૨૨૧
૭ અલાઉદીન	૬૧૮	૧૨૨૧	૬૫૩	૧૨૫૫
૮ રૂકનુદીન	૬૫૩	૧૨૫૫	૬૫૪	૧૨૫૬

પ્રકરણ ૧૧ મું.

તાતારી કોમ.

આગળ આપણે જોયું કે અલમોતના ઇસમાઇલી રાજ્યનો અંત તુર્ક શહેનશાહ મનકુખાનના ભાઇ હલકુખાને આણ્યો. આ તુર્ક કોમ કોણ અને તેની કારકીર્દિ જાણુવા સાથે આપણી તવારીખ સબંધ ધરાવે છે. હજરત નુહ પૈગંબરના પુત્ર યાફ્સની ઓલાદથી તુર્ક કોમ ઉતરી આવી છે. યાફ્સના વડા પુત્રનું નામ તુર્ક હતું. અને તેનો જન્મ જળપ્રલયના વખતમાં થયો હતો. તુર્ક પોતાના સઘળા ભાઇઓમાં વડો હોવાથી તેની કીર્તિ ઘણી ફેલાઇ હતી. તુર્કની ચોથી પહેડીએ ઉલંજાખાન્ નામે એક પ્રખ્યાત પુરૂષનો જન્મ થયો હતો. ઉલંજાખાનને બે પુત્રો થયા હતા. એકનું નામ તાતારખાન અને બીજાનું નામ મગુલખાન. તાતારખાનની ઓલાદના લોકો તાતારી અને તુર્ક કહેવાયા. અને મગુલખાનની ઓલાદ મુગલના નામે જાણીતી થઇ. મગુલનો અપભ્રંશ થઇ મુગલ થઇ ગયો.

મુગલો તથા તાતારો ઇસવી સનની અગ્યારમી સદી સુધીમાં વધુ જાહેરમાં આવવા પામ્યા ન હતા. મુગલો તથા તાતારો વચ્ચે ઘણી શત્રુવટ ચાલતી હતી. આ લોકો કાફલાઓ બાંધી લુટફાટ અને શીકાર કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા. કેળવણી અને સુધારામાં કાંઇ સમજતા નહિ. તેમની સંખ્યા ચાર લાખ કરતાં વિશેષ ન હતી. ઇ. સ. ૧૧૬૨માં એશીયાખંડમાં મોટી ઉથલપાથલ કરનાર ચંગીઝખાનનો જન્મ થયો. આ વખતે મુગલો તથા તાતારો વચ્ચે લડાઇ ચાલતી હતી અને તેમાં તાતારોની જીત થઇ હતી. ચંગીજખાનનો પીતા મુગલોની ૧૩ ઘોડેસ્વાર ટુકડીનો સરદાર હતો. ચંગીઝખાનની ઉમર ૧૪ વર્ષની હતી ત્યારે તેનો પીતા ગુજરી ગયો. ચંગીઝખાને નાની વયમાં પોતાના શત્રુઓને ઠાર કરી પોતાની સતા ઠીક જમાવી લીધી હતી. તેથી વડાખાને તેને તેના બાપની જગોપર કાયમ રાખ્યો અને પોતાની એક પુત્રીના લગ્નપણ તેની સાથે કરી આપ્યાં.

ચંગીઝખાન મોટો લડાયક પહેલવાન હતો. તે વખતના લડાયક હુન્નરોમાં તે કુશળ હતો. શરીર પણ મોટું, દેખાવડું અને મજબુત હતું. હિંમ્મત અને બહાદુરીમાં તેનો સાની મળવો મુસ્કેલ હતો. જાતી મહેનત અને સંકટથી તે કદીપણ ગભરાતો ન હતો. ભુખ તથા તરસને તે ગણકારતોજ નહિ. શત્રુઓને બેરહેમીથી કતલ કરી નાખવા અને તેમનું કોઇપણ બહાનું કબુલ ન રાખવું એ સઘળા મોગલ તથા તાતારોનો ખવાસ હતો. આ ખવાસ ચંગીઝખાનમાં કુટી કુટીને ભરવામાં આવ્યો હતો.

વડાખાનનો જમાઇ થતાં તેણે પોતાની કુશળતાથી ઘણી ખ્યાતિ મેળવી લીધી. આ જોઇ બીજા અમીર ઉમરાવો તેની અદેખાઇ કરવા લાગ્યા. વડાખાનના કાન ભંભેરી તેમના વચ્ચે અંટસ ઉભો કીધો. ચંગીઝખાને વડાખાનને આ બધી હકીકત સમજાવી જે લોકોએ વડાખાનના કાન ભર્યા હતા તેને ખુબ સજા કીધી. તોપણ છેવટે વડા-

ખાન સાથે તેને બન્યું નહિ. સસરા અને જમાઇ વચ્ચે મોટું યુદ્ધ થયું. આ યુદ્ધમાં સસરાની હાર થતાં તે માર્યો ગયો. ચંગીઝખાને અમીર ઉમરાવોના મનમાં પોતાની ધાક બેસાડી આપી હતી. હવે તેની સામે થનાર કોઇપણ નહતું. ઇ. સ ૧૨૦૫ માં તે વડાખાનની ગાદીપર બેઠો આ વખતે તેની વય ૪૦ વર્ષની હતી. રાજ્યાભિષેકના જુદા જુદા કેટલાક દરબારો ભર્યા. રાજ્યના સઘળા વડાઓ તેમાં આવી હાજર થયા અને લોકોના મનપર તેની એટલી બધી છાપ બેશી ગઇ કે તેની સામે થવાની કોઇ હિમ્મત કરી શકતું નહિ.

તેણે પોતાનું લશકર કવાયદ શીખવાડી તૈયાર કીધું. તેના જેવીજ બહાદુરી અને ઘાતકી પ્રકૃતિ તેઓમાં પણ બરાબર દાખલ થઇ. તેણે દેશો જીતવાના પ્રયાસમાં જે સાફલ્યતા મેળવી તેવી સાફલ્યતા વડા સીકંદર, જુલ્યસ કેસર રૂમ, નેપોલિયન બોનાપાર્ટ કે નાદરશાહ જેવા મોટા જગ જીતનારાને પણ મળી શકી નથી, તે દેશો જીતવાને નીકળ્યો અને એક વર્ષમાં પૂર્વમાં પાસીફિક મહાસાગર સુધી, દક્ષિણમાં એરાક સુધી અને ઉતરમાં તે સમયમાં જ્યાંસુધી વસ્તિ હતી ત્યાં સુધી તેનુ રાજ્ય ફેલાઇ ગયું.

શરૂઆતમાં જ્યારે તેણે દેશ જીતવાનો ઇરાદો કીધો ત્યારે ચીન દેશને પોતે ખંડણી આપવાને ના પાડી તે મોટું દળવાદળ લશ્કર લઇ ચીનપર ચડાઇ લઇ ગયો આખા દેશને પાયમાલ કરી પેકીનને લુટી લીધું. ચીન ફતેહ કરી લીધા બાદ તે મુસલમાની રાજ્યો જીતવાને આગળ વધ્યો.

ઇસલામી રાજ્યો આ વખતમાં છીન્નભિન્ન થઇ ગયાં હતાં. મીસર તથા શામમાં અય્યુબી લોકો, દક્ષિણમાં ઇસમાઇલી લોકો, અને ઇરાન તથા માઉરા ઉન નહરમાં ખારઝમી લોકો રાજ્ય કરતા હતા. ઉપરાંત એરાક વીગેરેમાં નાના નાના રાજ્યો હસ્તી ધરાવતાં હતાં. મુસલમાનો અન્યોઅન્ય લડી રહ્યા હતા. દક્ષિણ તરફ ખ્રીસ્તીઓએ પણ મુસલમા-

નોનો નાકમાં દમ લાવી મુકયો હતો. ઉત્તરમાં આર્મીનિયન લોકો પણ અન્યોઅન્ય તલવારો ચલાવી રહ્યા હતા. ખારઝમશાહની હદ મુગલો-ની હદ સાથે મળી ગયેલી હતી ચંગીઝખાન જ્યારે મુસલમાની રાજ્યો જીતવાને આગળ વધ્યો ત્યારે ખારઝમશાહનુ રાજ્ય પહેલું તેના ઝપાટામાં આવ્યું.

ખારઝમશાહ અલ્લાઉદીનનું રાજ્ય ઘણું મોટું હતું સઘળો એરાક, અજમ, સીસ્તાન, કીરમાન, ઇરાન, માઉરા ઉન નહર, અફ્ગાનિસ્તાન તથા હિન્દુસ્તાનનો કેટલોક ભાગ તેના કબજામાં હતો. ચંગીઝખાન સાત લાખનું ખુંખાર લશ્કર લઇ તેમનાપર આવી પડયો. તેણે એવી ખુનાગરકી ચલાવી કે તે લખતાં શરીર કંપી ઉઠે છે આવા ધાતકી ધોરણે કામ લેવાની ચંગીઝખાનની મુળ પદ્ધતિજ હતી અને લોકોને હસ્તિથી આંજી નાખવા એ તેનો મુખ્ય મુદ્દો હતો; તોપણ બીજું એક કારણ એવું પણ હતું કે મુગલના એક વેપારી કાફલાને તેણે લુટી લીધો હતો અને ચંગીઝખાનના તે માટે આવેલા એલચીને કાપી નાખ્યો હતો. ખારઝમશાહ પણ તેની શામે થયો; પરંતુ આ જંગલી મોગલોને પહોંચી વળવાની તેનામા શક્તિજ ન હતી. ઇબ્ને અસીર નામે મોટો તવારીખ નવીશ આ સમયમાં હયાત હતો. ચંગીઝખાનનું તોફાન તેણે નજરોનજર જોયું હતું. તેણે આ ભયંકર તોફાન માટે નીચેનું સંક્ષિપ્ત લખાણુ કીધું છે.

"જો કોઇ એમ કહે કે સૃષ્ટિની ઉતપત્તીથી આજ સુધીમાં આવી બલા આવી નથી તો તે કાંઇ અતિશયોક્તિ ભરેલું કે ગેરવાજેબી નથી જગતના ઇતિહાસમાં કોઇ એવો બીજો ભયંકર બનાવ નજરે પડતો નથી. ઇતિહાસમાં આવી જાતનો સર્વથી જાલેમ બનાવ બાદશાહ બખ્ત-નસરના ધાતકીપણાનો છે. આ ધાતકીપણું તેણે બની ઇસરાઇલ સાથે કીધું અને બૈતુલ મુકદ્દસને પાયમાલ કીધું. પણ આ ચંગીઝખાને ઇસલામના જે દેશો પ્રકાશરહિત કરી પાયમાલ કીધા તે બૈતુલ મુકદ્દસની કતલ અને ખરાબી કરતાં સેંકડોગણા વિશેષ હતા. મુસલમા-

નોની જે મોટી સંખ્યાને તલવાર વડે રેંસી નાખી તેના મુકાબલામાં બની ઇસરાઇલની કતલ કોઇ ગણત્રીમાંજ નથી જે મુસલમાનો એક એક શહેરમાં કતલ થયા તેની ગણત્રી બની ઇસરાયલના મકતુલો કરતાં ઘણી વિશેષ છે. સત્ય વાત તો એ છે કે સૃષ્ટિની ઉતપતીથી આજ સુધીમાં આવો ભયાનક અને ખુની દેખાવ બનવા પામ્યો નથી. કદાચ યાજુજ માજુજ જાહેર થઇ કીયામતની નજીકમાં, આવી ઘાતકી ખરાબી ઉત્પન્ન કરે તો કરે. દજ્જાલ મલઉનનો રીતને ફસાદ પણ આટલી હદ સુધી પહોંચી શકશે નહિ; કેમકે તેતો પોતાના મળતીયાને બચાવી વિરોધિઓનેજ કતલ કરશે આ મલઉનોએ તો ન મળતીયાને છોડયા ન વિરોધિઓને જતા કર્યા. ન પુરૂષોપર દયા ખાધી ન સ્ત્રીઓ તથા બચ્ચાંઓ પર તરસ ખાધો તે એટલે સુધી કે હામેલા સ્ત્રીઓના પેટ ચીરી તેમાંના કાચાં બચ્ચાંઓને પણ કાપી નાખ્યાં એટલું છતાં પણ તેમને સંતોષ ન થયો તેમનું હળવાહળ લશ્કર જ્યાંથી પસાર થયું ત્યાં માણસોથી જમીન ખાલી થઇ ગઇ. પ્રથમની ઉમ્મતોપર જે અઝાબ નાઝીલ થયો હતો તે અઝાબને આ લોકોએ ભુલાવી આપ્યો ”

“ પ્રથમ આ તોફાન ચીનદેશથી ઉપડયું અને તુર્કસ્તાનમાં પહોંચ્યું અને કાશગર તથા બેલાસાગોનનો નાશ કરતું માઉરા ઉન નેહરમાં આવી લાગ્યું. સમરકંદ તથા બોખારાને ફતેહ કરી તેમણે એવો જુલમ અને સીતમ કીધો કે અલ્લાહની પનાહ! સમરકંદ તથા બોખારાને બરબાદ કરી આ હળવાહળ લશ્કરના બે વિભાગો પડી ગયા એક ભાગ ખોરાસાન ગયો તે તમામ પ્રાંતોને લુટતો અને ખરાબ કરતો હમદાન, બીલાદુલ જબલ થઇ એરાકમાં જઇ નીકળ્યો. અને ત્યાંથી આઝર બાઇજાન તથા આરમિનીયા પહોંચી આખા દેશને તલવારથી કાપી નાખ્યો એ લોકો કે જેઓ તેમના આવવાની ખબર સાંભળી નાશી ગયા હતા તેમના સિવાય કોઇપણ બચવા પામ્યું નહિ. એક વર્ષમાંજ તાતારી લોકોએ આ દેશને તદન ઉલટ સુલટ કરી નાખ્યો. ત્યારબાદ આ બલા દરબંદ તથા શરવાન તરફ ચાલી. અહીંપણ કીલ્લાઓ

સિવાય માણસ જાતમાંથી કોઇને જીવતું મુકયું નહિ. દરબંદ, શરવાન તથા લાન વલંકઝને પાયમાલ અને ઉજડ કરી ખફ્ચાકના પ્રાંતમાં જઇ પહોંચ્યા અહીં તુર્ક લોકો આબાદ હતા. જેમની સંખ્યા મુગલો કરતાં વિશેષ હતી પરંતુ તેમના પગો આ અણધારી આફત સામે ટકી શકયા નહિ. જે ટોળાએ તેમની સાથે મુકાબલો કીધો તેમાંનો એક માણસ જીવતો રહેવા પામ્યો નહિં. આ જોઇ સઘળા તુર્કો પોતાનો પ્રાણ બચાવવા બાલબચ્ચાં સહિત પહાડોપર જઇ છુપાયા. જ્યાં સુધી તાતારોએ પૂર્ણ ફતેહ ન મેળવી લીધી ત્યાંસુધી પોતાની આદત મુજબ કતલ ગારત કરવાનું બંધ રાખ્યું નહિ. તાતારી લોકોને આ લડાઇઓ જીતવામાં વાર લાગી હશે એમતો સમજવું નહિ; તેમને કોઇપણ ઠેકાણે અટકવુંજ પડયું નહિ. જે તરફ મુખ ફેરવ્યું મેદાન સફાચટ કરી દીધું."

"બીજા તાતારી ટોળાંએ ગીઝની, સીસ્તાન, હીન્દુસ્તાન, ફીરગાન વીગેરેમાં પહેલાં ટોળાં કરતાં પણ વિશેષ કીયામત ઉભી કરી દીધી. આ સઘળા એવા બનાવો છે કે જેનું દ્રષ્ટાંત શોધવા જતાં પણ મળી શકતું નથી. સઘળા ઇતિહાસકારોનો એક મત છે કે જોકે સીકંદરે દુનિયાને ફતેહ કીધી પણ આટલી ઝડપથી નહિ. તેને ફતેહ મેળવવામાં દસ વર્ષ લાગ્યાં હતાં. તે માત્ર પોતાની બેઅત કબુલ કરાવતો આગળ વધતો ગયો. કતલ તથા ગારત કરવા તરફ પોતાનો હાથ લંબાવ્યો નહિ આ મગરૂર લોકોએ તો એક વર્ષમાં આબાદી વાળી દુનિયાને ફતેહ કરી લીધી. જે દેશ આબાદ અને વિદ્યા–કલામાં આગળ વધતા થયા; તે સઘળાને તેઓએ પાયમાલ કીધા. જે તરફ તેઓએ પોતાનું મુખ ફેરવ્યું તે તરફની ખુદાની ખલકત વગર મોતે ધાસ્તીથીજ મરી ગઇ. આ વીકાળ પ્રાણીઓને કોઇ ઠેકાણે ખોરાક યા મદદની જરૂર જણાઇ નહિ. કેમકે ગાય, બળદ, ઘેટાં, બકરાં, ઘોડા વીગેરે તેમની સાથે હતા તેમને કાપી કાપી ખાતા જતા અને આગળ વધતા હતા તેમના જાનવરો પણ તેમના કરતાં વધુ જફાકશ હતાં પગની ખરીઓ વતી કપાસના મુળીઆં સુદ્ધાં ખેંચી ચાવી જતા હતાં. આવા

મુળીયાં પરજ સંતોષ માનતા હતા. ચણા શું ચીજ છે તેની તેમને ખબર વટીક પણ ન હતી. તેટલા માટે આ લોકો જ્યાં જતા ત્યાં ખોરાક માટે મોહતાજ થતા નહિ આ લોકોનો ધર્મ સીતારા પરસ્તી-નો હતો જ્યારે સુર્ય નીકળતો ત્યારે તેની પુજા કરતા. કોઇ વસ્તુને હરામ જાણુતા ન હતા. ડુક્કર અને કુતરાંઓ સુદ્ધાં ખાઇ જતા હતા. સ્ત્રી સાથે નીકાહનો તેમનામાં ધારો હતોજ નહિ. એક સ્ત્રી જુદા જુદા અનેક મરદો પાસે રહેતી અને જ્યારે તેણીને બાળક ઉત્પન્ન થતું ત્યારે એ બાબતની ખબર ન પડતી કે તેનો બાપ કોણ છે. આવી જંગલી અને વિકાળ કોમને મુસલમાનો સાથે પાલો પડયો. મુસલમાનોપર પ્ર-થમથીજ જે બલાઓ નાઝીલ થઇ રહી હતી તેજ કયાં ઓછી હતી કે તેમનાપર આવાં દુષ્ટોને સત્તાવાન કીધાં. જે જે પ્રકારના જુલ્મો સીતમ આ ઘાતકી અને વિકાળ કોમે કરી લીધા ત્યારે સમયનું મન ઠંડું થયું."

આવા વિકાળ ચંગીજખાનના પૌત્ર મનકુખાનને બગદાદના ખલીફ મોતસીમ બિલ્લા, કઝવીન શહેરના આગેવાનો તથા ખ્વાજા નસીરૂદીન તુસીએ એમ લખી તેડાવ્યો કે "ઇસમાઇલી લોકો દોઢસો વરસથી આખા એશીયા ખંડને પાયમાલ કરી રહ્યા છે. તેનું જોર નબળું પાડવા અમો અશક્ત છીએ" આવા પત્રો પહોંચતાજ મનકુખાન ફોજ રવાના કરવાને તૈયાર થઇ ગયો. પોતાના ભાઇ હલાકુખાનને એક લશ્કર સાથે દક્ષિણ તરફ રવાના કર્યો. તેને રવાના કરતી વખને કહ્યું કે "હું તને એક બળવાન લશ્કર અને શુરવીર સવારોના રસાલા સાથે રવાના કરૂંછું. એવા બહાદુરો તુરાનમાં બીજે મળી શકે તેમ નથી. ખબરદાર, દરેક બાબતમાં ચંગીજખાંની પદ્ધતિની નકલ કરજે. અને આપણા રાજ્યને અર્લ સરોવરથી લઇ નાઇલ નદી સુધી વધારી આપજે. જે લોકો તાબેદારી કરે અને પોતાનાં ભાગ્ય તારા હાથમાં સુપ્રત કરી આપે તેમની સાથે મહેરબાની કરજે; પણ જેઓ વિરૂદ્ધતા કરે તેની સાથે કોઇપણ પ્રકારની દયા કરીશ નહિ તે-

મને તેમના બાલ બચ્ચાંઓ સહિત કતલ કરી નાખજે. ઇસમાઇલીઓનો નાશ કરવા પછી તારે એરાકનો મુલક ફતેહ કરવાનો છે. બગદાદનો ખલીફ જો તારી તાબેદારી કરે અને તારા આશ્રયમાં આવવાનું પસંદ કરે તો તેના પર મહેરબાની કરજે; પણ જો તે જરાપણ વિરૂદ્ધતા કરે તો તેનો પણ એજ હાલ કરજે કે જે બીજાઓનો થાય."

હલાકુખાને આવી કેટલાક વર્ષોની લડાઈ બાદ અલમોતના રાજ્યનો બહુજ ક્રમકમાટ ભર્યા રીતે નાશ કીધો. રૂકનુદીન ખુરશાહના દીકરા, દીકરી, ભાઇ, બહેન, ખેશ કુટુંબ અને તેની આખી કોમને કાપી નંખાવી. આ કતલને "ઇસમાઇલીઓની કીયામતનું નામ આપવામાં આવ્યું છે.

પ્રકરણ ૧૨ મું.

નીજારી ઇમામો.

આગાખાનને માનનારા ખોજાઓ પોતાને ઇસમાઇલી જણાવે છે. અને તેઓ પણ વોહરાઓની જેમ ઇમામ જાફર સાદક પછી ઇસમાઇલને ઇમામ સ્વીકારે છે તેમના ઇમામોને લગતી હકીકત નીચે મુજબ છે.

૧ **અલી**—પ્રકરણ ૫ માં હકીકત અપાઇ ગઇ છે.

૨ ***હુસેન**—પ્રકરણ ૭ માં હકીકત અપાઇ ગઇ છે.

૩ **ઝએનુલ આબેદીન**— સદર.

---

* નીજારી મતના લોકો ઇસનાઅશરી તથા વોહરાઓના બીજા ઇમામ ઇમામ હસનને ઇમામની ટીપમાં ગણતા નથી. તેઓ કહે છે કે તેઓએ માત્ર પોતાના ભાઇ ઇમામ હુસેન વતી ઇમામતનું કામ કર્યું હતું. કેમકે જો તેઓ ઇમામ હતે તો પોતાની વફાત પછી ઇમામત પોતાના ભાઇને સુપ્રત કરતે નહિ બલ્કે પોતાના બેટા અબ્દુલા યા કાસમને સોંપતે.

૪ મોહુંમદ બાકર— સદર.

૫ જાફર સાદક— સદર.

૬ ઇસમાઇલ—ઇમામ જાફર સાદક પછી ઇસમાઇલની ઇમામતનું આ ટોળું કાયલ છે. પ્રકરણ ૮ માં જણાવેલા વોહરા લોકોની જેમ આ ટોળું ઇસમાઇલ પોતાની હયાતીમાં ગુજરી ગયા તેમ જણાતું નથી પણ ઇસમાઇલને પોતાની હયાતીમાં ગુજરવાના દેખાવને સ્વીકાર કરે છે પરંતુ સાથેજ તેને તકય્યાના રૂપમાં બદલાવી નાખે છે જો કે આવા તકય્યામાં ફેરવી નાખ્યાનું મેં કોઇ ઇસલામી તવારીખમાં જોયું નથી. ખોજા કોમમાં જ્યારે ઇસનાઅશરીઓની સંખ્યા વધતી ગઇ અને મુસા કાઝીમજ ઇમામ જાફર સાદક પછી ઇમામ છે એવી ઇસલામી તવારીખોમાં વર્ણન થયેલી વાત ખોજાઓમાં વધવા માંડી ત્યારે આ લોકોપર ઇસમાઇલ ઇમામ હતા તે સાબીત કરી આપવાની ફરજ આવી પડી તેઓએ આ ફરજ માટે જે તાવીલો કહાડી છે તેના બે પારેઆફો નિચે ટાંકી બતાવું છું.

"હજરત ઇસમાઇલ પોતાની હયાતીમાં ગુજરી ગયા એ વાત તદન જુડી છે. અબ્બાસી વંશના ખલીફ મનસુર દવાનકીએ મદીનાના ગવરનરને લખી જણાવ્યું કે ઇમામ જાફર સાદક પછી જે ઇમામની નેમણુક થાય તેને જીવતો રાખવો નહિ; પણ તેને દગા ફટકાથી મારી નાખવો કે જેથી ઇમામની નસલ જારી રહેવા પામે નહિ. આ કાવત્રાંની જ્યારે ઇમામ જાફર સાદકને ખબર પડી ત્યારે ઇમામ ઇસમાઇલને કોયે દુર મુલકમાં મોકલી આપવાનો વિચાર અમલમાં મેલવા ઠરાવ કર્યો ઇમામ જાફર સાદકે સર્વે લોકોને જાહેર કર્યું કે મારો ફરજંદ ગુજરી ગયો છે. હાકેમને બોલાવવામાં આવ્યો. હાકેમે જનાજો ખોલીને જોવાની માગણી કીધી; કારણકે તે હાકેમે ઘણી વખત અગાઉ ઇમામ જાફર સાદકની કરામતો યાને મોઅજીઝા એવા એવા

અનુભવ્યા હતા કે તે ઇમામને લગતી કોઇ જાહેર વાત માન્ય રાખતો નહિ ઇમામ જાફર સાદકે લોકોની હાજરીમાં હાકેમને ત્રણ વખત જનાજો ખોલીને દેખાડયો. અને કાગળ ઉપરે હાકમ પાસેથી લખાવી લઇ બાદશાહની મોહર સાથની સહી કરાવી લીધી. અને તે કાગળ ઇમામે પોતાની પાસે રાખ્યો. તે પછી જનાજાને મદીના શહેરની બહાર બકા નામનું કબરસ્તાન છે ત્યાં ન લઇ જતાં શહેરમાંજ લઇ જવામાં આવ્યો. બીજી બાજુએ ઇમામ ઇસમાઇલને બસરા તરફ તુરતજ મોકલવામાં આવ્યા. થોડા વખત પછી ખલીફા મનસુર કે જેણે પોતાની રાજધાની બગદાદમાં રાખી હતી તેને ખબર મળીકે ઇમામ ઇસમાઇલ બસરામાં છે અને જાહેરમાં બીમાર માણસોને સાજા કરેછે. તેથી તેણે હાકમ ઉપરે કાગળ લખ્યો અને તેને સખ્ત ઠપકો આપ્યો કે ઇમામને સહી સલામત કેમ રહેવા દીધો ? હાકેમ તે કાગળ લઇને ઇમામ જાફર સાદક પાસે ગયો અને તેઓને બાદશાહ તરફથી મળેલી હકીકત સર્વે કહી સંભળાવી. ઇમામે હાકમને તેની સહી સાથનું કાયનું કાગળ દેખાડયું જે જોઇને તે શાંત થયો. ઇમામ જાફર સાદકે તુરતજ ગુપ્ત જ્ઞાન મારફતે ઇમામ ઇસમાઇલને ચેતવણી આપી તેથી તેઓ બસરા છોડીને સલમીયા મુલક તરફ નીકળી ગયા. ”

“ ઇમામ જાફર સાદકે શાહ ઇસમાઇલને ગાદી આપવા વસીયત કરી અને સામી મુસા કાઝમની પક્ષ જોરાવર થઇ; તેથી રજવાડામાં વારંવાર બને છે તેમ, લડાઇ, ખુનરેજી તથા ફીસાદ દુર કરવા માટે, શાહ ઇસમાઇલને શામના મુલકમાં સલમીયા તરફ મોકલી આપવામાં આવ્યા હતા અને શાહ ઇસમાઇલ ગુજરી ગયા છે એવો દેખાવ આપવાની જરૂર જણાઇ હતી ”

ઉપરની તાવીલો માત્ર ચાર પાંચ વર્ષ પહેલાં મુંબઇ ખાતેના કોઇ ઇસમાઇલી ખોજા સ્કુલના માસ્તરોએ છપાવી છે. પ્રાચીન તવારીખના પુસ્તકોમાં તેને લગતી બીલકુલ શહાદત નથી. વળી બંને તાવીલો એક બીજાથી ઉલટી છે.

એક કહે છે કે ઇમામ જાફર સાદક પોતાના જે બેટાને વસી કરે તેને જાનથી મારી ઇમામની નસલ તોડી પાડવાનો ખલીફ મનસુર દવાનકીએ ઠરાવ કીધો હતો. અને આવી બાતમી મળતાં ઇસમાઇલ ગુજરી ગયા છે તેવો દેખાવ કરી અંદરખાનેથી તેને નસાડી મુકવાની ઇમામ જાફર સાદકને જરૂર પડી હતી બીજો કહે છે કે ઇસમાઇલને વસી કીધાથી મુસા કાઝમની પક્ષ જોરાવર થઇ અને ખુનરેજીની ધાસ્તીથી ઇસમાઇલ ગુજરી ગયા છે એવો જાહેર દેખાવ કરી અંદર ખાનેથી તેને નસાડી મુકવાની ઇમામ જાફર સાદકે વેતરણ કીધી હતી.

મનસુર દવાનકી ઇમામ જાફર સાદકના વસીને મારી નાખી ઇમામની નસલ તોડી નાખવાનો ઇરાદો કરે એ વાત ગળે ઉતરે તેવી નથી. જે ઇમામની નસલ તોડવા ચાહે છે તે ઇમામ ખુદ હયાત રહે, તેના ૭ બેટાઓ હયાત રહે અને તેના બેટાના બેટાઓ હયાત રહે તો પછી માત્ર એક વસી ને મારી નાખવાથી તેની નસલ કેવીરીતે તુટી જાય? જો ઇસમાઇલ મનસુર દવાનકીના હાથથી શહીદ થયા હતે તો શું તેમના બેટા મહંમદને ઇસમાઇલીઓ ઇમામ નહોતા કહી શકતા! ઇસમાઇલ ખુદ પીતાની હયાતીમાં ગુજર્યા હતા. તેમનું ગુજરી જવું, તેમના જનાજાને ઉપાડવો, લોકોને તેઓ ગુજરી ગયા છે તે જણાવવું. દફન કરવું. વીગેરે બાબતો ઉપલી તાવીલોને રદ કરે છે.

ઉપરની તાવીલો રદ કરનારો એક તવારીખી પુરાવો છે. "કનઝલ મસાએબ" ના કર્તા ઇમામ જાફર સાદકના પુત્ર અબદુલ્લાની હકીકત એમ જણાવે છે કે "ઇસમાઇલના ગુજરવા બાદ (ઇમામ જાફર સાદકની હયાતીમાં) અબદુલ્લા સૌથી ઇમામ જાફર સાદકના વડા દીકરા રહ્યા. તેણે પીતાના ગુજરવા બાદ જાહેરમાં દાવો કીધો કે હું ઇમામ જાફર સાદકનો સૌથી મોટો દીકરો છું અને તેથી હું ઇમામ છું." આ વાત ઇસમાઇલ પીતાની હયાતીમાં ગુજરી ગયાનું જણાવે છે. વોહરા લોકોપણ ઇસમાઇલ પીતાની હયાતીમાં ગુજરી ગયાનું

જણાવે છે. ખોજા વૃતાન્ત તથા ખોજા કોમનો ઇતિહાસના કર્તાઓ પણ એમજ જણાવી ગયા છે. પણ ઉપરની હકીકત મળવાથી મેં દાખલ કીધી છે.

ઇસમાઇલ પીતાની હયાતીમાં ગુજરી ગયેલા હોવાથી તેમના સબંધે કાંઇપણ હકીકત જાણવામાં આવી નથી. નીજારીઓ કહે છે કે હી, સ. ૧૪૮ થી ૧૫૮ સુધી તેમણે ઇમામત કીધી છે. તેમનું વતન તુરકીમાં શામ પ્રગણે સલમીયા તરફ જતાવવામાં આવે છે તેમની મુળ કબર મદીનામાં છે.

૭ મહંમદ—પ્રકરણ ૮ માં હકીકત અપાઇ ગઇ છે.

૮ વફી અહમદ—	સદર.
૯ તકી મહંમદ—	સદર.
૧૦ રઝી અબ્દુલ્લા—	સદર.
૧૧ મેહદી મહંમદ—	સદર.
૧૨ કાયમ—	સદર.
૧૩ મનસુર—	સદર.
૧૪ મોએઝ—	સદર.
૧૫ અઝીઝ—	સદર.
૧૬ હાકમ અબુઅલી—	સદર.
૧૭ જાહેર અલી—	સદર.
૧૮ મુસ્તનસર—	સદર.

૧૯ નીજાર—કહે છે કે મુસ્તનસર બિલ્લાએ પ્રથમ તેમને ગાદી વારસ કીધા હતા. પરંતુ પાછળથી તેમનાથી નારાજ થઇ બીજા પુત્ર મુસ્તેઅલીને ગાદી વારસ નીમવા જણાવ્યું હતું. આ બીજી વખતની

વસીયત મુજબ મુસ્તેઅલી ખલીફ થયો. વડો સેનાધિપતિ તેનો તરફદાર તથા નીઝારનો શત્રુ હોવાથી નીઝારને ગાદી મળી શકી નહિ. મુસ્તેઅલીએ ગાદીપર બેસતાં નીઝાર તથા તેના બે દીકરાને પકડાવી મારી નાખ્યા.

વોહરા તથા ખોજાઓ વચ્ચે ઇમામતના સબંધમાં એક અલગપણું અહીંથી પડે છે. વોહરાઓ મુસ્તેઅલીને અને ખોજાઓ નીઝારને ઇમામ કહે છે. નીઝાર આમ પોતાની વફાત બાદ માર્યા ગયાથી તેમના સબંધમાં કાંઇ હકીકત બહાર આવી નથી.

૨૦ હાદી—કહે છે કે હસન બિન સબ્બાહને જ્યારે મુસ્તેઅલીનો પક્ષ ફાવતાં મીસર છોડવું પડયું ત્યારે તે નીઝારના પુત્ર હાદીને છુપીરીતે પોતાની સાથે લઇ આવ્યો હતો. અને જ્યારે તેણે અલમોતનો કીલ્લો હાથ કીધો ત્યારે તેમાં તેને છુપીરીતે રાખ્યો હતો.

૨૧ મોહ્તદી—તે પણ અલમોતમાં છુપીરીતે રહેલ હતો.

૨૨ કાહેર—તે પણ અલમોતમાં છુપીરીતે રહેલ હતો.

૨૩ અલી ઝીક્રતસ્સતાલમ—તેમને લગતી હકીકત પ્રકરણ ૧૦ માં અલમોતના ચોથા હાકેમ તરીકે અપાઇ ગઇ છે. તે જગોએ તેનું નામ હસન બિન મહંમદ આપ્યું છે. પરંતુ તે પ્રકરણમાં જણાવ્યા મુજબ તેણે મહંમદ બિન કીઆ બુઝર્ગ ઉમેદનો પુત્ર નહિ પણ ઇમામ કાહેરનો પુત્ર છું એમ જણાવ્યાથી તેમનું નામ નીઝારી ઇમામોની ટીપમાં દાખલ થયું છે.

૨૪ મહંમદ—તેમનું વર્ણન પ્રકરણ ૧૦ માં અપાઇ ગયું છે.

૨૫ જલાલુદ્દીન— સદર.

૨૬ અલાઉદ્દીન— સદર.

૨૭ શમશુદ્દીન—અલમોતનું રાજ્ય તેમના પીતાના હાથથી નીકળી ગયા બાદ તેઓ પોતાના ભાઇઓને લઇ આઝરબાયજાનમાં ગયા. નિઝારીઓ કહે છે કે તેઓ ઇમામત પોતાના પુત્ર કાસમશાહને આપી હીન્દુસ્તાનમાં આવ્યા હતા. અને પંજાબમાં હજારો લોકોને દીન ઇસલામથી મુશર્રફ કીધા હતા. આ હકીકતમાં નીઝારીઓની ભુલ થય છે પંજાબ તરફ ઇસલામ ફેલાવનાર આ શમશુદીન નહિ પણ તે શમશ ચોટ નામે મીશનરી હતો. આ બાબતનો ખુલાસો હું આગળના કોઇ પ્રકરણમાં કહીશ.

૨૮ રૂકનુદ્દીન—

૨૯ કાસમશાહ—

૩૦ ઇસલામશાહ—પીર સદરદીન નામે પ્રખ્યાત દાઇને તેમણે હીન્દમાં ઇસલામનો બોધ આપવા માટે મોકલ્યા હતા એમ નીઝારીઓ કહે છે. તેમણે ખોજાઓને હીન્દુમાંથી વટાળી મુસલમાન કીધા હતા

૩૧ મહંમદ--તેમને લગતી કાંઇ હકીકત જણાઇ નથી.

૩૨ મુસ્તનસિર. બિલ્લા--	સદર.
૩૩ અબ્દુ સલામ—	સદર.
૩૪ ગરીબ મીરજાં--	સદર.
૩૫ બુદર અલી--	સદર.
૩૬ મુરાદ મીરજાં--	સદર.
૩૭ જુલફીકાર અલી—	સદર.
૩૮ નુરદીન અલી--	સદર.
૩૯ ખલીફા અલી--	સદર.
૪૦ નીઝાર--	સદર.
૪૧ સૈયદ અલી--	સદર.
૪૨ હસન અલી--	સદર

૪૩ કાસમ અલી-- સદર.

૪૪ અબ્દુલ હુસન--ઇરાનના શાહે તેમને કેરમાન પ્રાંતના ગવરનરની પદવી આપી હતી. અને તેના પેટે કેટલાક ગામડાઓની જાગીર પણ આપી હતી. આ સમયમાં નીઝારીઓનો વગ વસીલો વધવા પામ્યો હતો.

૪૫ ખલીલુલ્લા અલી--તેઓ મહેલાત નામના પોતાની જાગીરના ગામડામાં રહેતા હતા આ ગામના પટેલને ઇમાનીખાન નાયએ કેદ કરી તેનું સર્વસ્વ લુટી લીધું તેથી તેમને મહેલાત છોડવું પડ્યું. નવા સ્થળ યજદમાં લોકોએ એવી ઉશ્કેરણી ફેલાવી કે તેઓ બેદીન છે માટે તેમને મારી નાખવા જોઇએ આ ઉપરથી લોકોએ ઉશ્કેરાઇ જઇ તેમનું ખુન કીધું હતું. ખુન કરનારાઓમાં બાદશાહ ફતેહઅલી શાહના બેટાનો પણ હાથ હતો.

૪૬ હુસનઅલી શાહ--પીતાની વફાત વખતે તેમની વય માત્ર ૧૩ વર્ષની હતી લોકોના જુલમથી બચવા માટે તેમની માતા ઇરાનના પાયતખ્ત તેહરાનમાં દાદ માગવાને ગયાં તેમના પુષ્કળ માણુસોને બાદશાહના પુત્ર વીગેરેએ મારી નાખ્યાં હતાં તેથી તેમના મુરીદો બહુ ઉશ્કેરાઇ ગયા હતા. આ બનાવથી બાદશાહને દેહશત લાગી કે તેના મુરીદો કદાચ મારો તેના વેરમાં જીવ લેશે તેથી પોતાના છોકરાને બોલાવી હસન અલીની રૂબરૂમાં ખુબ ધમકાવ્યો અને બાદશાહ કમરમાંથી છરી કહાડી તેને મારવા દોડ્યો તથા હસનઅલી શાહ પર જુલમ કરનાર ઘણા માણુસોને ખુબ સજા કીધી તોપણ બાદશાહ પોતાની જીવની ધાસ્તી માટે બહુજ ચીન્તાતુર હતો. આ માટે તેણે પોતાની બેટીના લગ્ન તેમની સાથે કરી આપ્યાં. અને ઇનામ અકરામથી તેમને નવાજ્યા. બાદશાહ તેમને આગાખાન કહી બોલાવતા ત્યારથી તેમની ઓલાદ આગાખાન નામ ધરાવતી આવે છે.

ફતેહઅલી શાહના મરણ બાદ મહંમદશાહ ગાદીએ બેઠો. ફતેહઅલી શાહનો બીજો છોકરો જે કેરમાન શહેરનો સુબો હતો તેણે માથું ઉચકવાથી તેની સામે જીત મેળવવા માટે હસનઅલીને એક લશ્કરની સરદારી આપી મોકલવામાં આવ્યા. કેટલીક લડાઇઓ બાદ તેઓએ બાદશાહના ભાઇને કેદ કરી તેહરાન મોકલી આપ્યો.

શાહ મહંમદઅલીએ પોતાના ઉસ્તાદને ગાદીપર આવતાંજ વજીરની પદવી આપી. આ વજીરે વડા વજીરની મારફત હસનઅલીની દીકરી સાથે પોતાના લગ્ન માટે કહેણુ મોકલાવ્યું. આ ઉપરથી તેઓ ઘણા નારાજ થયા. આવી રીતે રાજ્યના વડાઓ સાથે દુશમની થવાથી પોતાના બચાવ માટે તેઓએ હથીયાર બંધ લશ્કર વધાર્યું. અને બળવો કરી ઇરાનની સલતનત પોતાના હાથમાં કરી લેવા વેતરણ કીધી. આ માટેની શરૂઆત કેરમાનથી કરવામાં આવી. અહીં બળવો જગાડી કેરમાનની સ્વતંત્ર સત્તા પોતાના હાથમાં લીધી અને ઇ. સ. ૧૮૪૦ સુધી તેપર રાજ્ય ભોગવ્યું. પરંતુ શત્રુઓના બળ સામે ટક્કર ઝીલી શકયા નહિ અને કેરમાન છોડી બલુચીસ્તાન અને ત્યાંથી સીંધ નાશી જવું પડયું તેમણે પોતાની લશ્કરી ટુકડીથી કંદહારમાં જનરલ નાટને ઘણી મદદ કીધી. સીંધના મીર સાથેની લડાઇમાં પણ તેમણે અંગ્રેજ સરકારને સારી મદદ આપી. આ ઉપરથી અંગ્રેજ સરકારે તેમને પેનસન આપવાનું જારી કીધું.

જ્યારે હસનઅલી સીંધમાં આવ્યા ત્યારે સીંધમાં તેમના મુરીદોની સંખ્યા ૩૦૦૦ની હતી. તેમના તરફથી નાણા સબંધી સારી મદદ મળી અને તેજ મદદના કારણે તેઓ લશ્કરી ટુકડી રાખી શકયા હતા. નાણાં સબંધી સ્થિતિ સારી થવાથી તેમણે ઇરાનના રાજ્યપર ફરીથી લડાઇ લઇ જવાની તૈયારી કીધી.

પ્રથમ બહમપુલનો કીલ્લો હાથ કરવા દસ લાખ રૂપીઆનો ખરચ કરવા નક્કી કીધું પરંતુ રાજદ્વારી બાબતમાં જેમ બનતુ આવે છે

તેમ તેમને દરેક ઠેકાણેથી પાછું હઠવું પડયું. એક વખતે જ્યારે તેઓએ પોતાનું લશ્કર બ્રીટીશોના કામ માટે રોકયું હતું ત્યારે બ્લોચ લોકો તેમનો ૨૦ લાખનો અવેજ લુટી ગયા. આ અવેજ પ્રથમ અંગ્રેજ સરકારે તેમને આપવા જણાવ્યું પરંતુ પાછળથી લખી જણાવ્યુ કે તમોએ તમારો અવેજ જાળવી રાખવા તજવીજ ન કીધી તેમાં તમારીજ ગફલત છે.

આ અરસામાં ભુજની ખોજા જમાતે નાફરમાની કીધી છે એવા સમાચાર મળવાથી તેઓ કરાંચીથી દરીયા માર્ગે રવાના થઇ માંડવી બંદર આવ્યા. અહીં કચ્છના રાઓશ્રીએ તેમની મુલાકાત લીધી અને ઘણા માન સાથે ભુજ તેડી ગયા હસન અલીએ ભુજથી અંજાર અને ત્યાંથી હાલાર જઇ અને પોતાની ખોજા જમાતોના ખાતા પત્રાં નક્કી કરી છેવટે મુંબઇ આવી રહ્યા તેઓ ઇરાનની સરકાર સામે હુમલો લઇ આવનાર છે એવી ઇરાની સરકારને ખબર મળતાં ઇરાની સરકારે બ્રીટીશ સરકારને લખી જણાવ્યું કે હસનઅલી શાહને પશ્ચિમ હીન્દુસ્તાનમાંથી છેટે રાખવા, કારણ કે મુંબઇ સરખું બારૂં જ્યાંથી ઇરાન તરફ સ્હેલથી આવી શકાય તે જગોએ તેમને રહેવા દેવા તે ઘણું ધાસ્તી ભરેલું છે. આ ઉપરથી તેમને અંગ્રેજ સરકારે કલકતે તેડાવી રાખ્યા. જ્યાં તેમને હીઝ હાઇનેસનો ઇલકાબ આપવામાં આવ્યો. પોતાનાપર શી શી વારદાતો ગુજરી તે બદલનું વર્ણન તેમણે "ઇબરત અફ્ઝા" નામની ફારસી બુકમાં લખ્યું છે. આ બુકનો ગુજરાતીમાં તરજુમો થયો છે. મજકુર ચોપડીના વાચનથી જણાઇ આવે છે કે હસન અલીએ પોતાની આખી જીંદગી મોટી હેરાનગતી સાથે પસાર કીધી છે. તેઓ મુંબઇમાં ઇ. સ. ૧૮૪૫ માં આવ્યા. અને ઇ. સ. ૧૮૪૬–૧૮૪૭ ના બે વર્ષો કલકત્તામાં રહી બાકીનું આયુષ્ય તેમણે મુંબઇમાં ગુજાર્યું. ઇ. સ. ૧૮૬૬ માં મોટો આગાખાન કેસ કે જે બારભાયા કેસના નામથી ઓળખાય છે તે તેમના વખતમાં ઉભો થવા પામ્યો હતો. તેમની ઇ. સ. ૧૮૮૧ માં મુંબઇ મધે વફાત થઇ અને

મજગામમાં હસનબાદ નામના કબ્રસ્તાનમાં તેમને દફનાવવામાં આવ્યાછે

સર બાર્ટલ ફ્રીયરે ઈ. સ. ૧૮૭૫ માં તેમના બારે નિચે પ્રમાણે લખ્યું છે.

"મારકો પોલોના સમયના તેના (આગાખાનના) પૂર્વજ "પહાડી ઘરડા પુરૂષ" ની માફક તે પોતાનો દરબાર દબદબા ભરેલી અને ઉમદી સ્થિતિમાં રાખે છે તેના પુત્રો કે જે લોકમાં ઇરાની શાહજાદાઓ તરીકે ઓળખાય છે તેઓ ચાલાક શીકારીઓ છે અને વૃદ્ધાવસ્થાને લીધે પણ ઘોડાની સરતમાં આગાખાનનો આનંદ ઓછો થતો નથી. કેટલાક ઉત્તમ અરબી ઘોડાઓ તેના તબેલામાં મળી આવે છે. અને જ્યારે સરતોનો સમય આવે છે ત્યારે તે પોતાની સરતના ઘોડા પાછળ ખર્ચ કરવામાં કાંઇ ઉણપ રાખતા નથી. અથવા ધર્મ કે જાતીના કોઇ પણ અણગમાને લીધે અંગ્રેજ ઘોડા કેળવનારની કળા અને શાસ્ત્રનો લાભ લેવાને અટકતા નથી."

૪૭ **અલીશાહ**—તેમના પીતા જ્યારે ઇરાન મધે રાજદ્વારી કારણે મોટી ધાસ્તીમાં હતા ત્યારે તેમને તેમણે કરબલા તરફ મોકલી આપ્યા હતા. ત્યાં તેમણે પોતાની શાદી કીધી હતી અને તેથી તેમને બે પુત્રો થયા હતા. વડા પુત્રનું નામ શાહબુદીન હતું. કહેછે કે તેણે ખોજાઓના ધર્મ સબંધી સારૂં જ્ઞાન મેળવ્યું હતું. તેઓ ૩૩ વર્ષની વયે પુનામાં ખઈના રોગથી વફાત થયા હતા. બીજા પુત્ર નુરશાહ પણ ૩૦ વર્ષની વયે પુનામાં ઘોડાપરથી પડી જતાં મરણ પામ્યા હતા.

અલીશાહે પોતાની બીજી સ્ત્રી ગુજરી જતાં ત્રીજી વાર લગ્ન કીધાં આ લગ્નથી હાલના આગાખાન સુલતાન મહમદનો જન્મ થયો હતો. તેઓ શીકારના ઘણા શોખીન હતા. ૪૦ ઉપરાંત વાઘોનો તેમણે શીકાર કીધો હતો. મુંબઇની લેજીસ્લેટીવ કાઉન્સીલના વધારાના મેમ્બર હતા. મુંબઇની વેસ્ટર્ન ઇન્ડીઆ ટર્ફ કલબના તેઓ હોશીલા મુરબ્બી

હતા. સરતના ઘોડાઓ રાખવામાં મોટું ખર્ચ કરતા હતા. ખોજા ધર્મની બારીકીમાં ઉતરવાની તેમણેજ પહેલ કીધી હતી તેમણે પોતાની જીંદગીના ૩૨ વર્ષ હીન્દુસ્તાનમાં ગુજારી ઇ. સ. ૧૮૮૫ માં પુના ખાતે વફાત કીધી. તેમની લાશને કરબલા લઇ જઇ દફનાવવામાં આવી છે.

૪૮ સુલતાન મહંમદ શાહ—(હયાત) એમનો જન્મ ઇ સ. ૧૮૭૭ માં કરાંચી ખાતે થયો હતો. તેમને જુની તથા નવી કેળવણી આપવા માટે તેમની માતા તરફથી સારી કોશીશ કરવામાં આવી હતી. લોકોની અજાયબી વચ્ચે તેઓએ નહાની વયમાં અંગ્રેજી ભાષાપર સારો કાબુ મેળવી લીધો છે. તેમજ અંગ્રેજી રાહ રસમ તથા સુધારાના નવા ધોરણમાં તેઓ સારા પલોટાઇ ગયા છે. આવી બાબતોમાં પલોટાયલો બીજો ભાગ્યેજ કોઇ ધર્મગુરૂ મળી આવશે. તેઓ સુધારાના ચુસ્ત હિમાયતી છે. નામદાર સરકારે તેમનાપર કૃપાવંત થઇ સારા એલકાબોથી નવાજ્યા છે. તેમનાં વિચારો જો કે જુના લોકોને ગમતા નહિ હોય તોપણ તેની તેઓ કાંઇ દરકાર નહિ કરતાં પોતાના નવા વિચારો છુટથી જાહેર કરે છે.

દીલ્લી ખાતે મળેલી મોહમેદન એજ્યુકેશનલ કોનફરન્સના તેઓ પ્રમુખ નીમાયા હતા. આ વખતનું તેમનું ભાષણ પરદા વિરૂદ્ધનું હોઇ ઘણી ચર્ચાનું કારણ થઇ પડયું હતું પરંતુ તેઓ હિમ્મતથી પોતાના વિચારો જાહેર કરનારા સાબીત થયા છે.

યુરોપની મુસાફરીનો તેમને સારો શોખ છે. પાંચ સાત વખત તેઓ યુરોપની મુસાફરીઓ કરી આવ્યા છે અને હાલમાં પોતાનો ઘણો વખત ત્યાં ગુજારે છે. યુરોપમાં પોતાની ઝીન્દા દીલીથી સંખ્યા બંધ મિત્રો મેળવવાને ભાગ્યશાળી નીવડયા છે. નામદાર શહેનશાહના રાજ્યાભિષેક વીગેરેના પ્રસંગ પર તેઓને આમંત્રણ કરવામાં આવે છે મોટા મોટા રાજા મહારાજાઓ તેમને પોતાની મુલાકાત આપે છે.

તેઓ રાજદ્વારી બાબતના ઘણા શોખીન છે. મુસલીમ લીગની સ્થાપનામાં તેમની મોટો હાથ છે. ઇસલામીઓના રાજદ્વારી હકો તરફ સારી કાળજી તથા ઝેહમત ખેંચે છે.

કેળવણીના પણ તેઓ ચુસ્ત હિમાયતી છે. અલીગઢ કોલેજ તથા મુંબઇ અંજુમને ઇસલામને તેઓ કેટલીક રકમ દર વર્ષે આપતા રહે છે. મુસલીમ યુનીવરસિટિ માટે ઉલ્લટ તથા પ્રયાસ કરી તેમણે મુસલમાનોના અંતઃકરણો જીતી લીધાં છે એકંદરે તેઓ હીન્દના શુભેચ્છક થઇ પડયા છે.

ઘોડાની સરત તથા રમત ગમતના તેઓ શોખીન છે. સરતના ઘોડાઓ પર છુટથી પૈસા ખરચે છે. તેમના લગ્ન તેમના કાકા જહાંગીરશાહના બેટી સાથે થયા છે. જહાંગીરશાહને કોઇ ખોજાએ જીદ્દામાં બંદુકની ગોળીથી ઠાર કીધા હતા. તેમને બીજા ઘણા કુટુંબીઓ તરફના આવા અનેક ડાઘો ઉઠાવવા પડયા છે. તેમના વખતમાં ખોજાઓમાં ધાર્મિક સુધારાની ચળવળ જાગૃત થતાં ખોજાઓની મોટી સંખ્યા ઇસનાઅશરીઓ તરીકેની બહાર પડી તેમનાથી છુટી પડી છે. તોપણ તેમના મુરીદોની સંખ્યા હજુ ઓછી નથી. ખોજાઓ તથા કુટુંબીઓ તરફથી તેમના પર અનેક કેસો કોર્ટોમાં ચાલી ગયા છે અને તે દરેકમાં તેમની ફતેહ થઇ છે. તેમના મુરીદોની જમાતના આગેવાન મુખીઓ જો ચાહે તો તેમની કીર્તીમાં ઘણો વધારો કરી શકે છે.

નીજારી ઇમામોની મુદત્ત બતાવનારો કોઠો.

નીજારી ઇમામોના નામો.	ઇમામ થયા.		વફાત પામ્યા.	
	હી. સ.	ઇ. સ.	હી. સ.	ઇ સ.
૧ અલી.	૩૫	૬૫૫	૪૦	૬૬૦

૨ હુસેન.	૪૦	૬૬૦	૬૧	૬૮૦
૩ ઝએનુલ આબેદીન.	૬૧	૬૮૦	૯૪	૭૧૩
૪ મહંમદ બાકર.	૯૪	૭૧૩	૧૧૪	૭૩૨
૫ જાફર સાદક.	૧૧૪	૭૩૨	૧૪૮	૭૬૫
૬ ઇસમાઇલ.	૧૪૮	૭૬૫	૧૫૮	૭૭૫
૭ મહંમદ.	૧૫૮	૭૭૫	૧૯૭	૮૧૩
૮ રઝી અબદલા.	૧૯૭	૮૧૩	૨૧૨	૮૨૮
૯ તકી આહમદ.	૨૧૨	૮૨૮	૨૨૫	૮૪૦
૧૦ ઝકી અબદલા.	૨૨૫	૮૪૦	૨૬૨	૮૭૬
૧૧ અબદલા મેહદી.	૨૬૨	૮૭૬	૩૨૨	૯૩૪
૧૨ કાયમ.	૩૨૨	૯૩૪	૩૩૪	૯૪૫
૧૩ મનસુર.	૩૩૪	૯૪૫	૩૪૧	૯૫૨
૧૪ મોએઝ.	૩૪૧	૯૫૨	૩૬૫	૯૭૫
૧૫ અઝીઝ.	૩૬૫	૯૭૫	૩૮૬	૯૯૬
૧૬ હાકેમ.	૩૮૬	૯૯૬	૪૧૧	૧૦૨૦
૧૭ ઝાહેર.	૪૧૧	૧૦૨૦	૪૨૭	૧૦૩૫
૧૮ મુસ્તનસર.	૪૨૭	૧૦૩૫	૪૮૭	૧૦૯૪
૧૯ નીજાર.	૪૮૭	૧૦૯૪	૪૯૦	૧૦૯૭

૨૦ હાદી.	૪૯૦	૧૦૯૭	૫૩૦	૧૧૩૫
૨૧ મોહતદી.	૫૩૦	૧૧૩૫	૫૫૨	૧૧૫૭
૨૨ કાહેર.	૫૫૨	૧૧૫૭	૫૫૭	૧૧૬૨
૨૩ અલી ઝીકતરસલામ.	૫૫૭	૧૧૬૨	૫૬૧	૧૧૬૬
૨૪ મહંમદ.	૫૬૧	૧૧૬૬	૬૦૭	૧૨૧૦
૨૫ જલાલુદ્દીન.	૬૦૭	૧૨૧૦	૬૧૮	૧૨૨૧
૨૬ અલાઉદ્દીન.	૬૧૮	૧૨૨૧	૬૫૩	૧૨૫૫
૨૭ રૂકનુદ્દીન.	૬૫૩	૧૨૫૫	૬૫૪	૧૨૫૬
૨૮ શમશુદ્દીન.	૬૫૪	૧૨૫૬	૭૧૦	૧૩૧૦
૨૯ કાસમશાહ.	૭૧૦	૧૩૧૦	૭૭૧	૧૩૭૦
૩૦ ઇસલામશાહ.	૭૭૧	૧૩૭૦	૮૨૭	૧૪૨૪
૩૧ મહંમદ.	૮૨૭	૧૪૨૪	૮૬૮	૧૪૬૪
૩૨ મુસ્તનસર.	૮૬૮	૧૪૬૪	૮૮૦	૧૪૭૬
૩૩ અબ્દુસલામ.	૮૮૦	૧૪૭૬	૮૯૯	૧૪૯૪
૩૪ ગરીબ મીરજા.	૮૯૯	૧૪૯૪	૯૦૨	૧૪૯૭
૩૫ બુદર અલી.	૯૦૨	૧૪૯૭	૯૧૫	૧૫૦૯
૩૬ મુરાદ મીરજા.	૯૧૫	૧૫૦૯	૯૨૦	૧૫૧૪
૩૭ જુલફેકાર અલી.	૯૨૦	૧૫૧૪	૯૨૨	૧૫૧૬

૩૮ નુરદીન અલી.	૯૨૨	૧૫૧૬	૯૫૭	૧૫૫૦
૩૯ ખલીલ્લા અલી.	૯૫૭	૧૫૫૦	૯૯૩	૧૫૮૫
૪૦ નીઝાર.	૯૯૩	૧૫૮૫	૧૦૩૮	૧૬૨૯
૪૧ સૈયદ અલી.	૧૦૩૮	૧૬૨૯	૧૦૭૧	૧૬૬૧
૪૨ હસન અલી.	૧૦૭૧	૧૬૬૧	૧૧૦૬	૧૬૯૫
૪૩ કાસમ અલી.	૧૧૦૬	૧૬૯૫	૧૧૪૩	૧૭૩૧
૪૪ અબુલ હસન.	૧૧૪૩	૧૭૩૧	૧૧૯૪	૧૭૮૦
૪૫ ખલીલ્લા અલી.	૧૧૯૪	૧૭૮૦	૧૨૩૩	૧૮૧૭
૪૬ હસનઅલી શાહ	૧૨૩૩	૧૮૧૭	૧૨૫૮	૧૮૮૧
૪૭ અલીશાહ	૧૨૫૮	૧૮૮૧	૧૩૦૨	૧૮૮૫
૪૮ મહંમદ સુલતાન.	૧૩૦૨	૧૮૮૫	વિદ્યમાન	વિદ્યમાન

પ્રકરણ ૧૩ મું.

શક્તિ માર્ગ.

ખોજાઓ જ્યારે હીન્દુ ધર્મ તજી મુસલમાન મતમાં દાખલ થયા તે વખતે તે શક્તિ માર્ગમાં હતા. માટે શક્તિ માર્ગનું વર્ણન કાંઇક વિસ્તારથી આપવા મને બહુજ અગત્ય જણાઇ અને તે અગત્ય પુરી પાડવા માટે તે માર્ગ સબંધે જે કાંઇ હકીકત મળી તે અત્રે આપું છું. શક્તિ માર્ગના લોકો પોતાના ધર્મને લગતી હકીકત એટલી બધી તો છુપાવીને રાખે છે કે તે પરિપુર્ણ જાણવી લગભગ અશક્ય છે.

આ શક્તિ માર્ગનો સંપ્રાદાય માતાપંથ, મોટોપંથ, માર્ગીપંથ, શક્તિમાર્ગ, વામ માર્ગી વીગેરે નામોથી ઓળખાય છે.

શક્તિ તે શું?—શક્તિ માર્ગ જગકર્તાની અમાપ શક્તિને સમજવાના કારણે ઉત્પન્ન થયો છે. અને તે વેદમાર્ગની એક બળવાન શાખા થઇ પડયો છે. જેમ વેદ માર્ગવાળા ઇશ્વર અને પ્રકૃતિને અદ્વૈત માને છે તેમ શક્તિ માર્ગીઓ પણ શક્તિ અને ઇશ્વરને એક માને છે. જુદી માનતા નથી ઇશ્વર છે તે શક્તિ છે. અને શક્તિછે તે ઇશ્વર છે. તેના દ્રષ્ટાંતો એમ જણાવવામાં આવ્યાં છે કે અગ્નિ આદિ પદાર્થોની શક્તિ જેમ અગ્નિથી જુદી નથી. તેમ શક્તિ કે જે બ્રહ્માની શક્તિ છે તે બ્રહ્માથી જુદી નથી. એક કાર્ય અને બીજું કારણ, એવી રીતે શક્તિનું રૂપ બે પ્રકારનું છે જેમકે ફોલ્લા આદી જે થાયછે તે કાર્ય છે અને કાર્યને ઉતપન્ન કરનારી દાહ શક્તિ તે કારણ છે. શક્તિ અને ઇશ્વરની ભિન્નતા કેવળ ભૂલથીજ કલ્પાય છે. કાર્યરૂપ શક્તિ બ્રહ્માથી જુદી છે અને કારણરૂપ શક્તિ બ્રહ્માથી જુદી નથી. એમ જે બુદ્ધિમાન પુરૂષ સુક્ષમતાથી સમજે તે પુરૂષ પોતાને માયાનું જ્ઞાન થવાના સમયમાંજ બ્રહ્માનું જ્ઞાન થવાને લીધે તે ક્ષણેજ જીવન મુક્ત થઇને પછી દેહને અંત વિદેહ મુક્તિ પામે છે.

આ શક્તિના તેના જાહેર મુર્તી પેઠે વેરાટ અને સુક્ષમ ચીત્રો ચીત્રવામાં આવે છે. અને તેમ થતાં તે એક દેવી મનાઇ છે સુક્ષમ ચીત્રમાં બહુજ સુક્ષ્મમાં સુક્ષ્મ દેખાવ અને વેરાટમાં ડરામણો અને મોટો ભયંકર દેખાવ આપવામાં આવ્યો છે કે જેનું વર્ણન સાંભળી અથવા તેવું ચીત્ર નજર સામે તરતું કરતાં બીક લાગે છે.

શક્તિ દેવીની ઉતપત્તી—દેવી ભાગવતમાં લખ્યું છે કે તેણીએ સઘળા જગતને બનાવ્યું અને બ્રહ્મા, વિષ્ણુ તથા મહિષને પણ તેણે રચ્યા. તે દેવીની ઇચ્છા થઇ ત્યારે તેણે પોતાના હાથ ઘસ્યા તેથી હાથમાં એક છાલું પડયું. તેમાંથી બ્રહ્માની ઉતપત્તી થઇ. તેને

દેવીએ કહ્યું કે તું મારી સાથે વિવાહ કર બ્રહ્માએ કહ્યું તું મારી માતા છે. હું તારી સાથે વિવાહ કરી શકતો નથી. એવું સાંભળીને માતાને ક્રોધ ચડયો અને તે છોકરાને ભષ્મ કરી દીધો અને પાછા હાથ ઘસીને તેજ પ્રકારે બીજો છોકરો ઉત્પન્ન કર્યો. તેનું નામ વિષ્ણુ રાખ્યું. તેને પણ તેજ પ્રકારે કહ્યું પણ તેણે માન્યુ નહિં ત્યારે તેને પણ ભષ્મ કરી દીધો. વળી ફરીને એજ પ્રકારે ત્રીજો છોકરો ઉત્પન્ન કર્યો તેનું નામ મહેષ રાખ્યું અને તેને કહ્યું તું મારી સાથે વિવાહ કર. મહેષ બોલ્યો કે આ બે ઠેકાણે રાખ સરખું શું પડયું છે? દેવીએ કહ્યું કે એ બેઉ તારા ભાઇ છે. એમણે મારી આજ્ઞા ન માની તે માટે મેં તેને ભષ્મ કરી દીધા છે. મહેષે કહ્યું કે હું એકલો શું કરીશ? એમને જીવતા કરી દે અને બે સ્ત્રી બીજી ઉત્પન્ન કર. ત્રણેનો વિવાહ ત્રણે સાથે થશે. દેવીએ એમજ કર્યું. પછી ત્રણેના ત્રણેની સાથે વિવાહ થયા.

દેવી પુજન—ભાગવતી ભાગવતમાં દેવી પુજાના સબંધમાં જણાવ્યું છે કે "ઉતમ તીર્થના જળોથી ભરેલો અને સુવર્ણ તથા રત્નોવાળો કળશ સ્થાપવો. ચારે કોર પડખામાં પુજન વાસ્તે સામગ્રીઓ રાખીને મંગળને વાસ્તે ગાયન અને વાજીંત્રના શબ્દો કરાવવા. હે, રાજા, પહેલે દીવસે હસ્ત નક્ષત્રવાળી પ્રતિપદા તિથિમાં વિધી સહિત પુજન ઘણું શ્રેષ્ટ અને મનુષ્યોના મનોરથોને પૂર્ણ કરનાર છે. પ્રથમ અપવાશ, નકત ભોજન અથવા એક ભુકતના નિયમોનો સંકલ્પ કરીને પછી પુજનનો આરંભ કરવો. હે, મા! હે, જગદંબ! હે, દેવી! હું ઉતમ નવરાત્રનું વ્રત કરીશ. તેમાં મને સાહ્યતા આપજો એવી પ્રાર્થના કરીને વ્રતને વાસ્તે યથાશકિત નિયમ લેવો. અને પછી વિધિ સહિત મંત્ર પૂર્વક પુજા કરવી. ચંદન, અગર, કપુર અને સુગંધી પુષ્પોથી અર્ચન કરવું. મંદાર, કરંજ, આસોપાલવ, ચંપક કરવીર, માલતી અને બ્રાહ્મીનાં પુષ્પોથી સુંદર બિલ્વદળોથી, ધુપથી અને દીપથી વિધિ પ્રમાણે જગદંબાનું પુજન કરવું. નાળીએર બીજોરાં, દાડમ

ફળાં, નારંગી. ફણુસ, તથા સુંદર બીલાં આદિ અનેક પ્રકારના ફળોથી અધ્યંદેરોને ભક્તિ પૂર્વક અન્નદાન કરવું. જેઓ માંસ ખાતા હોય તેઓએ પશુઓની હીંસા કરવી. પાડા બકરાં અને સુવ્વરનું બળિદાન ઉતમ છે. દેવી આગળ મારી નાખવામાં આવેલાં પશુઓને સર્વદા સ્વર્ગ મળે છે. માટે દેવીને માટે મારનારાઓને પશુની હીંસા લાગતી નથી. સર્વ શાસ્ત્રનો નિર્ણય એવો છે કે યજ્ઞમાં જે હીંસા કરવામાં આવે તે હીંસા સમજવી નહિ. દેવતાઓને બળિદાન આપેલાં પશુઓને અવશ્ય સ્વર્ગની ગતી મળે છે. શાસ્ત્રમાં કહેલાં માન પ્રમાણે હોમને વાસ્તે સુંદર ત્રિકોણ કુંડ અથવા ત્રિકોણ સ્થંડીલ કરવું ત્રણે સમયમાં અનેક પ્રકારના સુંદર પદાર્થોથી નિત્ય પુજન કરવું અને ગાયનવાજીંત્ર તથા નાચથી મોટો ઉત્સવ કરવો. નિત્ય પૃથ્વી ઉપર સુવું અને ઉત્તમ વસ્ત્રો અલંકારો તથા મીઠાં ભોજનોથી કુમારિકાઓનું પુજન કરવું અથવા પહેલે દિવસે એક, બીજે દીવસે બે અને ત્રીજે દીવસે ત્રણ એમ પ્રતિ દીવસે અકેકનું અધિક પુજન કરવું અથવા પ્રત્યેક દીવસે બમણું અથવા પ્રત્યેક દીવસે ત્રગણું પુજન કરવું અથવા પ્રત્યેક દીવસે નવ નવ કુમારિકાઓનું પુજન કરવું. હે રાજા ! શક્તિના યજ્ઞમાં પોતાના વૈભવ પ્રમાણે પુજન કરવું, પણ કદી ધન છતાં ધનનો લોભ કરવો નહિ પૂજનમાં એક વર્ષની કન્યા લેવી નહિ; કારણ કે તે અત્યંત બાળક કન્યા ભોગ અને ગંધાદિકમાં સમજે નહિ જે બે વર્ષની કન્યા હોય તે કુમારિકા, ત્રણ વર્ષની હોય તે ત્રિમુર્તી, ચાર વર્ષની હોય તે કલ્યાણી, પાંચ વર્ષની હોય તે રોહિણી, છ વર્ષની હોય તે કાળિકા, સાત વર્ષની હોય તે ચંડિકા, આઠ વર્ષની હોય તે સાંભવી, નવ વર્ષની હોય તે દુર્ગા, અને દસ વર્ષની સુભદ્રા કહેવાય છે. જે કન્યા દસ વર્ષ ઉપર અવસ્થાની હોય તેનુ પુજન કરવું નહિ. કારણ કે તે સર્વ કાર્યોમાં નિંદિત છે ઉપર કહેલા નામોથી કુમારિકાઓની વિધિ સહિત પુજા કરવી. હવે એ નવ પૂજાઓના પુજનમાં નોખાં નોખાં ફળ કહું છું. કુમારિકાના પુજનથી દુખ અને દારિદ્ર નાશ થાય

છે. ધન આયુષ્ય અને બળની વૃધ્ધિ થાય છે ત્રિમુર્તીના પુજનથી ધર્મ અર્થ અને કામનું ફળ થાય છે. ધન્ય ધાન્યની પ્રાપ્તી થાય છે. અને પુત્ર પાૈત્રદિકની વૃધ્ધિ થાય છે. ”

ઇશ્વરની માન્યતા—માર્ગી ધર્મ એ વેદમતની શાખા છે. વેદમત વાળાની માન્યતા મુજબ માર્ગીઓ અદ્વેત મતને માને છે. ઇશ્વર સિવાય બીજુ કશુ છેજ નહિ. જે છે તે માત્ર ઇશ્વરજ છે. અહંબ્રહ્માસ્મિ એટલે હુંજ ઇશ્વર છું. હું ઇશ્વરથી ભિન્ન નથી. જ્યાં જોઉં છું ત્યાં ઇશ્વર ઇશ્વરજ છે. ઇશ્વર પ્રાપ્તી માટેના પગથીઆં કર્મ ઉપાસના અને જ્ઞાનનો લોકોમાં અભાવ થતાં સત્વ, રજ, તમ એ ત્રણુ ગુણુને ઇશ્વર માનવા લાગ્યા. વળી તેમની સ્ત્રી કલ્પી દેવી અને પછી શક્તિને ચેતન કલ્પી તેની ઉપાસના કરવા લાગ્યા. પણુ પુરાણોની હસ્તી પહેલાં ઇશ્વર ખાસ મનુષ્ય યા પશુ વીગેરેનો અવતાર લઇ આવે છે એવી માન્યતા નહિ હતી.

વેદમાં ઇશ્વર અવતાર લે છે તેવું કશું નથી. પુરાણોમાંજ તે નજરે પડે છે વળી પુરાણો જે પ્રથમ રચાયાં તેમાં પણુ ઇશ્વરના અવતાર લેવાની માન્યતા ન હતી. પાછળથી તેમાં અવતાર લેવાની માન્યતા ઘુસાડી દેવામાં આવી છે. બંગાળી વિદ્વાન બાબુ બકીમચંદ પોતાના કૃષ્ણુ ચરિત્ર નામના ગ્રંથમાં ઘણા સંશોધન પછી લખે છે કેઃ

“ અસલ મહાભારતમાં ઉમેરાનો ઘણોજ થયેલો છે. આખો ગ્રંથ ત્રણુ ભાગમાં વ્હેંચાયલો દ્રષ્ટિ ગૌચર થાય છે. પહેલો ભાગજ મુખ્ય અસલ મહાભારત છે. બાકીના બે પાછળથી કવીઓએ ઉમેર્યા છે પાછળના બે ભાગોને જો દુર કરીએ તો મુળ મહાભારતનો વિષય નાબુદ થતો નથી. નકામાં અને અકુદરતી અલંકારો દુર થાય છે. પ્રથમ ભાગમાં કૃષ્ણુને વિષ્ણુના અથવા ઇશ્વરના અવતાર તરીકે ઓળખવામાં આવતો નથી. અને તે માણુસની શક્તિ વિના એટલે દૈવ શકિતથી કાંઇ પણુ કરવાનો દાવો કરતો નથી. પણુ બીજા ભાગમાં

ખુલ્લી રીતે વિષ્ણુનો અવતાર અથવા નારાયણ તરીકે તે ઓળખાય અને પુજાય છે. પોતેજ પોતાનું ઇશ્વરત્વ કહી બતાવે છે." અને કવી પણ તે ઇશ્વરત્વ બતાવવા ખાસ યત્ન કરતો લાગે છે. ત્રીજા ભાગમાં ઘણા સૈકાની મહેનતનો સમાવેશ થએલો છે. જે કોઇએ કાંઇ લખ્યું ને તે તેના મનમાં સારૂં લાગ્યું તે તેણે મહાભારતમાં ભેળવી દીધું .... એ ત્રણ ભાગમાંનો નીચેનો ભાગ તેજ પ્રાચીન અને એટલા માટેજ એ પહેલો ભાગ તે મહાભારતનું ખરેખરૂં મુળ સમ જવું. જે ત્યાં ન હોય તે તે માત્ર કવીના મગજની કલ્પના અને અ-તિહાસિક વૃતાન્ત નહિ એમ ગણી તેને છોડી દેવું, જોઇએ" (પ્રકરણ ૧૧ પૃષ્ટ ૪૭-૪૮) કહેવાનો મતલબ એ કે માર્ગી સંપ્રદાયના લોકો ઇશ્વર અવતાર લે છે તેમ માને છે. પણ આપણે જોયું કે તેમના પ્રાચીન ગ્રંથો વેદપુરાણમાં તેવી માન્યતા નથી. પાછળના પૌરાણિક આચાર્યોજ તેના યોજક છે.

દસ અવતાર--ઇશ્વરની મુખ્ય ત્રણ શકિતઓ (૧) પેદા કર-વાની શકિતનું નામ બ્રહ્મા (૨) જીવાડવાની શકિતનું નામ વિષ્ણુ. (૩) મારવાની શકિતનું નામ શિવ. હવે આ ત્રણ શકિતને માયાવી સ્વરૂપ અપાતાં તે જુદા જુદા ત્રણ દેવ ગણાવા લાગ્યા. બ્રહ્મા ના ચાર માથાં મનાયાં અને તે દરેક માથાના મુખથી તેણે ચાર વેદ ભણ્યા. બ્રહ્માએ પોતાના મુખથી બ્રાહ્મણ, કમરથી ક્ષત્રી, જાંગથી વૈશ્ય અને પગથી શુદ્ર ઉતપન્ન કીધા ઇશ્વરની મારવાની શકિત યાને વિષ્ણુના માયાવી અનેક શરીરો યાને અવતારો મનાયા. મુળ બાબત દ્રષ્ટાંત રૂપે ઉભી થઇ અને પાછળથી તે દ્રષ્ટાંતો ખરા ઇતિહાસ રૂપે મનાવાં લાગ્યાં. વિષ્ણું યાને ઇશ્વરની મારવાની શકિતનું દ્રષ્ટાંત એ પુરાણનો મુખ્ય ભાગ ગણાયો. વિષ્ણુ પરમાત્માએ જુદા જુદા કાર-ણોને લઇ જુદા જુદા ૨૪ ઉપરાંત મનુષ્ય, પશુ વીગેરેના અવતાર લીધા. તેમાં દસ અવતાર મુખ્ય મનાય છે. માર્ગીઓ દસ અવતારની

માન્યતાને બહુજ પૂજ્ય માને છે તે દસ અવતારની સંક્ષિપ્ત હકીકત નીચે મુજબ છે.

પૌરાણિક ગ્રંથોમાં લખ્યું છે કે "બ્રહ્માના મનમાંથી ઉત્પન્ન થએલા સન્કાદીક નામના પાંચ છ વર્ષની વયના બ્રાહ્મણ કુમારો ફરતા ફરતા સ્વર્ગમાં ગયા. અહીં સ્વર્ગની છ દોઢીઓ પસાર કરી સાતમી દોઢીમાં પહોંચ્યા, અહીં બે પરોળીઆઓ હાથમાં ગદા ધારણ કરી ચોકી ભરતા હતા. આ સાતમી દોઢીમાં ખુદ ભગવાન મનુષ્ય અવતાર ધારણ કરી પોતાની સ્ત્રી લક્ષ્મીજી સાથે "આનંદ ભુવનમાં બીરાજતા હતા બ્રાહ્મણ કુમારોને બન્ને પરોળીયાઓએ છડી વતી અંદર જતા અટકાવ્યા, આમ થવાથી બ્રાહ્મણ; કુમારોએ ક્રોધાયમાન થઈ બન્ને પરોળીયાઓને શ્રાપ આપ્યો કે તમો અહીંથી કામ, ક્રોધ અને લોભ એ ત્રણ શત્રુઓ વસે છે ત્યાં એટલે.નાશવંત સૃષ્ટિમાં જઈ અસુર પેટે અવતાર લો" પોતાના પરોળીયાને નાશવંત સૃષ્ટિમાં અસુર પેટે અવતાર લેવાનો શ્રાપ સાંભળી ભગવાન ત્યાં પધાર્યા અને બોલ્યા. "હે બ્રાહ્મણ કુમારો ! જય, વિજય, (બંન્ને પરોળીયાના નામ છે) તમારા અપરાધનું ફળ ભોગવીને તુરત મને પાછા પ્રાપ્ત થાય એવું મને વચન આપો કે જેથી હું તમારો મોટો ઉપકાર માનીશ." સન્કાદિક કુમારોએ ભગવાનની માગણી સ્વીકારી. હવે ભગવાન બોલ્યા કે "મારા જય વિજય નામના પરોળીયા શત્રુ દૈત્યયોની ભોગવી તુરત મારી પાસે આવશે." પરોળીયાઓ અતિ દીલગીર થયા. ભગવને કહ્યું તમો ડરશોમાં તમારૂં કલ્યાણ થાઓ. હું બ્રાહ્મણોનો શ્રાપ રદ કરી શકતો નથી. પણ તમે વેર ભાવે મારા વિષે એકાગ્ર મન કરશો તો તેથી થોડા સમયમાં બ્રાહ્મણોનો શ્રાપ ભોગવીને પાછા મારી પાસે આવશો. પરોળીયાને પૃથ્વીપર ફેંકી દેવામાં આવ્યા આ બન્ને પરોળીયાઓએ જુદા જુદા સમયમાં દસ વખત માણસ પશુ તથા રાક્ષસોના અવતાર ધારણ કરી શ્રી ભગવાન સાથે ભયંકર યુદ્ધો કીધાં છે અને વેરભાવે શ્રી ભગવાનને સંભાર્યા છે.

૧ મચ્છ—બ્રહ્માએ પોતાના ચાર મુખથી ચાર વેદ ભણ્યા. હવે પેલા જય વિજય પરોળીયાઓએ ભગવાન સાથે દુશ્મની કરવા માટે બ્રહ્માને ઘેર પુત્ર રૂપે અવતાર લીધો. આ પુત્રનું નામ શંખો રાખવામાં આવ્યું. શંખો પોતાના બાપ બ્રહ્માના ચારે વેદ પેટમાં ગળી જઇ નાઠો. બ્રહ્માએ લાચાર થઇ ભગવાન પાસે ફરીયાદ કરી શંખા પાસેથી વેદો લઇ આપવા અરજ કીધી. બ્રહ્માની ફરીયાદથી ભગવાન ચીંતામાં પડી વિચાર કરવા લાગ્યા છેવટે વિચારમાં ચોક્સ નિ-ર્ણય પર આવી શંખા પાછળ દોડયા. શંખો પૃથ્વી પાસે આશ્રય લેવા ગયો. પૃથ્વીએ આશ્રય આપવાનું વચન આપ્યું. પરંતુ જ્યારે ભગ-વાન ત્યાં આવી લાગ્યા, ત્યારે લાલચમાં આવી જઇ પૃથ્વી ભગવાનને કહેવા લાગી કે જો આપ મને વચન આપો તો હું શંખાને સ્વાધીન કરૂં. વચન માગવાનું ભગવાને જણાવતાં પૃથ્વી બોલી કે "અય ભ-વાન આપ મારી સાથે લગ્ન કરો" ભગવાને જવાબમાં જણાવ્યુ કે "દસ અવતાર પુરા કરી તારી સાથે હું વરીશ" શંખાએ જોયું કે પૃથ્વી વચન આપી ફરી ગઇ તેથી તે ત્યાંથી નાસી નાગના પાતાળમાં ગયો. ત્યાં પણ રાજાની રાણી તથા કુંવરે શંખાને આશ્રય આપવાનું વચન આપ્યું. પણ પાછળથી પૃથ્વીની પેઠે લાલચમાં લપટાઇ જઇ વચન ભંગ કરી ભગવાન પાસે શંખાને સોંપી દેવા બદલ પોતાની પ્રીતી પાળવા વચન માગ્યું. હવે શંખો નાશી દમલા ઘોરીના પાતાળમાં જઇ ભરાયો. રાણીએ આશ્રય આપ્યો પણ ઉપર બતાવ્યા મુજબ લાલચથી શંખાને સ્વાધીન કરી આપવાના બદલામાં પોતાની પ્રીત પા-ળવા વરદાન માગ્યું. ભગવાને કહ્યું કે "એ માતા કુંતાજી આઠમા અવતારમાં હું તમારી પ્રીત પાળીશ" હવે શંખો રાખાના પાતાળમાં જઇ છુપાયો. અહીં રાજાને પણ ભગવાને પ્રીત પાળવાનું વચન આપી શંખાનો આશ્રય ભંગ કરાવ્યો. હવે અહીંથી શંખો નાશી જઇ શંખ દેવના પાતાળમાં ગયો. અહીં પણ રાજાના પાંચ પુત્રોને આઠમા અવ-તારમાં પાંચ પાંડવ રૂપે પ્રીત પાળવાનું વચન આપી શંખાનો આશ્રય

તોડી પાડયો. હવે શંખો ગર્જંદર પાતાળમાં ગયો. અહીં પણ રાજાને સાતમા અવતારમાં હરીશ્ચંદ્ર રૂપે પ્રીત પાળવાની લાલચ આપી શંખાનો આશ્રય રદ કરાવ્યો. હવે શંખો કોરમ પાતાળમાં જઇ બેઠો અહીંના રાજાના ચાર પુત્રોને ભગવાને લાલચ આપી કે તમો ચારેની મચ્છ, કોરભ, વરાહ તથા નૃસિંહ રૂપમાં રૂખમુકટ. અમરીખ દ્રોણ અને પ્રલ્હાદ રૂપે પ્રીત પાળીશ. તેથી શંખો મચ્છ પાતાળમાં જઇ પહોંચ્યો. ભગવાન પણ દરેક વખતે પાછળ જઇ પહોંચતા હતા. અહીંની રાણી તથા કુંવરે શંખાને આશ્રય આપવાનું વચન આપ્યું પણ ભવિષ્યમાં ભગવાનથી લાભ મેળવવાની લાલચમાં લપટાઇ વચન ભંગ કરી વરદાન માગ્યું ભગવાને વચન આપ્યું કે હું દસમો અવતાર ધરીશ ત્યારે હીંદુસ્તાનમાં સુરજારાણી તથા કમલા કુંવર રૂપે તમારી પ્રીત પાળીશ. હવે શંખો બધેથી નિરાશ થતો સમુદ્રમાં જઇ ભરાયો શ્રી ભગવાન મગરમચ્છ રૂપ ધારણ કરી શંખાની પાછળ સમુદ્રમાં કુદી પડયા. શંખો નાશી જઇ મહાસાગરમાં ગયો પણ ભગવાન તેની કેડે જઇ તેને પકડી ઠાર કરી તેના પેટમાંથી વેદો લઇ બ્રહ્મા પાસે આવ્યા અને બ્રહ્માને વેદો આપી ખુશ કર્યા.

૨ કચ્છ— કાચબો દૈત્યોએ ચૌદ રત્ન સમુદ્રમાંથી કાઢવા માટે મેરુ પર્વતની રવાઇ તથા વાસંગ સપનું નેત્રું કરી દહીંની પેઠે સમુદ્રને વલોવવા માંડયો. મેરૂ પર્વત કે જે વજનમાં ઘણોજ ભારે હતો તે પાણીમાં ઉતરી જવા લાગ્યો અને તેના દબાણથી સમુદ્રના સઘળા જળચરો નાશ પામવાની અણીપર આવી ગયાં દૈત્યો પર્વતને થોભી શકયા નહિ ઇશ્વરે જોયું કે સમુદ્રના સઘળા જળચરો મરી જશે તેથી પોતે કાચબાનું રૂપ ધારણ કરી, મેર પર્વતને પોતાની પીઠપર રોકી રાખ્યો; એટલે દૈત્યોએ ચૌદ રત્ન શોધી લીધાં ચૌદ રત્નોનાં નામ આ છે ચંદ્ર, લક્ષ્મી હાર, સાત મુખનો ઘોડો, કૌસ્તુભમણી, પારી જાતનું ઝાડ, કામધેનુ ગાય, ધનવંતરી વૈદ્ય, ઐરાવત હાથી, અમૃત, રંભા વિષ, ધનુષ્ય, સારંગ."

૩ વરાહ—કશ્યપ નામના રૂષીની સ્ત્રી દિતિને ગર્ભ રહ્યો આ ગર્ભ સો વર્ષ સુધી તેણીના પેટમાં રહ્યો. છેવટે તેણીએ બે પુત્રો (બેલડાંને) જન્મ આપ્યો. કશ્યપે બંન્નેના નામો હિરણ્યકશિપુ તથા હિરણ્યાક્ષ રાખ્યાં. હીરણ્યાક્ષ હાથમાં ગદા લઇ યુદ્ધ શોધતો સ્વર્ગમાં ગયો. અહીં તેની ગર્જનાથી સ્વર્ગના સુરો ગીલમાન છુપાઇ ગયાં અને કોલાહલ મચી ગયું. અહીંથી હિરણ્યાક્ષ સમુદ્રમાં પેઠે. સમુદ્રના જળચરો બીકથી આડાં અવળાં નાશી છુપાઈ ગયાં. હિરણ્યાક્ષ સમુદ્રમાં કેટલાક વરસો લગી ફર્યો. હવે હિરણ્યાક્ષ ભગવાનના નિવાસ સ્થાન પાતાળમાં ગયો. અહીં તેણે ભગવાનને વરાહ અવતારમાં આગલી દાઢની અણીપર પૃથ્વીને લઇ આવતા જોયા આ પૃથ્વીને આવી રીતે પકડી ખેંચી બહાર સમુદ્રમાં જવાને લગતી હકીકત એવી છે કે ભગવાને પ્રથમ પૃથ્વીનો ગોળો ઉત્પન્ન કર્યો. તે પાણીપર તરવા લાગ્યો. ભગવાન એક હજાર કરતાં વધુ વર્ષ તેમાં રહ્યા ભગવાનની નાભિમાંથી કમલ ઉત્પન્ન થયું. તે કમળમાંથી બ્રહ્મા પોતે ઉત્પન્ન થયા. બ્રહ્માનું પ્રથમ શરીર ઝાકળ થઇ ગયું તેથી બીજું રૂપ લઇ સૃષ્ટિ રચી. પૃથ્વી મહાસાગરમાં ડુબી ગઇ. બ્રહ્મા વિચાર કરવા લાગ્યા કે હવે હું પાણીમાંથી પૃથ્વી કેવી રીતે બહાર કાઢીશ? સૃષ્ટિ સરજવાને તૈયાર થયો તેટલામાં તો પાણીએ પૃથ્વીને ડુબાડી દીધી; અને તે રસાતાલમાં જઇ બેઠી હવે બ્રહ્માના નાકમાંથી અંગુઠા જેવડું વરાહનું બચ્ચું ઉત્પન્ન થયું. થોડી વારમાં તે હાથી જેવડું થઇ ગયું. બ્રહ્મા આશ્ચર્ય પામી અનેક પ્રકારના વિચારમાં પડી ગયા. બ્રહ્માએ કહ્યું કે ભગવાન વરાહ રૂપ રહી મારા મનમાં ખેદ ઉત્પન્ન કરે છે. તેટલામાં ભગવાન મોટા પહાડ જેવડા થઇ જઇ ગર્જના કરવા લાગ્યા તથા પાણીમાં પેઠા. રસાતાલમાં પૃથ્વીને દીઠી પછી ભગવાને તે ડુબેલી પૃથ્વીને પોતાની દાઢ વતી બહાર ખેંચી કહાડીને રસાતાળમાંથી બહાર નીકળ્યા તેટલામાં અસહ્ય પરાક્રમ વાળો હિરણ્યાક્ષ દૈત્ય હાથમાં ગદા લઇ ભગવાન સામે થયો અને મારવા લાગ્યો હિરણ્યાક્ષે ભગવાનની મશ્કરી

ફરી પૃથ્વી છોડી આપવા ધમકી આપી, તથા ગદાવતી ભગવાનનું માથું છુંદી નાખવા જણાવ્યું. વરાહ રૂપ પરમેશ્વરના મુખમા રહેલી પૃથ્વી થરથરવા લાગી. ભગવાન નાઠા. અને દૈત્ય મગરમચ્છ જેમ હાથીની પાછળ દોડે તેમ પાણીમાંથી બહાર નીકળી વરાહ ભગવાનની પાછળ દોડ્યો ભગવાને પૃથ્વીને પાણી ઉપર મુકી દીધી. હિરણ્યાક્ષે ભગવાનની છાતીપર ગદા મારી પણ ભગવાન બેશી ગયા તેથી તેનો વારો નિષ્ફળ ગયો. ભગવાને દૈત્યને ગદા મારી પણ ગદા તેની પાસે પહોંચતાં તેના કડકા કરી નાખ્યા હવે બન્ને વચ્ચે યુદ્ધ તથા કુસ્તી ચાલવા માંડી. બન્ને લોહી લોહાણુ થઇ ગયા. હિરણ્યાક્ષને ભગવાને વરદાન આપ્યું હતું કે જગતમાં તારી સમાન કોઇ બળવાન થશે નહિ માટેજ હિરણ્યાક્ષ ગર્વમાં આવી યુધ્ધ કરતો હતો

બ્રહ્માની નાસિકામાંથી ઉતપન્ન થએલા વરાહ ભગવાને કુદીને દૈત્યના હોઠપર ગદા મારી. તરતજ દૈત્યે સામી ગદા મારી તેથી ભગવાનની ગદા ભોંય પર પડી ગઇ. તારૂં મોત આવ્યું છે એમ કહી વળી દૈત્યે ભગવાનની છાતીપર મુક્કાઓ મારવા માંડયા. છેવટે ભગવાને પોતાના ચક્રથી તેને ઠાર માર્યો. અને પૃથ્વીને નિર્ભય રીતે તેની જગોએ રાખી.

વળી એમ પણ કહેવામાં આવે છે કે એક દૈત્ય સઘળી પૃથ્વીને સઘળા મનુષ્યો, પ્રાણીઓ તથા વસ્તુઓ સહીત કોથળાની પેઠે લપેટી પાતાળમાં લઇ ગયો તેથી ભગવાને વરાહ રૂપ ધારણ કરી દૈત્યોને મારી પૃથ્વીને છોડાવી તેની યોગ્ય જગાએ રાખી.

૪ **નૃસિંહ**—તેના પીતાએ બહુજ ભક્તિ કીધી તેથી ભગવાને તેના પર પ્રસન્ન થઇ વરદાન આપ્યું કે તું રાત્રે કે દીવસે, સવારે કે સાંજે, ઘરમાં કે આંગણામાં, માણસથી કે પશુથી, કે કોઇ હથીયારથી નહિ મરે. આવો અધિયાર મળવાથી હિરણ્યાકશ્યપે ખુદાઇ દાવો કર્યો અને બળાત્કારે લોકો પાસે પોતાને ખુદા કહેવડાવવા લાગ્યો. તેનો પુત્ર

પ્રલ્હાદ સાચા ખુદાનો ભકત હતો, માટે હિરણ્યાકશ્યપે પોતાના છોકરાને મારી નાખવા લોહનો થંભ ધગાવ્યો. આ થંભમાંથી નૃસિંહ અવતાર પ્રગટ થયો. આ અવતારનું રૂપ અરધું શરીર સિંહનું હતું. આ નૃસિંહ ભગવાને હિરણ્યાકશ્યપને ઘર તથા આંગણાની વચમાં સંધ્યા સમયે પોતાના નખોથી ઠાર કીધો.

૫ વામન—બલ નામે એક ન્યાયી અને દયાળુ રાજા રાજ્ય કરતો હતો તેણે ૯૯૯ યગ્નો કર્યા. હોમ જ્વાળા આકાશ સુધી પહોંચી તે ગરીબોને ધન તથા સોનાની ગાય આપતો હતો. તે યગ્નમાં બેઠો હતો તે વેળા બ્રહ્માસેન નામનો દુત આવી બોલ્યો કે અમારા રાજાની પુત્રી બહુજ ખુબસુરત છે. માટે તેની સાથે લગ્ન કરવા જોઇએ આ ઉપરથી બલ રાજા તે કુંવરી સાથે પરણ્યો આ ઉપરથી બ્રાહ્મણોએ નારાજ થઇ ભગવાન (જેને ખુદા કહે છે.) પાસે વિનંતી કીધી કે બલ બહુ પાપી થયો; માટે તમો કાંઇક છળ કપટ કરી એ દૈત્યને મારો ભગવાન બ્રાહ્મણ સ્વરૂપ ધારણ કરી બળ રાજા લગ્ન મંડપમાં બ્રહ્મસેનને ત્યાં બેઠો હતો ત્યાં ગયો. વેદ ભણીને ભિક્ષાની માગણી કીધી બલે અનેક વસ્તુ આપવા માંડી પણ ભગવાને ના જે કુંવરી સાથે પરણ્યો હતો તેણીની માગણી કીધી. બલ બહુજ ઉદાર હતો; તેથી પોતાની પરણુતી સ્ત્રી આપી દીધી. ભગવાન બોલ્યા કે હું તો તમારી પરીક્ષા કરતો હતો મને સ્ત્રીની બીલકુલ જરૂર નથી. આ રીતે ભગવાન ફાવી શકયા નહિ. ફરી બીજે વખતે ભગવાન બલ રાજાને ઘેર ગયા અને જમીનની માગણી કરતાં કહ્યું કે મારે મઢી બનાવી ચારેક માસ રહેવું છે પણ જમીન માપીને આપો તો હું લઇશ. ભગવાને સાડા ત્રણ હાથ જમીનની માગણી કીધી બલ રાજાએ જ્યારે આ કબુલાત બહાલ રાખી ત્યારે ત્રણ હાથમાજ સઘળી પૃથ્વી આવી ગઇ એવડુ રૂપ ભગવાને ધારણ કર્યું ભગવાને બલની છાતી પર પગ મુકી તેની આંખો ફોડી ઠાર કર્યો.

૬ **પરશુરામ**—કહે છે કે ક્ષત્રી રાજા સહસ્ત્ર બાહુએ પરશુરામના પિતા જમદગ્નિને કે જે પોતાનો સાઢુ થતો હતો તેને કતલ કરી નાખ્યો. ભગવાન તેનો બદલો લેવા માટે જમદગ્નિને ઘેર પરશુરામ રૂપે અવતર્યા. પરશુરામ ઇશ્વરને માનતો હતો તેથી તેના પિતાએ તેને પકડી કેદ કરવા સારૂ એક લોહનું પાંજરૂં બનાવ્યું અને પરશુરામને શોધવા માંડયો. પરશુરામ બ્રાહ્મણનું રૂપ લઇ પિતા પાસે આવી કહેવા લાગ્યો કે ઓ યજમાન કયાં જાઓ છો? ભગવાને તમારી પાંચ પેઢી ઠાર મારી છે માટે તેની સાથે જોઇ વિચારી લડજો તમો આ પાંજરામાં પેસી શકો તો પરશુરામ તેમાં પેશી શકશે. આ ઉપરથી પરશુરામનો પિતા પાંજરામાં પેઠો એટલે પુત્રે પાંજરાનું દ્વાર બંધ કરી પીતાને મારી નાંખ્યો. વળી હાથમાં એક ફરસી લઇ એક ખુનના બદલામાં દુન્યાના સઘળા ક્ષત્રીઓને ઠાર કરી નિર્વંશ કરી નાખ્યાં.

૭ **રામ**— એ અયોધ્યાના રાજા દશરથના પુત્ર હતા. રામને પોતાની ઓરમાન માતાના છળ કપટથી ચઉદ વર્ષનો વનવાસ ભોગવવો પડયો હતો. તે વનવાસમાં હતા તે વખતે લંકાનો રાજા રાવણ રામની મહોરદાર સીતાજીને હરણ કરી લંકા લઇ ગયો. પોતાની સ્ત્રીને છોડાવી લાવવા માટે રામે વાંદરાઓની ફોજ એકઠી કરી લંકામાં જઇ રાવણને ઠાર કરી પોતાની રાણી સીતાજીને છોડાવી લાવ્યા. સીતાજીને છોડાવી લાવવામાં સાત વર્ષની મુદત લાગી હતી. સીતાપર લોકોના કહેવાથી કાંઇ વહેમ જવાથી તેને જંગલમાં જઇ મારી નાખવા પોતાના ભાઇ લક્ષ્મણ સાથે મોકલી; પરંતુ લક્ષ્મણે ત્યાં જઇ તેણીને જીવતી જંગલ માં છોડી આપી. સતી સીતાજીને ત્યાં પુત્ર સાંપડયો. તે પુત્ર યુવાન થયો અને જંગલમાં શીકાર ખેલવા લાગ્યો. એક દીવસ રામ પણ તે તરફ શીકાર માટે જઇ ચડયા. પૂત્ર તથા પિતા વચ્ચે યુદ્ધ થયું. પુત્રે પોતાના પિતાને હરાવ્યો અને તેની છાતી પર ચડી બેઠો. ઓળખાણ થતાં રામ પોતાની સ્ત્રી તથા પુત્રને પોતાના મહેલમાં લઇ આવ્યા.

૮ કૃષ્ણ—કહે છે કે મથુરાના રાજા કંશને મારવા માટે વાસુદેવને ઘેર મનુષ્ય અવતાર લીધો હતો. આ અવતારનું નામ કૃષ્ણ હતું. આ અવતારે સ્ત્રીઓ સાથે ઘણોજ મજાક તથા આનંદ કીધો છે. ગોવાળીઓના મહિ તથા માખણ લુટી ખાધાં છે. નદીમાં નગ્ન થઇ નહાતી સ્ત્રીઓના કીનારા પર પડેલા કપડાં લઇ ઝાડ પર ચઢી ગયેલ છે. સ્ત્રીઓએ કાલા વાલા કરેલ છે. અને જ્યાં સુધી સ્ત્રીઓ પોતાની શરમની જગો હાથથી છુપાવી બહાર નીકળતી નથી; ત્યાં સુધી તેને કપડાં આપેલ નથી. શ્રી કૃષ્ણે પોતાના મામા કંસને કતલ કર્યો હતો.

૯ બૌદ્ધ—ઇ. સ પૂર્વે ૫૦૦ વર્ષ પર ગોરખપુરના શાક્યવંશી રાજાને ઘેર ગોતમબુદ્ધનો જન્મ થયો હતો તે. ક્ષત્રી તથા રાજાનો કુંવર છતાં ધર્મમાં માથું ઘાલી વિદ્યાભ્યાસમાં ઉતર્યો. હજુ તેની વય યુવાવસ્થાએ પણ નહોતી પહોંચી તેટલામાં તે સ્ત્રી તજી સાધુ થઇ ગયો. સાધુ થઇ તેણે લોકોને બોધ આપવા માંડયો. તેણે બોધ નામનો નવો ધર્મ ચલાવ્યો. તેણે પોતાના ધર્મ મતમાં ઇશ્વરની માન્યતાનું ધોરણ કહાડી નાખ્યું. તેને ઇશ્વર હોવાનું કોઇ પણ રીતે સાબીતજ થયું નહિ. ચીન, જાપાન, તિબેટ, બ્રહ્મદેશ, વિગેરેમાં તે મતના લોકો પુષ્કળ વસે છે. જૈન મત પણ તેની એક શાખા છે. ગોતમ બુદ્ધ વેદ મતનો કટ્ટો શત્રુ હતો. તેણે વેદ મતનું બહુજ ખંડન કીધું હતું હીન્દમાંથી બૌધ મતનો નાશ કરનાર શંકરાચાર્ય હતો. જૈન મતના લોકોને પણ પોતાની સાથે શામેલ કરી લેવાને બ્રાહ્મણોએ બૌધ્ધને વિષ્ણુનો અવતાર માન્યો હોય એમ લાગે છે. નહિતર વેદ મતનો તે કટ્ટો શત્રુ હતો.

૧૦ નકલંક—આ અવતાર હજુ થયો નથી. જ્યારે દુનિયામાં સર્વત્ર અનીતિ પથરાઇ જશે અને દૈત્ય કાળીંગો અનીતિ ભરેલું રાજ્ય ચલાવશે. ત્યારે શ્રી વિષ્ણુનો દસમો નકલંકી અવતાર પ્રગટ થશે. તે દૈત્ય કાળીંગાને મારી દુનિયાપર સર્વત્ર માર્ગીમતનો પ્રચાર કરશે

હરીવંશ—માતા પંથીઓ જેવું માન ઇશ્વરના અવતારને આપે છે તેટલુંજ માન તે અવતારના વંશને આપે છે. આ વંશ હરીવંશના નામથી ઓળખાય છે માતા પંથીઓ નવ અવતાર થયા છે અને દસમો અવતાર થનાર છે તેમ માને છે માટે તે અવતારના હરીવંશના નામો માર્ગીઓની ટીપ ઉપરથી નીચે ઉતારૂં છું.

૧ અનાદ, આદ, અવિગત, આદ, હવ, કવ, ધર્મ, કવર, તજ, નાદ, ઉત્રા, હરીતક, અંત, અતીત, વાસેશ્રી મચ્છ.

૨ મનાયક, અજામેળ, ઉમસેન, ઇચ્છ વર્ધપત, એક્ષુમધ, વણુવીર, વાસેશ્રી કોરભ.

૩ બશ્રીત, એહીયાત, પ્રજાપત, ઉમસેન, કદીમ, દોએલ, વાસેશ્રી વારાહ.

૪ કેશવ, બળીઆ, વસઅક્ષુ, તાહુતસ, ગોતમ, પૂરીતક, વાસેશ્રી નર્સંગ

૫ મનાએક, કુસુપરખ, કિસમંડણુ, વાસેશ્રી વામન.

૬ માનધાતા પૂરણીજય, એશ્રીત, જવમગન, વાસેશ્રી પરશુરામ

૭ રૂધ. જછઆત, કુંભહરી અજેપાળ, દસરથ, વાસેશ્રી રામ.

૮ પદમ, જસવદણુ. વીરપાળ, વાસુદેવ. વાસેશ્રી કાન.

૯ પ્રીખત, જન્મેજય, શિવાનંદ, વિશ્રુવછરાજ વાસેશ્રી બુદ્ધ.

૧૦ આ દસમો અવતાર નકલંકનો હવે થનાર છે.

ચાર વેદ—શક્તિ માર્ગવાળા (માર્ગીઓ) ચાર વેદને માને છે, (૧) રીગવેદ (૨) યજુરવેદ (૩) સામવેદ (૪) અથર્વવેદ. આ ચારે વેદમાં શું શું લખેલું છે તેનુ વર્ણન અપાઇ ગયું છે

ચાર યુગ—તેઓ ચાર યુગને માને છે (૧) સત્યયુગ (૨) ત્રેતાયુગ– (૩) દ્વાપરયુગ (૪) કળીયુગ. પહેલા ત્રણ યુગ પુરા થયા છે.

અને હાલ ચોથો યુગ ચાલેછે. સત્ય ૧૭૨૮૦૦૦ વર્ષનો, ત્રેતા ૧૨૯૬૦૦૦ વર્ષનો, દ્વાપર ૮૬૪૦૦૦ વર્ષનો, અને કલી ૪૩૨૦૦૦ વર્ષનો. પહેલા ત્રણ યુગો પુરા થયાછે. આજે કલી ચાલેછે. કલીયુગના પાંચહજાર વર્ષ પુરા થયાછે. બાકીના લગભગ સવા ચાર લાખ વર્ષ બાકી છે.

ચાર પાટ—ચાર યુગના ચાર પાટ માનવામાં આવે છે. શક્તિ દેવીની આરાધના કરવા માર્ગીઓ એકઠાં મળે છે ત્યારે આરાધના વખતે એક બાજઠપર કેટલીક પુજાપાઠને લગતી વસ્તુઓ રાખવામાં આવે છે. જે બાજઠપર પુજાપાઠની સામગ્રી રાખવામાં આવે છે, તેને પાટ કહે છે, આવા પાટ ચારે યુગના જુદા જુદા હોય છે. સત્ય યુગનો સોનાનો, ત્રેતાયુગનો રૂપાનો, દ્વાપર યુગનો ત્રાંબાનો અને કલી યુગનો માટીનો ગણ્યો છે આજે કલીયુગ ચાલે છે, તેથી આરાધના વખતે માર્ગીઓ માટીનો પાટ બીછાવે છે.

ચાર પાવળ—પાટની ક્રીયા વખતે એક જાતનુ પીણુ આપવામાં આવે છે, અને તે ચારે યુગ માટેનું જુદું છે. આ પીણાને પાવલ કહે છે તે સત્યયુગમાં આંસુનું, ત્રેતાયુગમાં પરસેવાનું. દ્વાપરયુગમાં સાધુના પગના મેલનું અને કલીયુગમાં વીર્યનું ગનાય છે આજે કલીયુગ ચાલે છે તેથી પાટની ક્રીયા વખતે પાણીમાં વીર્ય મેળવી પાટમાં હાજર રહે નારાને પીવરાવવામાં આવે છે.

આ પાવળમાં કેટલીક વસ્તુઓ અપવિત્ર જણાયછે. શ્રી હીંગુલા પુરાણના વાંચનથી મારા જાણુવામાં આવ્યું છે કે મુળ ઊતપતી તીર્થના પાણીથી થઇ છે. પાછળથી ધર્માચાર્યો તરફ નો પ્રેમ વધતાં બીજી વસ્તુઓ દાખલ થઇ છે.

ચાર દિશા—બંદગી માટેની ચાર દીશા ચાર યુગ માટે જુદી જુદી છે. સત્યયુગમાં ઉત્તર, ત્રેતાયુગમાં પૂર્વ, દ્વાપરયુગમાં પશ્ચિમમાં, કલીયુગમાં દક્ષિણ. આજે કલીયુગ ચાલતો હોવાથી માર્ગીઓ દક્ષિણ તરફ મુખ કરી પ્રાર્થના કરે છે.

ચાર ભકત—ચાર યુગના ચાર મુખ્ય ભકત માનવામાં આવ્યા છે. સત્યયુગનો પ્રલ્હાદ, ત્રેતાયુગનો હરીશ્ચંદ્ર દ્વાપરયુગનો યુધિષ્ઠર અને કલી યુગ નો બળી રાજા. આજે કલીયુગ ચાલતો હોવાથી આ યુગનો ભકત બલી ગણાય છે અને તેથી ધર્મ મંત્રમાં તેનું નામ ઠેક ઠેકણે આવ્યા કરે છે.

સત્યયુગનો ભકત પ્રલ્હાદ—કંસ્યપ નામના રૂષીની સ્ત્રી દિતિને ગર્ભ રહ્યો. આ ગર્ભ સો વર્ષ સુધી તેણીના પેટમાં રહ્યો. છેવટે તેણીએ બે પુત્રો (બેલડાં) ને જન્મ આપ્યો. કંસ્યપે બંન્નેના નામો હિરણ્યકંસ્યપ તથા હિરણ્યાક્ષ રાખ્યાં. આ બન્ને ભાઇઓ ઘણા બળવાન હોવાથી દૈત્યના નામે ઓળખાય છે. હિરણ્યકંસ્યપે શ્રી ભગવાનની બહુજ ભકિત કીધી તેથી શ્રી ભગવાને તેના પર પ્રસન્ન થઇ વરદાન આપ્યું કે તું રાત્રે કે દિવસે, સવારે કે સાંજે, ઘરમાં કે આંગણુંમાં, માણુસથી કે પશુથી કે કોઇ હથીયારથી મરીશ નહિ. આવો અધિકાર મળવાથી હિરણ્યકંસ્યપે પોતેજ ઇશ્વર હોવાનો દાવો કીધો. અને બળાત્કારે લોકો પાસે પોતાને ઇશ્વર કહેવડાવવા લાગ્યો. તેને ત્યાં પ્રલ્હાદ નામે મહાપરાક્રમી પુત્ર પેદા થયો પ્રલ્હાદ શ્રી ભગવાનનો સાચો ભકત નીવડયો. તેણે પોતાની કાચી વયેજ પીતાને ઇશ્વર કહેવાનો ઇનકાર કીધો આ ઉપરથી હિરણ્યકંસ્યપે પ્રલ્હાદને કોઇ પણ રીતથી મારી નાખવા તજવીજ કીધી. તેને મારી નાંખવા હથીયારોનો ઉપયોગ કરવામા આવ્યો. પાણીમાં તેને ડુબાડવામાં આવ્યો. અગ્નિમાં તેને બાળવામાં આવ્યો. પહાડ પરથી નીચે ગબડાવવામાં આવ્યો; પરંતુ કોઇ પણ રીતે તેનું મરણુ નીપજયુ નહિ. છેવટે લોઢાનો થંભ ધગાવી તેને વળગાડી મારી નાખવા તજવીજ કીધી. લોઢાનાં ધગાવેલા થંભને વળગી પડવા પ્રલ્હાદને કહેવામાં આવ્યુ. પ્રલ્હાદ તુરતજ જઇ થંભને વળગી પડયો થંભ ફાટયો અને તેમાંથી શ્રી ભગવાન નૃસિંહ રૂપે પ્રગટ થયા. આ નૃસિહ ભગવાને હિણ્યાકંસ્યપને ઘર તથા આંગણુંની વચ્ચે સંધ્યા કાળે પોતના નખેથી ઠાર કીધો, માર્ગીઓ માનેછે કે સત્યયુગમાં થપાતા

પાટની આરાધના વખતે ભકત પ્રહ્લાદ પધારતા હતા,

ત્રેતાયુગનો ભકત હરીશ્ચંદ્ર—અયોધ્યા નગરીમાં હરીશ્ચંદ્ર નામે એક રાજા રાજ્ય કરતો હતો. તે ઘણો સત્યવાદી અને પ્રજાપાલક હતો. તેને કાંઇપણ સંતાન ન હોવાથી તેણે તે માટે ઇશ્વર યાચના કીધી અને જો પુત્ર થાય તો તેને અશ્વમેધ યજ્ઞ: કરી બળીદાન આપવા માનતા કીધી. ઇશ્વર કૃપાથી પુત્ર થયો અને તેનું નામ રોહીદાસ (રોહિત્ર) રાખવામાં આવ્યું. પુત્રને બળીદાનમાં આપતાં તેનુ મન અચકાયું, પણ પાછળથી કુળગુરૂ વશીષ્ટની સંમતિથી એક બ્રાહ્મણ પુત્રને વેચાણમાં લઇ તેને બળીદાનમાં આપવા નિશ્ચય કીધો

યજ્ઞ: પ્રસંગે વિશ્વામિત્ર રૂષી પણ હાજર હતો. તેને બ્રાહ્મણપુત્ર પર દયા આવતાં તેણે વરૂણ દેવના મંત્રનો જાપ કીધો અને તેને સંતોષવાથી બ્રાહ્મણ પુત્રનો જીવ બચ્યો. ઇંદ્રના દરબારમાં વશીષ્ટે હરીશ્ચંદ્રના બહુજ વખાણ કીધાં. વિશ્વામિત્ર આવા વખાણ સાંભળી ઉશકેરાઇ ગયો અને હરીશ્ચંદને અસત્યવાદી, અદાતા અને મહાખલ જણાવ્યો અને આવેશમાં બોલી ઉઠયો કે જો તેનું છળથી સત્ય ન છોડાવું તો મારૂં સંચિત પુણ્ય નાશ પામો. છેવટે વિશ્વમિત્રે અનેક છળકપટ તથા માયાવી સ્વરૂપો દ્વારા હરીશ્ચંદ્ર પાસેથી રાજપાટ લઇ લીધું. દક્ષિણાની માગણી કરતાં છેવટે હરીશ્ચંદ્રે પોતાની સ્ત્રી તારામતી તથા પૂત્ર રોહિદાસને કાશી બજારમાં વેચી નાખ્યા અને વિશ્વામિત્રને દક્ષીણા આપી. આવી રીતનું દાન સ્વીકારવાને વિશ્વામિત્રે ના પાડી; તેથી પોતે એક ભંગીને ત્યાં દાસ તરીકે વેચાઇ રહયો. શમશાનમાં બાળવામાં આવતી લાશો પર કર લેવાનું તેને કામ સુપ્રત થયું. તારામતી તથા રોહિત્ર જેને ત્યાં વેચાઇ રહ્યા હતાં તેને ત્યાં ઘણું દુખ હતું. વિશ્વામિત્રે સર્પ સ્વરૂપ લઇ રોહિત્રને ડંખ માર્યો રોહિત્ર મરણ પામ્યો, તારામતિને ખબર પડતાં તેણીએ રોહિત્રની લાશને અગ્નિદાહ કરવા જવા શેઠ પાસે માગણી કીધી. શેઠે અર્ધરાત્રીએ

જવા જણાવ્યું. અર્ધરાત્રીએ તારામતી રોહિત્રની લાશને લઇ શમશાનમાં ગઇ અને લાકડાં વીણી રોહિત્રની લાશને સળગાવી. હરીશ્ચંદ્ર આવી ચડયો અને તારામતીને શમશાન ટેકસ આપ્યાવિના તેના પુત્રને અગ્નિદાહ કરવાની નાપાડી અને અગ્નિ હોલવી નાખ્યો. છેવટે હરીશ્ચંદ્રને માલુમ પડયું કે તે લાશ રોહિત્રની છે અને તારામતી પોતાની રાણી તેને અગ્નિદાહ કરવાને આવી છે; તેથી તે પોતાના શેઠની વગર ટેકસે એક અનાથની લાશ બાળવા દેવાની રજા લેવા ગયો. પાછળથી વિશ્વામિત્રે બ્રાહ્મણ સ્વરૂપ લઇ તારામતીને ભુત પિશાચનો ભય બતાવ્યો આથી તારામતી રોહિત્રની લાશને લઈ પાસેના દેવળમાં આવી રહી. તારામતીને મુર્છા આવી જતાં વિશ્વામિત્રે રોહિત્રની લાશ ચીરી નાખી અને આતરડાં બહાર કહાડી તારામતીના મુખપર નાખી દીધાં અને પોલિસમાં જાહેર કીધું કે એક રાક્ષસણી કોઇના છોકરાનો વધ કરી તેનો ભક્ષ દેવળમાં કરે છે. આ ઉપરથી પોલીસોએ આવી તેને જાનથી મારી નાખવાનો ઇરાદો કરી પેલા ભંગીને તે કામ માટે એક ચંડાળને મોકલવા કહ્યું. ભંગીએ હરીશ્ચંદ્રને તે કામ સુપ્રત કીધું. હરીશ્ચંદ્ર હાથમાં ખડ્ગ લઇ મંદિરમાં આવ્યો અને તારામતીને કતલ કરવા ખડ્ગ ઉગામ્યું. આ જોઈ આકાશના દેવો તથા વિશ્વામિત્રે આવી તેનો હાથ પકડી લીધો. અંતે રોહિત્રને સજીવન કરી વિશ્વામિત્રે તેનું રાજપાટ હરીશ્ચંદ્રને પાછું સુપ્રત કરી આપ્યું.

દ્વાપર યુગનો ભકત યુધીષ્ટર—દ્વાપરયુગમાં પાંડુરાજાને કુનતા તથા માદ્રી નામે બે રાણીઓ હતી, કુન્તા થકી યુધિષ્ટર, ભીમ, તથા અર્જુન અને માદ્રી થકી નકુલ સહદેવ એમ પાંચ પુત્રો થયા હતા. પાંચે ભાઇઓ પાંચપાંડવના નામે જાણીતા થયા. સર્વથી વડો યુધિષ્ટર હતો અને તેનેજ શકિત માર્ગના લોકો દ્વાપર યુગનો ભકત માનેછે. તેને લોકો ધર્મરાજાના નામથી પણ ઓળખેછે. તે સ્વભાવે શાંન્ત, ધર્મવિવેકી ન્યાયાનપુણ, સત્ય નીતિથી વર્તનાર, પ્રતિજ્ઞા પાલણ કરનાર તથા બીજા સદગુણોથી ભરપુર હતો, બધા ભાઇઓ તેનું સન્માન જાળવતા હતા,

તેના કાકા ધૃતુરાષ્ટને સો પુત્રો થયા હતા, તે કૌરવના નામથી ઓળખાય છે. સર્વેથી વડાનું નામ દુર્યોધન હતું. રાજ્યાસન પર ધૃતુરાષ્ટ હતો. તેને પાંચે પાંડવોની યોગ્યતા સાબીત થતાં તેણે રાજ્યના મોટા મોટા હોદ્દાઓ તેમને આપ્યા હતા. તથા યુવરાજપદ પણ યુધિષ્ટરને આપવા ઇચ્છા હતી. દુર્યોધને પિતા ધૃતુરાષ્ટને જઇ જણાવ્યું કે અમો તમારા સગા પુત્રો છીએ. તેથી યુવરાજપદ અમોને આપવુ જોઇએ. ધૃતુરાષ્ટે જણાવ્યું કે પાંડવોમાં સર્વ પ્રકારની કુશળતા તમારા કરતાં વધુ જોઉછું; તોપણ મારો વિચાર રાજ્યના બે ભાગ પાડી એક પાંડવોને તથા એક તમોને આપી ભવિષ્યના ફસાદને દુર કરીનાખવાનોછે. ધૃતુરાષ્ટે આવી ઇચ્છાથી પાંડવોને હાલ તુરત વારણાવટમાં જઇ રહેવા અને જયારે હું બોલાવું ત્યારે આવવા જણાવ્યું. આ ઉપરથી પાંચે પાંડવો વારણાવટમાં જઇ રહ્યા. અહીં તે જે મહેલમાં રહેતા હતા તેને યુક્તિથી બાળી નાખવાઅને તેમ કરી પાંડવનો નાશ કરવા દુર્યોધને યુક્તિ કરી પરંતુ પાંડવો પર કાવત્રું ખુલ્લું થઇ જવાથી તેઓ છુપીરીતે ત્યાંથી છટકી ગયા અને જતી વખતે મહેલને સળગાવી મુકવા દુર્યોધને જે સળગી ઉઠે તેવા પદાર્થોની સુરંગ ભરી હતી તે સળગાવતા ગયા પાંડવો કેટલીક મુસાફરીઓ કરતાં દ્રુપદ દેશમાં આવ્યા. અહીંના રાજાની પુત્રી દ્રોપદીનો આજે સ્મયંવર હતો. જે મચ્છ વીંધી નાખે તેને દ્રોપદી પરણાવવી એવી સરત હતી. અર્જુને બાજુવતી મચ્છ વીંધી નાખ્યો આ ઉપરથી દ્રુપદ રાજાએ પોતાની પુત્રી દ્રોપદીને અર્જુન સાથે પરણાવી આપી. દ્રોપદીને લઇ આશ્રમે આવતાં માતા કુન્તાને બધી હકીકત જણાવી. માતા કુન્તાની સલાહથી પાંચે પાંડવો દ્રોપદીના ધણી થયા. તેટલામાં ધૃતુરાષ્ટે પાંડવોની ખ્યાતિ સાંભળી લોક લજ્જાથી યુધિષ્ટરને તેનાં સર્વ ભાઇઓ સાથે હસ્તીનાપુરમાં તેડાવ્યા અને સન્માન સાથે રાજયનો અર્ધો ભાગ દઇને ઇંદ્રપ્રસ્થ (આગ્રા) શહેર વસાવી ત્યાં રહેવા જવાની આજ્ઞા કરી. તેથી યુધિષ્ટર પોતાના સર્વ ભાઇઓ સાથે ત્યાં જઇને રહ્યો. ઇંદ્રપ્રસ્થમાં આવી ઉત્તમ રાજનીતિથી રાજ ચલાવી પ્રજાના સુખ અને સ્મૃદ્ધિમાં વધારો કીધો

મુનીએ જણાવ્યું કે રાજસુયજ્ઞ કરી રાજાએ પોતાના ઐશ્વર્યમાં વધારો કરવો જોઇએ. આઉપરથી યજ્ઞ કરવામાં આવ્યો. દુર્યોધને યજ્ઞમાં આવવાથી કેટલુંક અપમાન થવાથી તેણે યુધિષ્ટરને કોઇપણ રીતે વશ કરવાને પ્રયત્ન કીધો. આ બાબતની સમજણ શંકુનીએ ધૃતુરાષ્ટને એમ સમજ પાડી કે કોઇપણ બહાનેથી યુધિષ્ટરને હસ્તીનાપુર તેડાવી તેને જુગાર રમાડી હરાવવો અને તેનું સર્વસ્વ હરણ કરી લેવું. આવી ગોઠવણ મુજબ યુધિષ્ટર હસ્તીનાપૂરમાં આવ્યો, અને જુગારમાં ઇંદ્રપ્રસ્થનું રાજ્ય તથા રાણી દ્રોપદીને તે હારી ગયો. છેલ્લી બાજીમાં બાર વર્ષ જાહેરમાં અને એક વર્ષ ગુપ્ત રીતે એમ તેર વર્ષ વનવાસ ભોગવવાનું તેનાપર આવ્યું. સતી દ્રોપદીના દુર્યોધનના દરબારમાં કપડાં ખેંચવામાં આવ્યાં. આવો બનાવ જોઇ તેના દરબારીઓ ઘણા હરખાયા. છેવટ યુધિષ્ટર તથા તેના ભાઇઓ દ્રોપદી સહ વનવાસ ગયા. બાર વર્ષ જાહેર વનવાસના પુરાં કરી તેઓએ વીરાટ નગરમાં ગુપ્તરીતે નોકર રહી ઘણા પ્રાક્રમો કરી બતાવ્યાં વર્ષ પુરૂં થયે દ્રુપદ રાજાના કુળગોર સાથે રાજ્યનો અરધો ભાગ માગવાને હસ્તીનાપુર મોકલ્યો. ધૃતુરાષ્ટે કહેવડાવી મોકલ્યું કે હે યુધિષ્ટર તું ધર્મનિષ્ટ છે માટે ક્રુર યુદ્ધ કરવા પ્રવર્ત થઇશ નહિ. દુર્યોધને તને રાજ્ય વિભાગ દીધો નહિ; માટે તું ભિક્ષાથી ઉપજીવિકા કર; પરંતુ યુદ્ધ કરીને તેર વર્ષ કરેલા તપ અને કીર્તિનો નાશ કરીશ નહિ. આ દેહ ક્ષણભંગુર છે તેનો ગર્વ ધરીને નાશવંત વિષયમાં તું સુજ્ઞ પુરૂષ લુબ્ધ થઇશ નહિ માટે જીદગી પર્યંત તપમાંજ આયુષ્ય ગાળી અક્ષય ભોગ ભોગવવાની દ્રષ્ટિ કરવી યોગ્ય છે વીગેરે. આવો સંદેસો સાંભળી પાંડુ પુત્રો આશ્ચર્ય પામ્યા. શ્રી કૃષ્ણે કહ્યું કે કોરવોએ પાંડવોનો ઘણોજ અપરાધ કર્યો છે માટે તેનો નાશ કરવો યોગ્ય છે આજ પર્યંત તેઓ ઘણીજ ક્ષમા રાખી રહ્યા છે પરંતુ હવે યુદ્ધ સિવાય તેઓ સમજશે નહિ. તે માટે યુદ્ધ કરવું આવશ્યક છે. યુધિષ્ટરે માત્ર પાંચજ ગામ નિર્વાહ માટે માગ્યાં પરંતુ કોરવો એક ટળી બે થયા નહિ. છેવટે લડાઇ નક્કી થઇ અને કોરવો તથા પાંડવો પોત પોતાનું સૈન્ય લઇ કુરૂક્ષેત્રમાં લડવાને આવી ઉ-

ભા. અઢારે દહાડાની લડાઇ પછી દુર્યોધન માર્યો ગયો. આ લડાઇમાં શ્રીકૃષ્ણની કેટલીક એવી વર્તન થઇ હતી કે જે ઠીક નહતી પરંતુ તેથી યુધિષ્ટરને મોટો લાભ થયો,

લડાઇમાં કૌરવોનો ધાંણ્યુ નીકળી ગયો. અને મોટી ખુના મરકી થઇ તેથી યુધિષ્ટરને ઘણી દીલગીરી થઇ. રાજ્ય માટે થઇ, આવી ખુના મરકી કીધી માટે મને પાપ લાગ્યું છે તેથી તેનું નિવારણ થવું જોઇએ. કુળગોરે સલાહ આપી કે જો લોકોમાં નીંદા થાયતો પાપનું નિવારણ થાય. છેવટે યુધિષ્ટરે એક ગાયને વરોધી અને પાંચે ભાઇઓ તેના જુદા જુદા કપાએલા અંગો ખાંધપર ઉપાડી શહેરમાં ફરવા નીકળ્યા. ધર્મરાજાએ આવું નીચ કર્તવ્ય કીધું તેથી પુષ્કળ હાંસી અને નીંદા થઇ. આટલું કરવા છતાં પણ યુધિષ્ટરના મનનું સમાધાન થયું નહિ; તેથી પાંચે ભાઇઓ હિમાલય પર્વતપર ગળી મરવાને ગયા. અહીં સ્વર્ગનું વિમાન આવ્યું અને તેમાં યુધિષ્ટર બેસી સ્વર્ગમા ચાલ્યો ગયો. માર્ગીઓ કહેછે કે પાટની કીવામાં યુધિષ્ટર હાજરી આપતા હતા.

કલીયુગનો ભક્ત બલી—કળીયુગમાં આ ભક્ત થનાર છે, તેથી તેનું વૃતાંત હોઇ શકતું નથી, જ્યારે શ્રી વિષ્ણુ પરમાત્માનો દસમો અવતાર નકલંકી થશે ત્યારે આ ભક્ત પણ થશે.

ચાર કોળી—ચાર યુગની ચાર કોળી છે ધર્મદીયાની મંડલીમાં પાટ વખતે દરેકને કાંઇક પ્રસાદી આપવાનો રીવાજ છે આ પ્રસાદીને કોળી કહે છે. તે ચારે યુગની જુદી જુદી છે સત્યયુગની હાથાની ત્રેતાયુગની ઘોડાની, દ્વાપરયુગમાં ગાયની અને કલીયુગમાં બકરાની; એટલે આ પશુઓના માંસની પ્રસાદી આપવામા આવતી હતી. આજે કળીયુગ ચાલતો હોવાથી બકરો વરોધી તેની કોળી પાટમાં આવનારને આપે છે. માર્ગીઓ કહેછે કે હાથી, ઘોડો, ગાય તથા બકરો વરોધવામાં આવતો ત્યારબાદ તેનો હાડકાં ચામડું વીગેરે પાટમાં રાખી ગુર-

મંત્ર ભણતાં તે સજીવન થઇ જતાં હતાં. આજે કલીયુગમાં બકરો સજીવન થતો નથી તેથી તે વધેરવાનું માર્ગીઓ છોડી આપે છે.

પશુઓ વધ કરવાનું ઘોરણ માર્ગીઓમાં કયાંથી આવ્યું એ એક સવાલ છે પણ તેનો જવાબ બહુજ સહલો છે. હીન્દુઓ જે યજ્ઞઃ કરતા તેમાં પશુઓ બળીદાનમાં આપતા હતા બળીદાનમાં જે પશુઓનો વધ કરવામાં આવે તેનું પાપ થતું નથી એવી માન્યતા હતી. માર્ગીઓ પણ આવી માન્યતાથી પશુઓ વધ કરવા લાગ્યા હોય તેમ જણાય છે.

ચાર યુગના ઉદ્ધાર--ચારે યુગના ચાર ભકતોએ અમુક અમુક કરોડ આત્માઓને મુકિત અપાવી એમ માનવામાં આવે છે. સત્યયુગના ભક્ત પ્રલ્હાદે પાંચ કરોડીને. ત્રેતાયુગના ભક્ત હરીશ્ચંદ્રે સાત કરોડીને, દ્વાપર યુગના ભક્ત યુધીષ્ટરે નવ કરોડી અને કળીયુગના ભક્ત બળીએ બાર કરોડીનો ઉદ્ધાર કર્યો છે. (બળી હવે બાર કરોડીનો ઉદ્ધાર કરશે)

પુનર્જન્મ--માર્ગીઓ પુનર્જન્મને માને છે. પ્રથમના અવતારના કર્મોનું ફળ આ અવતારમાં મળે છે અને આ અવતારના કર્મોનું ફળ ભવિષ્યના અવતારમાં મળશે. જેવાં કર્મો હશે તેવોજ અવતાર થશે. માણસો પોતાના કર્મોને લઇ ઘોડાં ગધેડાં, ગાય, ઉંટ, હાથી કે જીવ જંતુનો અવતાર લેશે અને કર્યા ભોગવશે. આજે પશુ પક્ષી તથા જીવડા તથા માણસો પોતાના પ્રથમ અવતારના બદલામાં આ ચાલુ અવતાર ભોગવે છે એમ મનાય છે સાથે સ્વર્ગ નરકને પણ માને છે.

દસોંદ--માર્ગીઓ પુણ્ય માટે પોતાની કમાણીનો દસમો ભાગ ધર્માદો કરે છે અને સાધુ સંતની સેવા બરદાસમાં તેવા નાણાંનો ઉપયોગ કરે છે. આ રકમ કમાણીનો દસમો ભાગ આપવો પડતો હોવાથી દસોંદના નામથી ઓળખાય છે. સ્વામીનારાયણ તથા બીજા હીન્દુ ધર્મના લોકો પણ દસોંદની રકમ ધર્માદામાં ખરચે છે.

પાટ ક્રીયા--માતાપંથીઓ જ્યારે પાટ માંડવાના હોય છે ત્યારે

થોડાક ચોખામાં કંકુ મેળવી તેને લાલ બનાવે છે. આ લાલ ચોખાને તેઓ સાધકા કહે છે. જે લોકો પાટમાં આવનાર હોય છે તેને આ સાધકા આપવામાં આવે છે. જે સાધકા લે છે તેનાપર પાટમાં હાજર થવું ફરજીઆત થઇ જાય છે.

મુકરર કરેલે દિવસે સાધકા લેનાર લોકો પાટની ક્રીયામાં હાજર થાય છે. પાટની ક્રીયા માટે ખાસ મકાન પસંદ કરવામાં આવે છે. સ્ત્રીઓ તથા પુરૂષો બંન્ને હાજર થાય છે. સ્ત્રીઓ આ પંથમાં હોય તેજ આવે છે. બાકીને આવવાની પરવાનગી હોતી નથી. આ વખતે એક બાજઠપર સફેદ કપડું પાથરી તેપર કંકુ તથા ચોખા વતી ચોક પુરવામાં આવે છે. સોપારી, તજ, ઇલાચી, લવીંગ વીગેરે મુખવાસની વસ્તુઓ મુકવામાં આવે છે. કોડીયામાં ઘીના દીવા કરે છે. આ દીવાને જ્યોત પ્રકટી એમ કહેવામાં આવે છે. એક માટીના વાસણમાં પાણી ભરી તેમાં વીર્ય નાખે છે. કેટલેક ઠેકાણે વીર્યને બદલે ગોપીચંદન પણ નાખે છે. તેપર એક શ્રીફળ રાખે છે. એક બીજા વાસણમાં કાંઇક ખાણું રાખે છે તેને કોળી કહે છે. ગુરૂ, પાટની પાસે પાણીના વાસણની સામે બેસે છે. એક માણસ કોળી લઇ તેની પાસે બેસે છે. હવે ચાર સુહાગણ સ્ત્રીઓ હાથમાં થાળી કે જેમાં કંકાવટી તથા ચોખા હોય છે તે લઇને આવે છે અને પાટને કંકુનો ચાંદલો તથા ચોખા ઉંાવી વધાવે છે. પછી ગુરૂ પાટનો મંત્ર ભણે છે. મંત્ર ભણાઇ રહ્યા પછી પાટમાં આવેલો દરેક માણુસ વારા ફરતી પાટ સામે આવી તેનું નમન કરી બંન્ને હથેળીઓ સામે ધરી 'આપજો ફરમાન, એમ ત્રણ વખત કહે છે. અને સાથેજ કાંઇ નાણું પાટપર ધરે છે તેના જવાબમાં 'સત્ય નિરવાણ' એમ ત્રણ વખત કહી પેલું થોડું પાણી તેની હથેળીમાં આપે છે. આ પાણી તે પી જાય છે અને ભીનો હાથ આંખોપર લગાડે છે. હવે તે કોળી આપનાર પાસે જઇ ઉપર જણાવ્યા મુજબ કોળી મેળવે છે આવી રીતે એક પછી એક એમ દરેક કોળી પાવળ મેળવે છે.

પાટમાં ખરા માતાપંથી સિવાયના લોકોને આવવા દેવામાં આવતા નથી. દરેક આવનારને પાટમાં આવવા સુધીના મંત્રો આવડવાં જોઇએ આ મંત્રો ગુરૂ ખરા માતાપથીઓનેજ બતાવે છે પાટ સુધી પહોંચતા સુધીમાં કેટલીક ચોકી હોય છે. દરેક ચોકીદાર પોતાની ચોકી માટેના મંત્રનો આવનારથી જવાબ માગે છે, જો તે જવાબ આપે તોજ તેને આગળ વધવા દેવામાં આપે છે.

પાટમાં સ્ત્રીઓ હોય છે. તેમાંની સઘળી યા થોડી ઘણીને પાસેના ઓરડામાં પરદા વતી જુદા જુદા ભાગો પાડી તેમાં નગ્ન કરી બેસાડે છે ગુરૂ પુરૂષોની બેઠકમાંથી કોઇ પુરૂષને કસી જોવા માટે તે સ્ત્રીઓમાંની એક પાસે મોકલે છે સ્ત્રી પાર્વતી અને પુરૂષ ઇશ્વર ગણાય છે. સ્ત્રીને સમજાવી રાખવામાં આવ્યું હોય છે, કે આવનાર પુરૂષને કસી જોવા બનતું કરવું. જો પુરૂષ તે વખતે દ્રઢ ન રહી શકયો તો તે ડુબ્યો અને જો દ્રઢ રહી શકયો તો તે તર્યો એમ ગણાય છે. ગુરૂ બહારથી ડુબ્યો કે તર્યો એમ પુછે છે જો પુરૂષ ડુબ્યો તો તે પેલી સ્ત્રીને પાછળથી બેન કહી બેન તરીકે ગણવાના રીવાજ મુજબ કાપડાંની રકમ આપે છે

ઉપરની શીષ્યોને કસી જોવાની પદ્ધતિની બહુજ સુક્ષ્મતા પર જશો ત્યારે અતિ ઉત્તમ જણાશે; પણ માયા વાળી સૃષ્ટિ માટે આવી સ્કીમ કદી પણ લાભ કારક નીવડી શકે નહિ બલ્કે ઉલટો ચોર કોટવાલને દંડે અર્થાત ગાંડનુ ગોપીચંદન પણ ચાલ્યું જાય. જે કાંઇ નીતિ હોય તે અનીતિના પુર્ણ માર્ગો મળતાં દુર થાય અને અંધકાર વરતાઇ જાય. વામ માર્ગીઓમાં પણ એમજ થયું. વેદની અદ્વૈત માન્યતાએ આ ટોળાંની નીતિનું સત્યાનાશ કરી નાખ્યું અને અનીતિના કાર્યો કરનારી એક ભયંકર ટોળી બનાવી દીધી આ ટોળું કેવા દુષ્કર્મોમાં સપડાઇ ગયું તે માટે સત્યાર્થ પ્રકાશનો થોડો ઉતારો અત્રે આપવો ઠીક થઇ પડશે,

"મદ્ય, માંસ, મીન (મચ્છી), મુદ્રા એટલે પુરી કચોરી અને મોટી રોટલી આદિ ચર્વણ તથા યોનિ પાત્રાધારની મુદ્રા અને પાંચમું મૈથુન; અર્થાત પુરૂષ સઘળા શીવ અને સ્ત્રી સર્વે પાર્વતી સમાન માની"

"રજસ્વલાની સાથે સમાગમ કરવાથી જાણે પુષ્કરનું સ્નાન, ચાંન્ડાલીની સાથેના સમાગમમાં કાશીની યાત્રા, ચમારી સાથે સમાગમ કરવાથી પ્રયાગ સ્નાન, ધોબણ સાથે સમાગમ કરવામાં મથુરા-યાત્રા અને કંજરી સાથે લીલા કરવાથી જાણે કે અયોધ્યા તિર્થ કરી આવ્યા"

"એક ગુપ્ત સ્થાનમાં કે જ્યાં વામમાર્ગી સિવાય બીજાને આવવા દેતા નથી. ત્યાં સ્ત્રી અને પુરૂષ એકઠા થાય છે એક સ્ત્રીને નાગી કરીને પુરૂષો, અને એક પુરૂષને નાગો કરીને સ્ત્રીઓ પુજા કરે છે. પછી કોઇ કોઇનીકે પોતાની સ્ત્રી, કોઇ પોતાની કે બીજાની કન્યા. કોઇ પોતાની કે બીજાની માતા, ભગિની કે પુત્ર વધુ આદિ આવે છે પછી એક પાત્રમાં મદ્ય ભરી, માંસ અને વડાં આદિ એક થાળીમા મુકે છે. પેલો મદ્યનો પ્યાલો જે તેમનો આચાર્ય હોય છે તે હાથમા લઇને બોલે છે કે હું ભૈરવ છું શીવ છું. એમ કહીને પી જાય છે. પછી તેજ બોટેલા પાત્રથી સર્વે પીયે છે અને જ્યારે કોઇની સ્ત્રી કે વેશ્યાને નાગી કરી, અથવા કોઇ પુરૂષને નાગો કરી હાથમાં તલવાર આપી, સ્ત્રીનું નામ દેવી અને પુરૂષનું નામ મહાદેવ રાખે છે. તેમની ઉપસ્થ ઇંદ્રીયની પુજા કરે છે. તે પછી તે દેવી કે શીવને મદ્યનો પ્યાલો પીવડાવીને તેજ બોટેલા પાત્રથી સઘળા લોક એક એક પ્યાલો પીએ છે. પછી તેજ પ્રકારે ક્રમથી પી પીને ઉન્મત થઇને કોઇ કોઇની બહેન, કન્યા માતા કેમ ન હોય, તોપણ જેની સાથે ઇચ્છા હોય તેની સાથે કુકર્મ કરે છે. કદી ઘણો નીશો ચઢવાથી જોડા, લાત મુક્કી, કેશની ખેંચા ખેંચી કરી આપસમાં લડે છે. કોઇ કોઇને ત્યાંજ વમન થાય છે; તેમાં જે સીદ્ધીને પહોંચેલો એવો જે અઘોરી કે જે

સર્વમાં સિદ્ધ ગણાય છે તે વમન થયેલી ચીજને પણ ખાઈ જાય છે."

"ઉદ્દીસ તંત્રાદિમાં એક પ્રયોગ લખ્યો છે કે એક ઘરમાં ચારે તરફ આલય હોય. તેમાં મદ્યના શીસા ભરીને મુકવા. એક આલયમાંથી એક શીસો પીને, બીજા આલયપર જાય તેમાંથી પીને ત્રીજામાં અને ત્રીજામાંથી પીને ચોથા આલયમાં જાય. ઉભા ઉભા ત્યાં સુધી મદ્ય પીએ કે જ્યાં સુધી લાકડીની સમાન પૃથ્વીમાં ન પડી જાય. ફરી જ્યારે નશો ઉતરે ત્યારે તેજ પ્રકારે પીને પડી જાય. પુનઃ ત્રીજીવાર એજ પ્રકારે પીને અને પડીને ઉઠે તો તેનો પુનર્જન્મ ન થાય."

"વામિયોના તંત્ર ગ્રંથોમાં એ નિયમ છે કે માત્ર એક માતાને મુકીને કોઇ સ્ત્રીને ન છોડવી જોઇએ. ચાહે કન્યા હોય કે ભગિની આદિ કેમ ન હોય; સર્વની સાથે સંગમ કરવો જોઇએ. એ વામમાર્ગીઓમાં દસ મહા વિદ્યા છે. તેમાંથી એક માતંગી વિદ્યાવાળા કહે છે કે માતાને પણ સમાગમ વિના ન છોડવી જોઇએ. અને પુરૂષના સમાગમ સમયમાં મંત્ર જપે છે કે અમને સિદ્ધિ પ્રાપ્ત થઇ જાય."

"એક ચોળી માર્ગી અને બીજા વામમાર્ગી પણ હોય છે. ચોળી માર્ગવાળા એક ગુપ્ત સ્થાન કે ભુમિમાં એક સ્થાન બનાવે છે. ત્યાં સર્વની સ્ત્રીઓ, પુરૂષ, બાલક, બાલકીઓ, બહેનો, માતા, પુત્રવધુ આદિ સર્વ એકઠા થઇને સર્વ લોક માંસ ખાય છે. મદ્ય પીએ છે. એક સ્ત્રીને નાગી કરીને તેની ગુપ્ત ઇન્દ્રીયની પુજા સર્વ પુરૂષો કરે છે અને તેનુ નામ દુર્ગાદેવી રાખે છે. પછી એક પુરૂષને નાગો કરી તેની ગુપ્તેદ્રીયની પુજા સર્વ સ્ત્રીઓ કરે છે. જ્યારે મદ્ય પીપીને ઉન્મત થઇ જાય છે. ત્યારે સર્વ સ્ત્રીઓની છાતીનું વસ્ત્ર જેને ચોળી કહે છે તેને લઇને એક માટીની ગાગરમાં સઘળી એકઠી મેળવીને નાખે છે. પછી એક પુરૂષ તેમાં હાથ ઘાલીને જેના હાથમાં જેનું વસ્ત્ર આવે તે માતા બહેન, કન્યા અને પુત્ર વધુ કેમ ન હોય; પણ તે સમય માટે તો તેની સ્ત્રી થઇ જાય છે. આપસમાં કુકર્મ કરવાથી અને બહુજ નશો

ચડવાથી જુના ખાજી આદિથી લડે વડે છે. પ્રાતઃકાળે જ્યારે કાંઇ અંધારૂં હોય છે ત્યારે પોતપોતાને ઘેર ચાલી જાય છે. ત્યારે માતા માતા, કન્યા કન્યા, બહેન બહેન અને પુત્રવધુ પુત્રવધુ થઇ જાય છે. બીજમાર્ગી સ્ત્રી પુરૂષ સમાગમ કરીને જલમાં વીર્ય નાખી મેળવી પીએ છે."

સત્યાર્થ પ્રકાશના કર્તા સ્વામી દયાનંદ સરસ્વતીએ જુદા જુદા ધર્મોની કાળી બાજુઓજ જોઇ અને વર્ણવી છે અને તેથી તે જુદા જુદા ધર્મોના અનુયાયીઓમાં ઘણો વગોવાયો છે. હું તેના ઉતારાપર વધુ વિશ્વાસ મુકી શકતો નથી તથાપિ ઉપરનો તેનો ઉતારો તદ્દન ગેર-વાજબી છે એમ પણ કહી શકતો નથી. સારાંશ એટલો કે શક્તિ મા-ર્ગમાં તેની માન્યતાના અનુપાના બરાબર ગોઠવાઇ શકાયાં નહિ તેથી ધા-રવા કરતાં ઉલટું રૂપ આવ્યું છે.

માર્ગી સંપ્રદાયની ઉતપત્તી મહિધરાચાર્ય નામના રૂષીથી થઇ હતી. મહિધરાચાર્યે વેદના ટીકા લખ્યા છે તેમાં તેણે માર્ગીઓમાં સત્યાર્થ પ્રકાશના ઉતારાના પહેલા પારિગ્રાફમાં જણાવેલી પાંચ વસ્તુઓ વેદથી વાપરવી સિદ્ધ કીધી છે.

ઉપર જે પાટની ક્રિયા લખવામાં આવી છે તેવી પાટની ક્રિયા દરેક યુગમાં થતી હતી તથા જે તે યુગના ભકતો તેમાં હાજર થતા હતા એમ માર્ગીઓ કહે છે. પણ પુરાણોમાં તે માટે એક અક્ષર પણ જોવામાં આવતો નથી. પ્રથમના યુગોમાં આ ક્રિયા થતી હતી તથા તેમાં મુખ્ય ભકતો હાજરી આપતા હતા તે બરોબર સમજવા હરી-શ્ચંદ્રની હકીકત આપું છું

હરીશ્ચંદ્ર માર્ગીઓ તરીકે–માર્ગીઓના ભજનોમાં લખ્યું છે કે સત્યવાદી મહારાજા હરીશ્ચંદ્ર પ્રથમ માર્ગી સંપ્રદાયના ન હતા; પણ તેમની રાણી તારાદે ગુપ્તપણે માર્ગી પંથ પાળતી હતી. એક રાત્રીએ

જ્યારે મહારાજા હરીશ્ચંદ્ર પોતાના મહેલમાં પોઢેલા હતા; ત્યારે રાણી તારાદે રાજાને ઉંઘાઇ ગએલો જોઇ ઉઠી અને મેઘધાર નામના અંત્યજને ઘેર પાટ હોવાથી તેમાં જવાને ગુપ્તપણે ચાલી નીકળી. સતપંથની બરકતથી માર્ગની બધી ચોકીઓ તથા યમુના નદી પસાર કરી તારાદે મેઘધારને ત્યાં પાટમાં ગઇ. તુરતજ હરીશ્ચંદ્ર જાગી ઉઠયો અને રાણીને ન જોતાં તે તેની શોધમાં નીકળ્યો અને મેઘધારને ત્યાં આવી પહોંચ્યો. કમાડની ફાટ વચ્ચેથી તેણે તારાદેને પાટમાં બેઠેલી જોઇ. હવે રાજા તારાદેની મોજડીઓ જે બહાર પડી હતી તેમાંની એક લઇ મહેલમાં આવી ઉંઘી ગયો. પાટ સમાપ્ત થતાં જ્યારે રાણી ઘેર જવાને તૈયાર થઇ ત્યારે મોજડી જોવામાં આવી નહિ. તેને સંદેહ થઇ આવ્યો કે રખેને રાજા આવી લઇ ગયો હોય સાધુ જનોમાં વાત જાહેર થઇ. સઘળા સાધુઓ બેશી ગયા અને લોટ મસળી તેની એક મોજડી બનાવી. તેપર મંત્ર ભણ્યો. મંત્ર ભણાઇ રહેતાં લોટની મોજડી ખરી મોજડી થઇ ગઇ. રાણી તે પહેરી ઘેર આવી. ઘેર આવી પલંગપર સુતી; તેટલામાં રાજા આળસ મરડી ઉભો થયો અને તલવાર ખેંચી કહેવા લાગ્યો કે બોલ, કયાં ગઇ હતી! અને તારી પાસેના આ થાળમાં શું છે? રાણી ગભરાઇ. કેમકે થાળમાં પાટ વખતે જે ઘોડો વધેરાયો હતો તેનું માંસ, પુરીઓ તથા લોહી વીગેરે હતુ. રાણીએ ગુરૂ નામનો મંત્ર ભણી રાજાને કહ્યું કે હું તો બગીચામાં ફળ ફુલ લેવાને ગઇ હતી. એમ કહી થાળપરથી રૂમાલ ખસેડી રાજાને તે થાળ દેખાડયો. માંસ, પુરી તથા લોહી બદલાઇ ફળફુલ થઇ ગયાં. રાજા અચરજ પામી કહેવા લાગ્યો કે અય રાણી, તારો ધર્મ મને બતાવ. રાણી કહે છે કે તે ધર્મ ઘણો દોહેલો છે. રાજપાટ, હંસલો ઘોડો તથા કુંવર રોહિદાસને તજવાં પડશે. છેવટે રાજા તે પંથમાં દાખલ થયો. આ ભજન માલા, રાવલ તથા રૂપાદેના જેવું છે અને તે ભજનોની ચોપડીઓમાં મોજુદ છે.

ગોપીચંદની કથા—ગોપીચંદ નામે ગૌડ બંગાલા દેશનો મહારાજા હતો. તેની રાજધાની કંચનપુરમાં હતી. તેના પિતાનું નામ.

ત્રૈલોક્ય. માતાનું નામ મૈનાવતી અને બેનનું નામ ચંપાવતી હતું. મૈનાવતી એ વિક્રમાદિત્ય રાજાની નાની બહેન થાય. ગોપીચંદ અતિ રૂપાળો. દેખાવડો, નીતિવાન, શુરવીર અને રાજ કાજમાં ચતુર હતો એમા નામે રાજકન્યા પટરાણી હતી. ઉપરાંત બારસો પરણેલી અને સોળસો રાખેલી સ્ત્રીઓ હતી. ત્રૈલોક્યચંદના મૃત્યુ બાદ ગોપીચંદ ગાદીપર બેઠો મૈનાવતી ઘણી ડાહી અને ચતુર હોવાથી તેને હવે વૈરાગ્ય ઉપન થયો મૈનાવતીએ જંગલમાં જાલંધરનાથ યોગીના સ્થાને જઇ પુર્ણ શુદ્ધ ભાવથી ગુરૂ મંત્ર માગ્યો ગુરૂએ મૈનાવતીની શ્રદ્ધા જોઇ તેને ગુરૂ મંત્ર આપ્યો. મૈનાવતી અવાર નવાર ગુરૂની સેવામાટે જંગલમાં જતી. વારંવાર તેના જાલંધર યોગી પાસે જવાથી લોકોમાં મૈનાવતી માટે હલકા વિચારે ઉતપન્ન થયા ઓમાએ આ વાત ગોપીચંદને કહી તેના કાન ભંભેર્યા. આ ઉપરથી ગોપીચંદે છુપી રીતે તપાસ કીધા વિના જાલંધર યોગીને સમાધિ સ્થિતમાંજ પકડાવી કુવામાં નાખી તેપર ઘોડાની લાદ પુરાવી દીધી. જાલંધરની આવી વલે થઇ તે બાબતની મૈનાવતીને કશી ખબર પડી નહિ. એક વખતે તે મહેલની અગાશીમાં બેઠી હતી તેવામાં જાળંધર યોગીનો શિષ્ય કાનીપો (કાનીફનાથ) ત્યાં ગુરૂને શોધતો આવી ચડયો અને ગોરખનાથના કહેવાથી તેને ગુરૂપર વીતેલી હકીકત માલુમ પડી. આ ઉપરથી તે ક્રોધાયમાન થઇ પોતાના બાવન સિધ્ધોસહ હાથમાં ચીપીયાઓ લઇ આવ્યો અને ગોપીચંદને દુષ્ટ વીગેરે કહી હાંક મારી. આ ઉપરથી ગોપીચંદ થરથરી ગયો અને મહેલમાં કોલાહલ મચી ગયું

આ વખતે ગોપીચંદને તેની રાણીઓ બાજઠપર બેસાડી નહવડાવતી હતી. તેનું કંચન સરીખું શરીર શોભી રહ્યું હતું. તેની મા મૈનાવતી અગાશીમાં બેઠી જોઇ રહિ હતી તેના મનમાં આવ્યું કે ગોપીચંદના પીતાની કાયા પણ એવીજ દેદીપ્યવાન હતી પરતુ કાળ આવતાં તેનો નાશ થયો ગોપીચંદનું પણ તેમજ થશે. જો ગોપીચંદ રાજપાટ

છોડી કોઇ મહાત્મા પુરૂષની સેવા કરે તો તેની આ કાયા અમર થાય આવા વિચારમાં તેની આંખોમાં પાણી ભરાઇ આવ્યાં. એક ગરમ આંસુ ખરી પડી નીચે ગોપીચંદના શરીરપર જઇ પડ્યું તપાસ કરતાં રાણીઓએ જણાવ્યું કે માતા મૈનાવતીના આંસુનું તે બીન્દુ હતું. ગોપીચંદે કપડાં પહેરી માતા પાસે જઇ તેના આંસુ વિષેનો ખુલાસો માગ્યો અને માતાને જે કાંઇ દુખ હોય તેનું નિવારણ કરવા જણાવ્યું મૈનાવતીએ તેને સઘળી હકીકત કહી સંભળાવી. મૈનાવતીના વિચારો ગોપીચંદને અસર કરી ગયા અને પોતે કોઇ મહાત્મા હોયતો તેની સેવા કરવા અને અમર થવા તૈયાર છે એમ જણાવ્યું. મૈનાવતી કહે કે ગુરૂ જાલંધર એક સિદ્ધ મહાત્મા છે; તેની સેવા કરવી જોઇએ. આ સાંભળી જાલંધરની વિના તપાસે જે ગત કીધી છે તેપર ગોપીચંદને પસ્તાવો થયો. પરંતુ માતાને કાંઇપણ જણાવ્યા સિવાય તે પાછો પોતાના મહેલમાં ચાલ્યો ગયો. ઉપલો બનાવ બન્યાને બીજે દહાડે કાનીપા ઉપર જણાવ્યા મુજબ જાલંધર યોગીને શોધતો આવ્યો મૈનાવતી ગભરાઇ ગઇ તે સમજી કે હવે ગોપીચંદનો અંત આવ્યો તેનો તથા તેના રાજ્યનો વિનાશ થશે. મૈનાવતી કાનીપાને પાય પડી અને કોઇ પણ રીતે ગોપીચંદનો બચાવ કરી તથા તેને ગુરૂમંત્ર અપાવવા વિનવવા લાગી કાનીપાએ મૈનાવતીને પોતાની માફક જાલંધરની શિષ્ય જોઇ તેને તેની માગણી મુજબ કરી આપવા દીલાસો આપ્યો. કાનીપાએ ગોપીચંદને કહી ગોપીચંદ જેવા ચાર સોના રૂપા, ત્રાંબા અને પીતળના પુતળાં બનાવ્યાં. કાનીપાએ કુવાપરથી લાદ ખસેડાવી ત્યાં મૈનાવતી તથા ગોપીચંદને હાજર રાખ્યા. ગુરૂએ સમાધિમાંથી આંખ ખોલી; એટલે કાનીપાના કહેવાથી ગોપીચંદે સોનાનું પુતળું સામે ધરી ગુરૂ જાલંધર પાસે આશીષ માગી ગુરૂએ એ કોણ છે? એમ બુમ પાડી. કાનીપાએ કહ્યું કે ગૌડબંગાળા દેશનો રાજા ગોપીચંદ આપનું શરણ ઇચ્છેછે ગુરૂએ તેને બળી ભસ્મ થઇ જવાનું કહેતાં તે પુતળું બળી ભસ્મ થઇ ગયું. ત્યાર બાદ ફરીથી રૂપાં તથા ત્રાંબાંના પુતળાઓની એજ વલે થઇ. છેવટે લોઢાનું પુતળું રજુ કરી ગોપીચંદે આશીષ માગી, ગુરૂએ વિચાર્યું કે ગોપીચંદે મારા

શિષ્યોની મારફત મારો આશીર્વાદ માગેલો જણાય છે તેથી તે બોલ્યો કે અમર હો બેટા ગોપીચંદ તારી કાયા અમર થાઓ. તુરતજ ગુરૂ જાલંધરનાથ બહાર નીકળી આસનપર આવી બેઠા. કાનીવા, મૈનાવતી તથા ગોપીચંદ વીગેરેએ નમસ્કાર કીધો ગોપીચંદે આગળ વધી જણાવ્યું કે, મહારાજ આ વિશ્વના વિચિત્ર મનુષ્યોથી ત્રાસ પામી તારણ અર્થે આપના મુખથી ઉપદેશ લઇ અરણ્યમાં વાસ કરવા ઇચ્છું છું. જાલંધર યોગી બોલ્યો કે બેટા, આ મહાન રાજ્ય, બારસો પરણેલી આંઓ, સોળસો રાખેલીઓ, મણિમય મહેલનો નિવાસ, અનેક જાતના સ્વાદીષ્ટ ભોજન, અત્યંત સુવાસિત પુષ્પોના બાગ અને મુકતા રત્નથી ભૂષિત વસ્ત્રાલંકાર એ સર્વ તજી વનમાં વસવું અશકય છે; માટે ઉઠ અને જા તારૂં રાજ્ય સંભાળ. ગોપીચંદ કહે વીરનું વચન એકજ હોય છે જેનો બોલ ગયો તેણે સર્વ ખોયું. જે સદ વિચારે અંતરમાં પ્રવેશ કર્યો તેનો સહજ સુખ માટે ત્યાગ કરવો એના જેવું રૂડું એકે નથી જાલંધરે ગોપીચંદનો દ્રઢ નિશ્ચય જોઇ તેને દીક્ષા આપી. હવે ગોપીચંદ જોગી થઇ રાજ્ય તજી પોતાની માતા તથા સર્વ રાણીઓ પાસે અલ્લેક અલ્લેક કરતો ભિક્ષા માગી લાવ્યો. તેની આવી સ્થિતિ જોઇ રાણીઓએ શોકથી મહા રૂદન કર્યું પ્રજા શોકાતુર થઇ. ચારે તરફ હાહાકાર થઇ રહ્યો. ગોપીચંદ યુકિત અને બોધથી સર્વને શાંન્ત કરી ગુરૂ જાલંધર સાથે તીર્થ યાત્રા કરવાને ચાલી નીકળ્યો. એ રીતે યોગ સાધનાથી પ્રભુને પામી પોતાના જીવનનું સાર્થક કીધું. એક ઠેકાણે એમ પણ વાંચવામાં આવ્યું કે તેના માટે આકાશથી વિમાન ઉતર્યું તેમાં તે બેશી સ્વર્ગમાં ગયો.

સત્યવાદી સગાળશા—સગાળશા નામે એક સત્યવદી વાણીઓ હતો. તેની સ્ત્રીનું નામ ચંગાવતી હતી. બંન્ને ઘણા પરમાર્થી હતા જ્યાં સુધી સગાળશા શેઠ એક સાધુને દરરોજ જમાડે નહિ ત્યાં સુધી તે જમણ લેતો ન હતો એક સમયે ઉપરા સાપરી કેટલાક દહાડા સુધી ધોધમાર વરસાદ વરસ્યો તેથી કોઇ સાધુ પુરૂષને હાજર કરી શકાયો નહિ; તેથી

સગાળશા ભુખ્યો રહ્યો. વરસાદ ખુલ્યા પછી સગાળશાના મહેતા તથા ચાકરો સાધુની તપાસ માટે નીકળ્યા. તળાવની પાળે એક સાધુ બેઠેલો જોવામાં આવ્યો. સગાળશા તેની પાસે ઉઘાડે પગે ગયો અને નમસ્કાર કરી પોતાને ઘેર પધારવા તેને અરજ કીધી સાધુ કોઢીઓ હતો. તેનું શરીર સડી ગયું હતું. તેમાંથી બહુજ દુર્ગંધ છુટતી હતી અને માખીઓ તેનાપર જમણુતી હતી. સાધુ કહે કે જો તારી સ્ત્રી મને તેડવા આવેતો તારે ઘેર આવું. આ ઉપરથી ચંગાવતી એક કંડીયામાં સાધુને બેસાડી તેને માથાપર ઉપાડી સાધુને ઘેર લઇ આવી સાધુને ઉપાડ્યો તેથી ચંગાવતીનું આખું શરીર રક્તથી ઝબોળાઇ ગયું હતું. સાધુને ગરમ પાણી વતી નહવડાવી પલંગપર મુકયો. તેને જમવાનું પુછતાં તે કહેવા લાગ્યો કે હું અનાજ ખાઇ શકતો નથી. માંસ પરજ હું જીવુ છું. સગાળશા આસ્તિક હીન્દુ હતો છતાં તેણે કસાઇને ત્યાંથી માંસ મંગાવી રાંધી રજુ કર્યું. સાધુ કહે કે હું પશુ પક્ષિનું માંસ ખાતો નથી. માણુસનુંજ માંસ હોયતો જોઇએ અને જો તે ન હોયતો મને પાછો તળાવની પાળપર બેસાડી આવો. છેવટે સગાળશાએ પોતાના એકલા પુત્ર ચેલૈયાને વધેરી તેના ધડનું માંસ રાંધી રજુ કર્યું અને માથાને શીંકાપર ચડાવી મુક્યું. સાધુ કહેકે હું ધડનું માંસ ખાતો નથી પણ માથાનુંજ જોઇએ. ચંગાવતીએ ચેલૈયાનું માથું ખાંડણીયામાં કુટી તે રજુ કર્યું. સાધુ કહેકે હું વાંઝીયાના ઘરનું ખાતો નથી ચંગાવતી કહે મહારાજ! મહારાજ મને પાંચ માસનું હમલ છે અને તેટલું કહી છરી વતી પોતાનું શરીર ચીરી હમલ બતાવવા તૈયાર થઇ. સાધુએ ચંગાવતીના હાથ પકડી લીધા. સાધુ કહેકે હું ખુદ ઇશ્વર છું મારા તમારૂં સત જોવાને આવ્યો હતો. સાધુએ ચેલૈયાને ત્યાંજ સજીવન કીધો.

પરચુરણ ક્રીયાઓ—માતા પંથીઓ દરરોજ ચોકસ વખતે દેવની આરતીનું ભજન બોલે છે. અથર્વવેદ તથા આરાધ નામના મંત્રો કે જે દેશી ભાષામાં હોય છે તેનો પાઠ કરે છે.

પ્રકરણ ૧૪ મું.

સુફી મત.

ઇસ્માઇલી ટોળાંએ પોતાના ધાર્મિક શિક્ષણમાં સુફીમતનો ભેળ કીધો હતો. અત્રે સુફીમત તે શું છે તે જાણવા માટે તેની સંક્ષિપ્ત હકીકત આપું છું.

ઇસલામનું ઉત્તરોત્તર જ્ઞાન સમજવા માટે તેની ચાર પાયરીઓ સુફીઓએ કીધી છે તે ચાર પાયરીઓ શરીયત, તરીકત, હકીકત અને મારફત નામથી ઓળખાય છે શરીયત એટલે કાયદા, તરીકત એટલે માર્ગ, હકીકત એટલે વિવેક અને મારફત એટલે જ્ઞાન. અભ્યાસી સુફી મતમાં જેમ જેમ ઉંડો ઉતરતો જાય તેમ તેમ તે શરીયત થી મારફત સુધી પહોંચતો થાયછે.

સુફીઓ શરીયત પસાર કરી મારફત હાસલ કરવા માગેછે અને તેથી ઇશ્કે ઇલાહિમાં ક્રમે ક્રમે આગળ વધે છે ઇશ્ક બે જાતના છે ૧ ઇશ્ક મજાઝી ૨ ઇશ્ક હકીકી. ઇશ્કે મજાઝી એટલે જુઠો ઇશ્ક. આ ઇશ્કમાં શીષ્ય પ્રથમ પ્રવેશ કરી મુરશદના ઇશ્કમાં લીન થાય છે મુરશદના બોલથી કોઇ બોલ શ્રેષ્ટ નથી તેમ મુરશદ જે કરેછે તેમાં લેશ માત્ર જુઠું નથી મુરશદ પ્રત્યેની શ્રદ્ધા અંધ શ્રદ્ધા સુધી પહોંચી જાયછે. હાફીઝ શીરાઝી કહેછે કેઃ—

બમે સજ્જાદા રંગીં કુન ગરત પીરે મુગાં ગોયદ.
કે સાલેક બે ખબર ન બુવદ ઝ રાહો રસ્મ મંઝીલ હા.

અર્થઃ— જો તારો મુરશદ કહે તો તારા મુસલ્લાને શરાબથી તરબોળ કરી નાખ; કેમકે મુરશદ તેનું શું પરિણામ આવશે તેથી અજાણ નથી.

જેમ ઇશ્કે મજાઝીમાં મુરશદ પ્રત્યે ફના થઇ જવાનું છે તેમ તે ઇશકથી વૃત્તિ સ્થિર થતાં ઇશ્કે હકીકી યાને ખુદા પ્રત્યેના ઇશ્કમાં દાખલ થવાય છે. ઇશ્ક મજાઝીમા જેમ મુરશદના ઇશ્કમાં લીન થઇ તેનોજ થઇ ગયો હતો તેમ ઇશ્કે હકીકીમાં અલ્લાહના પ્રેમમાં તલ્લીન થઇ જાય છે. આ બંન્ને ઇશ્કો તે ઇશ્ક છે તેથી તેમાં સિધ્ધો સાધ્ય નહિ રહી શકતાં અસાધ્ય થઇ જાય છે.

મુરશદના ઇશ્કમાં એટલો બધો તલ્લીન થઇ ગયો છે કે તે તેમાં શંકા કે શંસનો ખ્યાલ વટીક લાવી શકતો નથી. જ્યાં સુધી તેના મનમાં મુરશદ પ્રત્યે શંકાનો સ્વપ્ને પણ ખ્યાલ આવી શકે ત્યાં સુધી તે ઇશ્કે મજાઝીને પાત્ર થયો ગણાતો નથી તેવીજ રીતે ઇશ્કે હકીકીમાં તે એટલો બધો અસાધ્ય થઇ જાયછે કે તેને જે વસ્તુ દેખાડો તેમાંથી હજારો એવા નુકતા તે શોધી કહાડશે કે જેથી ખુદાનુંજ ભાન થાય. જ્યાં જોશે ત્યાં ખુદાજ ખુદા જણાશે. ખુદા સિવાય બીજુ કંઇ દેખાશેજ નહિ અને તે એટલે સુધી કે પોતે પણ ખુદાજ થઇ જશે યાને તેના તથા ખુદાના વચ્ચે ભિન્નતા રહેશે નહિ.

લેલી મજનુન, શીરીં વ ફરહાદ વીગેરે ઇશ્કે મજાઝીના કીસ્સા છે તેમ મોલાના રૂમ, શમ્શ તબરેજ તથા મનસુર વીગેરેના કીસ્સાઓ ઇશ્કે હકીકીના પ્રખ્યાત છે મનસુરે ઇશ્કે હકીકીની પાયરીમાં કહ્યું કે અનલ હક યાને હુંજ ખુદા છું. તેના આવા બોલ માટે કાયદા મુજબ તેને ફાંસીની સજા કરવામાં આવી. ફાસીગર પણ તેણે એજ કહ્યું કે અનલ હક.

એક બાદશાહનો પુત્ર મરી ગયો. બાદશાહે પોતાના સઘળા આલીમોને બોલાવી કહ્યું. કે તમો દોઆ કરો કે મારો પુત્ર જીવતો થાય. આલીમોએ દોઆ કીધી; પરંતુ બાદશાહનો પુત્ર જીવતો થયો નહિ. શમ્શ તબરેજ નામના ઇશ્કે હકીકીની પાયરીમાં કામીલ થયેલા સુફીએ બાદશાહના પુત્રની લાશને એમ કહી જીવતી કીધીકે મારા હુકમથી જીવતો થા. મોલાના રૂમનો પણ એજ ઇશ્કે હકીકીમાં દખલ હતો.

હજરત મહંમદ પેગંબર ઇસલામના સ્થાપક છે કુરાન તથા તેમના વચનો પર ઇસલામનો સ્તંભ ટકેલો છે. હજરત અલીને સઘળા સુફીઓ સુફી મતના યોજક અને સ્થાપક સમજે છે. મેં તે બંન્ને મહાપુરૂષોના સંખ્યાબંધ જીવન ચરીત્રો વાંચ્યા છે. આજ કાલના નવી કેળવણીના સુફીઓના વિચારો કાંઇક જાણ્યા છે. પરંતુ કોઇ જગોએ અસાધ્ય ઇશ્ક પ્રમાણ મનાતું વ્યાજબી જોયું નથી. હજરત મહંમદ પૈગંબર તથા હજરત અલી ઇશ્કે હકીકીના કાગેલ ઉસ્તાદો હતા; પરંતુ મોલાના રૂમ, મનસુર તથા શમ્શ તબરેજ જેવું અસાધ્ય દીવાનાપણું કોઇ ઠેકાણે તેમનામાં જોવામાં આવ્યું નથી. ઇશ્કે હકીકીની પાયરીવાળા સુફીઓ પોતાની પાયરીમાં જાહેર ક્રીયાને તદ્દન તજી આપેછે નમાજ રોજા, હજ, ઝકાત વીગેરેને ટીખળ જણાવે છે. મુસલ્લાને ફાડી નાંખવાનું, તસ્બીને તોડી નાંખવાનુ અને મસજીદોને તોડી પાડવાનું કહેછે. માત્ર ઇશ્કે હકીકીમાં ઝઝુમવાનું પસંદ કરેછે. (આવું અસાધ્યપણાને લઇ થાયછે).

ઇશ્કે હકીકીની પાયરીમાં ઉતરેલા સુફીઓ કુરાનની આયાતોના પોતાની પાયરી મુજબ ખુલાસા કરેછે શરીયતને બદામના છીલટાં અને મારફતને મગજ કહેછે. શરીયતને હાડકાં અને મારફતને માંસ કહેછે. સુફીઓ એ સુન્નીઓની એક શાખા છે. આવા સુફીઓ હીંન્દમાં ઓછા નથી શીઆ ટોળામાં પણ સુફીઓ મોજુદ છે; પણ તેની સંખ્યા બહુજ થોડી છે કારણ કે શીઆ લોકો સાધ્ય સ્થિતિમાં સઘળી પાયરીઓ પસાર કરવા માગે છે.

પ્રકરણ ૧૫ મું.

ઇસમાઇલી કેળવણી

જે સમયમાં મીસરમાં ફાતમી ખલીફાનું રાજ્ય ચાલતું હતું તે વખતે ખલીફા તરફથી કેળવણી માટે મોટી પાઠશાળા સ્થાપવા આવી હતી આ પાઠશાળામાં ધાર્મિક કેળવણી સાથે ફીલોસોફીનું શિક્ષણ મુખ્ય હતું

આ કેળવણી કેવા પ્રકારની હતી તે બતાવવા હીસ્ટ્રી ઓફધી એસેસીન્સનો ઉતારો નીચે આપું છું.

" ૨૫૭૦૦૦ ડયુકેટો આ વિદ્યાલયની પેદાયશ હતી. (સાડાબાર રૂપિયાનો ડયુકેટ) અને તે ૧/૧૦ અને ૧/૨૦ એ પ્રમાણમાં ઉઘાડવામાં આવતી હતી. તેનો ઉપયોગ વિદ્યાલયના શિક્ષાગુરૂઓ અને બીજા અધિકારીઓના પગાર આપવામાં, શીખવવા માટેની જરૂરીઆતો પુરી પાડવામાં, શાસ્ત્ર સબંધી જાહેર કેળવણી આપવા માટેના સાધનો લેવામાં તથા ધર્મની છુપી ચીજો ખરીદવામાં થતો. શાસ્ત્રની કેળવણીમાં મનુષ્ય જ્ઞાનની સઘળી શાખાનો સમાવેશ થતો અને ધર્મની બાબતમાં નીચે લખ્યા નવ સિદ્ધાંતો અનુક્રમે નવ પાયરીએ આપતા."

" બીજી સઘળી પાયરીઓ કરતાં પેહેલી સૌથી વધારે લાંબી તથા મુશકેલ હતી. કારણકે શિક્ષકના જ્ઞાનમાં વિદ્યાર્થીને પુરો ભરોસો રાખવાને ઉશકેરવા તથા ધર્મ સબંધી છુપા ભેદ પ્રમાણે વર્તવામાં કાંઈપણ વાંધો લેવો નહિ તથા તેમાં તો કેવળ આસ્થાજ રાખવી એવું આકરા સમખાઇને કબુલ કરવા તેનું વલણ કરાવવા માટે તે જરૂરની હતી."

" આ મતલબ સાધવાને માટે સ્થાપિત્ત ધર્મ અને બુદ્ધિથી જોતાં એક બીજાથી વિરૂદ્ધ જણાય એવી ઘણીક વાતોથી અવળા સવાલો અને કપટ ભરેલી શંકા લાવી કુરાનની વાતોને ગુચવણ ભરેલી કરી અને જેવીરીતે નાળીએર ઉપર બહારના છાલાની અંદર કોપરૂં રહેલું છે એવી રીતે ઉપર ઉપરના અર્થની અંદર વધારે ઉંડો ગુઢાર્થ બતાવી મનને ગુચવણમાં નાખવાને માટે હરેક લઇ શકાય તેવા ઉપાય લેવામાં આવતા. શિષ્યની જીજ્ઞાસા જેટલા પ્રમાણમાં વધતી હોય તેટલાજ પ્રમાણમાં જ્યાં સુધી તે આકરા સોગંદથી બંધાય ત્યાં સુધી આ મુશકેલીઓનો જરાપણ ખુલાસો આપવાને માટે શિક્ષકની ના પાડવામાં દ્રઢતા વધતી

આ પછી તેને બીજી પાયરીમાં દાખલ કરતા. અહીં તેને ખુદાએ નિર્માણ કરેલા ઇમામો, જેઓ સઘળી વિદ્યાનું મુળ હતા તેમની ઓળખાણ પડતી. તેઓમાં તેને ઇમાન બેસે કે તરતજ ત્રીજી પાયરીમાં તેઓની સંખ્યા વિષે તેઓને કહેવામાં આવતું. આ સંખ્યા પવિત્ર સાતથી વધારે ન હતી; કારણ કે ખુદાએ સાત આસમાન, સાત દુનિઆ, સાત દરીઆ, સાત ગ્રહો, સાત રંગ, તથા સાત ધાતુઓ જેવી રીતે કરેલ છે. તેવીજ રીતે તેણે પોતાના પ્રાણીઓમાં સાથી શ્રેષ્ટ એવા સાત પ્રસિદ્ધ ઇમામો નીમેલ છે. આનાં નામ. હજરત અલી, ઇમામ હસન, ઇમામ હુસેન, ઇમામ ઝએનુલ આબેદીન, ઇમામ મોહંમદ બાકર, ઇમામ જાફરે સાદક અને તેના દીકરા સાતમાં તથા છેલ્લા હજરત ઇસમાઇલ"

"આપણે જોયું તેવી રીતે ઇમામીઓ તથા આમાં ફેર એટલોજ કે ઇમામીઓ સાતને બદલે બાર માનતા હતા. ચોથી પાયરીમાં આવવાનું તેઓએ બહુ સહેલું રાખ્યું હતું આમાં એમ કહ્યું છે કે, દુનીઆની શરૂઆત થઇ ને પછી સાત ખુદાઇ કાયદા કરનાર અથવા ખુદા તરફથી મુકેલા બોલતા પૈગંબરો થયા છે જેમાંના દરેકે ખુદાની આજ્ઞાથી પોતાનાથી આગળના મતો ફેરવેલ છે, આમાંના દરેકને મદદગાર થઇ પડે એવા સાત મદદગાર હતા, જેઓ વખતની દરમીઆન એક બીજા પછી આવતા ગયા, પણ તેઓ ખુલ્લી રીતે પ્રસિદ્ધ ન થયા તેથી તેઓ "મુંગા" કહેવાતા."

"આ મુંગા" ઓના પહેલાને હજરત શીશ કહેતા. અને તે બોલતા પૈગંબરોના ખલીફાઓની જાણે જગ્યા હોય નહિ? આ સાત બોલતા પૈગંબરો તેઓની સાત જગ્યાઓ શીખે નીચે મુજબ હતા."

"હજરત આદમ, હજરત નુહ, હજરત ઇબ્રાહીમ, હજરત મુસા હજરત ઇસા, હજરત મહંમદ અને ઇમામ જાફર સાદકના દીકરા હજરત ઇસમાઇલ જે છેલ્લા હોવાથી સાહેબે જમાન (વખતનો ધણી) કહેવાતા."

"તેઓના સાત મદદગાર પૈગંબરો નીચે પ્રમાણે હતા."

"હજરત શીશ. હજરત સામ, હજરત ઇશ્માહીમના ફરજંદ હજરત ઇસમાઇલ, હજરત હારૂન, હજરત શમઉન, હજરત અલી બીન અબીતાલબ, અને હજરત ઇમામ જાફર સાદકના ફરજંદ ઇસમાઇલના દીકરા મહંમદ."

"આ સારી ગોઠવણ જેને માટે ઇસમાઇલીઓને સાતનું નામ મલ્યું હતું જેથી ખુલ્લું દેખાય છે કે, પૈગંબેરની કારકીર્દીમાં મુંગા પૈગંબરોમાંથી માત્ર પહેલાનું તેઓએ નામ આપ્યું છે. હજરત ઇસમાઇલનો દીકરો મહંમદ જે છેલ્લા પૈગંબરના સાથીઓમાંનો પહેલો હતો તેને ગુજરી ગએ સો વરસ થઇ ગયાં હતાં તેથી જેઓનો અભ્યાસ આ પાયરીએ અટક્યો હતો, તેઓને માટે ચાલતા જમાનાના મુંગા પૈગંબર તરીકે તેઓની મરજીમાં આવે તેને નીમવાને શીક્ષકને છુટ હતી."

"પાંચમી પાયરીમાં જ્યારે શીખાઉ આવે ત્યારે તેને મતોમાં વધારે ખુલ્લી રીતે ઇમાન આવે છે. કારણ તે માટે અને ખરા ધર્મના ધારા માટે તેમાં એવું કહેવામાં આવ્યું હતું કે સાત "મુંગા" પૈગંબરોમાંના દરેકને બાર બાર મદદગાર હતા. કારણ કે બારનો આંકડો સાતના આંકડાથી શ્રેષ્ટ છે કારણ કે રાશીઓ બાર છે. બની ઇસરાઇલની જાતો બાર છે. તેમ દરેકની હાથની આંગળીના હાડકાં અંગુઠાના બાદ કરતાં બાર છે."

"આ પાંચમી પાયરી પછી ઇસમાઇલી ધર્મના સિદ્ધાંતો તપાસવામાં આવતાં અને છઠીમાં એવું દેખાડવામાં આવ્યું હતું કે સ્થાપિત ધર્મના કાયદા સાધારણ અને તત્વજ્ઞાનના કાયદા કરતાં હલકે દરજ્જે હોવા જોઇએ."

"પ્લેટો; એરિસ્ટોટલ પાઇથેગોરાસના કાયદા પ્રમાણ તરીકે લેવામાં આવ્યા અને સિદ્ધાંત તરીકે કબુલ કરવામાં આવ્યા. આ પાયરી બહુજ કંટાળા ભરેલી હતી. જ્યારે તત્વજ્ઞાનીઓના ડહાપણમાં તેનું મન

તે બરાબર પરોવી શકતા તથા તે વિષે બરાબર માહિતગારી ધરાવતા ત્યારે તેઓને સાતમી પાયરીમાં દાખલ કરતા. અહીં તે તત્વજ્ઞાનમાંથી છુપા જ્ઞાનમાં દાખલ થતા. આ એકત્રપણા વિશે સુફીઓએ પોતાના પુસ્તકોમાં જેવો મત જણાવેલ છે તેવો મત છે. આઠમીમાં ધર્મના વાસ્તવીક ફરમાનો બતાવવામાં આવ્યા હતાં પણ તે આગલા ફરમાનોને નાબુદ થવાને અને પેંગંબરો તથા તેના મદદગારોના નિર્માલ્યપણા માટે; તે વાત હવે બરાબર સમજવામાં આવતી. જન્નત, દોજખના હોવા વિશે, કૃત્યોના વિરક્તપણા વિશે તથા તેઓને માટે આ તથા આવતી દુન્યામાં ઇનામ તેમ શિક્ષા નથી એ વિશે તેની આંખો ઉઘડતી અને સતાની હદમાં ન રહે એવી તુમ્યાનું હથીઆર થવાને માટે તે નવમી અને છેલી પાયરીમાં તૈયાર થાય છે આ પંથનું ટુંકામાં સિદ્ધાંત:—

"માનવું કંઈ નહિ અને હિમ્મત સઘળી વાતની કરવી હોવાથી ધર્મ અને નીતિના દરેક તત્વ માર્ગનો નાશ થયો. ધર્માચાર્યોની મદદથી લોભી યોજનાઓ પાર પાડવા સિવાય તેનો બીજો કોઇ ઉપયોગ થનો નથી. દરેક વાત ઠગાઇ ભરેલી તથા કોઇપણ વાતની મનાઇ નથી એમ સમજી કોઇને પણ માન આપે નહીં અને કુલ કામ કરવાની બાથ બીડે. તેવા ધર્મ ગુરૂઓને ઘાતકી કામો કરવાના તેજી હથીયાર સિવાય બીજુ શું નામ આપી શકાય."

"મનુષ્ય દેહ ધરી જે ઉમદી મતલબો સાધવાની છે તે સાધવાને બદલે માત્ર વિષય ભોગનીજ તૃપ્તી મેળવવી એજ આ ફીરકાની મતલબ હતી. અને તેનું પરીણામ એ આવે છે કે, આ સંપ્રદાય અજ્ઞાન રૂપી અઘોર ખાડામાં પડે છે. અને તે મોટા રાજ્યો અને ધર્મસ્થાનોને ખંડેરો કરી જુલમ ભરેલા રાજ્યના કમકમાટો બતાવી, પ્રજાના સુખનો નાશ કરી મનુષ્ય જાતીની સામાજીક પડતી લાવી અંતે નાબુદ થાય છે."

ઉપરનો ઉતારો હીસ્ટ્રી ઑફ ધી એસેસી-સનો મીસરમાં ફાતમાઇટ ખીલાફતના સમયમાં અપાતી ઇસમાઇલી કેળવણી માટેનો આપ્યો

છે. ઇસમાઇલીઓમાં શરીયત ઓળંગી તરીકત, હકીકત અને મારફતમાં વધવાનું ધોરણ દાખલ થયું હતું. મતલબ કે તેઓ સુફી બન્યા હતા. સુફીઓ ઇશ્કે મજાઝી તથા ઇશ્કે હકીકીના આશક છે. આ સુફી માર્ગમાં બન્ને ઇશ્કોની ઉપરની સ્થિતિમાં અસાધ્યતા મોજુદ છે સાધ્ય સ્થિતિમાં મારફતની ડીગ્રી પામનાર શક્તિ સુફીઓમાં દ્રષ્ટિગોચર થઇ શકી નથી તેમ થઇ પણ શકિત નથી. જ્યાં ઇશ્કમાં ઝીપલાવવાનું હોય ત્યાં તેની આશા પણ ફોગટ છે. માટે ઇસમાઇલીઓ સુફી મત મુજબ દોષિત નથી. ઉપરના ઉતારામાં આપેલી બાબતો અગત્યતા ભરી ધારી શકાય છે; પરંતુ તેનો લખનાર સુફીમતથી અજાણ્યુ હોવો જોઇએ. જો તે જાણીતો હતે તો પ્રથમથી છેવટ સુધી કાળી બાજુજ તે મુખ્ય માનતે નહિ. બાજે ઉપરની કેળવણીનો કાંઇક અસર વોહરાઓમાં મોજુદ છે પરંતુ તેમાં ઉતારામાં આપેલી કશી ખરાબીઓ નથી. ઉતારામાં કરેલી માત્ર કાળી બાજુજ સ્વીકારવી તેનાથી હું સાફ વિરૂદ્ધ છું.

પ્રકરણ ૧૬ મું.

મીશન પદ્ધતી.

ખોજાઓ અસલ હીન્દુ હતા તેમને વટાળી મુસલમાન કરવામાં આવ્યા હતા. પરંતુ ઇસલામની ચાલુ મીશન, પદ્ધતિ કરતાં તેમના માટે એક વિચિત્ર પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને તેના કારણેજ ખોજાઓના અકાયદ બીજા ઇસલામીઓ કરતાં ન્યારા થવા પામ્યા છે. ઇસલામી ચાલુ મીશન પદ્ધતિ તથા ખોજાઓને જે પદ્ધતિથી મુસલમાન કર્યા તે પદ્ધતિનું સંક્ષિપ્ત વર્ણન નીચે આપું છું

ઈસલામી મીસન પદ્ધતિ—ઇસમાઇલી ટોળાં સિવાયના સઘળા મુસલમાન લોકોની પોતાનો ધર્મ ફેલાવવાની પદ્ધતિ એક સરખીજ છે. શરૂઆતમાં ખુદાની હસ્તી તેની એકત્વતા, અને રીફાનો સમજાવે

છે વળી સાથેજ મુર્તિ પુજા, અગ્નિપુજા તથા બીજી સ્થુળ પુજાઓની નિર્માલ્યતા જાહેર કરેછે. ત્યારબાદ ઇસલામના સ્થાપક હજરત મોહંમદને ખુદાના પેગંબર હોવાનું, તેમનાપર સઘળા લોકોની મુક્તી માટે કુરાન ઉતર્યાનું, કીયામત થવાનું, કીયામતને દહાડે ન્યાય થવાનું, સ્વર્ગ નરક હોવાનું કહે છે. ત્યાર બાદ ફીલોસોફી સમજાવે છે. આ સઘળું સમજાવતી વખતે પરધર્મીઓની ક્રીયાની નિર્માલ્યતા તથા પોતાની શ્રેષ્ટતા સીદ્ધ કરે છે. જ્યારે લોકો ઇસલામનો સ્વીકાર કરે ત્યારે તેમને કલમો પડાવી પોતા સાથે શામેલ કરે છે. અને વઝુ, ગુસલ, નમાજ, રોજા વીગેરેના મસાએલો શીખવાડે છે. આવી માન્યતા ગ્રાહ્ય કરનાર મુસલમાન થયો કહેવાય છે. મતલબ કે જે માન્યતા સામા માણસના મનપર ઠસાવવાની હોય છે તે ચટ લઇને જાહેર કરે છે. પોતાની અનુકુળતા તથા શીષ્યોના મન હાથમાં લેવા એવી વાત કહેતા નથી કે જે પોતાના મતથી ઉલટી હોય; પરંતુ ઇસમાઇલી લોકોએ ઇસલામી બધાં ટોળાંઓ કરતાં પોતાની મીશન પદ્ધતી બહુજ વિચિત્ર યોજી હતી.

ઇસમાઇલી મીશન પધ્ધતી—ઉપરના સઘળા ઇસલામીઓની મીશન પધ્ધતિની જેમ આ પધ્ધતીમાં પરધર્મીને એકદમ પોતાના ધર્મનો બોધ કરી દેવામાં આવતો નથી. તેઓના ઉપદેશની રીત એવી હતી કે ફુંકી ફુંકી પગલાં ભરવાં. શીષ્યોના મનની અનુકુળતાની યોજના કરી આગળ વધવું. એકદમ પોતાના ધર્મમાં આવવાનું કહેવામાં આવે તો લોકો માને નહીં; માટે યુક્તિથી કામ લીધું હતું. તેમની પદ્ધતીની કેટલીક અગત્યની માહીતિ નીચે આપવામાં આવે છે.

"અગર એક શીઆહ જે ઇમામી ઇસમાઇલી ધર્મનો નહિ હોય તેને વટલાવવો હોય તો દાઇ અથવા પાદરી શીઆહ ધર્મની તાલીમને દીલોજાનથી સ્વીકાર કરે છે. અલી અને તેના દીકરાઓ ઉપર ગુજરેલ ઘાતકીપણું અથવા હુસેનની શહાદત વીશે અને તેના કુટુમ્બને કેદ

કરવા વીશે તેણે ઘણી દયા ઉપજે એવો વિચાર આપવો. બની ઉમૈયા અને અબ્બાસી તરફ તીરસ્કાર બતાવવો. એ પ્રમાણે પોતા માટે રસ્તો તૈયાર કરીને પછી ઇશારો કરવો કે શીઆહ ધર્મનો મત સંપુર્ણ રીતે જાણવા સારૂં ઇસમાઇલી ધર્મના છુપા ભેદો શીખવા જોઇએ."

"જો તેણે એક યાહુદીને વટલાવવો હોય, તો તેણે ખ્રીસ્તી તથા મુસલમાન ધર્મ વિષે વિરૂદ્ધ બોલવું અને જેને વટલાવવા માગતો હોય તેની સાથે મળી જઇને કહેવું જે "મસીઆ" આવનાર છે તે ઇસમાઇલી ધર્મનો મોટો મસીઆ" અલી "સિવાય બીજો કોઇ નથી"

"જો તે એક ખ્રીસ્તી ધર્મ પાળનારને વટલાવનાર હોય તો યાહુદી લોકોની હઠ તથા મુસલમાન લોકોના અજ્ઞાનપણા વિષે લંબાણથી બોલવું. ખ્રીસ્તી ધર્મના મુખ્ય ભાગને માન આપવાનો ડોળ ઘાલવો. પણ ધીમા રહીને એવો ઇશારો કરવો કે તે સઘળું અલામતી છે. અને તેમાં વધારે ઉંડો ભેદ છે. અને તે ભેદ ખુલ્લો કરનાર માત્ર ઇસમાઇલી ધર્મ છે પછી તેણે એવી સુચના કરવી કે ખ્રીસ્તી લોકો-એ "ફારકલીત" ની તાલીમનો અર્થ કંઇ એક દરજે ઉલટો કર્યો છે એક "ફારકલીત" (બચાવનાર) તો છેજ અને એ "ફારકલીત" એટલે બચાવનાર દાઇ અથવા મીશનરી પોતાના ખોળ કરનાર મિત્રને સમજાવે કે કયો ખરો બચાવનાર છે?"

"પોતાના ધર્મના વિચારો છુપા રાખવા. જેઓને પોતાના ધર્મમાં લાવવા માગતા હોય તેઓના ધર્મનો મોટો ભાગ પોતાનો કરી કબુલ રાખવો."

અલીગઢ મોહમેડન એંગ્લો ઓરીયેન્ટલ કોલેજના માજી પ્રોફેસર ટી. ડબલ્યુ આર્નોલ્ડ કૃત preeching of islam (પ્રીચીંગ ઓફ ઇસલામ) નામના પ્રખ્યાત ગ્રંથમાં લખ્યું છે કે:–

"ઇસમાઇલી મજહબની મીશન પદ્ધતિનો શોધક અને તેનો ફે-

હાવો કરનાર અબ્દુલ્લાહ બિન મેયમુન હતો આ માણુસ મનુષ્ય જાતની પ્રકૃતિ પિછાણુવા તથા ધર્મના અકાયદોને જુદી જુદી પ્રકૃતિઓ અને ધર્મોને ગળતાં બનાવવામાં ખ્રીસ્તી યસુઆ પંથના સ્થાપકથી પણુ વધારે કુશળતા ધરાવતો હતો. ઇસવી સનની નવમી સદીમાં આ માણુસે ઇસ્માઇલી મજહબમાં નવો આત્મા ફુંકી આપ્યો. અને આ મજહબના મીશનરીઓને જુદા જુદા છુપા વેશોમાં બદલાવી મોકલ્યા. આ મીશનરીઓ ઘણું કરી સુફીઓ અને વેપારીઓનો વેશ ધારણુ કરતા હતા. તેવાઓને જુદા જુદા દેશોમાં રવાને કરી આપ્યા હતા. અજ્ઞાન લોકોના ટોળાંને તેઓએ શોબદા (જાદુ તથા હાથચાલાકીના ખેલો) બતાવ્યા કે જે તસવ્વુફની છુપી અને માર્મિક બાબતો ગણુાઇ, તેમની વાતો સાંભળવા તરફ લોકોને અસાધારણુ ચાહ ઉત્પન્ન થયો. તેવા મીશનરી લોકોએ અસંખ્ય માણુસોને પોતાના મતમાં મેળવી લીધા જ્યારે તેઓ આબીદોના ટોળામાં ગયા ત્યારે નીતિ અને પવિત્રતાના પુતળાં બની ગયા, અને જ્યારે એવા લોકોના સમાગમમાં આવ્યા કે જેઓ મજહબના છુપા ભેદો અને બારીક નુકતાઓ તરફ વલણુ રાખે છે ત્યારે તેઓને સામાન્ય અકાયદના છુપા અર્થો જણુાવતા અને લોકોને તેની સમજ અને વલણુના પ્રમાણુમાં જાદુઇ અસર કરતા. જયારે જોયું કે લોકો કોઇ મુકિત આપનાર આવનારની રાહ જુએ છે કે જેવી માન્યતા ઘણુા મજહબોમાં સાધારણુ છે, તો મુસલમાનોને ઇમામ મેહદી, યાહુદીઓને મસીહ અને ઇસાઇઓને ફારકલીતની ખબર સંભળાવી કે, હવે તેઓ દુનિયાપર આવી ગયા છે પણુ સાથે એમ પણુ જણુાવી આપ્યું કે તમો સઘળાઓની ઇચ્છાઓ ત્યારેજ પૂર્ણુ થશે કે જયારે છેવટમાં સઘળાઓને મુક્તી એનાયત કરનાર હજરત અલી દુનીયામાં ખરૂજ કરશે. શીઆ લોકોમાં એસી ઇસમાઇલી મીશનરી પોતાને ચુસ્ત શીઆ મજહબનો જાહેર કરે છે અને સુન્નીઓના સંબંધમાં જણુાવે છે કે તેમણે હજરત અલી તથા તેની ઓલાદ પર અતી જુલ્મો કીધા હતા તથા ત્રણુ અસહાબોપર

તજરબે કરે છે. જ્યારે અહીં સુધી પહોંચી જાય છે ત્યારે પોતાની માન્યતા મુજબ શીઆ મજહબની પુર્ણતા માટે ઇસમાઇલી મજહબના છુપા અકાયદોની તાલીમ આપવી શરૂ કરે છે. ”

આ મીશન પદ્ધતિ વિચિત્ર, રામબાણ અને શીષ્યોના અંતઃકરણો જલદીથી જીતી લેનારી છે. તે ચાલુ ઇસલામી મીશન પદ્ધતિ કરતાં ઘણીજ બળવાન સ્પીરીટ વાળી છે. બન્ને મીશન પદ્ધતિઓનો હેતુ ઇસલામ ફેલાવવાનો છે. પહેલી પદ્ધતિ જે શિક્ષણ આપવાનું છે. તે પ્રથમથીજ આપી દે છે. પરંતુ તે પદ્ધતિથી મીશનરી વધુ ફાવતો નથી. બીજી પદ્ધતિમાં પ્રથમ જે ધર્મના લોકોને વટલાવામાં આવે છે તેની ઘણી માન્યતાઓ મીશનરીને કબુલ કરવી પડે છે. આમ થતાં શીષ્યોનું વલણ તેના તરફ વળે છે અને પોતાનું કામ સરળ અને ફળીભુત થાય છે. પરંતુ ફતેહ મેળવવામાં આમા મતની માન્યતાઓ કે જે ઇસલામથી વિરૂદ્ધ હતી તેનો સ્વીકાર કરી લીધેલો તે આગળ ચાલતાં નિસ્તેજ અને જુદી જણાવી દૂર કરવાની હોય છે. આ કામ તડને ફડ થઇ શકતું નથી તે માટે સૈકાઓ જોઇએ. જો મીશન ખાતામાં નબળાઇ આવી અર્થાત તે બંધ થઇ ગયું તો જે ઇસલામ વિરૂદ્ધની વાતો માત્ર અનુકુળતાને ખાતર સ્વીકારેલી તે શીષ્યોમાં ખરી મનાતી રહી જાય છે. જો આટલો એબ ન હતે તો આ પદ્ધતિને બીજી કોઇ પદ્ધતિ લગી શકતે નહિ.

આ પદ્ધતિના બ્યાજબી પણાને ઇસલામી શાસ્ત્રથી પણ ટેકો મળી શકે છે. આની શાસ્ત્રીય દલીલ મરહુમ આગા હસનઅલીના પુત્ર મરહુમ આગા જંગીશાહે (જહાંગીરશાહ) પોતાના તથા પોતાના ખોજા મુરીદોના અકાયદ માટેના છપાવેલા ફારસી રીસાલામાં આપી છે. અને તેથી હું તે ફારસી રીસાલાના તેટલા ભાગનો તરજુમો નીચે આપું છું. આ તરજુમામાં ખોજાઓપર જે મીશન પ્રયાગ થએલો તેનો પણ ટુંક સાર છે તેથી તે વધુ ઉપયોગી થઇ પડશે.

" હવે કેટલાક ફકરાઓ હીન્દુસ્તાનના મુરીદોની હકીકત માટેના લખવામાં આવે છે. આ સઘળા હીન્દુસ્તાનના મુરિદો પ્રથમ હીન્દુ ધર્મના હતા. અને મુર્તિ પુજા કરતા હતા. ખુદાતાલા રહેમત કરે પીર સદરૂદીન સાહેબ પર કે તેમણે કેટલા બધા સંકટો વેઠી અને પોતાના પ્રાણને દુખ આપી તેમનાથી મુર્તિપુજા છોડાવી અને ખુદા પરસ્તીની હિદાયત કીધી. ઘણા હીન્દુઓની એવી માન્યતા છે કે ખુદાએ પોતાની પુર્ણ કુદરતથી દસ વખત આ દુનિયામાં અવતાર લીધો. આ પુસ્તકનું નામ દસ અવતાર રાખ્યું છે. એટલે તે પુસ્તકમાં લખ્યું છે કે ખુદાએ નવ વખત જુદા જુદા સ્વરૂપોથી દુનિયામાં અવતાર લીધો છે. કોઇ વખતે માછલીના સ્વરૂપમાં અને કોઇ વખત વાઘના સ્વરૂપમાં. નવ વખત એવા એવા વિચિત્ર સ્વરૂપોમાં ખુદાએ દુનિયામાં અવતાર લીધો છે. આવીજ માન્યતા ઘણા હીન્દુઓની છે જો આ બાબતનું વર્ણન વિસ્તારથી લખું તો આ રીસાલો લાંબો થઇ જાય છે. અને આવીજ રીતની માન્યતા પારસીઓની પણ છે કે એકના પછી એક અવતાર થતો આવ્યો છે. અને તેમનો ધર્મ દુનિયામાં ચલાવ્યો છે "

" પીર સદરૂદીન સાહેબે તેમની માન્યતાને મળતા થઇ તેમને ફુસલાવવાને માટે એમ ભુલથાપ આપી કે આ જે તમો અવતારને માનો છો તે સઘળા બરાબર છે અને જે દસમો અવતાર પણ પ્રગટ થવાની ઉમેદ રાખોછો તે અવતાર પણ પ્રગટ થઇ ચુકયો છે. અને તે દસમો અવતાર તે હજરત મોહંમદ (સ.) નું પાક નુર છે; કે જે દુનિયાને પ્રકાશીત કરનાર પાક નુરથી દુનિયામાં પ્રકાશ ફેલાયો છે અને માઅસુમ ઇમામોના નુર પણ કે જેની સહાયતાથી દુનિયામાં ઇમાનનું નુર પ્રસર્યું છે. જો પીર સદરૂદીન સાહેબ એમ ઇચ્છતે કે પ્રથમથીજ તેમને તથા તેમના ધર્મ શાસ્ત્રોને જુઠાં જાહેર કરે તો એક માણસ પણ ઇસલામનો સ્વીકાર કરતે નહિ. આવીજ રીતે હજરત ઇબ્રાહીમ ખલીલુલ્લાએ પણ મસલેહત ધારી કીધું છે. જ્યારે તેઓ એક મોટા શહેરમાં દાખલ થયા કે જે

શહેર કાફરોનું હતું. સપર પહેલે તો હજરત ખલીલ અલેહિસ્સલામે તે લોકોને જે સીતારાની પુજા કરતા હતા તેમને એમ જણાવ્યું કે તમો સત્ય ધર્મ રાખો છો અને પછી તેવીજ રીતે સુર્યના પુજવા વાળાઓ ને પણ તેમણે એમજ જણાવ્યું અને તેમના ધર્મને પણ સત્ય જણાવ્યો. આ વાત તેમને પોતામાં મેળવી લેવા માટે હતી અને જ્યારે તે કાફરો હજરત ખલીલુલ્લાથી મહોબ્બત કરવા લાગ્યા અને તેમની સાથે હળવા મળવા લાગ્યા ત્યારે ધીમે ધીમે તે સઘળા કાફરોને હિદાયત કરવાનું શરૂ કર્યું અને તેમને અકલી દલીલોથી તથા ખુદા પાકની આયતોથી સમજાવવાનું ચાલુ કીધું. અને ફરમાવ્યું કે આ સઘળા ચંદ્રમા, સીતારા અને સુર્ય ખુદાતાલાનીજ બનાવેલી ઉતપત્તી છે. તે સઘળાનો સરજનાર ખુદા તે બીજોજ છે. જેમકે ખુદાતાલા પોતાની કીતાબ કુરાન મજીદમાં સુરે અનામમાં ફરમાવે છે કેઃ—

* ફલમ્મજન્ન અલયહિલ લયલો રઆ કવકબન, કાલા હાઝા રબ્બી, ફલમ્મા અફલ કાલા લા ઓહિબ્બુલ આફેલીન ફલમ્માં રેઅલકમર બાઝેગન કાલા હાઝા રબ્બી, ફલમ્મા અફલ કાલા લ ઈલ્લમ યહદેની રબ્બી લ અકુનન્ન મેનલ કવમિ ઝઝાલ્લીન. ફલમ્મા રઅશ શમ્શ બાઝેગતન કાલા હાઝા રબ્બી, હાઝા અકબરો, ફલમ્મા અફલત કાલા યાકવમે ઇન્નાં બરીઉમ મિમ્મા તુશરેકુન.

* અર્થઃ—"જ્યારે રાત્રી થઇ ત્યારે (ઇબ્રાહિમે) સીતારાને જોયો અને કહ્યું કે આ મારો ખુદા છે. પણ જ્યારે તે અસ્ત પામ્યો ત્યારે તેણે કહ્યું કે હું અસ્ત થનારને ચાહતો નથી. ઉદય થતા ચંદ્રને જોઇ કહ્યું આ મારો ખુદા છે પણ જ્યારે તે અસ્ત પામ્યો ત્યારે કહ્યું જો ખુદા મને માર્ગ ન દેખાડે તો હું જાલીમોમાંથી થઇ જાઉં. જ્યારે સુર્યને ઉદય થતો જોયો ત્યારે તેણે કહ્યું કે આ મારો ખુદા છે. આ ઘણો મોટો છે. પણ જ્યારે તે અસ્ત થયો ત્યારે તેણે કહ્યું અય લોકો તમો ખુદાની જાતમાં બીજાને શામેલ કરો છો તેથી હું તમારાથી બેજાર છું."

"જો આ પીર સદરૂદ્દીન સાહેબ પ્રથમથીજ તેમને કુરાન અને હદીસથી જાણીતા કરતે અને તેમના અવતારોને જુઠા કહેતે તો એક પણ હીન્દુ ઇસલામનો સ્વીકાર કરતે નહિ અને તેઓ (હીન્દુઓ) કાંઇપણ નહિ જાણતા હતા; કે કુરાન શું છે? અને તેમાં શું લખ્યું છે? અને ખુદાઇ નુરનો જહુર યાને છેવટનો પૈગંબર કોણ છે? અને ખુદાનું ફરમાન શું છે? અને એમજ ખુદાતાલા કુરાનમાં સુરે ઇબ્રાહિમમાં ફરમાવે છે:—

વમા અરસલના મીન રસુલીન બીલીસાને કોમેહીલે ખયયેન લહુમ ફયઝીલુલ્લાહો મંયશાઓ વ યહદી મંયશાઓ વહોવલ અઝીઝીલ હકીમ.

અર્થ:—"અમો જ્યારે કોઇપણ કોમપર પૈગંબર મોકલીએ છીએ તો તે કોમની ભાષામાંજ બોલવા વાળો મોકલીએ છીએ; કે જેથી તે અમારી આયતો અને દલીલો તેમની ભાષામાં તેમને સમજાવે અને એવું નથી કે અમો બળવતરીથી કોઇ કામ માટે કહીએ કે જેને ન તે બોલી શકે છે અને ન સમજી શકેછે."

"એવીજ રીતે પીર સદરૂદ્દીન સાહેબ (રેહ.) ફરમાવે છે કે જો હું પ્રથમથીજ આ લોકોના અંતઃકરણોને દસ અવતાર ખરા હોવાનો યકીન ન અપાવતે તો તે લોકો કદાપણ ઇસલામના આમંત્રણને કબુલ ન કરતે. બસ મેં તે લોકોના દીલને દસ અવતારની વાતોથી નરમ કીધાં અને જ્યારે તેઓ મારી વાતોને ધ્યાનથી સાંભળવા તથા સમજવા લાગ્યા ત્યારે તેમને હદીસ તથા કુરાની હકીકતોની થોડી થોડી હકીકતો સંભળાવતો હતો. કોઇ વખતે સીન્ધી ભાષામાં અને કોઇ વખત હીન્દી ભાષામાં. કુરાનની કેટલીક આયતો તથા કેટલીક હદીસો સરળ સીન્ધી તથા હીન્દી જબાનમાં લખી છે કે ન લોકો સારી પેઠે સમજે અને તેપર અમલ કરે. કોઇ કોઇ દોઆ તથા મુનાજાતનો પણ મે તેમની ભાષામાં તરજુમો કરી આપ્યો છે કે જેને તેઓ શોખથી રાત્રે તથા સવારે પડયા કરે. અને ખુદાની ઇબાદત તરફ પ્રીતી વધતી રહે."

સામાજીક સ્થિતિ જોતાં પણ આ પદ્ધતિ સપ્રમાણ માની શકાયછે, ગણીતમાં પ્રષ્ટરાશીના દાખલામાં ખરો જવાબ મેળવવા માટે પ્રથમ એક જુઠો આંકડો કબુલ કરી લેવામાં આવે છે. પાછળથી તે જુઠા આંકડા પરથીજ ખરો જવાબ મેળવી લેવાય છે. પ્રત્યેક બાબતની પ્રાથમિક શાળા વીગેરેમાં આ પદ્ધતિનું તત્વ જોવામાં આવે છે શીખને શિક્ષક જે કહે તે શીષ્યે કબુલ રાખવાનું હોય છે. તેમાં શીષ્યે વાંધો કહાડવાનું હોતું નથી જો શીષ્ય વાંધો કહાડે તો તે વાંધાનું શીષ્યના કાચા જ્ઞાનને લઇ સમાધાન થઇ શકે નહિ. પરંતુ શીશ્યનું જ્ઞાન જ્યારે આગળ જતાં પાકટ થાય ત્યારે તે પોતાની મેળેજ પ્રથમની શંકાનું નિવારણ કરી શકે.

આજે ખ્રીસ્તી ધર્મના મીશનમાં તો આવી બાબત બહુજ જોવામાં આવે છે. ખ્રીસ્તી થનારને કેટલીક આશાઓ આપી તેનું મન હાથમાં લેવામાં આવે છે. આવી લાલચોથી લાખો લોકો ખ્રીસ્તી થતાં જોવામાં આવે છે. પરંતુ ખુશી થવા જેવું તો એ છે કે ઇસમાઈલી મીશન પદ્ધતિમાં તેવી કોઇપણ ગેરવાજબી લાલચ આપવાનું નથી. માત્ર અનુકુળતાને ખાતરજ કેટલુંક સામાનુ ઇસલામ વિરૂદ્ધનું ચોક્સ સમય માટે કબુલ રાખવાનું હોય છે. જે સમય આવે સુધારી લઇ શકાય છે.

આ મીશન પદ્ધતિથી શીષ્યોને પ્રથમ જે શિક્ષણ મળે તે શીષ્યના જુના ધર્મ તથા ઇસલામનું સેળભેળ મળે. મોટો ભાગ જુના ધર્મનો અને થોડો ભાગ ઇસલામનો એમ શિક્ષણનો ખીચડો થઇ જાય પરંતુ જેમ જેમ મીશનરીઓ અનુકુળતા જુએ તેમ તેમ જુના ધર્મની માન્ય રાખેલી બાબતો દુર કરતા જાય અને એક સમય એવો આવે કે તેમનુ બધું શીક્ષણ શુદ્ધ ઇસલામ મુજબનુ થઇ જાય. અને પોતામાં જે જુના ધર્મની બાબતો હતી તે માત્ર અનુકુળતા માટે હતી તેમ તેમની આંખ ખુલે. નવા શીષ્યોના પાડોસમાં જો ઇસલામીઓની સંખ્યા હોયતો તે જલદીથી જુના મતને તજી આપે અને જો તેવો સમાજ પાડોસમાં ન હોય તો શુદ્ધ ઇસલામ પર આવતાં કેટલીક

વાર લાગે. જે જે પરધર્મીઓ ઉપર આ મીશનનો પ્રયોગ કરવામાં આવ્યો હતો તેમાં એમજ થવા પામ્યું હતું. અને હજુ પણ થાયછે.

પ્રકરણ ૧૭ મું.

મીશન પ્રયોગ.

ગયા પ્રકરણમાં જે ઇસ્માઇલી મીશન પદ્ધતિ બતાવવામાં આવી છે તેજ પદ્ધતિનો પ્રયોગ ખોજા કોમના હિન્દુ વડવાઓ કે જે શક્તિ માર્ગના સંપ્રદાયમાં હતા તેમનાપર કરવામાં આવ્યો હતો. અને તે ઇસ્લામના શુભેચ્છક મીશનરીઓ કે જેમના ચરિત્ર હું આગળના પ્રકરણમાં આપીશ તેઓએ શક્ત માર્ગની માન્યતાને કેવી રીતે પોતાના મતને અનુકુળ કરી લીધી તથા તેમાં કેવી રીતે ઇસલામના બીજ છાંટયાં તે સમજાવવા હવે હું પ્રયત્ન કરૂં છું.

ઇશ્વરની માન્યતા–માતા પંથીઓ અદ્વૈત મતને માનનારા હતા તેમની આવી માન્યતાને ઇસમાઇલીઓની સુફી મતની તેવીજ માન્યતા બીલકુલ અનુકુળ થઇ પડી હતી. સુફીઓની માન્યતા પણ વેદ મતની અદ્વૈત માન્યતા જેવી છે મનસુર તથા શમ્શ તબ્રેઝે વેદમતની અહં બ્રહ્માસ્મિની માન્યતા મુજબની અનલ હકની માન્યતા સ્વીકારી હુંજ ખુદા છું એવો દાવો કીધો હતો. આવા દાવાની સજામાં મનસુરને શુળી તથા શમ્શને તેની ખાલ ખેંચી લેવાની ઇસલામી શરીઅતે સજા કીધી હતી. આવી માન્યતા ઇસમાઇલી ધર્મે કબુલ રાખેલી તેથી મીશનરીઓને તે સ્વીકારતાં બહુજ અનુકુળતા થઇ હતી. શમ્શ ચોટ નામના મીશનરી માટે શમ્શ તબ્રેઝ જેવી અનલ હક કહ્યાની વાત ખોજા ધર્મ શાસ્ત્રમાં જોવામાં આવે છે.

દસ અવતાર—ઇસલામ ખુદાને નિરાકાર માને છે અને અવતાર તે સાકાર છે. માતાપંથીઓ શ્રી નારાયણ ભગવાનના નવ અવતાર

થઇ ગયાનું અને દસમો થનાર છે એમ માનતા હતા. મીશનરીઓએ અનુકુળતાને ખાતર શ્રી મચ્છ, કચ્છ, વરાહ, નૃસિંહ, વામન, પરશુરામ, રામ, કૃષ્ણ અને બૌદ્ધ એમ માતાપંથીઓના ઇશ્વરના નવ અવતાર વ્યાજબી હોવા જણાવ્યા. આમ માતાપંથીઓના નવ અવતાર ખરા જણાવતાં મીશનરીઓ માતા પંથીઓનો અસાધારણ પ્રેમ મેળવી શક્યા. મીશનરીઓને પોતાનું બીજ રોપવાનું હતું અને અવતારના સ્વરૂપમાં રોપાય તોજ રામબાણ નીવડે તેમ હતું. આ માટે બહુજ સરસ યુક્તિ કીધી. દસમો અવતાર નકલંક જે થનાર છે અને જેની માતાપંથીઓ રાહ જોતા હતા તે માટે એમ જણાવ્યું કે જે અવતારની તમો રાહ જુઓ છો તે તો પ્રગટ થઇ ગયો છે. માતાપંથીઓ ગાભરા બની ગયા; કેમકે જે અવતાર થવાનો છે. અને તે થઇ ગયો છતાં તેની તેમને ખબર પડી નથી તેથી તેઓએ મીશનરીઓને તે ક્યાં અને કેણ તે વિષે આગ્રહથી પુછ્યું. મીશનરીઓએ જણાવ્યું કે મક્કા શહેરમાં મુસલમાની આકારમાં હજરત અલી રૂપે તે થયો છે. આમ કહી હજરત અલીને લગતી હકીકત કહી સંભળાવી. નવ અવતાર હીન્દુ સ્વરૂપમાં થયા અને દસમો મુસલમાન સ્વરૂપમાં થયો તેની શંકાનું એવી તો સરસ ખુબીથી સમાધાન કીધું કે મુખથી આફરીન નીકળી જાય છે.

માત્ર પ્રપંચ્ટરાષ્ટ્રીનુંજ ધોરણ અને અનુકુળતાનોજ હેતુ હતો. દસમો અવતાર મુસલમાની સ્વરૂપમાં થવાનું ખુદ નારાયણ ભગવાનના મુખથીજ જાહેર થયાનું જણાવ્યું. આ માટે યુધિષ્ટરે કૌરવોને મારી નાંખી પાપ નિવારણ માટે યજ્ઞ કીધો તેજ પ્લોટ હાથ ધર્યો. પાંડવોને ત્યાં યજ્ઞની ક્રીયા ચાલી રહી હતી ત્યારે નવમા અવતાર બૌદ્ધને કોઢીઆના રૂપમાં ત્યાં ભિક્ષા લેવા મોકલ્યો. આવા કોઢીઆને યજ્ઞમાં દાખલ કરવાથી યજ્ઞનો ભંગ થાય તેમ યજ્ઞમાં વેદ ભણતા બ્રાહ્મણોએ યુધિષ્ટરને જણાવ્યું. બ્રાહ્મણો જાણતા હતા કે યુધિષ્ટર યજ્ઞ કરે છે. તે બરાબર નથી માટે શ્રી ભગવાન જરૂર આવશેજ. બૌદ્ધ પોતાની

વિદ્યાના જોરથી યજ્ઞઃમાં દાખલ થયા અને યુધિષ્ટરને યજ્ઞ કરવાની જરૂર ન હતી તેમ જણાવી બ્રાહ્મણોની લુચ્ચાઇ જાહેર કીધી. બૌદ્ધે બ્રાહ્મણો ઉપર નાખુશ થઇ એમ જણાવ્યું કે હું દસમો અવતાર પણ હીન્દુ સ્વરૂપમાં લેવાનો હતો પરંતુ તમો બ્રાહ્મણો આવા પાપી થયા માટે હવે હું દસમો નકલંક અવતાર મુસલમાન રૂપે લઇશ. આવી રીતે ઐતિહાસીક ધોરણે જોડાણ થતાં માતાપંથીઓને તે માની લેવા ઉત્તેજન મળ્યું હઝરત અલી એ વિષ્ણુનો દસમો અવતાર મનાયા વધુ સરળતા માટે દસ અવતારનું પુસ્તક રચ્યું, તેમાં ઉપર જણાવેલી ઐતિહાસીક વાર્તા પણ ઉમેરી દીધી.

મીશનરીઓની મુખ્ય નેમ ઇસલામી બીજ છાંટવાની હતી અને તેથી જેમ બને તેમ હઝરત અલીના દસમા અવતારપર જોર દેવાનું હતું. આ માટે મીશનરીઓએ ઉપલો યુધિષ્ટરના યજ્ઞનો કીસ્સોજ બહુજ મુનાસબ ધાર્યો.

યજ્ઞઃમાં જ્યારે શ્રી નારાયણ ભગવાનના નવમા અવતાર બૌદ્ધે મનુષ્ય અવતારમાં બ્રાહ્મણોપર નારાજ થઇ દસમો અવતાર મુસલમાન રૂપે ગુપ્ત પણે લેવાનું જણાવ્યું; ત્યારે યુધિષ્ટરે તેમને પુછ્યું કે આપ ક્યાં પ્રગટરૂપ ધરશો? ત્યારે બૌદ્ધે જણાવ્યું કે અય યુધિષ્ટર. હું ઇરાન દેશમા એરાક પ્રગણે દેલમના ગામ અમામપુરીમાં પ્રગટ થઇશ. મીશનરીઓએ ઇસમાઇલી ઇમામોને હઝરત અલીના અવતાર બતાવ્યા હતા. અને તેજ ઇસમાઇલી ઇમામ તે મીશનરીના સમયમાં અમામપુરીમાં રહેતા હતા.

બૌદ્ધે અંતરધ્યાન થવાનું તથા આજથી કલીયુગ બેઠાનું જણાવ્યું. આ સાંભળી યુધિષ્ટિર તથા તેના ભાઇઓએ શ્રી ભગવાનની હાજરી નથી તેવા કલીયુગમાં રહેવાનું પસંદ નહિ કરતાં હીમાલય પર જઇ ગળી મરવા ઇચ્છા જાહેર કીધી. પાંડવોની આવી મરજી જોઇ મગાજી પણ તેમની સાથે હીમાલય પર જવાને તૈયાર થયા. આ વ-

ખતે બોધ્ધે કહ્યું કે મારો કલીયુગમાં વાસ છે પણ હું ગુપ્ત રહું છું. આ ગુપ્ત વાસ ક્યાં છે તે પુછતાં મહાત્માએ જણાવ્યું કે પશ્ચિમ દીશામાં ઇરાન દેશ છે ત્યાં હું ગુપ્તપણે દસમો અવતાર ધરી રહું છું. આટલું કહી મીશનરીએ જણાવ્યું કે અય શ્રદ્ધાળુ ભાઇઓ! ઇશ્વરે દસમો નકલંકી અવતાર ઇરાન મધે અમામપુરી નગરીમાં લઇ લીધો છે. વૈષ્ણવનો અવતાર તે અલી, બ્રહ્માનો અવતાર તે નબી મહંમદ, આદમ તે ઇશ્વરનો અવતાર અને અથર્વવેદની કીતાબ તે કુરાન. આ વખતે મીશનરીએ શીષ્યોનું વલણ વધારવા સારો પ્રયાસ કીધો છે મતલબ કે માતા પંથમાં આમ યુક્તિથી ઇસલામના બીજ છંટાયાં.

હરીવંશ—આ પુસ્તકના પૃષ્ટ ૨૧૯ માં હરીવંશના નવ અવતારના વંશજોની ટીપ આપી છે તે નવ અવતાર હીન્દુ સ્વરૂપમાં હતા અને તેના વંશજો પણ હીન્દુ હતા; પરંતુ દસમો અવતાર તો મુસલમાન સ્વરૂપમાં જાહેર કરેલો તેથી નવમા અવતાર સાથે દસમા મુસલમાની અવતારનું જોડાણ કરવાનું હતું. આ કામ માટે પણ બહુજ ખુબીથી કામ લીધું. નવમો અવતાર શ્રી બૌદ્ધનો હતો. બૌદ્ધનો વંશ એમ જાહેર કીધો કે:—

શ્રી બૌદ્ધના શીશ, સામ, સલામ, મલકાન, ઇસલામ, હારાન, સામાન, સાફાન, અદનાન, મઆદ, નીઝાર, મઝર, ઇલીયાસ, મુદરક, ખુઝેમે, કનાન, નઝર, માલક, ફહર, લુવે, કએબ, મુરે, કલાબ, કુરી, અબ્દુલમનાફ, અબુ હાશમ, અબ્દુલ મુતલબ, અબુ તાલબ, વંશ શ્રી શાહ મૌલા મુરતઝા અલી (૧૦)

શ્રી બૌદ્ધના વંશજો મુસલમાન સ્વરૂપમાં રજુ કીધા અને હજરત અલી પછી તેમના વંશજો ઇસમાઇલી ઇમામોની ટીપ અગાઉ આપી છે તેજ છે. ઇસમાઇલી લોકો ઇશ્વરના વંશને હરીવંશ કહે છે અને તેને ઇશ્વર જેટલુંજ માન આપે છે.

ચાર વેદ—યજુરવેદ, સામવેદ, રૂગવેદ અને ચોથો અથર્વવેદ એમ માન્ય રાખ્યા; પણ સાથેજ એમ જણાવ્યું કે કુરાન તેજ અથર્વવેદ છે. આ રીતે વેદની માન્યતા પરથી ખસેડી કુરાન તરફ વાળ્યા.

ચાર યુગ—સત્યયુગ, દ્વાપરયુગ, ત્રેતાયુગ તથા ચોથો કલીયુગ એમ ચારે યુગ કબુલ રાખ્યા.

ચાર પાટ—ચાર યુગના ચાર પાટ પણ કબુલ રાખ્યા. સતયુગનો સોનાનો, ત્રેતાયુગનો રૂપાનો, દ્વાપર યુગનો ત્રાંબાનો અને કલીયુગનો માટીનો. માતાપંથીઓ આ કલીયુગ ચાલતો હોવાથી માટીનો પાટ બીછાવતા હતા તેથી તે માટીનો પાટજ માન્ય રાખ્યો.

ચાર પાવળ—સત્ય યુગનું આંસુનું, ત્રેતાયુગનું પરસેવાનું, દ્વાપર યુગનું સાધુના પગના મેલનું એમ ત્રણ યુગના પાવળ માન્ય રાખ્યાં. પરંતુ ચોથા કલીયુગનું વીર્યનું અપવિત્ર પાવળ રદ કરી તેને બદલે ખાકે શફા એટલે કરબલાની માટીનું પાવળ દાખલ કીધું આમ વીર્ય જેવી અપવિત્ર વસ્તુનું પીણું છોડાવી પવિત્ર ખાકે શફા દાખલ કીધી.

ચાર દીશા—માતાપંથીઓની ચારે યુગની બંદગી કરવાની ચાર દીશા માન્ય રાખી. સત્યયુગમાં ઉત્તર, ત્રેતાયુગમાં પૂર્વ, દ્વાપર યુગમાં પશ્ચિમ અને કલીયુગમાં દક્ષિણ એમ માતા પંથીઓની ગોઠવણ હતી. મીશનરીઓએ ચાર દીશા કબુલ રાખી પણ તેમાં ફેરફાર કરી કલીયુગની દીશા પશ્ચિમ જણાવી. આમ કરવાનું કારણ બહુજ ઠીક હતું. હીન્દના ઇસલામીઓને પશ્ચિમ તરફ મુખ કરી બંદગી કરવાની હોય છે તેથી માતાપંથી માન્યતાથી ખસેડી ઇસલામી માન્યતાપર લાવી મુકયા.

ચાર ભક્ત—માતાપંથીઓના ચાર યુગના ચાર ભક્ત માન્ય રાખ્યા. સત્યયુગનો ભક્ત પ્રલ્હાદ, ત્રેતાયુગનો હરીશ્ચંદ્ર, દ્વાપર યુગનો યુધિષ્ટર એમ ત્રણ યુગના ભક્તો જેમના તેમ માન્ય રાખ્યા. ચોથા કલીયુગના ભક્ત બલીને બદલે મીશનરીએ પોતાનું નામ યાને સદરૂ-

દીન દાખલ કીધું. પ્રથમના ત્રણે યુગના ભકતો હીન્દુ અને ચોથા યુગનો ભકત મુસલમાન સમજાવ્યો.

ચાર કોળી—ચાર યુગની ચાર કોળી માતાપંથીઓની જેમની તેમ કબુલ રાખી. સત્ય યુગમાં હાથીની, ત્રેતા યુગમાં ઘોડાની, દ્વાપર યુગમાં ગાયની અને કલીયુગમાં બકરાની. માતાપંથીઓ એમ માનતા કે જે પશુની કોળી અપાય તેને કોળી અપાયા બાદ ગુરૂમંત્રથી સજીવન કરવામાં આવતું. આજે કલીયુગમાં પાપનો વધારો થતાં બકરો સજીવત થતો નથી તેથી બકરાની કોળી આપવી માતાપંથીઓએ બંધ કીધી હતી. તેમની આવી માન્યતાને મીશનરીઓએ કબુલ રાખી કોળીમાં માંસની પ્રસાદી નહિ આપવાનું જણાવ્યું. પણ સાકર તથા શીરો કોળી તરીકે આપવો શરૂ કીધો.

ચાર યુગના ઉદ્ધાર—ચારે યુગના ભકતોએ પોતાના વખતમાં પોતે અમુક અમુક કોડી જીવોનો ઉદ્ધાર કીધો હતો એવી માતાપંથીઓની માન્યતા કબુલ રાખી. સત્ય યુગના ભકત પ્રલ્હાદે પાંચ કોડી, ત્રેતા યુગના ભકત હરીશ્ચંદ્રે સપ્ત કોડી, દ્વાપર યુગના ભકત યુધિષ્ઠિરે નવ કોડી અને કલીયુગના ભકત બલીને બદલે સદરૂદીન નામ દાખલ કર્યું તેથી પીર સદરૂદીને બાર કોડીનો ઉદ્ધાર કર્યો જણાવ્યો

પુનર્જન્મ—ઇસલામ પુનર્જન્મને માનતો નથી; પણ મીશનરીઓએ અનુકુળતા ખાતર પુનર્જન્મની માન્યતા વ્યાજબી જણાવી. હજરત અલી એ વિષ્ણુનો અવતાર, હજરત મહંમદ પૈગંબર તે બ્રહ્માનો અવતાર, હજરત આદમ તે ઇશ્વરનો અવતાર, બધા મીશનરીઓ તે બ્રહ્માના અવતાર, તથા બીજા જે જે લોકો ઉપયોગી જણાયા તેને અમુકના અવતાર જણાવ્યા, પુનર્જન્મનો સ્વીકાર કરી લક્ષ ચોર્યાસીના ફેરા કબુલ રાખ્યા આ ભવમાં જેવાં કર્મો કરશો તેવો ભવિષ્યમાં અવતાર થશે તેમ જણાવ્યું.

દસોંદ—માબાપ થીઓ પોતાની કમાણીનો દસમો ભાગ ધર્મગુરૂને ભેટ આપતા અને તેને દસોંદ કહેતા. આ દસોંદ આપવાની રીત કબુલ રાખી. નવા મુસલમાનોને આ દસોંદ હજરત અલીના વંશ પરંપરા ઉતરી આવેલા ઇમામને આપવા જણાવ્યું. આવી દસોંદની રકમ ખોજાઓ કેટલાક સેકાઓ થયા આપ્યા કરે છે.

પાટ ક્રીયા—માતા પંથીઓની પાટ ક્રીયા જોઈને તેવી કબુલ રાખી; પણ તેમાં ઇસલામના બીજ છાંટતાં કેટલીક ઈસલામી બાબતો દાખલ થઇ. ચાર સુહાગણ પાટને વધાવવા આવે તેવી બાબતને કહાડી નાખી. ઇસલામના પરદાના રીવાજને ખાતર આમ કીધું હશે. વીર્યને બદલે કરબલાની માટી દાખલ થઇ. પુરૂષો સાથે સ્ત્રીઓને ભેળાતી અટકાવી. સ્ત્રીઓ પોતે પોતામાંજ પાટ ક્રીયા જુદી કરે તેમ ગોઠવણ કીધી. કસી જોવાની અનીતિ ભરેલી રીતને પાણીચું આપી દીધું. પાટના મંત્રોમાં હીન્દુ દેવોના નામો સાથે કુરાનની આયતો, પંજેતનના નામો, હજરત મહંમદ પૈગંબરની વંશાવળી, કલમો, દરૂદ અરબી દોઆઓ, હજરત અલીની વંશાવળી, પીરોના નામો વીગેરે બાબતો ઉમેરી. પાટપર કોળી પાવળ લેતી વખતે પૈસા મુકવાની ક્રીયા ચાલુ રહેવા દીધી. કોળી પાવળના નામો બદલાવી તેને બદલે નિયાજ તથા સુકૃત એવાં નામો આપ્યાં.

હરીશ્ચંદ્ર માર્ગી તરીકે—હરીશ્ચંદ્રની સ્ત્રી તારાદે પાટમાં જતી તથા રાજા છુપી રીતે તેને જોવા ગયો. તેણીની મોજડી ચોરી લાવ્યો, પાછળથી તે માર્ગી થયો વગેરે કથા બીલકુલ આબાદ કબુલ રાખી.

ગોપીચંદ કથા—ગોપીચંદની કથા માન્ય રાખી તેનું આખ્યાન લખી કહાડયું. આ આખ્યાનમાં કેટલોક એવો ઉમેરો કીધો કે જે ઉમેરાથી ઇસલામની સત્યતાની બે હજાર વર્ષ પહેલાંની ભવિષ્યવાણી જાહેર થાય. અને ઇસલામ સત્ય હોવા વિષે હજારો વર્ષ પહેલાં હીન્દુ શાસ્ત્રો

માં ભવિષ્ય વાણી ભાખવામાં આવી છે એમ જાહેર થતાં શીષ્યોનું ઇમાન દ્રઢ થાય. ગોપીચંદની કથામાં તેને જાલંધર નાથનો આશીર્વાદ મળ્યો ત્યાં સુધીમાં કાંઇ ફેરફાર કીધો નહિ કાનીપા જોગીએ ગોપીચંદને યુક્તિથી પોતાના ગુરૂ જાલંધર પાસે આશીર્વાદ અપાવ્યો. તેથી જાલંધરનાથ કાનીપા પર નારાજ થઇ એમ બોલ્યા કે "ગોપીચંદ સિદ્ધ અને કાનીપો રદ" એમ ઉમેર્યું. કાનીપાએ ગુરૂ પાસે માફી માગી; પરંતુ ગુરૂએ જણાવ્યું કે સિદ્ધ પુરૂષના મુખમાંથી જે વાત નીકળી ગઇ તે રદ થઇ શકતી નથી. છેવટે કાનીપાએ અરજ કીધી કે મહારાજ, ત્યારે મારી મુક્તિ કોનાથી થશે? ગુરૂએ જણાવ્યુ કે ભવિષ્યમાં સતગુર પીર સદરૂદીન તથા ગુર હસન કબીરૂદીન થશે તેનાથી તારી મુક્તિ થશે. આ ઠેકાણે કેવી ખુબીથી મિશ્રણ કીધું છે તેજ જોવાનું છે; નહિતર ગોપીચંદ તથા પીર સદરૂદીનના સમય વચ્ચે ૧૫૦૦ વર્ષનું અંતર છે. વળી આ બંને પીરો ખુદ મીશનરીઓજ હતા અને તેઓજ આ યુક્તિના યોજક હતા.

હવે કાનીપો ગુરૂ જાલંધર નાથને પુછે છે કે મહારાજ, તે મહાત્માઓ કયાં થશે? ગુરૂ કહે તે બન્ને સતગુરોનો જન્મ પંજાબમાં મુલતાન પાસે ઉચ્ચ ગામમાં થશે. વળી તેની નીશાની એ છે કે તારો રથ જે અધર ચાલે છે તે તેમને જોઇ ભોંયપર પડી જશે. ગુરૂનું આવું વચન સાંભળી કાનીપો સતગુરને શોધવા નીકળ્યો. તે શોધતો ઉચ્ચ ગામમાં આવ્યો. ગુરૂ હસન કબીરૂદીન નવ વર્ષના બાળક હતા. તે નજરે પડતાં કાનીપાનો રથ ભોંયપર પડી ગયો કાનીપાએ તેમને સાષ્ટાંગ નમસ્કાર આદેશ દંડવત કીધા સતગુર કહે આદેશ કહેવાનો વારો અમારા પરશુરામના જમાનામાં હતો. તે ગયા ને તેમનો જમાનો પણ ગયો. હવે તો સલામ કહેવા જોઇએ

કાનીપાએ હસન કબીરૂદીનને ઘણા પ્રશ્નો કીધા. આ પ્રશ્નોના જવાબમાં માતાપંથી મતમાં જે ઇસલામનું મિશ્રણ કીધું છે અને

તેથી યુગ, વેદ, અવતાર, વગેરેની જે માન્યતા ઇસલામ મતનો ફેલાવો કરવા મીશનરીઓએ સમજાવી છે તે કહી સંભળાવી પોતાનું અખંડ ગુરૂપદ જાહેર કીધું. આ સંવાદ ઘણો રસીક છે પરંતુ લંબાણ થવાનું કારણ અત્રે આપતાં અટકાવે છે.

સત્યવાદી સગાળશા—શેઠ સગાળશાની કથા માતા પંથીઓ બહુજ રસથી વાંચતા હતા. અને તેમાં સગાળશા સત્યને ટકાવી રહેલા તે શ્રદ્ધાળુ માણસને કાંઇક ન્યારો અસર કરી શકે છે તેથી આવી રીતે ખરા મુરીદોને કસી જોઇ બીજાઓને ઉદાહરણથી ભાવીક બનાવવાનું મીશનરીઓને બહુજ યોગ્ય જણાવ્યું. આ માટે પીર શમશુદીન ચોટનું ચંદ્રભાણ તથા સુરભાણનું જ્ઞાન પ્રસિદ્ધ છે. આ પીરે મુરીદો પાસેથી માણસનું માંસ માગ્યું. પીર ત્રણ દીવસ સુધી ભુખ્યા રહ્યા. છેવટે ચંદ્ર ભાણ નામના મુરીદે પોતાનું માંસ રાંધી પીરને આપ્યું. ચંદ્ર ભાણ વિના પીરે ખાવા ના પાડી. છેવટે પીરે ચંદ્રભાણને સજીવન કીધો. પીરે મુરીદોને માણસના ચામડાની મોજડી લાવી આપવા જણાવ્યું. સુરભાણ નામના મુરીદે પોતાની ચામડી ઉતારી પોતાની સ્ત્રીને તેની મોજડી શીવડાવી લાવવા કહ્યું તેણી હરજી મોચી પાસે ગઇ. હરજીની દાનત પ્રથમ ખરાબ થઇ પણ પાછળથી તે પીરનો ખરો દાસ થયો. અને મોજડી શીવી આપી પીરને આપી. ચંદ્રભાણ એક, સુરભાણ બીજો અને હરજી મોચી અરધો એમ મહા પ્રતાપી અઢી મુમનો ગણાયા.

પરચુરણ કીયાઓ—માતાપંથીઓની જેમ આરતીનું ભજન રચ્યું અથર્વવેદ, આરાધ, ચોઘડીયાં, ગાયત્રી, શ્લોકો, દસ અવતાર, વીગેરે ગદ્ય તથા પદ્યમાં બનાવ્યાં. આ શાસ્ત્રોમાં ઠામ ઠામ ઇસલામના બીજ છાંટયાં. બ્રાહ્મણો તરફ સખ્ત અભાવ ઉતપન્ન કીધો હલકા અને ધુતારા બ્રાહ્મણોના ચીત્રો ખડાં કીધાં. વૈરાગ્ય તરફ વલણ વધ્યું.

ઈસલામનાં બીઆં--માતા પંથીઓના શાસ્ત્રમાં ઇસલામના બીઆં છાંટતાં અવતારની વાત સમજાવી; પણ સાથેજ ખુદાનું વહદાનિયત પણું પણ સમજાવ્યું. પૈગંબરો અને તેના પર ઉતરેલી ચાર કીતાબો બર હક જણાવી. પંજેતન પાકની પવિત્રતા સમજાવી તેમના પર પ્રીતી બધાવી. બંદગીમાં કુરાનની આયતોનો ઉમેરો કીધો. સુન્નત કરાવવાનું ચાલુ કીધું આયત તથા હદીસોના તરજુમા ગીનાનમાં આપ્યા. દોઆઓ પણ દેશી ભાષામાં તરજુમો કીધી અને ખરો અવતાર (ઇમામ) ઇરાનમાં હોવા તથા દસોંદ (જકાત) તેનેજ આપવા સમજાવ્યું દેવ દેરાંની પુજા છોડાવી મસજીદ તરફ વલણ કીધું. હજુ મુરીદો કાચા અને માતા પંથી મિશ્રણવાળી માન્યતા વાળા હતા તેથી મસજીદને જમાતખાનાનું નામ આપ્યું. આવી મિશ્રણવાળી માન્યતાથી પાકા મુસલમાનો ખીજવાશે તેથી તેમનાથી દરેક વાત છુપાવવાનું સમજાવ્યું. કલમો, દરૂદ, નમાજના સીજદાનું પણ શીક્ષણ આપ્યું. પણ સાથેજ અનુકુળતાને વીસારી મુકી નહિ. શીઆ લોકો કલમો એમ પડે છે કે:--

"લા એલાહ ઈલલલ્લાહ. મોહમ્મદ રસુલીલ્લાહ. અલીયુન વલીયુલ્લાહ વસીરયો રસુલીલ્લાહ." આ કલમામાં "વસીયો રસુલીલ્લાહને" અનુકરણુવાળો ફકરો "અલી સદી અલ્લાહ" જાહેર કીધો. આમ કરવાથી અવતારને લગતી માન્યતા ટકાવી રાખી.

પ્રકરણ ૧૫માં મીસરમાં અપાએલી ઇસમાઇલી કેળવણીને લગતી બીનાથી વાચકો જાણી શકયા હશે કે મીસરમાં ઈસમાઇલીઓએ મુળ ઇસલામી બાબતમાં અનુકુળતાને માટે કેટલોક ફેરફાર કીધો હતો અને તેમ કરવું તે ઇસમાઇલી મીશન પદ્ધતિનો અગત્યનો સીદ્ધાન્ત હતો. આવા સિદ્ધાન્ત મુજબ હીન્દમાં જે ઇસલામી બીઆં છાંટયાં હતાં તેમાં પણ તેવોજ ફેરફાર કરેલો હતો. આ ફેરફાર માતાપંથમાં ગુંથી નાખવામાં આવ્યો હતો તેથી શુદ્ધ ઇસલામી બાબતો, ફેરફારવાળી ઇસલામી બાબતો તથા ખાસ માતા પંથીની મુળ બાબતો એ સઘળાના વિભાગો પાડી બતાવવા એ કાંઇ સહેલું કામ નથી.

જેમને મુરીદો કરવાના હોય તેમનું વલણ જોઇ તેમને એમ જણાવ્યું કે તમારા વડવાઓ હજરત અલી પાસે ઇસલામી થયા હતા અને તેમની ઓલાદે કીયામત સુધી આ મતમાં રહેવા વચન આપ્યું એમ કહેતાં પ્રકરણ પહેલામાં મુમન ચેતવણીમાં ચાર ખોજાઓ હજરત અલીના ગુલામ તથા તેઓ ખરા મુસલમાન થયા હતા તેને લગતી જે બીના આપવામાં આવી છે તે કહી સંભળાવી આથી નવા શીષ્યો પર અસાધારણ અસર થયો. અને તે ટકી રહેવા પામ્યો.

શીષ્ય જો બ્રાહ્મણ હોય તો તેને કહે કે તમારા વડવાઓ તો અગાઉ પાકા દીનદાર મુસલમાન થઇ ગયા છે તેમ કહી જણાવે કે હજરત ઇમામ હુસેનના નામપર તમારા વડવાએ પોતાના સાત પુત્રો કુરબાન કરી આપ્યા હતા. અને તે ઇમામ હુસેનની બરકતથી સજીવન થયા હતા. અને તેથી તેવા બ્રાહ્મણો "હુસેની બ્રાહ્મણો" કહેવાયા હતા. તમો પણ હુસેની બ્રાહ્મણ છો. આજે પંજાબ તરફના કેટલાક એવા ભિક્ષુકો મુસલમાનોમાં ભિક્ષા માગવા આવતા જોવામાં આવે છે કે જેઓ પોતે પોતાને હુસેની બ્રાહ્મણ જણાવે છે. આ સઘળી ખુબી આ ઇસલામી મીશનરીઓનીજ હતી એમ અનુમાન થાય છે.

એકંદરે તેઓએ એવીતો ખુબી કરી દેખાડી કે સાપ મુઓ અને લાકડી તુટી નહિં. મતલબ કે લાખો માતા પંથી હીન્દુઓને મુસલમાન બનાવ્યા. ચાલાકી તો એવી વાપરી કે જે લોકો નવી માન્યતા ગ્રહણ કરતા તેને તે નવી જણાતી નહિ; પણ તે અસલ અને ખરી છે તેમ લાગતું.

આ ઇસલામી મીશનરીઓ હીન્દુ શાસ્ત્રને છીન્ન ભિન્ન કરી નાખી તેમાં મુસલમાની તત્વ દાખલ કરતા હતા અને તેમ કરી તેમના સ્પર્શમાં નહિ આવેલા તેવા લોકોનું પણ પોતા તરફ ખેંચાણ કરતા હતા. આજ કાલના માતાપંથીઓ પોતાને નીજારી પંથના કહે છે તેમના ભજનોમાં મેં ઠામ ઠામ નિજાર નામ વાંચ્યું છે. રામદેપીર

પણ આવોજ કોઇ મીશનરી હોવો જોઇએ. આવી પદ્ધતિથી કામ લેનાર મીશનરીઓએજ અથર્વવેદમાં અરબી આયાતો ઘુસાડી હોય તેવું અનુમાન થાય છે. ઉપરાંત લાખો હીન્દુઓને તેઓએ એવા સંજોગમાં મુકયા છે કે જો તેમને યુક્તિથી મુસલામી બનાવવા તેગના જેવા કુશળ મીશનરીઓ પ્રવાસ કરે તો તે સઘળી કોમ મુસલમાન થઇ જાય તેમ છે. જો આ મીશનરીઓનો દોર આજ સુધી ટકયો હતે તો હીન્દમાં એક પણ હીન્દુ મુસલમાન થયા સિવાયનો રહેવા પામતે નહિ. આજે પણ જો તેવા મીશનરીઓ ઉભા થાય તો મેદાન ઘણું વિશાળ અને અનુકુળ છે.

પ્રકરણ ૧૮ મું.

મીશનરી યાને પીરો.

વટલાવનાર કોણ?— લંડનમાં છપાએલી અંગ્રેજી બુક A VOICE FROM INDIA માં ખોજાઓને વટલાવનાર કોણ તે માટે એમ લખવામાં આવેલું છે કે "તેઓ અસલ શુદ્ર જ્ઞાતીની એક હીન્દુ વર્ણ હતા. કાશમીરની સરહદપર આવેલા "હરીચંદા" નામના શહેરમાં વસ્તા "હરીચંદ્ર" નામના બ્રાહ્મણ ગુરૂએ એ કોમને કેટલાક સો વર્ષની વાત ઉપર પંજાબમાં સ્થાપિ હતી"

ઉપરના ફકરામાં ખોજાઓને હીન્દુમાંથી વટાળી મુસલમાન બનાવનાર હરીચંદ્ર નામનો બ્રાહ્મણ હતો એમ બતાવવામાં આવ્યું છે. આવી દંતકથા કે તેને લગતી કાંઇ પણ હકીકત ખોજાઓના જ્ઞાનોમાં છેજ નહિ. વળી બ્રાહ્મણ કે જે હીન્દુ ધર્મનો હોવો જોઇએ તે હીન્દુઓને વટાળી મુસલમાન બનાવે તે બની શકે નહિ; કદાચ તે બ્રાહ્મણ મુસલમાન થઇ ગયો હોય અને પછી તે તેવું કામ કરે તો અલબત્તા બનવા જોગ છે.

એક ઘરડા ખોજાએ મને એક વખતે ખોજા ધર્મની ઉત્પતી કેવી રીતે થઇ તેના પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે:—

કોઇ એક મુસલમાન બાદશાહે એક હીન્દુનું મંદીર તોડી પાડયું આ મંદીરનો કારભારી સોહોદેવ નામનો બ્રાહ્મણ હતો. બાદશાહે આ મંદીરને લગતી જે કંઇ સ્ટેટ તથા માલમતા હતી તે સઘળી છીનવી લીધી અને તેથી આ સોહાદેવ બ્રાહ્મણ બીલકુલ નિરાધાર થઇ પડયો. તેમજ તે બાદશાહના ખોફથી પોતાનું વતન તજી પંજાબ તરફ આવ્યો. અહીં તેને તેના જેવાજ એક બીજા હરીચંદ નામના બ્રાહ્મણ સાથે મુલાકાત થઇ. તેણે જણાવ્યું કે મારા આશરા હેઠળનું મંદીર મુસલમાન સિપાઇઓએ તોડી પાડી લુટી લીધું છે તેમજ હું હવે બીલકુલ નિરાધાર થઇ ગુજરાન માટે કયો માર્ગ ગ્રહણ કરવો તેની શોધમાં પડયો છું. સોહાદેવે પણ પોતાની હકીકત તેને કહી સંભળાવી. આ બંન્ને બ્રાહ્મણો ઘણાજ ચાલાક હતા અને લાંબી જીંદગી સુધી તેઓ મંદીરના આશરા હેઠળ બીજા હીન્દુઓ પાસેથી સારી ભેટ સોગાદો મેળવતા હતા તેઓ ભોળા લોકોને કેવા ધર્મ પર મુકવા કે જેથી તેઓ તેમના પર ફીદા રહે તે તે ખુબ જાણુતા હતા અને તેથી તે બન્નેએ કોઇ ધર્મનો નવો પંથ કાઢી પોતાનો નિર્વાહ ચલાવવાનુ મુનાસબ ધાર્યું. તેવા સમયમાં ઇરાનથી આવેલા બે સદરૂદીન તથા કબીરૂદીન નામના સુફીઓ સાથે તેમની મુલાકાત થઇ. આ બંન્ને સુફીઓ પોતાના ગુરૂથી નારાજ થઇ હીન્દમાં ચાલ્યા આવ્યા હતા અને તેથી તેઓ પણ પૈસા પેદા કરવાના માર્ગો શોધવાની તૈયારીમાં હતા. આ બંન્ને બ્રાહ્મણોએ તેમને પોતાને બહુજ મદદગાર થઇ પડશે તેમ સમજી સાથે લીધા અને તે સુફીઓ પણ બે અનુભવી બ્રાહ્મણોની શામેલ ગીરીથી પોતાને લાભજ થશે એમ જાણી શામેલ થયા. હવે આ ચાર જણની કમીટીએ એક નવો ધર્મ શોધવા માંડયો. તેઓએ જોયુ કે મુસલમાન ધર્મ અખ્તેયાર કરવામાં કાંઇ માલ નથી; કારણ કે તેમનુ તો રાજ્ય છે અને આપણું

તેમની આગળ કાંઇ ચાલશે નહિ; તેમજ જો આપણા વિષે તેમને જરાપણું એવો ભાસ ગયો તો આપણા બારેજ વાગી જવાના; તેમજ બીલકુલ હીન્દુ ધર્મજ અખ્તેયાર કરવામાં પણ આ સોસાઇટીએ સાર જોયો નહિ કેમકે તે ધર્મનાનો મોટા મોટા ધર્મગુરૂઓ હસ્તી ધરાવે; છે તેથી તેઓએ હીન્દુ તથા મુસલમાનોનો એક નવીન મીશ્ર પંથ કાઢયો અને તેનું નામ સતપંથ પાડયું. તેના કાયદા કાનુનો પણ હીન્દુ અને મુસલમાનોને મળતા કીધા. હવે આ ચારે જણાઓએ પોતાના ધર્મના શાસ્ત્રો અને ભજનો લખ્યાં અને તેની સહાયતાથી લોકોમાં બોધ ચાલુ રાખ્યો. તેમના બોધથી ઘણા શીષ્યો તેમણે મેળવી લીધા. આ શીષ્યોના નવા ટોળાંને ખોજા એવું નામ આપ્યું અને તેનો અર્થ એમ જણાવ્યો કે આ લોકોએ ધર્મને ખરી ખોજ કરી મેળવ્યો છે માટે તેઓ ખોજા નામને બહુજ લાયક બન્યા છે. હવે આગળ ચાલતાં આ ચારે ધર્મ ગુરૂઓમાં કેટલાક વચ્ચે વાંધો પડયો. સોહોદેવ યા હરીચંદની ઓલાદના લોકો તે વખતે બાવા કહેવાતા હતા તેમણે લોકોને યાને ખોજાઓને ઇરાનના આગાખાનના કુટુંબના કોઇ વડવા સાથે મેળવી તેમને ખોજાના પીર મુકરર કરાવ્યા. હવે ખોજા કોમ આ પીરને પીર માનવા લાગી અને તેથી બાવાઓની કમાણી પણ ચાલુ થઈ; પરંતુ ઇરાનના પીરોએ જોયું કે હવે ખોજાઓ આપણી તરફ રજુ થઇ ગયા છે માટે બાવાઓને અટકાવી નાખવા જોઇએ અને તુરતજ તેવી કોશીશો ચાલુ કીધી. કહે છે કે કચ્છ દેશની કોર્ટોમાં પણ આ કેસ ચાલ્યો હતો અને બાવા લોકોએ ખોજાઓ તરફથી ઇરાની પીરોને જે ભેટ સોગાદો મળે છે તેમાં પોતાનો ભાગ છે એમ દાવો કરી કેટલાક દસ્તાવેજો રજુ કીધા હતા.

આ દંતકથાને લગતી બીના મુંબઇમાં ખાકી ખોજાએ ઇસમાઇલી શજરાની એક ચોપડી છપાવી હતી. તેમાં હતી. આવી દંતકથાનો ઇનકાર થઇ શકતો નથી તો પણ તેમાં મને સચ્ચાઇ જણાતી નથી; કેમકે પીર સદરૂદીન તથા પીર કબીરૂદીન આજથી પાંચસો

વર્ષપર થઇ ગયા છે અને ખોજાઓને હીન્દુઆંથી વટલાવી મુસલમાન બનાવવાનો પ્રયાસ આજથી સાડા આઠસો વર્ષ પર થયો હતો તેવું ગ્રાનો પરથી જણાય છે. તેથી ઉપરની દંત કથા જુઠી ઠરે છે.

પીર નુરદ્દીન--(નુર સતગુરનુર) હીન્દુઓમાંથી વટાળી ખોજા બનાવનાર પહેલ વહેલા એ પીર હતા તેમણે ખોજાઓને હીન્દુ ધર્મમાંથી વટાળી ખોજા નામ આપ્યાનું ખોજાઓની માનીતી બુક મોમીન ચેતામણીમાં પીર ઇમામશાહના મુખથી કહેવાયુ છે. તે પાઠ નીચે આપુંછું

એજી નુરે સતગુરનુર પરથમ જાહેર થયા,
તેપણ પામીવા એ ઘર મીંજાર;
તેણે સેવા કીધી નર અલી તણી,
તારે આલીયો સતપંથ સાર ચેતો. ૧૯૮

એજી ત્યારે સતગુરનુર પ્રબોધ કરી,
તેણે આપીઓ ધરમ સંભાર,
એ વીરા મારા ભાઈ તમે સાંભળો,
સતગુરજી કહેછે પુકાર ચેતો. ૧૯૯

એજી તેણે બોધીને ખોજા કરીયા
અને આપીયો તે ધરમ આચાર;
ત્યાંથી સત પંથ ચાલીઓ,
દસોંદ તણું વહેવાર ચેતો. ૨૦૦

આ પીર સતગુરનુર તે કોણ અને તેમને લગતી શી હકીકત છે તે મજકુર પીરના હાલના હયાત સજ્જાદા નશીન સૈયદ મીર પ્યારે સાહેબના ભાઇ સૈયદ સદરૂદીન સાહેબે એક નાની ચોપડીમાં પ્રગટ કરેલ છે તેમાંથી અગત્યનો સાર નીચે આપું છું.

તેમનું નામ સૈયદ નુરદ્દીન નુરમહંમદ હતું તેઓ ઇમામ જાફર સાદકના ખાનદાનથી હતા. તેઓ હીજરી સન પાંચના સમયમાં અર-

બસ્તાનમાંથી હીન્દમાં આવી જુદે જુદે ઠેકાણે પવિત્ર ઇસલામનો બોધ આપતા ગુજરાતના પ્રસિદ્ધ શહેર પાટણમાં પધાર્યા તે વખતે ત્યાં રાજા સીધરાજ જયસિંહ રાજ ભોગવતો હતો. પીર ફરતા ફરતા રાજાના મંદિરમાં ગયા. તો પુજારીએ તેમને અટકાવ્યા અને કહ્યું કે તમો મુસલમાન છો તેથી મંદીર અપવિત્ર થશે. પીરે જવાબ આપ્યો કે જો તમારા દેવો સાચા હોય તો તેને કહો કે તે બોલે. પુજારીએ કહ્યું કે પથ્થરની મુર્તીઓ બોલી શકે નહિ. પીરે સઘળી મુર્તીઓને નૃત્ય કરવાનું કહેતાં તે સઘળી નાચવા લાગી. પુજારી પીરની કરામત જોઇ અચરજમાં પડયો અને તેણે આ ખબર તુરત રાજાને પહોંચાડી રાજા પોતાના ગુરૂ કાનીપા સાથે આવી હાજર થયો. રાજા મુર્તીઓને નૃત્ય કરતી જોઇ પીરની કરામતના કારણે પીરના પગપર પડયો. ત્યાર બાદ પીર અને કાનીપા વચ્ચે કેટલીક હરીફાઇ ચાલી. કાનીપાએ એક દંડ આકાશ તરફ ફેંકી પીરને તેને બોલાવવા કહ્યું. પીરે પોતાની મોજડીને તે દંડને બોલાવી લાવવા ફરમાવ્યું તુરતજ મોજડી આકાશમાં જઇ દંડને બોલાવી લાવી. કાનીપાએ પોતાના શીષ્યને એક વિકાળ સર્પ ગળાવ્યો અને તે સર્પને તેના પેટમાં રહેવાની આજ્ઞા કીધી. શીષ્ય ઘણો ગભરાયો અને મરણ તોલ થઇ ગયો પીરે તે સર્પને બહાર નીકળવા ફરમાવતાં તે સરેસ્તા પ્રમાણે બહાર નીકળી ગયો. એવી અનેક પરીક્ષાઓ સામ સામે ચાલી. અંતે કાનીપો તથા તેના શીષ્યો પીરને નમ્યા અને ગુપ્ત રીતે ઇસલામ મતમાં દાખલ થયા. તે વખતે પીરે જોગીઓની સાડાત્રણ મણ જનોઇઓ ઉતરાવી અને ગૃહસ્થાશ્રમ માંડી ખુદાની ઇબાદત કરવા આજ્ઞા આપી. ત્યારબાદ તેઓ ધારાનગરીમાં આવ્યા. ધારાનગરીના રાજા સુરચંદને ઘેર એક કુંવરીનો જન્મ થયો હતો તેનું નામ તેણે પાલણદે રાખ્યું હતું બ્રાહ્મણોએ તેનું ભવિષ્ય ભાખ્યું હતું કે એ કન્યા તમારૂં (રાજાનું) તારણ કરાવશે કુંવરી જ્યારે મોટી થઇ ત્યારે રાજાએ તેના સગપણનો વિચાર કીધો; પણ કુંવરીએ જણાવ્યું કે મારો વર થોડા વખતમાં મને પરણવા

અહીં આવશે. રાજાએ પાલણુદેને એક જુદા મહેલમાં રાખી હતી રાજા કુંવરીએ એક પારાધીને રોજ હરણનું સવાશેર માંસ લાવી આપવાનો હુકમ કર્યો હતો. તે માંસ તેણી પકાવી તેમાંથી એક આંગળી બોળી હોઠે લગાડતી. થોડા વખત વિત્યાબાદ પીર નુરસતગોર નવસારીના જંગલમાં આવ્યા અને કુરાન પડતા બેઠા તેમના દર્શન માટે પશુ પક્ષીઓનો મેળાવડો થયો અને બધા પશુ પક્ષીઓ મેલાવડામાં ગયા હોવાથી તે દહાડે પારાધીને હરણ ન મળતાં, પારધી હરણની શોધમાં તે મેલાવડા આગળ આવી લાગ્યો તેણે ત્યાં એક ઓલીયા પુરૂષને અસંખ્ય જનાવરોના મેળાવડા વચ્ચે જોયા. પીર સતગોરે તે પારાધીને પોતાની પાસે બોલાવી એક હરણની જાંગ કાપી તેને આપી. સાથેજ હરણ પર હાથ ફેરવ્યો તેથી હરણ દુરસ્ત થઇ ગયુ તે માંસ પારાધીએ જઇ કુંવરીને આપ્યું. કુંવરીએ હોઠે લગાડતાં તેને પીરના આવવાની ખબર પડી. કુંવરીએ આ વાત રાજાને જણાવતાં રાજાએ તેણીને કહ્યું કે આપણે રજપુત કોમના થઇ એક મુસલમાન સાથે તને કેવી રીતે પરણાવી શકું; પણ કુંવરીના અસરકારક બોધથી રાજાનું મન પીગળ્યું અને રાજા પોતે પીરની પરીક્ષા કરવા માટે આવ્યો. તેણે પીર પાસે આવી નમન કીધું અને પીરે તેના માથાપર હાથ મુક્યો પીરનો હાથ લાગતાં રાજાને જે કોહોડની બીમારી હતી તે દુર થઇ. અને રાજા તનદુરસ્ત થયો. પછી પીરને પાલખીમાં બેસાડી રાજા દરબારમાં લઇ આવ્યો. અને તેઓના પોતાની કુંવરી સાથે લગ્ન કરી આપ્યાં. આ લગ્ન વખતે પીરની કરામતના જોરે ગેબી લાઇટ થઇ હતી અને હાલમાં જે બે તળાવ નવસારીમાં છે તેમાંનુ એક દુધથી અને બીજું શરબતથી ભરાયું હતું. ત્યારથી એ તળાવેના નામ દુધીયુ તથા શરબતીઉ મશહુર થયાં છે અને તે બંન્ને તળાવો અદ્યાપિ પર્યંત તેજ નામથી જાણીતાં છે. પીર અત્રે નવશા (વરરાજા) થયા ત્યારથી નવસારી નામ પડયું. હાલ નવસારીમાં જ્યાં નુરસદગોરનો કીમતી રોજો છે. ત્યાં આજથી નવસો વર્ષપર એક સાધુ મહા યોગાભ્યાસી હતો. તે

યોગવદ્યામાં પ્રવીણ હોવાથી તેનાપર શ્રદ્ધા રાખનાર ઘણા ભક્તો પુનમના દહાડે તેના દરશન કરવા માટે આવતા હતા. આ તળાવની ઉંચી ટેકરીપરની રમણીય જગો પીરને બહુજ ગમી તેથી ત્યાં આવી પેલા સાધુને કહેવા લાગ્યા કે આ જગો મને બહુજ પસંદ છે. આ જગોએ હું મારી કબર કરવા માગું છું અને એ પ્રમાણે કરવા મને મારા કીરતાર તરફથી હુકમ છે. સાધુએ કહ્યું કે તમારૂં કહેવું હું શી રીતે માની શકું ? તમારી શક્તિ મને બતાવો તો હું તમારા કહેવાપર અમલ લાવીશ. ત્યારબાદ પીર તથા સાધુએ પોતાની શક્તિ દેખાડવા માટે ત્રણ ત્રણ દીવસ સુધી તળાવના પાણીમાં રહી નમાજ પડવા તથા શંખ વગાડવા નક્કી કીધું. પીર તથા સાધુએ શુક્રવારના દીવસે તળાવમાં ડુબકી મારી. સાધુ ત્રીજે દીવસે મરેલો બહાર નીકળ્યો અને પીર નુરસતગોર સલામત બહાર આવ્યા અને આ રમણીય જગો પોતાના કબજામાં લીધી ત્યારબાદ સાધુને માનનારા લોકો સરેસ્તા મુજબ પુનમના દહાડે તેના દર્શન કરવાને આવ્યાં. પોતાના ગુરૂને ન જોતાં તેમજ જગોમાં મોટા ફેરફાર થઇ ગએલો જોઇ તેઓ તજવીજ કરવા લાગ્યા ત્યારે પીરે તેમને પુછ્યું કે તમારે સાધુનું શું કામ છે? લોકોએ જવાબ આપ્યો કે અમોને તેઓ ઉપદેશ કરતા હતા અને તેથી તેઓ અમારા ગુરૂ થાય છે. પીરે કહ્યું કે હવે અમો તમોને બોધ કરીશું તથા તમારા ગુરૂ થઇશું. લોકોએ કહ્યું કે એમ અમો ઉપદેશ લેતા નથી. તથા તમોને ગુરૂ તરીકે સ્વીકારતા નથી. પીરે કહ્યું કે આજે તમો તમારા ગુરૂને શું પુછવાના હતા ? લોકોએ કહ્યું કે આજે તો અમો દારીકાંની યાત્રાએ જવાના છીએ તેથી માત્ર તેમને પગે લાગી રજા માગવાને આવ્યા હતા. પીરે કહ્યું કે દારીકાંની યાત્રા શામાટે જાઓ છો ? અમો તમોને તે યાત્રા અહીંજ કરાવીએ તો પછી કેમ? લોકોએ જવાબ આપ્યો કે ત્યારે તો અમો તમને ખરા ગુરૂ માનીએ પીરે કહ્યું તમારામાંથી કોઇએ દારીકાંની યાત્રા કરી હોય તેને સાથે લાવો કેમકે તે પુરાવો આપે કે એજ દારીકાંની યાત્રા છે તે લોકો-

માંથી એકે કહ્યું કે હા. મેં દ્વારીકાંની યાત્રા ઘણીવાર કીધી છે માટે હું જાણીશ કે તમે બતાવો છો તે દ્વારીકાંનીજ યાત્રા છે કે બીજી છે. આ ઉપરથી પીરે પોતાના અંગરખાની બાંહ ઉંચે કરી તેમાં જોવાને કહ્યું તો તેઓએ એક મંદિર તથા તેમાં શ્રી કૃષ્ણની મુર્તીના દર્શન કીધાં તે દીવસથી તે લોકો હીન્દુ મત તજી ઇસલામ મતમાં દાખલ થયા. ત્યારબાદ પીર પોતે એક છોકરો હયાત મુકી પોતાની જન્મભુમિ અરબસ્તાન તરફ હજ કરવાને ઉપડી ગયા. જતી વખતે તેમણે વસીયત કીધી હતી કે અમુક વખતે અને ફલાણા દીવસે મારી પેટી મારા શબને લઇને અરબસ્તાનથી અહીં આવશે. તેજ પ્રમાણે ફેરવેલે વખતે તે પેટી જલાલપોર આગળની નદીમાં આવી અને તેની આગાહીનું સ્વપ્નું તેમની ઓલાદને આવ્યું. અને તેથી તેઓ પોતાના મુરીદોને લઇ મજકુર પીરની શબવાળી પેટીને લઇ આવી વસીયત મુજબ દફન કીધી. પીરની તારીખે વફાત "લાયમુત" છે અને તેના અરબી અબજદના હીસાબે હી સ ૪૮૭ નો સન નીકળે છે. આજે હી. સ. ૧૩૨૯ નો સન ચાલે છે. અને તેથી પીરને લાયમુત થયે ૮૪૨ વર્ષ થયા છે.

પીરની દરગાહ નવસારીમાં સૈયદ સાદાતના નામથી ઓળખાય છે. ઇદના મહીનાની તા.૬ ઠીએ તેમનો ઉરસ થાય છે. ઉરસમાં શીરસ્તા મુજબ નવસારીના સુબા વીગેરે અમલદારો સરકારી રસાલા સાથે હાથી પર બેશી સાંજના પાંચ વાગે પીરના દર્શન માટે પધારે છે. પીરના હજારો મુરીદો તથા બીજા મુસલમાનો પણ તે વખતે ત્યાં હાજરી આપેછે. મરહુમ મલ્હારાવ મહારાજે આ દરગાહ પર પધારી એક કીમતી ગીલેફ અર્પણ કરેલો છે તે ઉરસના દહાડે પીરની કબર પર ઓઢાડવામાં આવેછે. તે મરહુમ ખંડેરાવ મહારાજ પણ દર્શન માટે જાતે પધાર્યા હતા. અને પીરની દરગાહ પર લોબાન બત્તી માટે રૂા. ૬૦) નું સાલીયાણું બાંધી તથા કેટલીક જમીન આપેલીછે.

મજકુર રીસાલામાં એમ પણ બતાવ્યું છે કે આ પીરના વંશમાં

કરામતો સીના બસીના ઉતરતી આવી છે. અને તેઓએ હીન્દમાં મોટી નામના મેળવી છે તેમના નામોમાં મુખ્ય પીર શમ્શુદીન કે જેઓએ કાશ્મીરમાં જઇ હજારો હીન્દુઓને ઇસલામ મતમાં લઇ સતપંથનો રસ્તો બતાવ્યો હતો. એમના પછી થયેલા પ્રખ્યાત પીર સદરદીન કે જેઓએ લોહાણા કેડી ખોજા કરી પવિત્ર ઇસલામમાં દાખલ કર્યા. એવી રીતે એમના પછી પીર કબીરદીન તથા પીર ઇમામુદીન તથા પીર મહંમદ સાહુદલાએ હજારો કરામતો અને બુરહાનો બતાવી પવિત્ર ઇસલામ ઉપર અજવાળું પાડ્યું છે.

આ પીર કોણના તરફથી અને કઇ સાલમાં થયા તે માટે ખોજા વૃતાન્તના કર્તા જણાવે છે કે તેઓ શુમારે સાતસો પચાસ વર્ષપર થઇ ગયા છે. પરંતુ પીર હી. સ. ૪૮૭ માં વફાત થયા તેને આજે ૮૪૨ વર્ષ થાય છે માટે સાતસો પચાસ વર્ષની વાત જુઠી છે. વળી મજકુર પીર સીધરાજ જયસિંહના સમયમાં હતા અને સીધરાજ જયસિંહે ઇ. સ. ૧૦૯૪ થી ઇ સ ૧૧૪૩ સુધી રાજ કર્યું હતું. હીજરી સન ઉપરથી ઇસવી સન કહાડવાની રીત મુજબ હી સ ૪૮૭ ના ઇ. સ. ૧૦૯૪ થાય છે અને તે સન સીધરાજનો છે. માટે સાતસો પચાસ વર્ષની વાત ટકી શકતી નથી.

વળી ખોજા વૃતાન્તના કર્તા મજકુર પીર અલમોતના હાકેમ અલીઝીકરહુસ્સલામના તરફથી હીંદમાં ઇસલામનો બોધ કરવાને આવ્યા હતાનું જણાવે છે અલમોતના હાકેમ અલીઝીકરહુસ્સલામનો સમય હી. સ. ૫૫૭ થી ૫૬૧ અને ઇ. સ. ૧૧૬૨ થી ૧૧૬૬ સુધીનો છે. તે સન પીરની તારીખે વફાતના સનથી ઘણો દુરનો છે. તેમજ અલીઝીકરહુસ્સલામના વખતની સાલ સિધરાજ જયસિંહની સાલ સાથે મળતી નથી; માટે તે વાત પણ બરોબર નથી.

પીર નુરસતગોર હીંદમાં અલમોતના રાજ્યની સ્થાપના પુર્વે આવેલા હોવા જોઇએ કેમકે હસન બીન સબ્બાહે અલમોતના રાજ્યની

સ્થાપના હી. સ. ૪૮૩ માં કીધી હતી. અને તે પછી ચોથે વર્ષે જ યાને હી. સ ૪૮૭ માં પીરની વફાત થઇ હતી.

ખોજા કોમનો ઇતિહાસના કર્તા જણાવે છે કે "ઇમામ હસન ઝુકરીયા સલામે પહેલ વહેલો પોતા તરફથી એક દાઇ હીન્દુસ્તાન ભણી ઇ. સ. ૧૦૦૧ માં મોકલ્યો હતો. અને તે દાઇનું નામ નુર સતાગર હતું પણ વધારે માન્ય કરાય એવી કથાઓથી માલમ પડે છે કે પીર સતગુરનુર અથવા જેને નુર સતાગર પણ કહે છે તે ઇ. સ. ૧૧૮૦ માં પાટણ શહેરમાં સોલંકી ભીમ રાજાના વખતમાં આવ્યા હતા" ઇ. સ ૧૦૦૧ નો સન પણ ખરો નથી; કેમકે તે સન તો અલમોતના રાજ્યની પુર્વે ૮૯ વર્ષનો છે. તે સમય તો મીસરના ફાતમી ખલીફ હાકમ બિલ્લાહનો છે. પીરની વફાત ઇ. સ ૧૦૫૪ માં થઇ હતી તેથી ઇ. સ. ૧૧૮૦ નો સન પણ ખરો ઠરતો નથી. આ પીરની તારીખે વફાત "લાયમુત" છે. લાયમુતના અબજદના હિસાબે હી. સ ૪૮૭ થાય છે.

શેઠ જાફર રેમતુલા કહેછે કે આ પીરે ખોજાઓને વટલાવ્યા નથી અને તેથી તેઓ સાથે આપણને કાંઇ લાગતું વળગતું નથી; પરંતુ આગળ મોમન ચેતામણીનો જે પાઠ આપ્યો છે તેથી ખુલ્લું જણાઇ આવે છે કે આ પીરેજ ખોજાઓને હીન્દુમાંથી વટાળી મુસલમાન કીધા હતા. મોમન ચેતામણીના કર્તા પીર ઇમામુદીન પીરાણાવાળા છે અને તે વાત જુઠી માનવા કાંઇપણ પુરાવો નથી; માટે પહેલ વહેલા ખોજાઓને વટલાવનાર પીર નુરસતગુર નવસારી વાળા હતા એ ખરીવાત છે. વળી આ પીરની દરગાહની જીયારત કરવાની ખોજાઓની ચાલતી આવેલી રીત તે વાતને ટેકો આપે છે આ પીરની દરગાહને ખોજા અસલથી માનતા હતા. અને દરગાહની બાજુમાં તેઓએ એક મોટું જમાત ખાનું પણ બંધાવ્યું હતું. હાલ આ જમાતખાનું. પીરની દરગાહ તથા તેના અંગે રહેલી જમીન ખોજાઓના ધર્મને લગતી મીલકત ધારી આગા શાહ હસનઅલી

ઈ. સ ૧૯૨૨ માં તેનો કબજો લેવાને ખોજાઓની મોટી સંખ્યા સાથે નવસારી જઈ જમાતખાનામાં ઉતર્યા હતા. પરંતુ દરગાહના હાલના સજ્જાદાશીન મીર ખ્યારે સાહેબના પીતા હાશમશાહ તુરતજ વડોદરે જઈ શ્રીમંત મહારાજા ખંડેરાવ ગાયકવાડ પાસે ફરીયાદ લઈ ગયા હતા. અને તે ફરીયાદનો ફેસલો હાશમશાહની તરફેણમાં થયો હતો

પીર પાસે એક મેના તથા એક પોપટ હતો. તે પીરના ગુજરવાનો સદમો સહન નહિ કરી શકવાથી તુરતમાંજ ગુજરી ગયાં. આ બન્ને પક્ષીઓની કબર પીરની ડાબી તથા જમણી બાજુમાં કરવામાં આવેલી આજે પણ મોજુદ છે. પીરની કબરપર આજથી સાડા આઠસો વર્ષ-પર રોજો બનાવવામાં આવ્યો છે. રોજાની ઉપલી ટોચના બેકાંગો સોનાના કલસ છે. જેની કીમત હાલમાં પાંચ હજાર રૂપીઆ અંકાય છે. રોજો ઘણોજ સુંદર અને મજબુત બાંધણીનો છે. તેની કીમત ઇજનેરો દસ હજાર રૂપીઆની આંકે છે. ખોજા વૃતાન્તના કર્તા લખે છે કે અસલ એક ઓટલાપર એ પીરની કબર હતી તે ઉપર ખોજાઓએ ઉપરાણું કરી દરગાહ બનાવી હતી તેને સુમારે સો વર્ષ થયાં હશે તે પછી તેને વધારવાના ખર્ચમાં ખોજા શેઠ કાસમભાઈ નાથાભાઈ અને બીજાઓએ મોટી રકમો ભરી હતી. પીરના હાલના હયાત સજ્જાદાનશીન સાહેબે મને પીરની હકીકતને લગતો એક હસ્તલેખ મુસદો આપ્યો છે તેમાં ઉપર મેં જણાવ્યું છે તેમ પીરની દરગાહ સાડા આઠસો વર્ષપર બંધાયાનું લખ્યું છે તેથી ખોજાઓએ સો વર્ષ પર આ દરગાહ બંધાવી તેમ માની શકાતું નથી પરંતુ દરગાહની દુરસ્તી તથા સબંધના મકાનો માટે ખોજાઓએ રકમો આપેલી હોવી જોઇએ એમ અનુમાન થય છે.

ખોજાપંથના ગ્નાનોમાં એમ કહ્યું છે કે એ પીરની એકવાર ભેટ લીધા વિના ચોરાશી લાખ ફેરાની મુક્તિ થતી નથી આ પીરના મુરીદો

કણબી, ખારવા, કોળી વીગેરેછે તે સઘળાઓના અકાયદ માતાપથી તથા ઇસલામી અકાયદ મિશ્રણ જેવા છે. પીરને ચચ અને ચોટ એમ બે ચેલાઓ હતા. ચચ મેઘવાળાનો ગુરૂ થયો. આજે માતંગી મેઘવાળો કામઠામ જોવામાં આવે છે તે તેને ઇશ્વરનો અવતાર માને છે. માતંગીઓ પોતાના પાટ વીગેરેના મંત્રોમાં માતંગનું નામ લે છે. માતંગ મુળ એક વિદ્વાન બ્રાહ્મણનો પુત્ર હતો. તે પોતાની વિદ્યાના બળેથી ઘણોજ પ્રતાપી નીવડયો હતો. બીજો ચેલો ચોટ તે શમ્શ ચોટજ હોય તેમ અનુમાન થાય છે; કેમકે મોમન ચેતામણીના કર્તા પીર કમાલુદીન શમ્શ ચોટને નુર સતગુરનો વંશ જાહેર કરેછે અને તે વાતને પીર નુરસતગુરની હકી કત ટેકો આપે છે. આ શમ્શ ચોટનું વર્ણન આગળ આપવામાં આવશે.

પીર શમશુદ્દીન—હીજરી ૨૭ મા ઇમામ શમશુદ્દીન ઇમામત પોતાના બેટા કાસમશાહને સુપ્રત કરી હીન્દુસ્તાન–પંજાબમાં આવ્યા હતા અને હજારો હીન્દુઓને બોધ કરી ઇસલામ મતમાં લીધા હતા. એવી વાત મેં એક ખોજા અકાયદની ચોપડીમાં વાંચી હતી તેમજ આ પીર શમશુદ્દીન તે પ્રખ્યાત સુરી શમ્શ તબ્રેજજ હતા; એવી વાતો પણ ખોજાઓમાં પ્રચલિત છે. પરંતુ તે બંન્ને વાતો મોમિન ચેતામણીનું ગ્રાન રદ કરે છે. મજકુર ગ્રાનના પાઠ ૨૦૩ થી ૨૦૫ સુધીમાં એમ જણાવવામાં આવ્યું છે કે પીર નુર સતગુરના નુરમાંથી પીર સલાહુદ્દીન થયા અને સલાહુદ્દીનના શમશુદ્દીન થયા. ૨૦૬ ના પાઠમાં તેમનું નામ, શમશ ચોટ બતાવ્યુ છે. વળી પાઠ ૩૮૨ થી પાઠ ૩૮૪ સુધીમાં પીર શમશુદ્દીનના પીર નસીરદીન, પીર નસીરદીનના પીર સાહેબદીન, પીર સાહેબદીનના પીર સદરદીન થયા એમ બતાવ્યુ છે અને ત્યારબાદ પણ તેમના વંશજો પીરાઇ કરતા આવ્યા છે. મતલબ કે પીર શમશુદ્દીન તે પીર નુર સતગુરની ઓલાદથી હતા શમ્શ તબ્રેજ તો જુદા હતા. તેમને તથા પીર શમ્મ ચોટને તો ૧૦૦ વર્ષ ઉપરાંતનો અંતર છે. આ બાબતની ચોખવટ નિઝામુલ–મશાએખ નામના ઉર્દુ ચોપાનીઆમાં ખાજા હસન નિઝામી તરફથી કરવામાં આ

પી છે, આ પીર શમસુદીને પંજાબમાં હજારો હીન્દુઓને બોધ આપી ઇસલામી બનાવ્યા છે. તેમના નામ ઉપરથી તેમના મુરીદો શમશી મતના કહેવાય છે આ પીરે રચેલા શાસ્ત્રો ખોજાઓમાં બહુજ પ્રચલિત છે પરંતુ તેમણે ખોજાઓને ઇસલામ મતમાં આણ્યા નથી તેથી તેમને લગતી લંબાણ હકીકત હું છોડી આપું છું

પીર સદરૂદીન—તેઓ પીર નુર સતગુરના વંશમાંથી હોઇ મીશનરી કામમાં ઘણા પ્રવિણ હતા. ખોજાઓને મુસલમાન બનાવવાના પીર નુર સતગુરે આરંભેલા કામને તેઓએ ઘણી મદદ કીધી હતી. પુષ્કળ લોહાણાઓને સીંધમાં હીન્દુ મત છોડાવી મુસલમાન ખોજા કીધા. પહેલ વહેલું જમાતખાનું તેમણે સીંધના કોટડા ગામમાં સ્થાપન કીધું. દસોંદ માટે ઝોળી ફેરવવાનો તેમણે ધારો ઠેરાવ્યો. તેમને ઇમામ ઈસલામશાહ તરફથી ચાર અલકાબ મળ્યા હતા ૧ સદરદીન, ૨ સોહોદેવ, ૩ બાર ગુર, ૪ હરીશ્ચંદ્ર.

તેઓ દરવેશી કરતા ઇરાનમાં ગયા. શેખ સનાહ તથા શેખ અતારની મારફત ઇમામ ઇસલામશાહને તેઓ ભેટયા. અને ત્યાંથી કાશમીર તથા મુલતાન તરફ આવ્યા. તેઓ બીજી વખતે છત્રીસ કરોડ [છત્રીસ કુટુંબો હશે) મુરીદોને લઇ ઇરાનમાં કેક તરફ ઇમામ ઇસલામશાહની ભેટ લેવા ચાલ્યા. છત્રીસ કુટુંબો પૈકી ૨૪ કુટુંબોએ દસોંદ આપવા નકાર કીધો અને માત્ર ૧૨ કુટુંબોએજ દસોંદ આપી. આ ઉપરથી આ પીર બારગુર કહેવાય છે તેઓની વફાત ઉચમાં થઇ હતી અને જેતપુર નામના પંજાબના ગામમાં તેમને દફનાવવામાં આવ્યા છે. સીંધના ખોજાઓએ તેમના પર રોજા ચણાવ્યો છે. આ પીરના રચેલા ધર્મ શાસ્ત્ર ખોજાઓ બહુજ માનથી વાંચે છે અને તેમના નામને બહુજ માન આપે છે. તોપણ એટલો આરોપ ખોજાઓપર જરૂર આવી શકેછે કે તેઓ કોઇપણ આ પીરની દરગાહની ઝીયારત કરવાને જતા નથી જે પીરે અનહદ સંકટો વેઠી ઇસલામનો માર્ગ બતાવ્યો તેને એમ વીસારી મુકવા તે યોગ્ય નથી.

પીર ઈમામુદ્દીન—આ પીર પ્રખ્યાત પીર સદરૂદ્દીનના પૌત્ર થાય છે. તેમનો જન્મ પંજાબમાં આવેલા ઉચ ગામમાં થયો હતો. તેમના પીતા પીર કબીરૂદ્દીને તેમને ગુજરાતમાં જઈ ઇસલામનો પ્રચાર કરવા રવાના કીધા. પરંતુ તેઓ ગુજરાત રવાના થયા પછી તુરતજ તેમના પીતા ગુજરી ગયા. આવા સમાચાર સાંભળી તેઓ ગુજરાત જવાનું માંડી વાળી ઉચમાં આવ્યા. પીતાનો જનાજો અટકાવી પોતાનો વારસો માગ્યો. છેવટે જનાજામાંથી પીર કબીરૂદ્દીનનો હાથ બહાર નીકળ્યો હાથમાં તસબીહ હતી તે પીર ઇમામુદ્દીનને આપી. પીરે બીજી વસ્તુની માગણી કીધી તેથી જનાજામાંથી તેમના પીતાએ મુખમાંથી સાકર કહાડીને આપી. આથી પીર ઇમામુદ્દીને સંતોષ પામી પીતાની લાશને દફનાવી આપી આવા ચમત્કારથી પીર ઇમામુદ્દીન પર મુરીદોની આસ્થા વધી પડી.

પીતાની ઉત્તર ક્રીયા કરી પીર ગુજરાત તરફ આવવા નીકળ્યા માર્ગમાં જુનબદીનમાં ઉતર્યા. ત્યાંની જમાને તેમને માર મારી ખાના-માંથી બહાર કહાડી મુકયા અને ખાણું પણ કોઈએ આપ્યું નહિ છેવટે પ્રેમજી નામે ખોજાએ પીરને જમાડી બરદાસ કીધી ઉપરાંત માર્ગમાં બહુજ કષ્ટ વેઠતા ગુજરાતમાં આવી પહોંચ્યા

થોડી મુદત અમદાવાદમાં રહ્યા ત્યાર બાદ ગીરમથા ગામ કે જે આજે પીરાણાના નામથી પ્રખ્યાત છે ત્યાંની જમીન પસંદ આવવાથી પોતાનો વાસ ત્યાં કીધો. અને પોતાની કરામતોથી ઇસલામીઓ અને હીન્દુઓના દીલ જીતી લીધાં અને તેમની કીર્તિ દીન પ્રતિ દીન વધવા લાગી; તે એટલે સુધી કે અમદાવાદનો સુલતાન મહંમદ બેગડો તેમના દીદાર જોવાને આતુર બન્યો. અને તેમની ખીદમતમાં હાજર થયો. તેમને તથા તેમના સાહેબજાદા નુરમહમદને સાહેબે કરામત જાણી સુલતાને પોતાની શાહજાદીના નુરમહમદ સાથે લગ્ન કરી આપ્યાં. એ શાહજાદીથી પેદા થયેલા સૈયદો ઇમામશાહી

સાદાતે તરીકે ઓળખાય છે. અને બીજી બીબીથી પેદા થયેલા સૈયદો સંદખાની સાદાતો તરીકે પીછાણવામાં આવે છે

ખોજાઓને હીન્દુમાંથી વટાળી ઇસ્લામી બનાવનાર તરીકે આ પીરનું નામ પ્રખ્યાત છે પીરાણા સંપ્રદાયના પુસ્તકોમાં એમ જણાવવામાં આવ્યું છે કે લોહાણા તથા બ્રાહ્મણોનો કફલો કાશીની યાત્રા માટે નીકળ્યો હતો. માર્ગમાં પીરાણાના પાદરમાં તેણે પડાવ નાખ્યો અને ગામમાં પીરના ધામ જોવાને આવ્યા. પીરે તેમને ખબર અંતર પુછતાં તેઓ બોલ્યા કે અમો કાશીની યાત્રા માટે જઇએ છીએ અહીં ગામમાં આપના દર્શન કરવાને આવ્યા છીએ. સવારમાં કાશી જવા માટે ઉપડી જઇશું. પીરે કહ્યું કે જો તમારી ઇચ્છા હશે તો અહીંજ તમોને કાશી મંદિરના દર્શન થશે. કાફલાવાળાઓ બોલ્યા કે જો તેમ થાયતો અમારા સદભાગ્ય અને પછી અમારે કાશીએ જવાની જરૂર રહેશે નહિ. પીરે સવારમાં કાશીમાં તીર્થ કરાવવાનું વચન આપી રાત્રે ઉંઘી રહેવા જણાવ્યું.

પીર રાત્રીએ અંતરધ્યાન થઇ વૈકુંઠમાં ગયા અને ત્યાંથી ગંગાજીને લાવ્યા. સવારમાં પીરની કરામતથી ત્યાં કાશી નગરી ખડી થઇ ગઇ. સવારમાં જ્યારે કાફલાવાળા જાગ્યા ત્યારે પીરાણાને બદલે ત્યાં કાશી નગરી અને ગંગા નદી જોઇ સૌએ ગંગામાં સ્નાન કરી તીર્થની દીક્ષા દીધી. હવે તુરતમાંજ કાશી બદલી અસલ મુજબ પીરાણા થઇ ગયું. કાફલાવાળા આવી કરામત જોઇ પીરને પાય લાગ્યા અને ધર્મ માગ્યો. પીરે તેમની જનોઇઓ ઉતારી સતપંથની દીક્ષા દીધી. આ ઉતારેલી જનોઇઓ હાલમાં પીરાણાના નાના રોજામાં એક ઢોલી યા પર રાખેલી મેં નજરે જોઇ છે.

પીરના મુરીદો મુમના અથવા મતીઆ કણબીઓના નામથી આજે ઓળખાય છે. એ મુમના પૈકી કેટલાક કુટુંબોને પીરે કચ્છ દેશમાં વસવાટ કરવાનો હુકમ ફરમાવ્યાથી તેઓ કચ્છ જઇ

વસ્યા હતા અને તેઓના ઓલાદમાંના ૮૦ ગામોમાં તેમની વસ્તી છે તેમાં સર્વથી શ્રેષ્ઠ અને આગેવાન કુળના ગામ માનકુવાના મુખી છે. એ જમાતવાળા તરફથી દરગાહમાં ભેટ તરીકે આશરે ૫૬૨ હજાર રૂપીયાની આવક થાય છે. દરગાહના ખર્ચ સારૂ ૪૫ વીઘાં જમીન મુગલ બાદશાહ ઔરંગજેબે માફીમાં આપેલી છે. તે જમીનમાં પીરની દરગાહ છે અને બાકીની જમીનમાં ખેતી કરવામાં આવે છે. બ્રીટીશ સરકાર તરફથી પણ ચેરાગ બતી માટે અમુક રકમ આપવામાં આવે છે. એકંદર ઉપજમાંથી જે રકમ બાલાંસ રહે છે; તેમાંથી પીરના વંશજોના નિર્વાહ તથા સદાવ્રત ચલાવવામાં આવે છે. કોઈપણ પંથના માણસની વખાણવા લાયક પરોણાગત કરવામાં આવે છે.

પીરની દરગાહપર પીરના સાદાત વંશજોની માલીકી છે પરંતુ દરેક કામની વ્યવસ્થા માટે કારભારી નીમવાનો રીવાજ કદીમથી ચાલ્યો આવે છે; તે મુજબ હાલના કારભારી લખુભાઈ છે કારભારી કાકા નામથી ઓળખાય છે. પ્રથમના કાકા ગુજરી જતાં કદીમના રીવાજ પ્રમાણે નવા કાકા પાસેથી લેખ લખાવી લઈ નીમવામાં આવેછે.

પીર ઇમામુદીનના ખાદીમો પૈકી ત્રણ મરદો અને એક ઓરત સાહેબે ફેજ જાહેર થયાં છે ૧ હાજરબેગ કે જેઓ ખીદમત ગુજાર હતા. તેમની કબર પીરની દરગાહના કંપાઉંડમાં ચોકમાં પગ તરફ આવેલી છે. ૨ નાયા કાકા તેઓ જાતે કોળી હતા. ચોકી કરવાનું કામ બજાવતા હતા. તેમનો રોજો ગામ કુકસ તાલુકે સીનોરમાં છે. કુકસની જમાત પાટીદાર મુમના કહેવાય છે. ૩ બાબારામ તેઓ જાતે કણબી અને ગાડીવાન હતા. તેમનો રોજો નડીયાદ તાલુકાના ગામ રેવામાં છે. ચીચીબાઈ એ રસોયણનું કામ કરતી હતી. તેની દરગાહ રેવાથી ત્રણ ગાઉ દુર છે. તે ચીચીબાઈની ગણુ તરીકે ઓળખાય છે. એ ચારે દરગાહોમાં વહીવટ કરનારને પણ કાકાજ કહે છે. એ રોજાઓ પૈકી નં ૩-૪ ના રોજાઓની આકૃતિ અસલ રૂપથી ફેરવી નાખી

દેવસ્થાનના રૂપમાં હીન્દુ મુમનાઓએ આણી મુકી છે. અને એમ થવાનું કારણ સાદાતોની બેદરકારીજ છે.

પીર ઈમામુદીનની વફાત હી. સ. ૮૧૫ મુતાબક ઈ. સ. ૧૪૧૨ માં થઈ. તેમના સંદલની ક્રીયા રમજાન માસની તા. ૨૭ મીએ થાય છે અને ઓરસ શબ્બાલ માસની તા. ૬ ઠી એ થાય છે. રોઝે પાકી બાંધણીનો ઘણો ખુબ સુરત છે. રોઝાપર આઠ ગુંબજો છે. હાલ મુમના જમાતો તરફથી એ દરગાહની બારાદરીમાં ચાંદીના બારણાં તથા રોઝાની અંદરના બારણાં પણ ચાંદીનાજ કરાવવામાં આવેલાં છે. દરગાહનો કારભાર ચલાવવા માટે મુજાવર, કારભારી, રોઝાવાળો, ભંડારી, ખેતીવાડી, ઢોરખાનાનો વીગેરે પાયરી બંધ ઓહદાઓ સાદાતો તરફથી રાખવામાં આવે છે. તે દરેકને તેમને તેમના ઓહદાઓ પ્રમાણે કામ સોંપવામાં આવે છે એ બધાને પેટીઆ બાગવા કાકા કહેવામાં આવેછે. એ કાકાઓ તેને બનાવવામાં આવે છે કે જેણે સંસારી ખટપટોથી દુર રહીને સંસાર ત્યાગ કીધો હોય. કાકા શબ્દ અસલ ફારસી ભાષાનો હોય તેમ જણાય છે. કેમકે ફારસીમાં કાકા શબ્દનો અર્થ એવો કરવામાં આવે છે કે જે માણસ નાનપણથીજ ગુલામીમાં રહીને મોટો થયો હોય અને તેવીજ હાલતમાં તે ગુજરી જાય એવાને કાકા ગણેલો છે.

પીર ઇમામુદીનને ચાર પુત્ર હતા. ૧ નુરમહંમદ ૨ બાકરશાહ ૩ બાલેશાહ ૪ ખાલકશાહ. નુરમહંમદ સાહેબે ઓલાદ હતા. બાકીના ત્રણે ભાઇઓને ઓલાદ થઇ ન હતી. નુરમહંમદની દરગાહ પીરાણામાં છે. નુરમહંમદને ત્રણ પુત્ર થયા હતા. ૧ સદ્રુદીન ઉર્ફે સેદખાન ૨ શહાબુદીન ૩ સૈયદ મુસ્તફા નુરમહંમદના વખતમાં મુરીદોમાં બે તડ પડયાં હતા. ૧ સૈયદખાની જમાત ૨ ઇમામશાહી સદ્રુદીનના સૈયદ સાલેહ, તેના હાશમશાહ, તેના મહંમદશાહ થયા. આ મહંમદશાહની દરગાહ બુરહાનપુરના બહાદુરપુરામાં આવેલી છે મહંમદશાહના શાહજીમીયાં, તેના બાલા મહંમદશાહ થયા. તેમની દરગાહ પીરાણામાં છે.

બાલા મહંમદશાહના મહંમદ ફાઝીલ ઉર્ફે શાહજી સવાઇ થયા. તેમનો રોજો ચાંપાનેર પાવાગઢમાં આવેલો છે. મહંમદ ફાઝીલના મહંમદ શરીફ. તેના બદરૂદીન ઉર્ફે બડામીયા અને તેના સૈયદ બાકરઅલી થયા બાકરઅલીને ઓલાદ નહિ હોવાથી તેમની બહેનના પુત્ર સૈયદ હુસેનઅલીને દત્તક લઇ ગાદીએ બેસાડયા. સૈયદ હુસેનઅલીના નુરઅલી થયા જે આજે હયાત છે. બહુજ વિવેકી અને ખાનદાન માણસ છે. સૈયદ નુરઅલીને ત્રણ પુત્રો છે. ૧ યાવરઅલી, ૨ જુલફેકારઅલી ૩ અશરફઅલી. હાલના પીરાણાના ઇમામશાહી સજ્જાદા નશીન ઉપર જણાવેલા સૈયદ નુરઅલી છે.

પીર ઇમામુદીનના બીજા પુત્ર બાકરશાહની દરગાહ અમદાવાદમાં છે. મુમનાઓ તેમને માને છે. આ મુમનાઓ અમદાવાદના જમાલપુર તાજપુરમાં રહે છે. આ દરગાહનો વહીવટ તેમના પીર તરફથી મુમનાજ કરે છે. દસોંદ સૈયદોને આપે છે. મુમના ઇસનાઅશરી પણ છે. પરંતુ તફજીલીયાનો ભાગ ઘણો છે. જમાલપુરમાં મુમનાની મસજીદ છે. ઇસનાઅશરી તથા તફજીલીયામાં તફાવતના કારણે દરરોજ બે વખત મસજીદમાં બાંગ પોકારાય છે. તફજીલીયાની ક્રીયાઓ સુન્નત જમાતના મુલ્લાંઓ કરે છે.

પીર ઇમામુદીનના ત્રીજા પુત્ર બાલેશાહની દરગાહ ખંભાતમાં છે. તેમના મુરીદો મુસલમાન કુંભાર, ગોલા, કાછીયા, કડીયા વીગેરે છે. આ દરગાહના સજ્જાદાનશીન પણ પીરાણાવાળા સૈયદ નુરઅલી છે. આ દરગાહના મુરીદો સેદખાની કહેવાય છે. બસો કુટુંબો મુરીદના છે. પાંચસો રૂપીયા દસોંદના આપે છે.

પીર ઇમામુદીનના ચોથા પુત્ર આલકશાહની દરગાહ ગુજરાત પાટણમાં છે. આ દરગાહના મુરીદો કંદોઇ વાણીયા (ભાવસાર) છે. હાલના દરગાહના મુજાવર રામચંદ્ર ઘેલા ઘાંચી છે. મુરીદોના ૫૦ કુટુંબો છે. દસોંદની પેદાશ રૂા. ૩૦૦)ની છે. આ દરગાહના સજ્જાદાનશીન સેદખાની સૈયદ નુરઅલી હુસેનઅલી છે.

બાલા મહંમદશાહની વફાત બાદ સેદખાની જમાત ત્રણ વિભાગમાં વહેંચાઇ ગઇ. આઠ મુખીઓની સલાહ પ્રમાણે ચાલનારી આઠીયા જમાત કહેવાઇ. આ આઠીયા જમાત ગુપ્તી કહેવાય છે. આઠીયા મુરીદોની સંખ્યા ૫૦૦૦૦)ની છે. દસોંદની રકમ રૂ. ૨૦૦૦૦) આપે છે. તેમાં પણ પાછા બે વિભાગો પડયા છે. ગુપ્તી અને પ્રગટીયા. જે લોકો ઇસલામને જાહેર રીતે પાળવા લાગ્યા તે પ્રગટીયા કહેવાયા છે.

બીજી જમાત સાત મુખીઓના મત પ્રમાણે ચાલનારી માટે સાતીઆ કહેવાય છે. તેની સંખ્યા બે હજાર ઉપરાંતની છે જાતે શેખ કહેવાય છે. દસોંદની રકમ બે હજાર રૂપીયા આપે છે ત્રીજી જમાત પાંચીયાની છે. તે પાંચ મુખીઓના મત પ્રમાણે ચાલે છે. આ જમાતમાં રબારી, આહીર, કંસારી અને થોડા શેખો પણ છે. તેમની સંખ્યા સાત હજારની અને દસોંદની ઉપજ દસ હજારની છે. એ ત્રણે જમાતોના હાલના સજ્જાદાનશીન સૈયદ નુરઅલી છે.

હું જ્યારે પીરાણાની દરગાહની જીયારત માટે ગએલો ત્યારે કાકા લખુભાઇએ જણાવ્યું હતું કે આજથી ૧૫-૧૭ વર્ષ પહેલાં બે હજાર ખોજાઓ દીવાળીપર ચોપડાઓમાં બીસમિલ્લાહ લખાવવા માટે અત્રે પીરાણામાં આવતા હતા હાલ પણ ૫૦૦-૭૦૦ આવે છે. ખોજાઓ પોતાને ઇસલામ માર્ગ બતાવનાર પીર ઇમામુદ્દીનની દરગાહને વીસરી ગયા છે જોકે હજુ પણ કોઇ કોઇ ઓરસપર આવે છે. નામદાર આગાખાનના કારભારીઓની કોશીશથી હવે ઇમામશાહી સૈયદો ખોજાઓના ગામોમાં જઇ શકતા નથી.

પીર ઇમામુદ્દીનની વફાત પછી તેમની ધરવાળી બીબીએ ખેતા મુખીને લાહોર મોકલી પીર ઇમામુદ્દીનના ભાઇ પીર રહેમતુલ્લાની ઓલાદના સૈયદને બોલાવી પોતાની શાહજાદીના તે વેરે લગ્ન કરી આપ્યાં. તેના દેજમાં ખેતા મુખી સાથે ૧૮૦૦૦ અરાડ હજાર મુરીદો આપ્યા. આ પીર મોટા મસાહેબના નામથી મુરીદોમાં ઓળખાય છે

તેમને હસનપીર નામે નાના ભાઇ હતા. તેમના વખતથી મુમના મુરીદોમાં બે તડ પડયાં છે. થોડા મુરીદો હુકમ માની હસન પીર સાથે રહ્યા. હસનપીર સાથે રહેનાર મુરીદો "જુન ધર્મી" મુમના નામથી ઓળખાય છે.

પીર મસાહકની સાથે રહેનાર મુરીદોએ અસલનો દસોંદ કઢાડવાનો કાયદો રદ કીધો અને આગાખાનને પૈસા મોકલવા બંધ કીધા પરંતુ પોતાના મુરીદો પર પાઘડી દીઠ વાર્ષીક એક રૂપીઓ લેવાનો ઠરાવ કાઢયો. ખાના કાઢી મસજીદ બાંધવાનો હુકમ કીધો. આ પીર પોતાના મુરીદોને ઇસ્લામી રસ્તાપર લાવવા બોધ કરતા હતા પણ મુરીદો ન માનવાથી નારાજ થઇને પોતાના બેટા અબુલ હસનને કડીમાં મુકી લાહોર ચાલ્યા ગયા. ત્યાં તેમની વફાત થઇ. હાલમાં મજકુર મસાહકની સીધી ઓલાદ નથી. તેમની ઓરત બેગમાં સાહેબના ભત્રીજા છે. તેમના મુરીદો કાણોદર, ચાંગા, કાઠીયાવાડ, સુરત દાંતા તથા વાંકાનેરમાં છે દસોંદની રકમ રૂા. ૧૦૦૦૦ આપે છે. તેઓ જમાતનું જમણુ કરે તો જમણુના ખર્ચ જેટલી રકમ પીરને આપે છે. તેમના મુરીદોમાં બે તડ પડયાં છે ઇસનાઅશરી તથા તફઝીલ્યા. ૧૦૦ ઘર ઇસનાઅશરી અને ૬૦૦ ઘર તફઝીલ્યાના છે. તેઓ કોઇ આગાખાનને માનતા નથી.

મસાહકના પીતા કાસમઅલીએ એક દત્તક પુત્ર લીધો હતો. તેનું નામ હસનઅલી હતું તેની દરગાહ અમદાવાદ સારંગપુરમાં બાકરશાહના રોજા પાસે છે. હસન અલીના બેટા એહમદહુસેન હાલ હયાત છે. ૫૦૦૦૦ ની આવક છે. મુરીદો ધાન્ધારમાં રહે છે. આગાખાનને માનનારા મુમના પણ ધાન્ધારમાં રહે છે. તેમના કુટુંબોની સંખ્યા ૨૦૦ ની છે.

ઇસનાઅશરી મુમનાઓ ઇસ્લામી શરીયત મુજબ ચાલે છે. પ્રગટીઆ મુમનાઓ શરીયત તરફ વળવા લાગ્યા છે. બીજા આ મતના

લોકોમાં પણ ઇસલામ તરફ વળવાનું વલણ ધીમે ધીમે વધવા લાગ્યું છે. ગુપ્તીઓ તથા બીજાઓની ક્રીયા માતપંથી સાથે કાંઇક ઇસલામી એવી ચાલે છે. ઘટપાટની ક્રીયા કરે છે તેમાં કરબલાની ખાકનો રીવાજ નથી પણ પીર ઇમામુદ્દીનના ગુરમાં ખડી મેળવી તે નાખે છે. ઘણાઓ પોતાના પીરના રોજાની ખાક પણ નાખે છે. હવે આ લોકોને શુદ્ધ શરીયત તરફ વળવાને વાર લાગશે નહિ માત્ર થોડી કેળવણીની તેમને જરૂર છે. આ બધા લોકોમાં કેળવણીની બહુજ ખામી છે.

ખોજા કોમને ઇસલામમાં લાવનાર તથા તેમને ઇસલામનો બોધ કરનાર પીરોની સંખ્યા ઘણી મોટી છે અને સઘળાનું વર્ણન જો હું અત્રે આપવા બેસું તો બહુજ લંબાણ થઇ જાય માટે મુખ્ય ત્રણ ચાર પીરોનો હેવાલ આપ્યો છે. પીરોના હેવાલો આપવા માટેનો ખોજા વૃત્તાન્તના કર્તાનો પ્રયાસ સ્તુતિપાત્ર છે.

પ્રકરણ ૧૯ મું.

ખોજા સુન્ની જમાત.

મુંબઇ વેપાર માટે જેમ આગળ વધતું ગયું તેમ કચ્છ તથા કાઠીયાવાડના ખોજાઓ ત્યાં વેપાર માટે આવી વસવા લાગ્યા અને સંખ્યા બંધ કુટુંબોની જમાત થઇ ગઇ. શેઠ હબીબ ઇબરામ કે જેને બાર ભાઇઓ હતા અને તેથી તે બારભાયાના નામે ઓળખાતા હતા. તેણે ઇ. સ. ૧૮૨૯ માં જમાતના મુખી કામડીઆને દસોંદ આપવાને ના પાડી શેઠ હબીબ ઇબરામની તરફેણમાં આશરે પાંચસો ઉપરાંત કુટુંબો હતાં તેમજ આ કુટુંબો માત્ર દસોંદ માટેજ વાંધો લેતા હતા તેટલુંજ નહિ પણ તેઓનું વલણ સુન્ની તરીકા તરફ થઇ જવા પા-

ગ્યું હતું. જમાતના મુખી કામડીઆને આ પક્ષ માટે મોટી ધાસ્તી ઉતપન્ન થઇ; તેથી તે સબંધમાં આગાખાનને ઇરાનમાં લખી જણાવવામાં આવ્યું. આગાખાને આ ફીસાદને દૂર કરવા માટે પોતાના એલચી મીરજા અબદુલ કાસમને મોકલ્યો. તેની સાથે એક ઘણી ચાલાક ઓરત નામે મેરીબીબી કે જે આગાખાનની મમાઇ થાય તેને મોકલી હતી. આ મેરીબીબીએ જમાતખાનામાં જમાવ થએલા ખોજાઓ આગળ આગાખાનના દાવા બાબત બળવત્તરીથી ભાષણ કીધું અને જમાત પર સારો અસર નાખ્યો. સાથેજ દસોંદ નહિ આપનારા આસામીઓ પર સુપ્રીમ કોર્ટમાં સીવીલ કેસ માંડી નાખ્યાંનું હુકમનામું મેળવવા તજવીજ કીધી આવો દાવો કોર્ટમાં માંડવામાં આવ્યો પરંતુ પાછળથી તે વ્યાજબી નથી તેમ જણાયાથી પરત ખેંચી લેવામાં આવ્યો. આ ઉપરથી બારભાયા પક્ષ કાંઇક તેજીમાં આવ્યો.

મુકરદમો પરત ખેંચી લીધા બાદ શેઠ હબીબ ઇભરામ અને તેના સાથીઓને જમાતખાનામાં બોલાવી દસોંદ માગવા તથા તે જો ન આપે તો નાત બહાર કરવા એમ નક્કી કીધું. હબીબ ઇભરામ તથા તેનો પક્ષ જમાતખાનામાં હાજર થયો નહિ તેથી ઇ. સ. ૧૮૩૦ માં હબીબ ઇભરામ તથા તેના કેટલાક સાથીઓને નાત બહાર કરવામાં આવ્યા. હબીબ ઇભરામ તથા તેના સાથીઓ નાત બહાર થવાથી મોટી મુશ્કેલીમાં આવી પડયા તેથી તેઓએ કાયર થઈ ઇ. સ. ૧૮૩૫ માં જમાતમાં પાછું દાખલ થવા માગણી કીધી અને દસોંદ આપ્યા કરે એવી સરતથી તેમને જમાતમાં દાખલ કરવામાં આવ્યા. આ સઘળા બનાવ વખતે આગાખાન તો ઇરાનમાંજ હતા. માત્ર તેમનો એલચી અબ્દુલ કાસમ તથા ચાલાક મેરીબીબી મુંબઇમાં હાજર હતાં.

ઇ. સ ૧૮૪૫ માં આગા હસનઅલીશાહ મુંબઇમાં આવ્યા પરંતુ તુરતજ તેમને કેટલીક મુદત માટે ઇરાનના શાહની બ્રીટીશ સરકાર પ્રત્યેની અરજ પરથી કલકત્તા જઇ રહેવું પડ્યું હતું. આ

મુંબઈમાં વળી એક મુકરદમો કોર્ટમાં ચડયો. ખોજા સાજન મેરાલીની છોકરીઓ હીરબાઈ અને ગાંગબાઈએ પોતાના પીતાની પુંજીમાંથી મુસલમાની કાયદા પ્રમાણે હીસ્સો માગ્યો. આખી જમાત એ છોકરીઓની તરફેણમાં હતી. પણ હબીબ ઇબરામ તેઓની કાકી સોનબાઈની તરફેણમાં હતા. સોનબાઈ મુકરદમો જીતી અને છોકરીઓની હાર થઇ. આ ઝઘડામાં વળી જમાતમાં ઉશકેરણી વધી અને ઇ સ ૧૮૪૮ માં હબીબ ઇબરામ તથા તેના સાથીઓને બીજીવાર નાત બહાર કરવામાં આવ્યા.

ઇ. સ. ૧૮૫૦ માં માહીમના જમાતખાનામાં એક અફસોસ ઉપજાવનાર બનાવ બન્યો. બારભાયા પક્ષના ચાર માણસોને આગાખાની જમાત વાલા તરફના કેટલાકોએ મારી નાખ્યા. આ ગુનાહ માટે ૧૯ જણાઓને પકડી ઇ. સ. ૧૮૫૦ માં સુપરીમ કોર્ટમાં તપાસ થઇ અને ચાર જણાઓને ફાંસીની સજા થઇ.

સોનબાઈ વાળા મુકરદમા પછી દસેક વર્ષ સુધી કાંઇ વધુ બખેડો ચાલ્યો નહિ. તા ૨૦ અકટોબર સને ૧૮૬૧ ના રોજ આગાખાન તરફથી એક ખરડો છપાવીને બહાર પાડવામાં આવ્યો. આ ખરડામાં લખ્યું હતું કે ખોજા શીઆ ઇમામી હોવાથી તેઓના લગ્ન, મરણ તથા ગુસલની કીયાઓ શીઆ મજહબ પ્રમાણે થવી જોઇએ. વળી મેં વર્તમાનપત્રોમાં વાંચ્યું છે કે ખોજાઓ કહે છે ટે અમે સુન્ની છીએ તેથી હું જાણવા માગું છું કે કોણ સુન્ની અને કોણ શીઆ છે? જેઓ શીઆ હોય તેઓએ આ ખરડા પર સહી કરવી.

આ ખરડો આગાખાનના એક સાહેબજાદાના ભી-ડીબજારમાં આવેલા ઘરમાં સહી કરવાને મુકયો. મુંબઇ, શાસ્ટી તથા માહિમના ૧૭૦૦ ખોજાઓએ તે પર સહીઓ કીધી મુંબઇના હબીબ ઇબરામ તથા તેના પક્ષના લોકોએ તેમાં સહીઓ કીધી નહિ.

આ ખરડામાં કેટલેક વધારો કરી તેની નકલો હીન્દ તથા આફ્રીકાની ખોજા જમાતો પર સહીઓ માટે મોકલવામાં આવી. કાઠીયાવાડના મહુવા ગામના ૨૦ કુટુંબો સિવાય લગભગ સઘળા ખોજાઓએ તે પર સહીઓ કીધી. હબીબ ઇબરામનો પક્ષ સુન્ની તરીકાપર ચાલતો હતો અને તેમનો ઇરાદો સઘળી ખોજા કોમને સુન્ની તરીકાપર લઇ આવવાનો હતો તેથી આગાખાન તથા જમાતના આગેવાનોને વાત બહુજ ખટકતી હતી. બારભાયા પક્ષે ખરડામાં સહીઓ નહિ કીધી તેથી જમાતને તેમના પર આરોપ મુકવાનું કારણ હાથ લાગ્યું. બારભાયા પક્ષે દસોંદ આપવાને ઇનકાર કીધો. હવે બારભાયા પક્ષ જમાતની મોટી ઇતરાજમાં આવી પડ્યો અને તેમણે આગાખાનનો ખોજા સાથેનો સઘળો સંબંધ નાબુદ કરી દેવા માટે કોર્ટમાં દાવો માંડ્યો.

આ દાવામાં તેમણે એવી માગણી કીધી કે મુંબાઇની ખોજા જ્ઞાતી તરફથી મુખી અને કામડીઆ તરીકે અલારખીઆ સુમાર અને બાકી પદમશીના સ્વાધીન અથવા ટ્રસ્ટમાં ખોજા જ્ઞાતીની જે કાંઇ મીલકત છે તે સઘળાંનો હીસાબ લેવો અને એ મુખી કામડીઆ બંન્નેના અખત્યાર તા ૮ નવેમ્બર સને ૧૮૬૧ ના દીનથી રદ થયેલા ગણવા. અને તેઓના હસ્તકમાં એ જમાતની જે કાંઇ મીલકત હોય તે કોર્ટ ઠેરવે તેવા શખ્શોના સ્વાધીનમાં આપવી ખોજા જમાતની મીલકત અસલ જે ધર્મ ધ્યાન અને ઉપયોગ માટે ટ્રસ્ટમાં અથવા તો જે રીતે આપી હોય તે રીતે અને તેજ કારણસર રાખવી અને વાપરવી પણ કોઇબી બીજા કારણસર રાખવી અથવા વાપરવી નહિ એવી રીતનો હુકમ કરવો. અને તે માત્ર ખોજા જ્ઞાતી સિવાય બીજા કોઇના ફાયદા માટે વાપરવી નહિ. અને કોઇબી પારકા શખ્શ અથવા જે એ જ્ઞાતીમાંથી નીકળી ગયો હોય અને ખસુસ કરીને જે શખ્શ શીઆ ધર્મ પાળતો હોય અથવા તેની તાલીમ શીખેલો હોય તેને તેનાપર કાંઇ હક નથી. અથવા તેને કાંઇપણ ભાગ અથવા ઇલાકો પહોંચતો નથી અથવા તેના કારોબારમાં કાંઇપણ વિચાર આપવાનો

હક નથી; એવી રીતે કોઈ હુકમ આપવો. જો અગત્ય પડે તો આ હુકમ અમલમાં લાવવા માટે અને સદરહુ ગ્નાતીના મુખી તથા કામડીઆને વખતો વખત ચુંટી કહાડવા માટે, સદરહુ ગ્નાતીની મીલકતની જાળવણી અને કારોબાર ચાલે તેટલા વાસ્તે એક બંદોબસ્ત કરી આપવો. પહેલા પ્રતિવાદી મહંમદ હસન હુસેની લકબે આગાખાનને ટ્રસ્ટમાનાં ખોજા જમાતની મીલકતની અને કારોબારની વચ્ચે પડવું નહિ અને મુખી તથા કામડીઆ ચુંટી કહાડવામાં અને તેમને ઠેરાવવાના કામની વચ્ચે પડતા અટકાવવો; અથવા કોઈપણ ખોજાને મજકુર ગ્નાતીમાંથી બહાર કહાડવો અથવા એ ગ્નાતીના એક અધિકારી તરીકે તેનો હક છીનવી લેવો અથવા જમાતમાં લગ્નની કીયા કરતાં કોઇપણ ખોજા પાસેથી ધર્મના અને ગ્નાતીના વડા તરીકે તેનો દસોંદ તથા ભેટ સોગાદનો હક લેતા અટકાવવો.

તા. ૧૬ આગષ્ટ સને ૧૮૬૨ ના રોજ જમાતખાનામાં સભા ભરાઇ. આ સભામાં હબીબ ઇબરામ તથા તેના સાથીઓને બોલાવવામાં આવ્યા પણ તેઓ આવ્યા નહિ. સભામાં એવો ઠરાવ પસાર થયો કે હબીબ ઇબરામ તથા તેના સાથીઓને એક નોટીસ આપવી આ નોટીસમાં એમ જણાવવામાં આવ્યુ કે જમાતે પોતાના ટોળાંના ફાયદા માટે અને ચાલવાનો માર્ગ બતાવવાને જે કાયદા બાંધ્યા છે તે કબુલ રાખવા અને જે કાંઇ દસોંદની રકમ તેઓપર ચડી છે તે આજ તારીખ સુધીની આપેતો જમાત તેમને મોટી ખુશીથી ભાઇબંધ તરીકે કબુલ રાખશે અને જો તેમ નહિ કરશે તો આ નોટીસની તારીખથી ૨૧ દહાડામાં નાતબહાર મુકવામાં આવશે.

૨૧ દહાડા વિતાઇ ગયા. જમાતખાનામાં જમાતની સભા ભરાઇ હબીબ ઇબરામ તરફના કોઇએ હાજરી આપી નહિ. આ સભાએ હબીબ ઇબરામ તથા તેના સાથીએને નાત બહાર મુકયા.

૧૮૬૪ ના ફેબ્રુઆરી માસમાં એક બીજો ઉપાય લેવામાં આવ્યો ખોજાઓના કબ્રસ્તાનની જુની મસજીદ મધે કામ કરનારા સુન્ની મુલ્લાને

કઢાડી મુકયો અને શીઆ મુછાં રાખી શીઆ રીત પ્રમાણે તે મસજીદમાં નમાજ પડાવવી શરૂ કીધી. આ કબરસ્તાનવાળી જુની મસજીદ ઇ. સ. ૧૮૨૨ માં બનાવવામાં આવી હતી. અને જે ખોજાઓ સુન્ની અકીદો રાખતા હતા તેઓ તેને વાપરતા હતા. આ સુન્ની ખોજાઓ બે પેઢી થયા સુન્ની તરીકા મુજબ ચાલતા અને તેટલી લાંબી મુદત સુધીમાં તેમને કાંઇ હરકત કરવામાં આવી ન હતી.

બારભાયા કેસ ખોજા ડાયા મહંમદ, મહંમદ સાંચા, પીરમાહમદ કાસમ, અને ફાજલભાઇ ગુલામહુસેનની ફરમાસથી માંડવામાં આવ્યો હતો. બન્ને પક્ષો તરફથી મોટા મોટા વકીલ બારીસ્ટરો લાખોના ખર્ચથી રાખવામાં આવ્યા હતા. હાઇકોર્ટના જજ સર જોસફ આરનોલ્ડ પાસે આ કેસ ચાલ્યો. ફેસલો બારભાયા પક્ષની વિરૂધમાં થયો. ત્યારથી બારભાયા પક્ષના લોકોએ પોતાની જુદી સુન્ની ખોજા જમાત બાંધી. નવી મસજીદ બંધાવી કબરસ્તાન પણ અલાહેદા રાખ્યું. આ સુન્ની ખોજાઓની પ્રથમ સંખ્યા ઘણી હતી પરંતુ હાલમાં સો કુટુંબો કરતાં પણ ઓછી છે વ્યવહારિક મુશકેલીના કારણે ઘણા જુની જમાત અને પાછળથી જ્યારે ઇસનાઅશરી જમાત ઉભી થઇ ત્યારે તેમાં જોડાઇ ગયા. આ જમાતે હવે પોતાનો પક્ષ વધારવાનું છોડી દીધું છે. બધા સાથે હળી મળી ચાલે છે. ઇસનાઅશરી જમાતના ખોજાઓ સાથે પણ કન્યાની આપલે કરે છે. આ જમાતવાળાઓનું એમ માનવું થયુ છે કે ખોજાઓને વટલાવનાર પીર સદરૂદીન સુન્ની હતા અને ખોજાઓને તેઓએ સુન્ની મુસલમાન બનાવ્યા હતા આ ટોળાંએ શરૂઆતમાં પોતાનો પક્ષ મુંબઇ સિવાય બીજે સ્થળે પણ વધારવા પેરવી કીધી હતી પરંતુ અનુકુળ સંજોગની ગેરહાજરી તથા મોટી જમાતના તેમ નહિ થવા દેવાના બળવાન પ્રયાસને લઇ તેઓ ફાવી શક્યા નહોતા.

પ્રકરણ ૨૦ મું.

ખોજા ઇસનાઅશરી જમાત.

ખોજાઓ હીન્દૂ ધર્મ તજી ઇસલામ મતમાં દાખલ થયા ત્યારથી તે મુંબઇમાં બારભાયા કેસ આગાખાન સામે માંડવામાં આવ્યો ત્યાં સુધી તેઓ લગ્ન તથા મરણની ક્રીયાઓ સુન્ની મુલ્લાં કાજી પાસે કરાવતા હતા આવા સેંકડો વર્ષના સુન્ની પગ પેસારાથી ખોજાઓમાં સુન્ની તત્વ કાંઇક દાખલ થઇ ગયું હતું અને પરિણામે બારભાયા વર્ગે ખોજાઓ સઘળા સુન્ની છે એવો કેસ મુંબઇ હાઇ કોર્ટમાં માંડયો જેમાં તેઓની હાર થઇ

ઇ સ ની ઓગણીસમી સદીના પહેલા પચાસ વર્ષ પછીનો સમય ખોજા જાગૃતિનો કહી શકાય ત્યાર પહેલાં ખોજા કોમની ધર્મ સંબંધે અજ્ઞાનતા દ્રષ્ટાંત રૂપ હતી. જેનો કેટલોક ઇશારો જજ અરસ્કીન પેરીએ પોતાના એક જજમેન્ટમાં કીધો છે આગાખાન સરકાર તરફથી એવો ખરડો બહાર પડયો કે ખોજાઓએ હવેથી સુન્ની મુલ્લાં કાજી પાસે લગ્ન તથા મરણની ક્રીયાઓ નહિ કરાવતાં શીઆ પંથના મુલ્લાં પાસે કરાવવી. આવો ખરડો બહાર પાડવાનું કારણ બારભાયા પક્ષ હતો કેમકે તે સઘળા ખોજાઓને સુન્ની ઠરાવી આગાખાન સરકારનો ખોજાઓ સાથેનો હક સંબંધ ઉડાવા દેવા માગતો હતો માટે ખોજાઓ સુન્ની ન થઇ જાય તથા તેમાંનું સુન્ની તત્વ દુર થાય તેવા હેતુથી ઉપલો ખરડો મુંબઇ તથા દેશાવરોની સઘળી ખોજા જમાતોમાં ગોકલવામાં આવ્યો હતો. આ ખરડાપર મુંબઇના બારભાયા કુટુંબો સિવાય લગભગ સઘળા ખોજાઓએ સહીઓ કીધી હતી. કહેવાનો મતલબ એ કે બારભાયા પક્ષ સિવાય સઘળી ખોજા કોમે શીઆ મત માન્ય રાખ્યો હતો.

ઇ. સ. ની પંદરમી સદીની છેવટ સુધીમાં ખોજાઓમાં ધર્મ ક્રીયાનું કોઇ ધોરણ ન હતું માત્ર પીરશાહની તરફથી કહાડવાનુ તથા

ગ્નાનગોઠ ભણવાનું ચાલુ હતું પીર દાદુ ઇરાનમાં જઇ આગાખાનં સરકારના વડવાઓ પાસેથી પીરતન લઇ આવ્યા અને તેમણે હાલની ખોજાઓની નમાજ જેને દોઆ કહેવામાં આવે છે તે બનાવી ખોજાઓમાં ચાલુ કીધી. આ દોઆમાં નમાજના ફકરાઓ પણ છે અને તેમાં મુખ્ય શીઆ તત્વ પ્રબળ છે. ગ્નાનગોઠમાં પણ ઇમામની આલ આરાધવા ઠામઠામ ફરમાન છે પીર દાદુના વખત પછી ખોજાઓમાં શીઆ તત્વ વધવા માંડયું. શીઆ મતની ફારસી કીતાબો પરથી મોહરમના જંગનામા કચ્છી ભાષામાં તૈયાર થયાં અને તેની હસ્ત લેખનકલો કે જે દરેકની કીમત સો રૂપીઆ કરતાં ઓછી ન હતી તે દરેક ગામના જમાતખાનામાં ઇદુલ બકર પછી તે ચહેલુમ સુધી પડાવા લાગી. આવીરીતે પ્રબળ શીઆતત્વ ખોજાઓમાં પ્રચલત થઇ ગયું હતું તેથીજ બારભાયા પક્ષ પોતાની નેમમાં ફાવી શકયો નહિ.

ઉપર મુજબ ખોજાઓમાં શીઆ તત્વની લાંબા સમયની હાજરી તથા અસરને વડા આગાખાનનો ખરડો સોનામાં સોહાગા સમાન થઇ પડયો. ખોજાઓ શીઆ મતના છે અને તેથી તેમની લગ્ન તથા મરણની ક્રીયાઓ શીઆ મત મુજબ શીઆ મુલાં મારફત થવી જોઇએ તે વાત ખોજાઓને બહુજ ગમી અને તેથીજ ખરડામાં સહી કરવામાં કોઇના તરફથી વાંધો લેવામાં આવ્યો નહિં.

ખોજાઓના ધર્મશાસ્ત્રમાં શીઆ બાબતો પીરોના પ્રયાસને આભારી હતી. પરંતુ ખોજાઓ શીઆ તે શું તે સમજતા ન હતા. તેની શાહદત માટેના ઇ. સ. ૧૮૪૭ માં ઓચરેલા સર આરસ્કીન પેરીના શબ્દો મોજુદ છે. તેમાં જણાવવામાં આવ્યું છે "કે તેઓ મોટે ભાગે હલકા પ્રકારના ધંધામાં રોકાએલા છે. તેઓ અભણ અને પોતાની સ્થિતિથી તદ્દન નાવાકેફ છે જે અજ્ઞાનપણું તેઓમાં હસ્તી ભોગવે છે તે જ્યારથી તેઓ મુસલમાન થયા ત્યારથીજ તેમનામાં હોય એમ જણાય છે. જો કે તેઓ પોતાને મુસલમાન તરીકે ઓળખાવે છે તોપણ પૈગંબર

મહંમદ તથા કુરાન વિષે તેઓ કાંઈ જાણતા નથી. તેઓ સુન્નીઓને કહે છે કે અમે સુન્ની છીએ અને શીઆ લોકોને કહે છે કે અમે શીઆ છીએ. સુન્ની અને શીઆ લોકોમાં શું ફેર છે તે તેઓ જાણતા નથી. અને જાણવાની દરકાર પણ રાખતા નથી. તેમની પાસે કુરાનનો તરજુમો તેમની દેશી કચ્છી અથવા ધંધા રોજગારની ભાષા ગુજરાતીમાં નથી તેમનામાં શીખેલા માણસોનો તોટો છે અને વિદ્વાનોતો હોયજ કયાંથી! એક પણ ખોજો આરબી અથવા ફારસી ભાષા જાણતો નથી કે જે ભાષાઓમાં મુસલમાની ધર્મ અને સાહિત્ય લખાએલાં છે."

ઉપર જણાવેલી સ્થિતિ ઇ. સ. ની ૧૯ મી સદીના પ્રથમના પાંચ દાયકાઓ સુધીની છે તે પછીના સમયને ખોજા જાગૃતિનો સમય મેં ગણ્યો છે. ધાર્મિક જાગૃતિનો સમય બારભાયા વર્ગથી શરૂ થાય છે. આજ સુધીની એકંદર જાગૃતિનું દ્વાર ખોલનાર તે વર્ગ છે. તેઓએ ખોજાઓ સુન્ની છે એવો મજબુત પ્રોટેસ્ટ ઉઠાવ્યો તેથીજ ખોજાઓ શીઆ છે એમ નક્કી કરવાની જરૂર પડી; નહિતર પ્રથમ મુજબ કેટલોક વખત હજુ ધાર્મિક જાગૃતિનું દ્વાર બંધ રહેતે અને તે બંધદ્વાર કેળવણીની જાગૃતિજ ખોલતે.

શીઆ મુલ્લાં પાસે લગ્ન તથા મરણની ક્રીયાઓ કરાવવાનો ખરડો પસાર થઇ ગયો અને સુન્ની મુલ્લાં કાજીને તેવી ક્રીયાઓ કરાવવાથી અટકાવવામાં આવ્યા. સુન્ની મુલ્લાં કાજીએ પોતાનો વંશપરંપરાનો હક રજુ કીધો તેથી તેમને કેટલીક ઉચક રકમો આપી તેમનું મન મનાવી લેવું પડયું અમરેલી પ્રગણાના કાજીને જમાતે બસો રૂપીઆ વ્યાજે આપ્યા અને તે વ્યાજ તથા મુળ રકમના બદલામાં કાજીનો હક નીકળી ગયો.

લગ્ન મરણની ક્રીયા ખોજાઓમાં સુન્ની તરીકા મુજબની બંધ થઇ શીઆ તરીકા મુજબ ચાલુ થઇ. હીન્દુસ્તાનમાં શીઆ લોકો ઇસનાઅશરી છે. તેમની સંખ્યા બે કરોડ ઉપરાંતની છે. આ શીઆ કુટુંબોમાં

આગાખાન કુટુંબ પણ એક પ્રખ્યાત કુટુંબ છે. હવે મુંબઇમાં ખોજાઓમાં શીઆ ઇસ્નાઅશરી તરીકા મુજબ લગ્ન મરણની ક્રીયા ચલુ થઇ. દેશાવરની જમાતોમાંથી સુન્ની મુલ્લાં કાજીનો પગ નીકળી ગયો. પરંતુ નીકાહ સુન્ની તરીકા મુજબના રહ્યા. આજ સુધી તેજ ધોરણ ચાલે છે. ભલે નીકાહ સુન્ની તરીકા મુજબ ચાલુ રહ્યા પણ શીઆ મતની ઘણી જાગતો વધવા માંડી. વડા આગાખાન તથા તેમના બેટા અલીશાહ પોતાના સમયમાં મુંબઇના જમાતખાનામાં દરરોજ આવી ખોજાઓને શીઆ તરીકા મુજબ નીમાજ પડાવતા આ ઉપરથી ખોજાઓમાં નીમાજનો શોખ ઉતપન્ન થયો આગાખાન સહ કુટુંબ મોહરમના દહાડાઓમાં પોતાના શીઆ તરીકા મુજબ ઇમામ હુસેનની મોટી મજલીસો તથા માતમદારી કરતા. કરબલાના ગમખાર બનાવમાટે બહુજ રડતા, માતમ કરતા, શબીહ બનાવતા તથા નીયાજના જમણ કરતા. આવી પોતાને ઘેર થતી માતમદારીમાં સઘળા ખોજાઓ, ઘણા મોગલો તથા બીજા શીયા વર્ગના લોકો શામેલ થતા આ મજલીસો મોટા દબદબા ભરી રીતે ઉજવવામાં આવતી હતી. મજલીસને અંતે શીયા મજલીસોના તરીકા મુજબ ઇમામ હુસેન, આઠમા ઇમામ અલીરઝા તથા બારમા ઇમામ મહેદીની જીયારત ઉભા થઇ પડાવવામાં આવતી. આવા ઇસનાઅશરી મતના ઉત્તેજનથી ખોજાઓમાં ઇસનાઅશરી મતના અંકુરો વધવા લાગ્યા. ઇસલામ તે શું તે જાણવા તરફ વલણ થવા માંડયું.

ઇ. સ. ૧૮૬૨માં મુલ્લાં કાદરહુસેન નામના ઇસનાઅશરી મુલ્લાંએ ખોજા મોહલ્લામાં મદ્રેસો ખોલ્યો. બીજા લોકો સાથે ખોજા બાળકો પણ તેમાં કુરાન શીખવાને દાખલ થયાં. કેટલાક મોટી વયના ખોજાઓ પણ તેની પાસેથી નમાજ તથા મસલા મસાએલ શીખ્યા મુલ્લાં કરબલા જતો રહ્યાથી મદ્રેસો વધુ લંબાયો નહિ મરહુમ હાજી દેવજી જમાલ કરબલા જીયારત માટે ગયા ત્યારે મજકુર મુલ્લાંને ત્યાંના વડા શીઆ મુજતેહદ મારફત મુંબઈ તેડતા આવ્યા. મુલ્લાં ઇ. સ. ૧૮૭૨ માં મુંબઇ આવ્યો. અને ખોજા મોહલ્લામાં મદ્રેસો ચલાવવા

લાગ્યો. આ મુલ્લાં કુરાન પઢાવતો. હદીસ બયાન કરતો. ઝાકેરી કરતો તથા શીઆ મતની તાલીમ આપતો. તેના જીવન ચરિત્રથી જાણી શકાય છે કે તે હઠીલો તથા દ્રઢ મનનો હતો. ખોજાઓ તેને ત્યાં જતા અને ઈસ્નાઅશરી દીનની તાલીમ લેતા. કેટલાક શ્રીમંત શેઠીયાઓ તરફની મુલ્લાંને નાણા સંબંધી સારી મદદ મળતી હતી. આ વખત ખોજાઓને માલુમ પડયું કે ખોજા ધર્મશાસ્ત્રના જ્ઞાનો અપૂર્ણ છે પરંતુ શરીયત મુજબ ચાલવાથી ઇસલામ પુર્ણ થાયછે. તેથી ખોજા ધર્મશાસ્ત્રના તરફ અભાવ થવા લાગ્યો તેમના ઇસનાઅશરી વલણને આઆખાન કુટુંબનો શીયા મત. મોગલો તથા બીજા શીઆનો સમાગમ ઉત્તેજીત કરતો. હવે કેટલાએક ખોજાઓમાં જુના મત તરફ અભાવ અને ઇસનાઅશરી મત તરફ પ્રીતી વધી. તેમનો જુના મત તરફ અભાવ અને ઇસનાઅશરી તરફ ખુલ્લું વલણ જોઇ મોટી જમાત તરફથી અટકાવ માટે પ્રયાસ શરૂ થયો; પણ કવખતનો નીવડયો. ખોજાઓમાં જે આન્દોલન શરૂ થયું હતું તે અટકનાર ન નતું. ઇસનાઅશરી વલણ વાળાઓને હવે નાત બહારની ધાસ્તી લાગી. તેથી તેઓ મુલ્લાં કાદરહુસેનને ઘેર એકઠા થયા અને કુરાન ઉપાડી સોગંદ ખાઇ એવો ઇકરાર કીધો કે જો કોઇ એકને પણ નાત બહાર કરવામાં આવતો બધાએ નાત બહાર થઇ જવું. આ સમાચાર મોટી જમાતમાં પહોંચતાં મોટો ખળભળાટ થયો; પણ નવા વર્ગની સંખ્યા નાની તેથી યુક્તિથી દાબી દેવાશે એમ તેઓ સમજ્યા. નવા વર્ગને હાજી ખલફાન રતનશી તથા હાજી દેવજી જમાલની સારી મદદ હતી. દરમિયાન હાજી ખલફાન રતનશીની પુત્રીની વફાત થઇ મોટી જમાત વાળાએ હાજી ખલફાનને નવા વર્ગથી નીકળી જઇ સહી આપવા અને તેમ કરવામાં આવે તોજ મૈયતમાં આવવા જણાવ્યું. હાજી ખલફાન રતનશી તાબે થયો નહિ. તેથી તેની બેટીની લાશ થોડા ખોજા, મોગલો વગેરે સાથે અજમ લોકોના કબ્રસ્તાનમાં લઇ જઇ દફન કરવામાં આવી. મુગલો તથા બીજા શીઆ ઇસનાઅશરીની સંખ્યા ઘણી હતી; તેમણે પણ

પોતાના આ નવા સોબતીઓને સારો આવકાર આપ્યો આથી નવા વર્ગની હિમ્મત બધાઇ.

નવો વર્ગ પોતાની સંખ્યા વધારવા પ્રયત્ન કરતો રહ્યો તેમનો આ પ્રયત્ન સફળ થયો અને સંખ્યાબંધ કુટુંબો તેમની જમાતમાં શામેલ થયાં. મુંબઇમાં આવી રીતભાત ચાલતી હતી તે વખતે તથા પહેલાં બીજે ઠેકાણે પણ આ આન્દોલન ચાલુ થયું. મસકતના માત્ર થોડાં કુટુંબો સિવાય સઘળાઓ ઇસનાઅશરી તરીકે બહાર પડયા. જંગબારમાં પણ ત્રણસો કુટુંબે ઇસનાઅશરી જમાત બાંધી જુની જમાતથી જુદાં પડયા. મહુવામાં પણ મોટો ખળભળાટ થયો. પરિણામે ચારસો ઉપરાંત કુટુંબો મોટી જમાતથી જુદાં પડી ઇસનાઅશરી થયા. હવે પછીનો સંખ્યાબંધ ગામમાં આ આન્દોલન જઇ પહોંચ્યું અને સીંધ, કચ્છ કાઠીયાવાડ, માડાગાસકર, બ્રીટીશ ઇસ્ટ આફ્રીકા, જર્મન ઇસ્ટ આફ્રીકા, સોમાલીલા ઇટાલીયા, એડન, તથા જ્યાં જ્યાં ખોજાઓના થોડા કુટુંબો પણ વસતાં હતાં ત્યાં ત્યાં નવો વર્ગ મોટી જમાતથી જુદો પડી પોતાની નવી જમાતો બાંધી રહ્યા. ઠેકઠેકાણે મસજીદો, ઇમામવાડા મેહફીલો, મુસાફરખાના, મદ્રેસા, વીગેરે સંસ્થાઓ સ્થાપી. મુલ્લાં કાદરહુસેનના ખંતીલા શીષ્યોએ ઇસનાઅશરી બોધ આપવાનું કામ હાથ ધર્યું. જંગબાર તરફ મુલ્લાં અબદલા સાલેહ સ્થેદીનાની વાએજનો સારો અસર થયો. ભાવનગરવાળા ગુલામઅલી ઇસમાઇલે માસિક પત્ર રાહેનજાત કહાડવા માંડ્યું અલાદીન ગુલામ હુસેન કે જેઓ પણ ભાવનગરના વતની છે તેમણે પણ રફીકુલ મોમિન નામનું માસિક પત્ર કહાડ્યું તેઓએ દીનને લગતાં સંખ્યાબંધ પુસ્તકો બહાર પાડી નવા આન્દોલનને શાન્ત રીતે ઠીક ટેકો આપ્યો છે.

બન્ને જમાતો વચ્ચે કીનાકસો વધી પડયો. કરાંચી તથા મુંબઇમાં જુની જમાતના કેટલાક ઝનુની કોકોએ નવા ઇસનાઅશરી વર્ગના કેટલાકોના ધર્મ ઝનુની ખુનો કીધાં. પરંતુ હવે આગળે દુશમની ઘટવા સંભવ છે. આશા રાખવામાં આવે છે કે થોડા વખતમાં બીલકુલ સુલેહ સંપ થઇ જશે.

પ્રકરણ ૨૧ મું.

ખોજા ઇસમાઈલી જમાત.

હીન્દુઓને વટાળી ઇસલામમાં લાવવાનો પ્રયાસ પીર નુર સતગુરનુરથી શરૂ થઇ અદ્યાપિપર્યંત ચાલુ રહ્યો છે; પણ પીર ઇમામુદીન પછી ખોજા કોમમાં વધારો થતો અટકયો હતો. આમ થવાનું કારણ પીરોના વંશજોમાં કુસંપ ફેલાવાનું હતું. પીરોના વંશજો અન્યો અન્ય મુરીદોની સંખ્યાની ખેંચતાણ કરવામાં ગુંથાતાં બોધ આપવાનું કામ નરમ પડયું. બીજું કારણ એવું હતું કે ખોજાઓ પ્રગટીયા થયા હતા; એટલે જાહેર રીતે ઇસલામ પાળનારા થયા હતા. જાહેર રીતે ઇસલામ પાળનારા તરફ હીન્દુઓ વલણ કરે નહિ એ દેખીતું છે. પીરોના પ્રયાસને લઇ જાહેર રીતે ઇસલામી ન કહેવાય એવું ગુપ્તી ટોળું ઉભું થયું હતું અને તે ટોળાં તરફજ નવા શીષ્યો ખુબ ઢળતા હતા. આ ગુપ્તી ટોળાંના હજારો કુટુંબો મુંબઇથી કાશ્મીર સુધીમાં આબાદ છે. પંજાબમાં વસનારા શમ્શી અને ગુજરાતમાં વસનારા મુમના તથા ગુપ્તી કહેવાય છે. આ શમ્શી તથા ગુપ્તીઓના કેટલાક કુટુંબોમાં ઇસલામનું તત્વ વધતાં તે પ્રગટીયા થયાં હતાં. કાશ્મીર તરફ કેટલાંક કુટુંબો સુન્ની અને ઘણાં ઇસનાઅશરી થઇ ગયાં છે. ખોજા કોમમાં પણ સુન્ની તથા ઇસનાઅશરી જમાતો સ્થાપન થઇ. અને ગુજરાતના મુમના તથા ગુપ્તીઓમાં પણ પ્રગટીયાનું જોર વધવા માંડયું છે. અમદાવાદ તથા કાણીંદર વીગેરેમાં મુમનાઓના કેટલાંક કુટુંબો ઇસનાઅશરી થયા છે. અમદાવાદમાં તફ્ઝીલ્યાનો વધારો છે. તફ્ઝીલ્યા એટલે અસહાબોમાં હજરત અલીને વધુ ફઝીલત વાળા ગણે છે પણ તેઓ પ્રથમના ત્રણ ખલીફાઓ પર શીઆ લોકોની જેમ તબર્રા કરતા નથી તેઓનું વલણ સુન્નીઓ તરફ જોવામાં આવે છે. ગુપ્તીઓને હીન્દુઓ હજુ હીન્દુજ ગણે છે. તેઓ પોતાની હીન્દુ ગ્નાતીમાંજ કન્યાની આપ લે કરે છે. મુરદાંને બાળે છે. પરંતુ તેમાં પણ

પ્રગટીયા વલણ વધતું જાય છે. નવા શીષ્યો મેળવવાનો પ્રયાસ બહુજ નરમ પડીગયો છે.

આવા બધા ટોળીના પીરોનો શજરો પીર નુર સતગુર નુર સુધી પહોંચે છે. પાછળથી આવા મુરીદોના ઘણાં કુટુંબોનું વલણ આગાખાન સરકારના વડીલો તરફ બાવા લોકોના પ્રયાસથી થયું હતું. આવા શીષ્યોમાં ખોજા કોમ મુખ્ય હતી. ખોજાઓના ધર્મ શાસ્રોમાંતો પીર નુર સતગુરથી છેવટ સુધી પીરો આગાખાનના વડવાઓ તરફથી મીશનરીઓ થઇ આવ્યા હતા એમ લખેલું છે; તો પણ આ વાત હજુ અંધારામાંજ રહેલી છે કે ખોજાઓને ઇસલામનો બોધ આપનાર આગાખાનના વડીલો હતા કે સ્વતંત્ર રીતે પીરોજ હતા; પરંતુ એટલું તો ખરૂં છે કે કેટલાક સૈકા થયા ખોજાઓનો સબંધ આગાખાન કુટુંબ સાથે વગર તુટવે ચાલ્યો આવે છે. પીરોના બોધથી ઘણા કુટુંબો ઇસલામી થયેલાં હજુ એવાં છે કે તેમનો મુળથીજ આગાખાન કુટુંબ સાથે સબંધ નથી. સુન્ની તથા ઇસનાઅશરી ખોજાઓ સિવાય જુની જમાતમાં જે ખોજાઓ છે તે પોતાની જમાતને ઇસમાઇલી ખોજા જમાત કહે છે. અને નીજારી, ઇમામોના પ્રકરણમાં જણાવ્યા મુજબ આગાખાનને ઇસમાઇલી હાજર ઇમામ માને છે. આ જમાત ઇસમાઇલી જમાત છે પરંતુ તેમાં હજુ ગુપ્તી તત્વ એટલે હીન્દુઓની પીરોએ અનુંકુળતાને ખાતર માન્ય રાખેલી બાબતો કેટલીક ચાલુ છે તોપણ પ્રગટીયા તત્વ ઘણું વધવા માંડયું છે તેથી તેઓને પણ શુદ્ધ "શરીયત પર આવી જવાને વધુ વાર લાગશે નહિ. તેના સુકાનીઓ પ્રગટીયા તત્વ વધારવા માગે તો બહુજ ઝડપથી વધારી શકે છે પરંતુ તેમ કરતાં લોકો ઇસનાઅશરી જમાત તરફ ઢળી પડે છે તેથી તેઓ કાંઇક આંચકો ખાય છે. જો કે હજુ કેટલાક લોકો એવા પણ છે કે પીરોએ જે હીન્દુ તથા મુસલમાન શાસ્રની મિશ્રવાતો કહીછે તેજ ખરી માનેછે પરંતુ હવે લોકોની આંખો ઉઘડવા માંડી છે. આ જમાતમાં પ્રગટીયા તત્વ વધવા પછી હાલમાં

જે ઇસનાઅશરી તથા તેમના વચ્ચે કુસંપ ચાલે છે તે નાબુદ થઇ જતાં એખલાસનો વધારો થશે.

આ જમાતની સંખ્યા કચ્છ, કાઠીઆવાડ, સીંધ, મુંબઇ, આફ્રીકા વીગેરે સંખ્યાબંધ ગામોમાં ઘણી છે. જમાતની વ્યવસ્થા માટે પ્રગણાવાર વારસોની નેમણુંક કરે છે. દરેક ગામમાં મુખી તથા કામડીયા એમ બે અમલદારો હોય છે. આ અમલદારો જમાતના કજીઆના ફેસલા આપે છે તથા દસોંદની રકમ વસુલ લઇ આગાખાન સરકારને મુંબઇ મોકલાવે છે.

તેઓ એક કરતાં વધુ સ્ત્રી કરતા નથી. જે માણસ વધુ સ્ત્રી કરવા માગે તે જમાતને દંડ ભરી તેમ કરી શકે છે. આ જમાતનો નામદાર આગાખાન તરફનો પુજ્યભાવ અચરજ પમાડનારો છે દર વર્ષે લાખો રૂપીઆ દસોંદના આપે છે. તેમના ધર્મ શાસ્ત્રોની ભાષા કચ્છી તથા ગુજરાતી છે અને લીપિ સીન્ધી છે.

આગળ જણાવ્યું તે મુજબ ખોજા કોમમાં ધાર્મિક કારણને લઇ ત્રણ જમાતો બંધાઇ છે. કાઠીયાવાડમાં આવેલા સ્વામી નારાયણ સંપ્રદાયના મથક ગઢડા તથા તેની આસપાસના ગામોના કેટલાક ખોજા કુટુંબોનું વલણ સ્વામીનારાયણ સંપ્રદાય તરફ થયું છે; પરંતુ તેઓ પોતાની જુદી જમાત બાંધી શકયા નથી. તેમના કેટલાક કુટુંબોએ ઇસનાઅશરી જમાતમાં પોતાની સહીઓ આપી છે. ઇસનાઅશરીઓ જો આ કુટુંબો તરફ પોતાની ચાહના વધારે તો ભવિષ્યમાં તેઓ ઇસનાઅશરી મતના થઇ જાય તેમ લાગે છે. ગઢડામાં ખોજા ઇસનાઅશરી જમાત તથા શેઠ રહેમતુલાભાઇ ડાહ્યાભાઇ પછેગામ વાળાના સખી હાથથી ત્યાં મસજીદ તથા ઇમામવાડાનું ભવ્ય મકાન થવાથી આ કુટુંબો પર સારો અસર થયો છે. બાકી આજ કાલ જુદાપણાનો સમય છે તેથી ખોજાઓમાં કોઇ કોઇ વેદાન્તી, થીઓસોફીસ્ટ, નૃસિંહાચારી, આર્યસમાજી, બાબી, બેહાઇ, વીગેરે માન્યતાવાળા પણ કેટલાક ખોજાઓ જોવામાં આવે છે. મુંબઇમાં કેટલાક ખોજાઓ બેહાઇ મતમાં જોડાતાં તેઓ ખોજા ગ્નાતીથી જુદા પડયા છે. તેઓ બીજા ખોજાઓને પોતાના પક્ષમાં લેવા પ્રયત્ન કરતા જણાય છે.

પ્રકરણ ૨૨ મું.

ખોજા કોમની સ્થિતિ.

ખોજાઓ જ્યારથી ઇસલામમાં દાખલ થયા ત્યારથી ઇ. સ. ૧૮૫૦ સુધીમાં તેઓ એક સરખી સ્થિતિમાં ચાલ્યા આવ્યા હતા. સંસાર તથા ધાર્મિક સુધારામાં બહુજ પછાત હતા; તો પણ પીરોના ઉરસો તથા ધાર્મિક ક્રીયા વખતે છુટથી નાણું ખર્ચતા હતા. તેમનો વેપાર રોજગાર પણ સાધારણ હતો. ગઇ સદીના છઠ્ઠા દાયકા પછી તેમનામાં સુધારો વધારો દાખલ થવા માંડયો હતો. તેઓએ વેપાર રોજગારમાં સારી નામના કહાડી છે. ચીન, જાપાન, અંગ્રેસ્તાન, યુરોપ, આફ્રીકા વીગેરે સાથે તેઓ સારો વેપાર ચલાવે છે. મુંબઈમાં પણ તેમનું વેપારી સાહસ ઓછું નથી.

સંસારરિક કેળવણી તરફ પણ તેઓએ લક્ષ આપ્યું છે. સંખ્યાબંધ વકીલ, બારીસ્ટરો, ડાકતરો અને ગ્રેજ્યુએટો થવા પામ્યા છે. બીજી મુસલમાન ગ્નાતીઓ કરતાં તેઓ કેળવણીમાં ઘણા આગળ વધ્યા છે તોપણ સંસાર સુધારામાં આગળ વધવા માટેનું વિશાળ ક્ષેત્ર હજુ તેમની સમક્ષ ખડું છે.

કોમી સખાવતમાં પણ તેઓ પછાત રહ્યા નથી. દવાખાનાઓ, મુસાફરખાનાઓ, ઓર્ફનેજો, નિરાશ્રીત ફંડો વીગેરે તરફ કેટલાકોએ ઠીક લક્ષ આપ્યું છે તોપણ કોમને પ્રાથમિક તથા ઉંચી કેળવણીમાં આગળ વધતી કરવાના કામમાં તેઓની ચુપકીદી પ્રસંશાને પાત્ર નથી. તેમની ભાઇબંધ કોમો લોહાણા, ભાટીઆ, જૈન, કપોળ, પારસી, વીગેરે પોતાની કોમની નાવને અજ્ઞાનતાના સાગરમાંથી સુધારાના કીનારા પર લઇ જવાને એકત્રતાથી પ્રયાસ કરી રહી છે ત્યારે ખોજા કોમ તે સઘળું લગભગ ટગર ટગર જોયાજ કરે છે.

ધાર્મિક બાબતમાં તેમનો પ્રયાસ સ્તુતિ પાત્ર છે. સંખ્યાબંધ મસજીદો, ઇમામવાડા અને મદ્રેસાઓ સ્થાપન થયા છે. કુરાન તથા હદીસનું શીક્ષણ ઘણાઓએ લીધું છે. મસજીદમાં તેમની હાજરી વખાણવા જેગ છે. ધાર્મિક હિદાયત માટે ફંડો તથા મીશનરીઓ પોતાનું કામ ચુપચુપ બજાવી રહ્યા છે.

મક્કાની હજ પડવા તથા કરબલાની જીયારત કરવા તરફ ઠીક ચાહ વધ્યો છે. હજારો ખોજાઓ હાજી થયા છે. દર વર્ષે સેંકડો ખોજાઓ કાફલા બાંધી મક્કા તથા કરબલા તરફ જાય છે; જો કે તે તરફ માટેની કોમી સગવડતા માટે તેઓ તઇયાર થતા જણાતા નથી. મુંબઇ, કરાંચી, બસરા, બગદાદ, એડન, જીદા, મક્કા, મદીના, કરબલા, નજફ, કાઝમેન, સામરા વીગેરે સ્થળોપર સારાં સગવડવાળાં મુસાફરખાનાની હજુ ખોટ છે; તે માટે ખોજા શ્રીમંતોએ લક્ષ આપવાની જરૂર છે.

સર અરસકીન પેરીએ ખોજા કોમની અજ્ઞાનતા માટે જે બ્યાજબી ટીકા કીધી હતી તેવા આરોપમાં હવે ખોજા કોમ રહી નથી. શીઆ તથા સુન્ની વચ્ચે શો તફાવત છે તે સારી પેઠે જાણે છે. કુરાન તથા હદીસ વીગેરે ધાર્મિક પુસ્તકોના તેઓએ પોતાની માતૃ ભાષામાં તરજુમા કીધા છે અને લોકો છુટથી તેનો ઉપયોગ લઇ રહ્યા છે.

સાર્વજનિક સખાવત તરફ ખોજા શ્રીમંતોનું વલણ વખાણને પાત્ર છે. સર કરીમભાઇ ઇબ્રાહીમ બેરોનેટે મુંબઇ મ્યુઝયમ તથા સાયન્સ ઇન્સ્ટીટયુટમાં આપેલી લાખોની રકમ ખાસ ધ્યાન ખેંચનારી છે. અલીગઢ કોલેજ તથા મુસલીમ યુનીવર્સીટિમાં તેઓએ નાદર રકમો ભરી ઇસલામીઓનો ચાહ મેળવ્યો છે; પરતુ કોમી કેળવણી માટે કેમ ચુપકીદી પકડવામાં આવી હશે તેની સમજ પડતી નથી.

ખોજા કોમના ઘણા લોકો જાહેર માનપાન મેળવવા પામ્યા છે. ત્રણ ખોજાઓ સર તથા એક બેરોનેટ થયા છે. કલકત્તા તથા મુંબઇની ધારાસભામાં, મુંબઇ મ્યુનીસિપાલિટિ વીગેરેમાં તેમની માનભરી

હાજરી છે. ઘણા ખોજાઓને નામદાર બ્રીટીશ સરકાર તરફથી ખાન બહાદુર તથા તથા ખાન સાહેબના એલકાબો મળ્યા છે ખોજા કોમમાં બીજા ઇસલામીઓ કરતાં લેખકોની સંખ્યા સારી છે.

ધાર્મિક મતભેદના કારણે ખોજા કોમમાં ખીનાકસો તથા અદેખાઇ વધી જવાં પામ્યાં છે. ઐકયતાની પણ તેજ કારણે ગેરહાજરી છે ઐકય-તા તથા કોમી કેળવણી વધારવા પ્રયાસ ચાલુ નથી. જો આવી સ્થિતિ ભવિષ્યમાં ચાલુ રહી તો ખોજા કોમને ઘણું સોસવું પડશે.

પ્રકરણ ૨૩ મું.

તવારીખનો સાર.

૧ ખોજા કોમ ઇસલામ મતનો સ્વીકાર કરતાં પુર્વે હીન્દુ ધર્મ પાળનારી હીન્દુકોમ હતી.

૨ ખોજા શબ્દ એ ફારસી ખ્વાજા શબ્દનો અપભ્રંશ છે અને તેનો અર્થ શેઠ, માલેક, માનપામેલો બુઝુર્ગ શખ્શ, ડાકતર પ્રોફેસર, શિક્ષક વીગેરે થાય છે. આવું નામ તેમને ઇસલામનો ઉપદેશ કરનારા ઇસલામી મીશનરીઓએ આપ્યું છે.

૩ હીન્દુ કોમ આશરે ત્રણ હજાર વર્ષ પુર્વેથી ચાર વર્ણમાં વ્હેંચાઇ ગઇ છે. વિદ્યા-હુન્નર તરફ વળનાર બ્રાહ્મણ, દેશના રક્ષણ માટે સિપાઇ બનનાર ક્ષત્રિય, વેપાર રોજગારમાં પડનાર વૈશ્ય અને ખેતી તથા મજુરી કરનાર શુદ્ર. આ ચાર વર્ગ પૈકી ખોજા કોમ ક્ષત્રિય હતી. ખોજા કોમનો ઇતીહાસના કર્તા ખોજા કોમને વૈશ્ય કહે છે પણ તે વાત ખરી નથી.

૪ હીન્દુઓના મુખ્ય વેદધર્મમાંથી જુદા જુદા ત્રણ માર્ગો નીકળ્યા હતા. ૧ શિવમાર્ગ, ૨ વૈષ્ણુવ માર્ગ, ૩ શકિત માર્ગ. ખોજાઓ જ્યારે હીન્દુ ધર્મ તજી ઇસલામ મતમાં દાખલ થયા ત્યારે તે શક્તિ માર્ગમાં હતા

૫ ચાર વર્ણોમાંથી જુદા જુદા ધંધાને લઇ તેમાં અનેક જ્ઞાતીઓ બંધાઇ હતી. પ્રખ્યાત ક્ષત્રિય રાજા રામના પુત્ર લવની ઓલાદમાંથી લોહાણા કોમની ઉતપતી થઇ હતી. ખોજાઓ જ્યારે ઇસલામ મતમાં દાખલ થયા ત્યારે તે લોહાણા ન્નતીના હતા. અને તેઓ ઠક્કર કહેવાતા. ઠક્કર એ ઠાકોરનું અપભ્રંશ છે અને તેનો અર્થ ખોજા—ખ્વાજાહ જેવો થાય છે.

૬ આજથી સાડા તેરસો વર્ષપર અરબસ્તાનમાં આવેલા મક્કા શહેરમાં ઇસલામના સ્થાપક હજરત મહંમદનો જન્મ થયો હતો તેમણે ઇસલામ મત જાહેર કરી પ્રચલિત કીધો. તેમના ધાર્મિક પ્રયાસને અંગે ઇસલામી રાજ્યની સ્થાપના થઇ. તેના કાયદા કાનુનો કુરાન તથા હદીસ થયા હજરત મહંમદની વફાત પછી તેમની ગાદીએ કોણે બેસવું તેમાં ઇસલામીઓમાં મતભેદ પડયો. અબુબકર, ઉમર, ઉસમાન, તથા અલી એમ અનુક્રમે પ્રથમ ચાર ખલીફા થયા. આવી ગોઠવણને બાજબી માનનારા સુન્ની કહેવાયા. બીજા વર્ગનું કહેવું એમ થયું કે ખીલાફતપર અલી તથા તેના વંશજોનો હક છે આ વર્ગ તે શીઆ કહેવાયો.

૭ શીઆ પંથમાં આગળ જતાં કેટલાક ફાંટા પડયા હતા. છઠ્ઠા ઇમામ જાફર સાદકના પુત્ર મુસા કાઝીમને માનનારા ઇસનાઅશરી કહેવાયા. આ ઇસનાઅશરી ઇમામોની સંખ્યા બારની છે. હાલના છેલ્લા બારમા ઇમામ છુપા રહેલા છે એમ તેમની માન્યતા છે. ઇસમાઇલીમાં પણ અનેક ફાંટાઓ પડયા હતા વોહરા લોકો ઇસમાઇલી છે. તેમના ઇમામોની સંખ્યા બાવીશની છે. બાવીશમાં ઇમામ હાલ ગુપ્તરીતે હયાત છે એમ તેઓ માને છે. વોહરા માન્યતાથી એક ટોળું જુદું પડી નીજારી મતનું થયું હતું. તેમના ઇમામોની સંખ્યા ૪૮ ની તેઓ જણાવે છે. તેમના છેલ્લા ઇમામ આગાખાન આજે હયાત છે.

૮ ઇસમાઇલી ઇમામ અબ્દુલા મેહદીએ મીસરનું રાજ્ય ફતેહ કરી ફાતમી ખીલાફતની બુનીયાદ નાખી હતી આ ગાદીપર ૧૪ ફાતમી ખલીફાએ લગભગ અઢીસો વર્ષ સુધી રાજ્ય કીધુ હતું તેમના રાજ્યનો અંત બગદાદના અબ્બાસી ખલીફા એ આણ્યો હતો.

૯ મીસરમાં ખીલાફતનો વારસો મેળવવામાં નહિ ફાવેલા નીઝારીઓએ ઇરાનમાં આવેલા અલમોતમાં હકુમત મેળવી ગાદી સ્થાપી હતી. આ ગાદીપર આઠ હાકેમોએ રાજ્ય કીધું હતું તેમના રાજ્યનો અંત તાર્તરીના મોગલ શહેનશાહ મનકુખાનના ભાઇ હલાકુખાને આણ્યો હતો

૧૦ ઇસમાઇલીઓએ મીસરમાં ઇસલામી ફીલોસોફીનો પ્રચાર કીધો હતો. તેમ કરતાં તેમણે ઇસલામી શાસ્ત્રમાં કેટલોક ફેરફાર કીધો હતો. શિક્ષણ માટે મોટા પાયાપર કોલેજ સ્થાપી હતી.

૧૧ ઇસમાઇલી ધર્મનો પ્રચાર કરનારા મીશનરીઓની રીત જે ધર્મના લોકોને તે વટલાવવા ચાહતા હોય તેમની મુખ્ય બાબતો પોતાની કરી લેતા અને રફતે રફતે અનુકુળતા જોઇ પોતાના અકાયદ તેમનામાં દાખલ કરતા. અવી યુક્તિથી ખોજાઓના મુળ શક્તિ માર્ગમાં તેમની મુખ્ય મુખ્ય બાબતો માન્ય રાખી તેમાં ઇસલામી બીઆં છાંટયાં હતાં પાછળથી મીશન ખાતું નબળું પડી જતાં મુળ શક્તિ માર્ગની કેટલીક બાબતો તેમનામાં રહી જવા પામી હતી. પણ રફતે રફતે શરીયત તરફ વલણ વધતાં સુન્ની તથા ઇસનાઅશરી ખોજાઓ શુધ્ધ શરીયત પાળવા લાગ્યાછે. હજુ કેટલોક વર્ગ મિશ્રણ માન્યતા વાળો પણ છે પરંતુ તેમાં શુધ્ધ શરીયતની વાતો વધવા માંડી છે તેથી સઘળી ખોજા કોમ જલદીથી શરીયત પર ચાલનારી થઇ જશે.

૧૨ અરબસ્તાનમાંથી હીન્દમાં ઇસલામનો પ્રચાર કરવા માટે આજથી સાડા આઠસો વર્ષપર પીર નુરૂદીન (નુરસતગુરનુર) નવસારી વાળા હીન્દમાં આવ્યા હતા. અને તેમણે તથા તેમના વંશજો પીર

સદરૂદીન, પીર ઇમામુદીન વીગેરેએ ખોજા કોમના હીંદુ વડવાઓને ઇસલામનો બોધ આપ્યો હતો.

૧૩ આજથી પચાસ વર્ષ પર મુંબઇમાં કેટલાંક કુટુંબો સઘળા ખોજા સુન્નીઃ તથા તેમને વટલાવનાર પીર સદરૂદીન પણ સુન્ની હતા તેમ માની ખોજાઓમાં જુદી સુન્ની જમાત બાંધી રહ્યાં છે.

૧૪ બીજો વર્ગ ખોજા ઇસનાઅશરી જમાતનો છે તેઓનું એમ માનવું થયુંછે કે સઘળી ખોજા કોમ ઇસનાઅશરી છે અને તેને હીન્દુ ધર્મમાંથી વટલાવનાર પીરો ઇસનાઅશરીજ હતા. આમ માની તેઓ પોતાની જુદી જમાતો બાંધી ઇસનાઅશરી મત જાહેર પાળવા લાગ્યાછે. તેમની સંખ્યા ઘણી વધવા પામીછે. અને અવાર નવાર તેમાં વધારો થતોજ રહેછે.

૧૫ અસલ જમાતમાં રહેલા વર્ગનું એમ માનવું થયું છે કે ખોજા કોમ ઇમામી ઇસમાઇલી છે. અને તેને હીન્દુ ધર્મમાંથી વટલાવનાર પીરો ઇમામી ઇસમાઇલી હતા આ જમાત આગાખાની જમાત કહેવાય છે.

૧૬ ખોજા કોમને મુળ ઇસલામી મતમાં લાવનાર પીરો સુન્ની, ઇસનાઅશરી ઇસમાઇલી કે કયા મતના હતા તે સબંધે મેં આ પુસ્તકમાં ઉલ્લેખ કીધો નથી પણ મારી માન્યતા એવી થઇ છે કે ખોજાઓનો અસલ ધર્મ ઇસનાઅશરી છે અને તેમને ઇસનાઅશરી મતમાં વટલાવનાર મીશનરીઓ પણ ઇસનાઅશરીજ હતા; તો પણ આ સબંધે ચોખવટ કરવાની ખાસ જરૂર છે.

समाप्त

શુદ્ધિ પત્રક.

પૃષ્ઠ	લીટિ	અશુદ્ધ	શુદ્ધ
૧૪	૧	ખોજા કોમની તવારીખ	મુળ ઉતપતી અને દર્શન..
૧૬	૧	મુળ ઉતપતી અને દર્શન.	ખોજા કોમની તવારીખ.
૨૬	૨	દુગંદત	દુર્ગંદત
૪૪	૫	રાડો	રાડો
૬૩	૧	હીન્દ અને હીન્દુ કોમ	હીન્દુ ધર્મો.
૬૭	૨૩	ઉતાતી	ઉતપતી
૭૩	૧૧	વેદ મનો	વેદ મતનો
૭૮	૧૨	મુતજ્ઞાની	મુતલગાની
૧૦૪	૧૯	આપાઇ	આપાશ
૧૨૪	૧૭	હજરેન	હજરત
૧૩૯	૧૧	કહી	કરી
૧૪૨	૫	૧૫	૧૬
૧૪૯	૧	વોહરાઓના હુમામો	મીસરના ફાતમી ખલીફો.
૧૫૧	૧	વોહરાઓના હુમામો	મીસરના ફાતમી ખલીફો.
૧૫૬	૧૦	મંગાવ્યો	મંગાવ્યો
૧૭૯	૫	ભાઇનો	ભાઇને
૧૯૬	૨	આ લીટિ ઉપર નવા પારેગ્રાફમાં એમ વધારવું કે ૨૭ રૂકનુદ્દીન—તેમનું વર્ણન પ્રકરણ ૧૦ માં આવાઇ ગયું છે.	
૧૯૬	૨	૨૭	૨૮
૧૯૬	૧૦	૨૮ રૂકનુદ્દીન—(આટલા અક્ષરો રદ ગણી કાઢી નાખવા.)	
૨૦૦	૧	૧૦૦	૨૦૦
૨૧૦	૨૬	લઉ	લશ
૨૧૨	૧૪	વાન	ગાન
૨૫૯	૨૦	ગાી	મુગાી
૨૭૨	૨૩	ઓઢાદવામાં	ઓઢાડવામાં

ટીપ—લીટીઓની ગણુત્રી ફીગર લાઇનથી કરવામાં આવી છે તે સુધારતી વખતે ખાસ યાદ રાખવું

આ બુકના કર્તા તરફથી બહાર પડેલી કેટલીક બુકોની યાદી.

હસન બિન સબ્બાહ

આગીન્યા ધર્મના દાઇ હસન બિન સબ્બાહનું હેરત ઉપજાવનારૂં જીવન ચરિત્ર, ઇસમાઇલી ધર્મની હકીકત, ભીશન પદ્ધતિ, યુરોપિયન પુસ્તકોના પહાડી ધરના પુરૂષ માટેના લેખોના ઉતારા. સાથે ઇનસાનની બુદ્ધ કે જે કીરતારની બક્ષેલી અમુલ્ય ન્યામત તેના સદ ઉપયોગ તથા ગેર ઉપયોગની સરખામણીનું નીકળી આવતું ચિત્ર, વાંચનારને અજાયબીથી છક કરી નાખે તેવું છે. નવી આવૃતિ-સસ્તી કીમત ૦-૧૦-૦ પોસ્ટેજ ૦-૧-૦

ફીરદોસે બરીં

આગીન્યા સંપ્રદાયના અદ્ભુત દાઇ હસન બિન સબ્બાહના હેરત ભર્યાં કારસ્તાનને નૉવેલમાં ગોઠવી આપી કર્તાએ વાર્તાની અસલને છક કરી નાખી છે જેથી ઝનુરતી આ વાર્તા એક વખત હાથમાં લીધી કે તેને પુરી કર્યા સિવાય છોડી શકાતી નથી. અનાયાસિ જહેન્નત-ના બનાવ અને દીલ ધ્રુજાવનારા ભેદ ભરમોથી ભરપુર વળા સાચની આ વાર્તા સઘળી રસીલી વર્તાઓની સરખામણીમાં આગેવાન દરજ્જો ભોગવે છે. અસલ કીમત રૂા. ૧-૮-૦ હતી; હાલમાં કીમત ઘટાડી છે ૧-૦-૦ પોસ્ટેજ ૦-૨-૦

ઇસનાઅશરી મજહબની ખુબીઓ.

ખુદાની હસ્તી, તવહીદની સાબીત, દસ અવતારનું ખંડન, ઇસેરી તથા હીન્દુ મતનું ખંડન, અકલ નબુવ્વત, ઇમામત કીયામતની

સાબીતીઓ, કીયામત અને સાયન્સ. કુરાન આકાશી કીતાબ, મુઅજીઝા, તહારત, ગુસલ વગેરે, નમાઝ રોઝા હજ, ઝકાત, અઝાન, કીબલા. જેહાદ, તવલ્લા, તબર્રા વીગેરે વીગેરેની શીઆસોફીનું બળવાન દલીલોવાળું પુસ્તક આ પુસ્તક માટે આ રા. કરમઅલી રહીમ નાનજીઆણી તથા શેઠ અબ્દુર રૂફ વીગેરે તરફથી ઉત્તમ સર્ટીફીકેટો મળેલાં છે પુસ્તક ૫ ફી સુશોભિત ગીલ્ટેડ બાંધણીનું છે. ૧—૦—૦ પોસ્ટેજ ૦—૨—૦

મોહરમની ખુબીઓ

મોહરમની દસ મજલીસોમાંથી દુનયવી ૭૨ સબબો તારવી કાઢ્યા છે. અને તે સોનેરી સબકો ઉપર બુદ્ધિ બળે ઘણું વિવેચન કરવામાં આવ્યું છે. મોહરમની મજલીસોમાંથી વ્યવહારિક જ્ઞાન સંપાદન કરવા સમર્પિતું આ પહેલ વહેલું પુસ્તક એક અવાજે વખણાયું છે તેની સેંકડો કાપીઓ વકફ પણ થઇ ચુકી છે. જેને વાંચવાથી પંજેતન પાક ઉપરની આપણી શીદ્દગીરી અને અકીદતમાં એક નવું ઉભરાણ આવે છે મુળ કીમત દસ આનાની ઘટાડી આ બીજી આવૃતિની કીમત ઓછી રાખી છે. કીમત ૦—૬—૦ પોસ્ટેજ ૦—૧—૦

કરમાલીનું કીસમત—એક દીલચસ્પ ખોજા સંસારી વાર્તા. કી. રૂા. ૧—૦—૦ પો ૦—૨—૦

ઈસનાઅશરી આરસી— ઇસનાઅશરી શીઆસોફીનું દળદાર પુસ્તક. કી. રૂા. ૧—૮—૦ પો. ૦—૨—૦

અહલેબયતની ઓળખાણ—કી ૦—૨—૦ પો. ૦—૦—૬

ઇસલામી સીતારો— ઢોંગી ધર્મગુરૂઓનો ભવાડો કી. રૂા. ૦—૩—૦ પો. ૦—૦—૬.

ઇસલામના મોતી—કી. ૦—૮—૦ પો. ૦—૧—૦

તોગલાન નસુહ—પ્રખ્યાત ઈસલામી સંસારી વાર્તા. કી. રૂા. ૧—૦—૦ પો. ૦—૨—૦

મળવાનો પતો.

એદલજી ધનજી કાબા.

અમરેલી—કાઠીઆવાડ.

realpatidar.com

Zehra-Bhai.

زہرابائی